સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૪ વર્ષ
R.N.I. No. 1689/57 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 36
■ વિક્રમ સંવત ૨૦૮૧ ■ ભાદ્રપદ વદ- ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૧૪ સપ્ટેમ્બર ૨૦૨૫, (૧૮ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### ન કોઈ ક્રેઝ ને બહિષ્કારની હાકલો વચ્ચે

# આજે ભારત-પાકિસ્તાન મહાસંગ્રામ

ANTARA
GOLD & DIAMONDS
DADAR | BORIVALI
TODAY'S GOLD RATE
₹ 1,00,890/-
PER 10 GRAMS OF 22KT
BIS HALLMARKED JEWELLERY
જુના સોનાના ઘરેણા શ્રેષ્ઠ ભાવે ખરીદીશું
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565
BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS

નવી દિલ્હીઃ એશિયા કપમાં રવિવારે દુબઇ ઇન્ટરનેશનલ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે પાકિસ્તાન સામેની મૅચ નહિ રમવા અને જો તે રમાય તો તેને નહિ જોવા માટે અનેક દેશપ્રેમી લોકોએ દેશના લોકોને અપીલ કરી છે. આ વખતે અગાઉ જોવા મળતો જુસ્સો કે ક્રેઝ જોવા મળતો નથી. અગાઉ તો ભારત અને પાકિસ્તાન વચ્ચે મૅચ કોઈ યુદ્ધ જેવું જ હતું અને આમાં વિજય મેળવવાથી યુદ્ધ જીતવા જેટલો આનંદ મળતો. આનું કારણ પહલગામના આતંકવાદી હુમલામાં ૨૬ જણની (જુઓ પાનું ૨) ▶▶




## ભારત ફેવરિટ

દુબઈઃ ભારતે સાત મહિના પહેલાં દુબઈ ઇન્ટરનૅશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ૪૫ બૉલ અને છ વિકેટ બાકી રાખીને પાકિસ્તાનને હરાવી દીધું એ પછી હવે આજે (ભારતીય સમય અનુસાર રાત્રે ૮.૦૦ વાગ્યાથી) એ જ મેદાન પર બન્ને કટ્ટર દેશ વચ્ચે એશિયા કપનો ટી-૨૦ જંગ થવાનો છે અને એ જીતવા માટે ભારતની ચડિયાતી ટીમ ફેવરિટ છે.

સૂર્યકુમાર યાદવની ટીમમાં અભિષેક, ગિલ, બુમરાહ, કુલદીપ, હાર્દિક તથા વરુણ ચક્રવર્તી જેવા ઘણા મૅચ-વિનર છે, જ્યારે સલમાન અલી આગાના સુકાનમાં રમનારી પાકિસ્તાની ટીમમાં અનુભવી અને દમદાર ખેલાડીઓની (જુઓ પાનું ૨) ▶▶

મુંબઈ સમાચાર

આપણા લોકલાડીલા વડા પ્રધાન
શ્રી નરેન્દ્ર મોદીજીને
તેમના ૭૫મા જન્મદિવસે
શુભેચ્છા આપો.

આપણા ભારતના સ્વપ્નદ્રષ્ટા નેતાને
તેમના જીવનના એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્ન પર
ઉજવણી કરવાના સંદેશ આપવાની
અમૂલ્ય તક લો.

મુંબઈ સમાચાર દ્વારા આદરણીય વડા પ્રધાનને
તમારા શુભેચ્છા સંદેશ મોકલો.

Contact:
Ashish : 98205 14436
Jignesh : 97026 44446
Raju : 98202 13598

આ શુભેચ્છા સંદેશ વિશેષ તા. ૧૭મી સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ પ્રસિદ્ધ થશે.

શુભેચ્છા સંદેશ

નિસર્ગની અનોખી રંગપંચમી જોવી છે?
તો ચાલો ઓટમ કલર્સના સુપ્રસિદ્ધ દેશોમાં
જાપાન કોરિયા તાઈવાન ચાયના
ફોલ ફોલિએજ 2025
ચાલો, બેગ ભરો, નીકળી પડો, વીણા વર્લ્ડ સંગાથે!




ફોલ ફોલિએજ - પાનખર એટલે ઓટમ સીઝનમાં ઝાડનાં પાનનો અંત. આ અંતભાગમાં સૌંદર્ય નિખરી આવે છે,રંગોની વર્ષા થાય છે, નવચૈતન્યના અણસાર મળે છે, ખુશીની નવનિર્મિતી થાય છે. જીવનનો અંત સુંદર રીતેકેમ કરવો તે ઓટમ સીઝન પાસેથી શીખીએ. ચાલો. અલૌકિક નિસર્ગચક્રની સદાબહાર વૃત્તિને સલામ કરવા,જાપાન કોરિયા તાઈવાન ચાયનામાં . વીણા વર્લ્ડ સંગાથે.

ફાર ઈસ્ટ એશિયાના ઓટમ સિઝનના અફલાતૂન ટુર્સમાંથી આજે જ તમારી ટૂર પસંદ કરો

| | | | | |
|---|---|---|---|---|
| બેસ્ટ ઓફ જાપાન (7D) Oct 16, 26 Nov 8, 22 250K - 260K | વંડર્સ ઓફ જાપાન 9 Days Nov 3, 24 300K – 310K | માર્વેલ્સ ઓફ જાપાન 11 Days Nov 29 355K – 365K | જ્વેલ્સ ઓફ જાપાન 13 Days Nov 20 430K – 440K | ટ્રેઝર્સ ઓફ જાપાન 15 Days Nov 8 500K – 510K |
| ઓલ ઓફ જાપાન 17 Days Nov 5 550K - 560K | જાપાન ચાયના 15 Days Nov 14 440K - 450K | જાપાન કોરિયા તૈવાન 16 Days - Nov 6 550K - 560K | જાપાન કોરિયા તૈવાન ચાયના 23 Days 675K - 685K | બેસ્ટ ઓફ ચાયના - 9 Days Nov 12 225000 |

મૈં હૂં ના!
નિશ્ચિંત બનીને ચાલો! સહેલગાહ પર તમારી સંગાથે છે વીણા વર્લ્ડનો ટુર મેનેજર

ગ્રુપ ટુર્સના સહેલગાહ ખર્ચમાં જવા-આવવાનો વિમાનપ્રવાસ, ટ્રાન્સપોર્ટ, હૉટેલમાં મુકામ, બ્રેકફાસ્ટ-લંચ-ડિનર, એન્ટ્રી ફી સાથે સ્થળદર્શન, ડ્રાઈવર ટિપ્સ, ટ્રાવેલ ઈન્શ્યુરન્સ*, ટુર મેનેજર સર્વિસેસ, વિઝા ફી વગેરે બાબતોનો સમાવેશ છે.

veenaworld.com
Call: 1800 22 7979
1800 313 5555
Scan for your nearest Veena World Sales Office
Monday-Saturday 10 to 7
travel@veenaworld.com
VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

All group tours are ex-Mumbai. Tour price is per person and on twin sharing basis. These tour prices are nett and no discount is applicable. At the time of booking, tour price to be paid in full INR by UPI/NEFT/RTGS/Cheque, in the name of 'Veena Patil Hospitality Pvt. Ltd.' No cash transactions at Veena World. Government taxes apply. Any increase in YQ taxes, airport taxes, VISA fees, surcharges (if any) will have to be borne by the travellers. T&C apply.

MARUTI SUZUKI
NEXA
CELEBRATIONS
JUST GOT BIGGER.
WITH GST BENEFITS#
AVAIL SPECIAL BOOKING OFFER OF ₹ 20 000*




*OFFER VALID
ON BOOKINGS
DONE TILL 15TH SEPTEMBER 2025
NEXA SAFETY SHIELD
■ ESP WITH HILL HOLD ASSIST
■ 6 AIRBAGS AS STANDARD
■ 3 POINT ELR WITH SEAT BELT REMINDER
■ ABS WITH EBD
■ ISOFIX CHILD SEAT ANCHORAGES
■ REVERSE PARKING ASSIST
■ FRONTAL OFFSET IMPACT, SIDE IMPACT, AND PEDESTRIAN COMPLIANCE
■ 3 YEARS/1 00 000KM WARRANTY
ADDITIONAL BENEFITS UP TO ₹1 34 100^
UP TO 100% WAIVER ON CAR LOAN PROCESSING FEE**
SCAN TO CONNECT TO A SHOWROOM NEAR YOU
E-BOOK TODAY @ WWW.NEXAEXPERIENCE.COM
Contact us at 1800-200-6392 1800-102-6392
For detailed T&C kindly visit nearest dealership. Maruti Suzuki India Limited reserves the rights to discontinue offers without notice and offers may vary across variants. ^Offers include consumer offer, exchange bonus and institutional or rural offers (wherever applicable) on select models/variants. Finance is at the sole discretion of the financer. 3 years or 100 000 km, whichever is earlier. Above offers are valid until stocks last. Black glass shade on the vehicle is due to the lighting effect. Images used are for illustration purposes only. Car colour may vary due to printing on paper. Revised price effective from September 22, 2025. #Prices subject to applicable GST rates as notified by the Government. **By selected finance partners.

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૧૪-૯-૨૦૨૫ થી તા. ૨૦-૯-૨૦૨૫

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં સિંહમાંથી કન્યા રાશિમાં તા. ૧૭મીએ પ્રવેશે છે. મંગળ કન્યામાંથી તુલા રાશિમાં ભ્રમણ કરે છે. બુધ તા. ૧૫મીએ સિંહમાંથી કન્યા રાશિમાં પ્રવેશે છે. ગુરુ મિથુન રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તા. ૧૫મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે. શનિ મીન રાશિમાં વક્રી ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે તા. ૧૪મીએ મિથુન રાશિમાં, તા. ૧૭મીએ કર્કમાં, તા. ૧૯મીએ સિંહ રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં તેજીનો વેપાર સફળ જણાશે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૨૦ શુભ જણાય છે. નાણાં વ્યવસ્થા સાનુકૂળ બની રહેશે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. મિલકતના નિર્ણયો લઈ શકશો. મહિલાઓને આ સપ્તાહમાં પતિનો સહયોગ પ્રાપ્ત થતો જણાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના શૈક્ષણિક કામકાજ પૂર્ણ થતાં જણાય.

વૃષભ (બ, વ, ઉ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શેરબજારમાં નવા નાણાં રોકાણની તક અનુસરશો. નોકરી માટે તા. ૧૭, ૧૮ શુભ જણાય છે. અર્થવ્યવસ્થા સફળતાથી સંપન્ન થઈ શકશે. નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. કિંમતી ચીજોના વેપારમાં સફળતા મેળવશો. પ્રવાસમાં યશસ્વી અનુભવ થાય. પ્રવાસ દ્વારા આ સપ્તાહમાં મહિલાઓના કુટુંબના જવાબદારીના કામકાજ સંપન્ન થશે. વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સફળ થતી જણાશે.

મિથુન (ક, છ, ઘ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર લેવડદેવડનો વેપાર સફળ જણાશે. નોકરી માટે તા. ૧૫, ૨૦ શુભ જણાય છે. જૂનાં ઉઘરાણીનાં નાણાંની વસૂલી થાય. પરિવારના સભ્યોમાં આર્થિક વ્યવહારો સફળતાથી સંપન્ન થતાં જણાશે. પ્રવાસમાં નવી ઓળખાણો, નવા વ્યવસાયના સંબંધો નિર્માણ થશે. મહિલાઓને પતિનો સહયોગ કાર્યક્ષેત્રે પ્રાપ્ત થશે.

કર્ક (ડ, હ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણની તક મેળવશો. નોકરી માટે તા. ૧૭, ૧૯, ૨૦ શુભ જણાય છે. કારોબારની નાણાંઆવકની વૃદ્ધિ થશે. કઠીન પ્રવાસ, કઠીન પ્રકારના કામકાજમાં સાવધાની દાખવવી જરૂરી છે. વેપારના કાયદાના પ્રશ્નોનો ઉકેલ આવશે. મહિલાઓને સ્વજનોનો સહયોગ પ્રાપ્ત થાય. મહિલાઓના કુટુંબીજનોના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે સફળ તકો પ્રાપ્ત થતી જણાશે.

સિંહ (મ, ટ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના દૈનિક કામકાજ સફળ થતાં જણાશે. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૯ શુભ જણાય છે. નવા નાણાં આવકના સાધનો નિર્માણ થશે. કારોબારના મિત્રોમાં મતભેદો દૂર થશે. કારોબારની મૂંઝવણનો ઉકેલ આવશે. સાહસિકતાથી નવા કારોબારનો પ્રારંભ થઈ શકશે. કુટુંબના સભ્યોમાં મહિલાઓના મતભેદોનો ઉકેલ આવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં પરિવારજનોનો સહયોગ પ્રાપ્ત થતો જણાશે.

કન્યા (પ, ઠ, ણ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ સફળ થતું જણાશે. નોકરી માટે તા. ૧૪, ૧૬ અનુકૂળ પુરવાર થશે. નવીન અર્થવ્યવસ્થા, નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો. પ્રવાસ દ્વારા કારોબારના વિકાસના કામકાજ સંપન્ન થતાં જણાશે. ગૃહિણીઓને સંતાનની જવાબદારી પૂર્ણ કરવામાં યશસ્વી અનુભવ થાય. વિદ્યાર્થીઓ પરીક્ષાત્મક સંજોગોમાં સફળતા પ્રાપ્ત કરશે.

તુલા (ર, ત): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં અપેક્ષાનુસાર નાણાં રોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૧૫, ૧૯, ૨૦ અનુકૂળ જણાય છે. નવા આર્થિક વ્યવહારો નિર્માણ થશે. કાર્યક્ષેત્રે મક્કમ નિર્ણયો દાખવી શકશો. પ્રવાસમાં યશસ્વી અનુભવ થાય. ભાગીદારીના સંબંધમાં સુખદ અનુભૂતિ થશે. મહિલાઓને પરિવારના જવાબદારીના કામકાજમાં પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા વિષયના અધ્યયનની તક પ્રાપ્ત થશે.

વૃશ્ચિક (ન, ય): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારની નાણાકીય ગતિવિધિઓ સરળતાથી સંપન્ન થતી જણાશે. નોકરી માટે તા. ૧૯, ૨૦ લાભદાયી પુરવાર થશે. કિંમતી ચીજોની ખરીદીમાં સાવધાની દાખવવી જરૂરી છે. અકારણ નાણાં વ્યય શક્ય જણાય છે. પ્રવાસ દ્વારા વેપારના વિકાસના કામકાજ સફળ થાય. મહિલાઓને આ સપ્તાહમાં સંબંધીઓનો પ્રાસંગિક જવાબદારીમાં સહયોગ પ્રાપ્ત થતો જણાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અધ્યયનના પ્રારંભમાં સફળતા જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણાં રોકાણના સફળ નિર્ણયો લઈ શકશો. નોકરી માટે તા. ૧૫, ૧૬, ૧૯ લાભદાયી પુરવાર થશે. વેપાર, વાણિજ્ય ઈત્યાદિની વ્યવસ્થા જળવાઈ રહેશે. નાણાંની આવકની વૃદ્ધિ થશે. સાહસિકતાથી નવા કામકાજનો પ્રારંભ શક્ય જણાય છે. કુટુંબના સભ્યોનો સહયોગ પ્રાપ્ત થાય. વેપારમાં સરકારી કામકાજ પૂર્ણ થઈ શકે છે. મહિલાઓને આ સપ્તાહમાં કુટુંબીજનોનો સહયોગ પ્રાપ્ત થાય. વિદ્યાર્થીઓના આ સપ્તાહના અધ્યયન કાર્યો નિયમિત જળવાઈ રહેશે.

મકર (ખ.જ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણાં રોકાણ અને દૈનિક વેપાર સફળ જણાશે. નોકરી માટે તા. ૧૭, ૧૮, ૧૯ના કામકાજ અનુકૂળ બની રહેશે. નોકરીમાં અધિકારીનો સહયોગ મેળવશો. કુટુંબમાં અર્થવ્યવસ્થા જળવાઈ રહેશે. પ્રવાસ દ્વારા કારોબારના અધૂરા કામકાજ પૂર્ણ થાય. મહિલાઓને પ્રાસંગિક જવાબદારીઓમાં સફળતા જણાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અપેક્ષાનુસાર શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં સફળતા જણાશે.

કુંભ (ગ, શ, સ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન નાણાં રોકાણ શક્ય છે. નોકરી માટે તા. ૧૬, ૧૭, ૨૦ સફળતાસૂચક છે. ભાગીદારીનો સુખદ અનુભવ થાય. વ્યવસ્થા, કાર્યક્ષમતા ઉપયોગી પુરવાર થશે. વેપાર વધશે. નાણાં આવકની વૃદ્ધિ થશે. મહિલાઓના પરિવારના પ્રાસંગિક જવાબદારીના કામકાજ સફળ બની રહેશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં અનુકૂળતા પ્રાપ્ત થાય.

મીન (દ, ચ, ઝ, થ): ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં ધાર્યા મુજબના નાણાંરોકાણના નિર્ણયો સફળ બનતા જણાશે. નવી નોકરીનો પ્રારંભ શક્ય છે. તા. ૧૬, ૧૭, ૧૯ના નાણાંના વ્યવહાર સફળ બનતા જણાશે. ભાગીદારીના સંબંધોમાં સુધારો આવે તેમ છે. નવા નાણાં રોકાણની તકો પ્રાપ્ત થાય. વેપારની પ્રવૃત્તિઓ વધશે. મહિલાઓને કુટુંબીજનોમાં વિવાદનો ઉકેલ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અભ્યાસના વિષયનો સફળતાથી પ્રારંભ કરી શકશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૧૪-૯-૨૦૨૫, અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી

ભારતીય દિનાંક ૨૩, માહે ભાદ્રપદ, શકે ૧૯૪૭

વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, ભાદ્રપદ વદ-૮

જૈન વીર સંવત ૨૫૫૧, માહે ભાદ્રપદ, તિથિ વદ-૮

પારસી શહેનશાહી રોજ ૧લો હોરમજદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૧લો હોરમજદ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૫

પારસી ફસલી રોજ ૨૯મો મારેસ્પંદ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૪

મુસ્લિમ રોજ ૨૧મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭

મીસરી રોજ ૨૨મો, માહે ૩જો રબી ઉલ અવ્વલ, સને ૧૪૪૭

નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૮-૪૦ સુધી, પછી મૃગશીર્ષ

ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૦-૦૩ સુધી, પછી મિથુનમાં

ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ), મિથુન (ક, છ, ઘ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૨૭, સ્ટા.ટા.

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૪૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૪૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતીઃ બપોરે ક. ૧૫-૦૪, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૫૩ (તા. ૧૫)

ઓટઃ સવારે ક. ૦૮-૫૦, રાત્રે ક. ૨૧-૨૮

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - અષ્ટમી. અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી, મહાલક્ષ્મી વ્રત સમાપ્તિ, શ્રી જયંતી (રામાનુજ), પારસી ૨જો અર્દીબહેશ્ત માસારંભ, શુક્ર સિંહમાં મધ્યરાત્રે ક. ૨૪-૧૮. સૂર્ય મહાનક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની, વાહન શિયાળ

મુહૂર્ત વિશેષઃ ભગવાન સૂર્યનારાયણ પૂજન, ચંદ્રદેવતાનું પૂજન, ગાયત્રી હવન, ગાયત્રી જાપ, શ્રાદ્ધ નિમિત્તે નવા વસ્રો, સ્થિર પ્રકારના કાર્યો, શાંતિ પૌષ્ટિક સર્વશાંતિ પૂજા, મુંડન કરાવવું નહીં, ધજા-કળશ પતાકા ચઢાવવી, બગીચાના કામકાજ, પશુ લેવડદેવડ, હજામત, દુકાન-વેપાર, દસ્તાવેજ, કામકાજ નિત્ય મુજબ.

શ્રાદ્ધ પર્વઃ આઠમ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. આઠમનું શ્રાદ્ધ નાણાંવ્યવસ્થા જાળવવામાં ઉપયોગી થાય છે. સમૃદ્ધિ આપે છે. ઉદ્યોગ, ધંધા, નોકરીમાં સફળતા આપે છે. શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી વિષ્ણુસહસ્ર સ્તોત્ર પાઠ શ્રાદ્ધ પક્ષમાં નિત્ય કરવા. પરિવારની સુખ-શાંતિ અને મનની શાંતિ શ્રાદ્ધ દ્વારા પ્રાપ્ત થાય છે.

આચમનઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ શંકાશીલ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ વ્યવહારમાં મુશ્કેલી પડે, ચંદ્ર-બુધ ચતુષ્કોણ સ્વતંત્ર સ્વભાવ, ચંદ્ર-મંગળ ત્રિકોણ બળવાન જીવનતત્ત્વ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ ભીરું સ્વભાવના.

ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ચતુષ્કોણ, ચંદ્ર-મંગળ ત્રિકોણ, ચંદ્ર-શનિ ચતુષ્કોણ (તા. ૧૫)

ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-તુલા, માર્ગી બુધ-સિંહ, ગુરુ-મિથુન, શુક્ર-કર્ક/ સિંહ, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૧૪-૯-૨૦૨૫ થી તા. ૨૦-૯-૨૦૨૫

રવિવાર, ભાદ્રપદ કૃષ્ણ-૮, વિ. સં. ૨૦૮૧, તા. ૧૪મી સપ્ટેમ્બર, ઈ. સ. ૨૦૨૫. નક્ષત્ર રોહિણી સવારે ક. ૦૮-૪૦ સુધી, પછી મૃગશીર્ષ. ચંદ્ર વૃષભમાં રાત્રે ક. ૨૦-૦૩ સુધી, પછી મિથુન રાશિ પર જન્માક્ષર. અષ્ટમી શ્રાદ્ધ, કાલાષ્ટમી, મહાલક્ષ્મી વ્રત સમાપ્તિ, શ્રી જયંતી (રામાનુજ), પારસી ૨જો અર્દીબહેશ્ત માસારંભ, શુક્ર સિંહમાં મધ્યરાત્રે ક. ૨૪-૧૮.

સોમવાર, ભાદ્રપદ કૃષ્ણ-૯, તા. ૧૫મી, નક્ષત્ર મૃગશીર્ષ સવારે ક. ૦૭-૩૧ સુધી, પછી આર્દ્રા. ચંદ્ર મિથુન રાશિ પર જન્માક્ષર. નવમી શ્રાદ્ધ, સૌભાગ્યવતીનું શ્રાદ્ધ, અવિધવા નવમી, બુધ કન્યામાં સવારે ક. ૧૧-૦૮.

મંગળવાર, ભાદ્રપદ કૃષ્ણ-૧૦, તા. ૧૬મી, નક્ષત્ર આર્દ્રા સવારે ક. ૦૬-૪૫ સુધી, પછી પુનર્વસુ મધ્યરાત્રિ પછી ક. ૩૦-૩૫ સુધી (તા. ૧૭) પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં મધ્યરાત્રે ક. ૨૪-૨૮ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. દશમી શ્રાદ્ધ, ભદ્રા ક. ૧૨-૫૩થી મધ્યરાત્રે ક. ૨૪-૨૨. સૂર્ય કન્યામાં મધ્યરાત્રિ પછી ક. ૨૫-૪૮.

બુધવાર, ભાદ્રપદ કૃષ્ણ-૧૧, તા. ૧૭મી, નક્ષત્ર પુષ્ય. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. એકાદશી શ્રાદ્ધ, ઈન્દિરા એકાદશી (કલાકંદ), વિશ્વકર્મા પૂજા (બંગાળ), સંક્રાંતિ પુણ્યકાળ બપોરે ક. ૧૨-૩૩ સુધી.

ગુરુવાર, ભાદ્રપદ કૃષ્ણ-૧૨, તા. ૧૮મી, નક્ષત્ર પુષ્ય સવારે ક. ૦૬-૩૩ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. દ્વાદશી શ્રાદ્ધ, સંન્યાસીના મહાલય, રેંટિયા બારસ, ગુરુપુષ્યામૃત યોગ (વિવાહે વર્જ્ય), સૂર્યોદયથી ક. ૦૬-૩૩.

શુક્રવાર, ભાદ્રપદ કૃષ્ણ-૧૩, તા. ૧૯મી, નક્ષત્ર આશ્લેષા સવારે ક. ૦૭-૦૫ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં સવારે ક. ૦૭-૦૫ સુધી, પછી સિંહ રાશિ પર જન્માક્ષર. ત્રયોદશી શ્રાદ્ધ, કલિયુગાદિ, મઘા શ્રાદ્ધ, પ્રદોષ, શિવરાત્રિ, ભદ્રા પ્રારંભ રાત્રે ક. ૨૩-૩૬.

શનિવાર, ભાદ્રપદ કૃષ્ણ-૧૪, તા. ૨૦મી, નક્ષત્ર મઘા સવારે ક. ૦૮-૦૫ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. ચતુર્દશી શ્રાદ્ધ, શસ્રોથી મરેલાનું શ્રાદ્ધ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૧૧-૫૨.

# ચીન પર ૫૦થી ૧૦૦ ટકા ટૅરિફ લાદીશઃ ટ્રમ્પની ધમકી

## 'નાટો'ને રશિયા પાસેથી તેલ ખરીદવાનું બંધ કરાવવાનો પણ કર્યો અનુરોધ

બાસ્કિંગ રિજઃ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે શનિવારે જણાવ્યું હતું કે 'નાટો'ના બધા સભ્ય દેશો જો રશિયા પાસેથી તેલ ખરીદવાનું સંપૂર્ણ બંધ કરે તો રશિયા - યુક્રેન યુદ્ધ અટકી શકે છે.

તેમણે ચીનને ચીમકી આપી હતી કે જો બીજિંગ રશિયા પાસેથી પેટ્રોલિયમ ખરીદવાનું ચાલુ રાખશે, તો તેના પર પચાસ ટકાથી લઇને સો ટકા જેટલી ટૅરિફ લદાશે.

અમેરિકાના પ્રમુખે 'નાટો'ના દેશોને પણ ચીનથી આયાત કરાતા માલસામાન પર પચીસ ટકાથી સો ટકા ટૅરિફ લાદવા અનુરોધ કર્યો હતો.

ટ્રમ્પે પોતાની સોશ્યલ મીડિયા સાઇટ પર લખ્યું હતું કે 'નાટો'ના અમુક સભ્ય દેશો દ્વારા રશિયા પાસેથી હજી તેલ ખરીદાઇ રહ્યું છે જે આશ્ચર્યજનક ગણાય. તેનાથી એવું લાગે છે કે 'નાટો'ના બધા સભ્ય દેશો યુદ્ધ બંધ કરાવવા નથી ઇચ્છતા. રશિયા પાસેથી તેલ ખરીદવાનું ચાલુ રાખવાથી શાંતિ મંત્રણામાં મજબૂત રજૂઆત થઇ નથી શકતી.

'નાટો'નું સભ્ય તુર્કી રશિયા પાસેથી સૌથી વધુ ખનિજ તેલ ખરીદનારા દેશોમાં ત્રીજા સ્થાને છે. તેની પહેલાં ચીન અને ભારતના ક્રમ આવે છે.

આ ઉપરાંત, ૩૨ દેશના સંગઠનમાંના હંગેરી અને સ્લોવાકિયા દ્વારા પણ રશિયા પાસેથી તેલ ખરીદાય છે.

રશિયાએ તાજેતરમાં પોલૅન્ડ પર અનેક ડ્રોન વડે હુમલો કર્યો હોવાથી યુદ્ધને લગતી તંગદિલી વધી છે. પોલૅન્ડે રશિયાના ડ્રોન્સને આકાશમાં જ તોડી પાડ્યા હોવાનો દાવો કર્યો હતો.

ટ્રમ્પે પોતાની પોસ્ટમાં લખ્યું હતું કે 'નાટો' જો રશિયા પાસેથી તેલ ખરીદવાનું સંપૂર્ણ બંધ કરી દે અને ચીન પર વધારાની ટૅરિફ લગાડાય, તો યુદ્ધ બંધ કરવામાં ઘણી સહાય મળશે.

તેમણે દાવો કર્યો હતો કે ચીનનો રશિયા પર ઘણો અંકુશ છે, પણ જો ચીનથી આયાત કરાતા માલસામાન પર વધુ ટૅરિફ લાદીશું, તો આ પકડ ઢીલી થશે.

ટ્રમ્પે રશિયા - યુક્રેન વચ્ચેના યુદ્ધ માટે પોતાના પુરોગામી જો બાઇડન અને યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કીને પણ જવાબદાર ગણાવ્યા હતા. (એજન્સી)

# યુદ્ધ અટકાવવા ઉતાવળે કોઇ નિર્ણય નહીંઃ રશિયા

## મૉસ્કોના આ નિવેદને ટ્રમ્પની આશા પર પાણી ફેરવી નાખ્યું

મોસ્કોઃ રશિયા-યુક્રેન વચ્ચે છેલ્લા ચાર વર્ષથી યુદ્ધ ચાલી રહ્યું છે. આ યુદ્ધના વિરામ માટે ઘણા દેશોએ બંને દેશના પ્રમુખો સાથે વાતચીત કરી છે. પરંતુ તે સફળ થઈ શકી નથી. અમેરિકાના રાષ્ટ્રપતિ બન્યા બાદ ડોનલ્ડ ટ્રમ્પ પણ બંને દેશો વચ્ચે શાંતિ વાટાઘાટો થાય તેવા પ્રયત્નો કરી રહ્યા છે. પરંતુ તાજેતરમાં રશિયાએ યુક્રેન સાથે થનારી શાંતિ વાટાઘાટો અટકાવી દીધી છે. જેથી ડોનલ્ડ ટ્રમ્પના પ્રયાસો નિષ્ફળ નિવડ્યા છે.

તાજેતરમાં અલાસ્કા ખાતે અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન વચ્ચે એક બેઠક થઈ હતી. આ બેઠકના અંતે ડોનલ્ડ ટ્રમ્પે જણાવ્યું હતું કે, રશિયા શાંતિ વાટાઘાટો માટે તૈયાર છે. પરંતુ યુક્રેનનાં શહેરો પર રશિયાએ પોતાની એર સ્ટ્રાઈક ચાલુ રાખી છે. જેથી રશિયા શાંતિ વાટાઘાટો શરૂ કરવાના મૂડમાં હોય એવું લાગતું નથી.

આંતરરાષ્ટ્રીય મીડિયા સૂત્રોના જણાવ્યાનુસાર રશિયાની સરકારના પ્રવક્તા દિમિત્રી પેસકોવે જણાવ્યું હતું કે, અમારા વાટાઘાટકાર જુદા-જુદા માધ્યમોના સંપર્કમાં છે. પરંતુ હજુ સુધી તે કહેવું વધારે યોગ્ય ગણાશે કે વાતચીત રોકાઈ ગઈ છે. વાતચીતથી તરત કોઈ મોટો નિર્ણય લેવાય તેવી આશા રાખી શકાય તેમ નથી.''

વ્લાદિમીર પુતીને પણ યુક્રેનના પ્રમુખ ઝેલેન્સ્કી સાથે બેઠકની સંભાવનાને નકારી દીધી છે. તેમનું કહેવું છે કે, બંને દેશો વચ્ચેની મડાગાંઠ સમાપ્ત કરવા માટે શિખર સમ્મેલન અતિ આવશ્યક છે.

# નેપાળનાં પીએમ મહિલા સશક્તીકરણનો ઉત્તમ દાખલોઃ નરેન્દ્ર મોદી

ઈમ્ફાલઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ નેપાળના વચગાળાનાં વડાં પ્રધાન સુશીલા કાર્કીને કાર્યાલયનો હવાલો સંભાળી લેવા બદલ અભિનંદન આપ્યા હતા અને તેમની નિમણૂકને મહિલા સશક્તીકરણનું ઝળહળતું દૃષ્ટાંત લેખાવ્યું હતું.

મણિપુરની રાજધાની ઈમ્ફાલ ખાતે એક સભાને સંબોધન કરતા મોદીએ કહ્યું હતું કે ભારત અને નેપાળ નિકટના મિત્ર છે અને બંને દેશ સંસ્કૃતિ અને શ્રદ્ધાનો એકસમાન ઈતિહાસ ધરાવે છે.

સંક્રમણના આ કાળમાં ભારત નેપાળના લોકો સાથે મક્કમતાપૂર્વક ઊભું છે એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે હું સુશીલા કાર્કીને ૧૪૦ કરોડ ભારતીય વતી અભિનંદન આપું છું અને મને વિશ્વાસ છે કે તેઓ નેપાળમાં શાંતિ, સ્થિરતા અને સમૃદ્ધિના માર્ગે આગળ વધશે.

ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ સુશીલા કાર્કી શુક્રવારે નેપાળના પ્રથમ મહિલા વડાં પ્રધાન બન્યાં હતાં.

કાર્કીની નિમણૂકે દેશમાં દિવસોથી ચાલી રહેલી અસ્થિરતાનો અંત આણ્યો હતો.

નેપાળમાં લોકશાહીના મૂલ્યો જાળવી રાખવા બદલ મોદીએ નેપાળના લોકોની પ્રશંસા કરી હતી અને અભિનંદન આપ્યા હતા. (એજન્સી)

# નેપાળમાં હવે કર્ફ્યુ નહીં, જનજીવન થાળે પડી રહ્યું છે

કાઠમંડુઃ નેપાળમાં વચગાળાની સરકારની રચના અને પરિસ્થિતિ સામાન્ય થતા કર્ફ્યુ ઉઠાવી લેવામાં આવ્યો છે. જોકે, સેના હજુ થોડા દિવસો સુધી પેટ્રોલિંગ કરશે. નેપાળના અનેક વિસ્તારોમાં જીવન પૂર્વવત થઈ રહ્યું છે. તેમજ નેપાળની સેનાના પ્રવક્તાએ પણ પુષ્ટિ કરી છે કે દેશમાં હાલ કોઈ પ્રતિબંધ લાગુ નથી.

નેપાળમાં શરુ થયેલા હિંસક તોફાનો બાદથી કરિયાણાની દુકાનો, શાકભાજી બજાર અને શૉપિંગ મૉલ બંધ હતા. જે આજે કર્ફ્યુ ઉઠાવી લીધા બાદ આજે ફરી ખુલ્યા છે. રોડ પર લોકોની અવર જવર શરૂ થઈ છે. તેમજ સરકારી બિલ્ડીંગો અને અનેક સ્થળોએ સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. આ સરકારી ઓફિસોમાં હાલમાં જ તોડફોડ કરી હતી. તેમજ અમુક ઓફિસોમાં આગ લગાવવામાં આવી હતી.

ઉલ્લેખનીય છે કે, નેપાળના રાષ્ટ્રપતિ ભવન શીતલ નિવાસ ખાતે વચગાળાના વડા પ્રધાન તરીકે સુશીલા કાર્કીએ શપથ લીધા હતા.

આ ઉપરાંત મળતી માહિતી મુજબ રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે કાર્યકારી પીએમ સુશીલા કાર્કીની ભલામણ મુજબ વર્તમાન સંસદને ભંગ કરી છે. તેમજ ચૂંટણીની તારીખ નક્કી કરી છે. નેપાળમાં પાંચમી માર્ચ ૨૦૨૬ પૂર્વે ચૂંટણી યોજાશે.

# છ કરોડથી વધુ રિટર્ન ફાઇલ થયાઃ આવકવેરા વિભાગ

નવી દિલ્હીઃ આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ માટે અત્યાર સુધીમાં છ કરોડથી વધુ ઇન્કમ ટેક્સ રિટર્ન ફાઇલ કરવામાં આવ્યા છે. આ જાણકારી આવકવેરા વિભાગે શનિવારે આપી હતી.

આઇટીઆર દાખલ કરવાની છેલ્લી તારીખ ૧૫ સપ્ટેમ્બર છે. આવકવેરા વિભાગે એક્સ પર જણાવ્યું કે કરદાતાઓ અને કર વ્યાવસાયિકોનો આભાર. જેમણે અત્યાર સુધીમાં છ કરોડ ઇન્કમ ટેક્ષ રિટર્ન(આઇટીઆર)ના લક્ષ્ય સુધી પહોંચવામાં અમારી મદદ કરી છે. આ ગણતરી હજુ પણ ચાલુ છે. આઇટીઆર દાખલ કરવા, ટેક્સ ચુકવણી અને અન્ય સંબંધિત સેવાઓમાં કરદાતાઓની મદદ માટે અમારું હેલ્પડેસ્ક ૨૪x૭ કાર્યરત છે. તેમજ વિભાગ કૉલ્સ, લાઇવ ચેટ, વેબએક્સ સેશન અને એક્સના માધ્યમથી મદદ પૂરી પાડી રહ્યું છે.

તેમણે એમ પણ જણાવ્યું કે જે કરદાતાઓએ આકારણી વર્ષ ૨૦૨૫-૨૬ માટે આઇટીઆર દાખલ કર્યું નથી, તેમણે છેલ્લી ઘડીની દોડાદોડી ટાળવા માટે શક્ય તેટલી વહેલી તકે ફાઇલ કરવું જોઇએ.આવકવેરા વિભાગે મે મહિનામાં વ્યક્તિઓ, હિન્દુ અવિભાજિત પરિવારો(એચયુએફ) અને તેમના ખાતાઓનું ઓડિટ ન કરાવવા માંગતી સંસ્થાઓ માટે આકારણી વર્ષ ૨૦૨૫-૨૬(નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં કમાયેલી આવક માટે) માટે આઇટીઆર દાખલ કરવાની છેલ્લી તારીખ ૩૧ જુલાઇથી ૧૫ સપ્ટેમ્બર સુધી લંબાવવાની જાહેરાત કરી હતી.

# વક્ફ સુધારા કાયદાનો અમલઃ સુપ્રીમ કૉર્ટનો ચુકાદો આવતી કાલે

નવી દિલ્હીઃ દેશની વડી અદાલત સોમવારે વક્ફ(સુધારા) અધિનિયમ, ૨૦૨૫ને સ્થગિત કરવા અંગેનો પોતાનો આદેશ સંભળાવશે. અદાલતે નવા કાયદાની માન્યતાને પડકારતી ૨૧ અરજીઓ પર પોતાનો ચુકાદો અનામત રાખ્યાના લગભગ ચાર મહિના પછી આ ચુકાદો આપ્યો છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ(સીજેઆઇ) ભૂષણ આર. ગવઇ અને જસ્ટિસ એ. જી. મસીહની ખંડપીઠ ૧૫ સપ્ટેમ્બરના રોજ ચુકાદો આપશે. મે મહિનામાં આ અરજીઓ પર ત્રણ દિવસ સુધી દલીલો કરવામાં આવી હતી. ત્યારબાદ અદાલતે બાવીસ મેના રોજ પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો.

આ ઘટનાક્રમ બાવીસ ઓગસ્ટના રોજ થયેલી સુનાવણી બાદ આવ્યો છે. જ્યારે ખંડપીઠે કેન્દ્ર સરકારના એ જાહેરનામા પર સ્ટે મૂકવાનો ઇનકાર કર્યો હતો. જેમાં દેશભરની તમામ વક્ફ મિલકતોની છ મહિનાની અંદર એક કેન્દ્રીયકૃત ડિજિટલ પોર્ટલ પર નોંધણી કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. લઘુમતી બાબતોના મંત્રાલય દ્વારા છઠ્ઠી જૂનના રોજ જારી કરાયેલા નોટિફિકેશનમાં યુએમઇઇડી (યુનિફાઇડ વક્ફ મેનેજમેન્ટ, એમ્પાવરમેન્ટ, એફિશન્સી એન્ડ ડેવલપમેન્ટ) પોર્ટલ પર તમામ વક્ફ મિલકતોની નોંધણી ફરજિયતા બનાવવામાં આવી છે.

મુખ્ય ન્યાયાધીશે તે સમયે સ્પષ્ટતા કરી હતી કે ચુકાદો પહેલાથી જ અનામત રાખવામાં આવ્યો હોવાથી કોર્ટ વચગાળાનો સ્ટે આપી શકે નહીં.

# નેપાળની સંસદના વિસર્જનની વિપક્ષો અને વકીલો દ્વારા ટીકા

કાઠમંડુઃ નેપાળના મુખ્ય વિપક્ષો અને વકીલોના સંગઠને રાષ્ટ્રપતિ દ્વારા સંસદના કરાયેલા વિસર્જનને ગેરબંધારણીય, આપખુદ રીતે લેવાયેલો નિર્ણય અને લોકશાહી પરનો મોટો હુમલો ગણાવ્યો હતો.

વચગાળાનાં વડાં પ્રધાન સુશીલા કાર્કીની અધ્યક્ષતામાં નેપાળના પ્રધાનમંડળની મળેલી બેઠકમાં સંસદનું વિસર્જન કરવાની ભલામણ કરાઇ હતી અને તેને આધારે રાષ્ટ્રપતિ રામચંદ્ર પૌડેલે સંબંધિત નિર્ણય લીધો હતો.

નેપાળના રાષ્ટ્રપતિ દ્વારા બહાર પડાયેલી નોટિસ મુજબ સંસદનું ૨૧ સપ્ટેમ્બરના રાતના ૧૧ વાગ્યાથી વિસર્જન કરાયું હતું.

નેપાળના રાષ્ટ્રપતિએ ૨૦૨૬ની ૨૧ માર્ચે સંસદની નવેસરથી ચૂંટણી યોજવાની પણ જાહેરાત કરી હતી.

નેપાળી કૉંગ્રેસે ચેતવણી આપતા જણાવ્યું હતું કે ગેરબંધારણીય પગલાંને નહિ સ્વીકારાય.

નેપાળી કૉંગ્રેસની કારોબારી સમિતિની બેઠકમાં આક્ષેપ કરાયો હતો કે સંસદનું વિસર્જન કરીને દેશની લોકતાંત્રિક સિદ્ધિને નુકસાન પહોંચાડવામાં આવ્યું છે અને સર્વોચ્ચ અદાલતના સંબંધિત ચુકાદાનું ખોટું અર્થઘટન કરાયું છે.

સીપીએન - યુએમએલના મહામંત્રી શંકર પોખરેલે જણાવ્યું હતું કે ભૂતકાળમાં પણ સંસદના વિસર્જનના પગલાંને ગેરબંધારણીય ગણાવીને પડકારાયું હતું.

નેપાળના વકીલોના સંગઠન - નેપાળ બાર એસોસિયેશને જણાવ્યું હતું કે સંસદનું વિસર્જન કરીને બંધારણની સર્વોપરિતાને પડકારાઇ છે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### મહાસંગ્રામ

કત્લેઆમ અને ઑપરેશન સિંદૂર છે. આ મૅચને લીધે રાજકીય ઘમસાણ ઊભું થયું છે અને વિરોધ પક્ષો મૅચનો બહિષ્કાર કરવાનો અનુરોધ કરી રહ્યા છે.

જમ્મુ અને કાશ્મીરમાં પહલગામ ખાતે પાકિસ્તાની ત્રાસવાદીઓના હુમલામાં માર્યા ગયેલા શુભમ દ્વિવેદીની પત્ની આઇશન્યા દ્વિવેદીએ એશિયા કપમાં રવિવારે રમાનારી ભારત અને પાકિસ્તાન વચ્ચેની ક્રિકેટ મૅચનો બહિષ્કાર કરવા દેશની જનતાને વિનંતિ કરી હતી.

તેણે લોકોને આ મૅચ ટીવી પર પણ નહિ જોવા અરજ કરી હતી.

આઇશન્યા દ્વિવેદીએ જણાવ્યું હતું કે મને નથી સમજાતું કે ભારતીય ટીમ પાકિસ્તાનની સામે શું કામ ક્રિકેટ રમે છે? હું ભારતીય નાગરિકોને આ મૅચનો બહિષ્કાર કરવા વિનંતિ કરું છું. તમે આ મૅચ ટીવી પર પણ નહિ જોતા.

તેણે ભારતીય ક્રિકેટ બૉર્ડ - બૉર્ડ ઑફ કન્ટ્રોલ ફોર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ)ની ટીકા કરતા જણાવ્યું હતું કે ભારતીય ક્રિકેટ બૉર્ડ ત્રાસવાદી હુમલામાં માર્યા ગયેલા ૨૬ નિર્દોષ લોકોના પરિવારો માટે કોઇ સહાનુભૂતિ નહિ ધરાવતું હોવાનું લાગે છે. બીસીસીઆઇએ પાકિસ્તાનની સામે ક્રિકેટ મૅચ રમવા તૈયાર જ થવું ન જોઇએ.

આમ આદમી પાર્ટીએ આના વિરોધમાં દિલ્હીમાં કાર્યકર્તાઓએ નારો લગાડ્યો કે હત્યા અને મૅચ એકસાથે સંભવ નથી. કાર્યકર્તાઓએ પાકિસ્તાન ટીમની નનામી બાળી હતી. બોર્ડના સચિવે એવો બચાવ કર્યો છે કે ક્રિકેટ બોર્ડ સરકારના નિર્દેશોનુ પાલન કરે છે અને સરકારે આઈસીસીની સ્પર્ધામાં પાકિસ્તાન સામે રમવાની છૂટ આપી છે.

શિવસેનાના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ કેન્દ્ર સરકાર પર હુમલો કરતાં કહ્યું હતું કે જે પાકિસ્તાન સામે આપણે યુદ્ધ લડી રહ્યા છે એની સાથે ભારત મૅચ રમવાનું છે. મને લાગે છે કે લોકોએ દેશભક્તિને મજાક બનાવી દીધી છે. સરકાર માટે દેશહિત કરતાં વેપાર વધુ મહત્ત્વનો છે. પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને કહ્યું હતું કે દિલજિત દોસાંજની ફિલ્મ આવી તો તે દેશદ્રોહી છે અને એને રોકવાની વાત કરાઈ હતી, પરંતુ મોટા સાહેબના પુત્ર બીસીસીઆઈ અને આઈસીસી જોતા હોવાથી હવે પાકિસ્તાન સામે રમવું પણ યોગ્ય છે.

જમ્મુ અને કાશ્મીરના મુખ્ય પ્રધાન ઓમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે અમારો વિરોધ દ્વિપક્ષીય મેચ સામે હતો અને મોટી ટુર્નામેન્ટમાં પાકિસ્તાન સામે રમવાનો કોઈ વિરોધ નથી. મારું રાજ્ય તો આતંકવાદી હુમલાનું સીધું શિકાર છે.

પહલગામમાં ત્રાસવાદીઓએ નિર્દોષ લોકોની હત્યા કરી તે પછી ભારતે પાકિસ્તાનની સામે હાથ ધરેલી લશ્કરી કાર્યવાહી 'ઑપરેશન સિંદૂર'માં ભારતીય લશ્કરે પાકિસ્તાનમાંની ત્રાસવાદીઓની અનેક છાવણીઓનો નાશ કર્યો હતો. (એજન્સી)

### ભારત ફેવરિટ

ગેરહાજરી છે.

જોકે પાકિસ્તાનની બૅટિંગ લાઇન-અપના સૌથી ટેલન્ટેડ બૅટ્સમેનોમાં ગણાતા સઇમ અયુબ તેમ જ મિડલ-ઑર્ડરના બૅટ્સમેન ફખર ઝમાન અને હસન નવાઝ તેમ જ સ્પિન-ત્રિપુટી અબ્રાર અહમદ, સુફિયાન મુકીન અને મોહમ્મદ નવાઝ સામે ભારતીયોએ સાવધ રહેવું પડશે. થોડાં વર્ષોથી ભારત સામેનો મુકાબલો હોય ત્યારે પાકિસ્તાની ટીમમાં બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાનના નામ અગ્રેસર રહે છે, પરંતુ આ વખતે આ બન્ને અનુભવી બૅટ્સમેન ટીમમાં નથી એટલે તેમની ગેરહાજરીમાં મેન ઇન બ્લુ સામે મેન ઇન ગ્રીને વધુ આકરી કસોટી આપવી પડશે.



# મણિપુરને શાંતિ, સમૃદ્ધિનું પ્રતીક બનાવીશું: મોદી

**ધા પર મલમપટ્ટી:** શનિવારે મણિપુરના ચૂરાચંદપૂરસ્થિત રાહત છાવણીમાં અસરગ્રસ્ત લોકોની લીધેલી મુલાકાત દરમિયાન યુવક સાથે વાતચીત કરી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

## રાજ્યને અનેક વિકાસ યોજનાની ભેટ

ચુરાચાંદપુર: વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે જણાવ્યું હતું કે અમારી કેન્દ્ર સરકાર મણિપુરના લોકોની હંમેશાં સાથે રહી છે અને રહેશે. અમે મણિપુરને શાંતિ અને સમૃદ્ધિનું પ્રતીક બનાવીશું.

મોદીએ મણિપુરને કરોડો રૂપિયાની વિવિધ વિકાસ યોજનાની ભેટ આપી હતી.

મણિપુરમાં ૨૦૨૩ના મેમાં વાંશિક હિંસા ફેલાઇ હતી, તેના બે વર્ષ કરતાં વધુ સમય પછી વડા પ્રધાને રાજ્યના કુકી જાતિના લોકોની બહુમતી ધરાવતા ચુરાચાંદપુર જિલ્લાની પ્રથમ વખત મુલાકાત લીધી હતી.મોદીએ જણાવ્યું હતું કે મણિપુર રાજ્ય દેશનું 'મણિ' છે. કમનસીબે આ સુંદર રાજ્ય પર હિંસાનો ઓછાયો પડ્યો હતો. હું થોડા સમય પહેલાં હિંસાથી અસરગ્રસ્ત લોકોને રાહત છાવણી (રિલીફ કેમ્પ)માં મળ્યો હતો. તેઓને મળ્યા બાદ હું વિશ્વાસ સાથે કહી શકું છું કે મણિપુરમાં નવી આશાનું કિરણ દેખાઇ રહ્યું છે અને લોકોમાં વિશ્વાસ વધી રહ્યો છે.

વડા પ્રધાને જણાવ્યું હતું કે વિકાસ માટે શાંતિ જાળવવી જરૂરી છે. છેલ્લાં ૧૧ વર્ષમાં કેન્દ્ર સરકારે ઇશાન ભારતની અનેક સમસ્યા ઉકેલી છે. મંત્રણા દ્વારા મોટા ભાગની સમસ્યા ઉકેલી શકાય છે.

તેમણે જણાવ્યું હતું કે મણિપુરમાંની હિંસાના અસરગ્રસ્તો માટે કેન્દ્ર સરકારે ૭,૦૦૦ નવા ઘર બાંધ્યા છે. રાજ્યના અસરગ્રસ્તો માટે અગાઉ રૂપિયા ૫૦૦ કરોડ ફાળવાયા હતા અને તેમાં રૂપિયા ૩,૦૦૦ કરોડના ખાસ પૅકેજનો ઉમેરો કરાયો છે. મેં રાજ્યમાં રૂપિયા ૭,૩૦૦ કરોડથી વધુની કિંમતના પ્રકલ્પોનો શિલાન્યાસ કર્યો હતો. મોદીએ જણાવ્યું હતું કે મણિપુરના આદિવાસી અને પર્વતીય વિસ્તારોમાં શાળાઓ અને હૉસ્પિટલો અગાઉ માત્ર 'સ્વપ્ન' જ ગણાતી હતી, પરંતુ આજે ચુરાચાંદપુરમાં એક મેડિકલ કૉલેજ શરૂ કરાઇ છે. (એજન્સી) ■

## ઈશાન ભારતમાં ૭૭,૦૦૦ કરોડના રેલવે પ્રોજેક્ટનો અમલ

ઐઝવાલ: ઈશાન ભારતમાં ૭૭,૦૦૦ કરોડ રૂપિયાના રેલવે પ્રોજેક્ટ અમલી બન્યા હોવાનું રેલવે પ્રધાન અશ્વિની વૈષ્ણવે શનિવારે કહ્યું હતું.

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ મિઝોરમની પ્રથમ રેલવેલાઈનનું ઉદ્‌ઘાટન અને રાજ્યની પ્રથમ રાજધાની એક્સપ્રેસ ટ્રેનને લીલીઝંડી દર્શાવ્યા બાદ વૈષ્ણવે આ નિવેદન કર્યું હતું.

રેલવે લાઈન મારફતે મિઝોરમ દેશના અન્ય વિસ્તારો સાથે જોડાતાં હવે ટૂરિઝમ અને રોજગારની તક વધશે અને સ્થાનિક ઉત્પાદનોને નવું બજાર મળશે. ઈશાન ભારતનો વિકાસ વડા પ્રધાનની ઍક્ટ ઈસ્ટ પૉલિસીનું પરિણામ છે, એમ તેમણે કહ્યું હતું. (એજન્સી) ■




## મિઝોરમ રેલવેના નકશા પર

ઐઝવાલ: રાજ્યએ રેલવેના નકશામાં પ્રવેશ મેળવ્યો હોવાને કારણે મિઝોરમ માટે આ ઐતિહાસિક દિવસ છે, એમ મિઝોરમના મુખ્ય પ્રધાન લાલદુહોમાએ શનિવારે કહ્યું હતુ.

રાજ્ય પર આની લાંબેગાળે મહત્ત્વની અસર જોવા મળશે કેમ કે મિઝોરમ હવે રેલવે માર્ગે દેશના અન્ય હિસ્સાઓ સાથે જોડાશે. (એજન્સી) ■

# ...તો હેલિકૉપ્ટર છોડી બાય રોડ સભાના સ્થળે પહોંચ્યા પીએમ

ઈમ્ફાલ: વડા પ્રધાન નરેન્દ્ર મોદી શનિવારે ભારે વરસાદ વચ્ચે મણિપુરના ઈમ્ફાલ પહોંચ્યા હતા. વર્ષ ૨૦૨૩માં મણિપુરમાં હિંસા ભડકી ઉઠ્યા બાદ આ રાજ્યની મોદીની પ્રથમ મુલાકાત હતી.

મોદીએ સૌપ્રથમ પહાડી વિસ્તારમાં આવેલા ચૂરાચાંદપુર શહેરના પીસ ગ્રાઉન્ડની મુલાકાત લીધી હતી. ત્યાર બાદ તેમણે સાંસ્કૃતિક અને રાજકીય મહત્ત્વ ધરાવતા કંગલા કિલ્લાની મુલાકાત લીધી હતી.

ભારે વરસાદને કારણે ચૂરાચાંદપુર સુધી હૅલિકોપ્ટર યાત્રા માટે મોસમ અનુકૂળ ન હોવાથી મોદી રોડ માર્ગે સભાના સ્થળ સુધી પહોંચ્યા હતા.

મે ૨૦૨૩માં મણિપુરમાં ખીણપ્રદેશ વિસ્તારમાં રહેતા મેઈતેઈ સમુદાય અને પહાડો પર રહેતા કુકી-જો સમુદાય વચ્ચે હિંસા ભડકી ઊઠી હતી. આ હિંસામાં ૨૫૦ કરતાં પણ વધુનાં મોત થયાં હતાં.

હિંસાને કારણે લગભગ ૬૦,૦૦૦ લોકો વિસ્થાપિત થયા હતા અને આજે પણ એ લોકો સરકાર દ્વારા ઊભી કરવામાં આવેલી અસ્થાયી છાવણીમાં રહે છે. ■

# 'મણિપુરના પર્વતો અને ખીણમાં રહેતા લોકો વચ્ચે વિશ્વાસનો સેતુ બાંધવો જોઈએ'


ઈમ્ફાલ : મણિપુરની ટેકરી અને ખીણના લોકો વચ્ચે 'વિશ્વાસ'નો મજબૂત સેતુ બાંધવો જોઈએ, એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું.

મે ૨૦૨૩માં કુકી અને મેઈતેઈ જાતિ વચ્ચે વાંશિક હિંસા થઈ ત્યાર બાદ મોદીએ મણિપુરની પહેલી મુલાકાત લીધી હતી. ઈમ્ફાલના કંગલા ફોર્ટમાં જાહેર સભાને સંબોધતા મોદીએ કહ્યું હતું કે મારી સરકાર જખમને મલમ લગાડવા અને વિશ્વાસ સ્થાપવા પ્રતિબદ્ધ છે તેમ જ અમે કોઈ કુટુંબ બાકાત ન રહે એની તકેદારી લઈશું.

મોદીએ વધુમાં કહ્યું હતું કે મણિપુર ભારતમાતાના તાજ પરનો રતન છે. કોઈ પણ પ્રકારની હિંસા ટીકાપાત્ર છે. હિંસા એ કમનસીબી છે એટલું જ નહીં, પરંતુ આપણા પૂર્વજો અને ભાવિ પેઢીને ગંભીર અન્યાય થાય છે. આપણે મણિપુરને શાંતિ અને વિકાસના પંથમાં લઈ જવું જોઈએ.

કુકી ટેકરી પર અને મેઈતેઈ ઈમ્ફાલની ખીણમાં રહે છે.

વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે રાજ્યમાં શાંતિ અનિવાર્ય છે અને સંવાદ તથા મંત્રણા વડે જ શાંતિ સ્થાપી શકાય. મણિપુરમાં તેજસ્વી સંભાવના છે, પરંતુ હિંસા આપણા સામાજિક તાણાવાણાને નબળો પાડી દે છે. શાંતિ અને એખલાસ જ ભારતના તાજના પૂર્વના હીરા તરીકેનું મણિપુરનું સ્થાન સ્થાપી શકે. મોદીએ કહ્યું હતું કે કેન્દ્રે હિંસાથી અસરગ્રસ્ત માટે ૭,૦૦૦ નવાં ઘરો બાંધવાના પ્રસ્તાવને મંજૂરી આપી છે. મણિપુરને ૩,૦૦૦ કરોડ રૂપિયાનું ખાસ પેકેજ અપાશે. હિંસાનો સામનો કરનાર લોકોનું જીવન સામાન્ય બને એ અમારી ટોચની પ્રાથમિકતા છે. મોદી સમારોહમાં ૧,૨૦૦ કરોડ રૂપિયાના ૧૭ ડેવલપમેન્ટ પ્રોજેક્ટનું ઉદ્‌ઘાટન કર્યું હતું. મોદીએ કહ્યું હતું કે મારી સરકાર આવ્યા બાદ મણિપુરનો વૃદ્ધિદર વધ્યો છે. આજે રાજ્ય ઝડપથી વિકાસ કરી રહ્યું છે. ૨૧મી સદી પૂર્વની અને ઈશાનની છે. આથી સરકાર મણિપુરના વિકાસને અગ્રતાક્રમ આપે છે. (એજન્સી) ■



**તૈયારી:** વારાણસીમાં શનિવારે દુર્ગા પૂજાના તહેવાર અગાઉ દેવી દુર્ગાની પ્રતિમાને આખરી ઓપ આપી રહેલો કારીગર. (એજન્સી)

# હિમાચલના ગામમાં વાદળ ફાટ્યું: અનેક વાહનો કાટમાળમાં દટાયાં

શિમલા: હિમાચલ પ્રદેશના બિલાસપુર જિલ્લાના ગામમાં શનિવારે પરોઢિયે વાદળ ફાટવાથી અનેક વાહનો કાટમાળમાં દટાઈ ગયાં હતાં અને પાકને નુકસાન થયું હતું. નૈના દેવી વિધાનસભા મતદારક્ષેત્રના ગુત્રાહન ગામમાં પરોઢિયે ત્રણ વાગ્યે વાદળ ફાટ્યું હતું. જોકે કોઈ જાનહાનિ થઈ નથી.

ખેતરોમાં કચરા સાથેનું પાણી ઘૂસી ગયું છે, એવી વ્યથા ગ્રામવાસી કાશ્મીર સિંહે વ્યક્ત કરી હતી. સિંહનાં ખેતર અને પાકને નુકસાન થયું છે.

બિલાસપુરના ડેપ્યુટી કમિશનર રાહુલ કુમારે કહ્યું હતું કે કુલ ચાર વાહન કાટમાળમાં દટાઈ ગયાં છે. પાકના નુકસાનનો અંદાજ મેળવવામાં આવી રહ્યો છે અને અહેવાલ મળ્યા બાદ રાહત જાહેર કરાશે.

વાદળ ફાટવાની જેવી માહિતી મળી કે તરત અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. જાહેર બાંધકામ વિભાગ બને એટલો વહેલો ટ્રાફિક સ્થાપવા કાટમાળ દૂર કરવા પ્રયત્નશીલ છે.

ચંબા જિલ્લાના ભટ્ટીયાત વિધાનસભાના મતદારક્ષેત્રના મામલ અને કમલારી ગામમાં પાણી અને કાટમાળે ઘરોને નુકસાન પહોંચાડ્યું છે. રાજ્યની રાજધાની શિમલામાં ધુમ્મસને લીધે દૃષ્ટિગોચરતા થોડા જ મીટરની રહી છે અને આને લીધે મોટરિસ્ટને હાલાકી થઈ હતી.

સ્થાનિક હવામાન ખાતાએ શનિવારે અને રવિવારે રાજ્યના છૂટાછવાયા ભાગમાં ભારે વરસાદની આગાહી કરી છે.

રાજ્યમાં હળવાથી મધ્યમ પ્રકારનો વરસાદ પડી રહ્યો છે.

શનિવારે સવારે ૫૭૭ રોડ બંધ થઈ ગયા છે અને ૩૮૯ પાવર ટ્રાન્સફોર્મર તથા ૩૩૩ વોટર સપ્લાઈ સ્કીમ ખોરવાઈ ગઈ છે. ૨૦ જૂનથી વરસાદને સંબંધિત બનાવોમાં ૩૮૬ જણ મરણ પામ્યાં છે. (એજન્સી) ■




LIKE & FOLLOW: /Mumbaisamachar4u



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) સતીશ રાજારામ પાસ્ટે | ૪૧ | ૧,૫૦,૦૦૦ |
| ૨) કાંટા પાલ | ૫૬ | ૫૦,૦૦૦ |
| ૩) નિખિલ તેલી | ૫૮ | ૫૦,૦૦૦ |
| ૪) મેકેલ એસ કે | ૫૦ | ૫૦,૦૦૦ |
| ૫) બૈદ્યનાથ લોહાર | ૫૬ | ૬૦,૦૦૦ |
| ૬) પ્રબિન સી એચ રોય | ૫૯ | ૫૯,૦૦૦ |
| ૭) ઝૂની રોય | ૩૬ | ૩૦,૦૦૦ |
| ૮) જાગનાથ રોય | ૫૪ | ૫૦,૦૦૦ |
| ૯) રામ નારાયણ સિંહ | ૫૭ | ૭૦,૦૦૦ |
| ૧૦) ભગવતી દેવી | ૪૭ | ૫૦,૦૦૦ |
| ૧૧) રેખા કુમારી | ૮૫ | ૬૦,૦૦૦ |
| ૧૨) નિગાર સુલતાના નાઝીરુદ્દીન | ૬૫ | ૧૦,૦૦૦ |
| ૧૩) અંજલિ ગુપ્તા | ૪૭ | ૫૦,૦૦૦ |
| ૧૪) હલીમ | ૩૩ | ૬૦,૦૦૦ |
| ૧૫) દીપ માલ | ૪૦ | ૮૦,૦૦૦ |
| ૧૬) શોભિત કુમાર | ૨૫ | ૮૦,૦૦૦ |
| ૧૭) સનતાના નંદી | ૫૦ | ૪૦,૦૦૦ |
| ૧૮) જાહીર હોસેન | ૪૮ | ૫૦,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ જરબાઈ વાડિયા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે | | |
| ૧૯) કૃષ્ણ સુધીર યાદવ | ૦૩ | ૨૫,૦૦૦ |
| નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ હોળી સ્પિરિત હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે. | | |
| ૨૦) ઓમપ્રકાહ ચૌધરી | ૪૦ | ૧,૨૯,૬૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની ‘જીવન પ્રકાશ’ વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામું:- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# અતિવૃષ્ટિથી પીડિત ખેડૂતોને ૭૩.૯૧ કરોડની મદદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં જૂન-૨૦૨૫થી લઈને ઑગસ્ટ-૨૦૨૫ના સમયગાળામાં રાજ્યમાં પડેલા ભારે વરસાદ અને અતિવૃષ્ટિને કારણે થયેલા નુકસાનના વળતર પેટે રાજ્ય સરકારે ૭૩,૯૧,૪૩,૦૦૦ની સહાય મંજૂર કરી હોવાની માહિતી રાજ્યના રાહત અને પુનર્વસન ખાતા દ્વારા આપવામાં આવી હતી.

રાહત અને પુનર્વસન ખાતાના પ્રધાન મકરંદ જાધવ-પાટીલે શનિવારે જણાવ્યું હતું કે કુદરતી આફતોથી અસરગ્રસ્ત ખેડૂતોને સહાય અને રાહત પૂરી પાડવાને સરકારે હંમેશા પ્રાથમિકતા આપી છે. અસરગ્રસ્ત પાકના પંચનામા સ્વરૂપે તાત્કાલિક સહાય પૂરી પાડવાનો નિર્ણય સરકારે લીધો છે.

તેમણે જણાવ્યું હતું કે રાહત પેકેજમાં જૂન ૨૦૨૫ દરમિયાન કોંકણ ક્ષેત્રના રાયગડ, રત્નાગિરિ અને સિંધુદુર્ગ જિલ્લામાં ભારે વરસાદ અને પૂરથી થયેલા પાકને થયેલા નુકસાનને કારણે અસરગ્રસ્ત લોકો માટે ૩૭.૪૦ લાખ રૂપિયાનો સમાવેશ થાય છે, જ્યારે રાહત પેકેજમાં જૂન ૨૦૨૫ થી ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન નાગપુર, વર્ધા, ચંદ્રપુર, હિંગોલી અને સોલાપુર જિલ્લામાં થયેલા પાકને થયેલા નુકસાન માટે ૭૩,૫૪,૦૩,૦૦૦ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

જૂન ૨૦૨૫ના સમયગાળા દરમિયાન ભારે વરસાદ અને પૂરને કારણે ૧૭૭.૮૩ હેક્ટર જમીન પર પાકને થયેલા નુકસાનને કારણે ૧,૮૭૫ ખેડૂતોના પાકને થયેલા નુકસાન માટે ૩૭ લાખ ૪૦ હજાર રૂપિયાનું ભંડોળ મંજૂર કરવામાં આવ્યું છે, જેમાં રાયગડ જિલ્લામાં ૯૮૦ અસરગ્રસ્ત ખેડૂતોના ૫૫.૬૫ હેક્ટર જમીન અસરગ્રસ્ત વિસ્તાર માટે ૧૧ લાખ ૮૧ હજાર રૂપિયા, રત્નાગિરી જિલ્લામાં ૫૬૦ ખેડૂતોના ૭૧.૫૪ હેક્ટર જમીન અસરગ્રસ્ત વિસ્તાર માટે ૧૨ લાખ ૯૬ હજાર રૂપિયા અને સિંધુદુર્ગ જિલ્લામાં ૩૩૫ ખેડૂતોના ૫૦.૬૪ હેક્ટર જમીન અસરગ્રસ્ત વિસ્તાર માટે ૧૨ લાખ ૬૩ હજાર રૂપિયાનો સમાવેશ થાય છે. ૨૧ જુલાઈ ૨૦૨૫ના રોજ ડિવિઝનલ કમિશનર, નાગપુર દ્વારા મોકલવામાં આવેલા પ્રસ્તાવ મુજબ, જૂન ૨૦૨૫માં નાગપુર જિલ્લામાં અસરગ્રસ્ત એક ખેડૂતના ૦.૪૦ હેક્ટર અસરગ્રસ્ત વિસ્તાર માટે રૂ. ૯ હજાર અને ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ મોકલવામાં આવેલા પ્રસ્તાવ મુજબ, નાગપુર જિલ્લામાં ૭ હજાર ૪૫૦ ખેડૂતોના ૪૫૫૯.૬૨ હેક્ટર અસરગ્રસ્ત વિસ્તાર માટે રૂ. ૩૯૨.૮૩ લાખ. વર્ધા જિલ્લામાં, જૂન ૨૦૨૫માં ૮૨૧ ખેડૂતોના ૪૮૫.૮૦ હેક્ટર અસરગસ્ત વિસ્તાર માટે ૪૧.૫૪ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી હતી, જ્યારે જુલાઈ ૨૦૨૫માં નુકસાન સહાય માટે, ૨,૮૨૭ ખેડૂતોના ૨૨૨૪.૯૧ હેક્ટર અસરગ્રસ્ત વિસ્તાર માટે ૧૮૯.૨૨ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી હતી, ચંદ્રપુર જિલ્લામાં જૂન અને જુલાઈ ૨૦૨૫માં નુકસાન સહાય માટે ૧૩,૭૪૨ ખેડૂતોના ૮૬૨૧.૦૬ હેક્ટર અસરગ્રસ્ત વિસ્તાર માટે ૭૩૩.૦૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવી હતી. જુલાઈ ૨૦૨૫માં હિંગોલી જિલ્લામાં કુદરતી આફતને કારણે થયેલા નુકસાન સહાય માટે વિભાગીય કમિશનર, છત્રપતિ સંભાજીનગર તરફથી મળેલા પ્રસ્તાવ મુજબ, ૩૯૬ ખેડૂતોના ૨૧૫ હેક્ટર અસરગ્રસ્ત વિસ્તાર માટે ૧૮.૨૮ લાખ રૂપિયાની સહાય મંજૂર કરવામાં આવી છે.

છેલ્લા પાનાનું ચાલુ

## ૩૨ ટકા અનામતમાં

પૂછવામાં આવી રહ્યા છે તો તે પીડાદાયક છે. અમારા સમાજને ૧૦ ટકા અનામત પૂરતી નથી. ઓબીસીમાં હોવા છતાં સમગ્ર રાજ્યમાં અમારી સંખ્યા ૫૦ - ૫૫ ટકા છે. આ સમુદાય માટે દસ ટકા અનામત કેવી રીતે પૂરતી હોઈ શકે? એટલે તમારી પાસે બે કે ત્રણ પ્રકારના અનામત છે એવું નેતાઓ કહે એ યોગ્ય નથી.

## હવે ઈમારતો

દુર્ઘટનાઓને ટાળી શકાય તે માટે સુધરાઈ તેના પર ઉપાયયોજના પણ શોધવાની છે. સાત સપ્ટેમ્બર, ૨૦૨૫ના દહિસરમાં ૨૩ માળની એસઆરએ બિલ્ડિંગના બેઝમેન્ટમાં આવેલા ઈલેક્ટ્રિક મીટર બોક્સમાં ભીષણ આગ લાગી હતી. આગને કારણે નીકળેલા ધુમાડાને કારણે ફાયર બ્રિગેડને આગનું ચોક્કસ સ્થળ શોધવામાં પણ ભારે અડચણો આવી હતી. મુંબઈમાં છેલ્લાં અનેક વર્ષોમાં આગની આવી દુર્ઘટનાઓમાં અનેકના ભોગ લેવાય છે.

મહારાષ્ટ્ર ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફટી મેઝર્સ એક્ટ ૨૦૦૬ મુજબ હાલમાં દરેક ઊંચી બિલ્ડિંગને દર બે વર્ષે ફાયર ઓડિટ ફરજિયાત છે. જોકે મુંબઈની બિલ્ડિંગ માટે ઈલેક્ટ્રિકલ ઓડિટ ફરજિયાત કરવાની કોઈ જોગવાઈ નથી.

ફાયર બ્રિગેડના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈની હાઈરાઈઝ બિલ્ડિંગમાં આગ લાગવાનું મુખ્ય કારણ શોર્ટ સર્કિટ હોય છે. મુખ્યત્વે નબળી જાળવણી, હલકી ગુણવત્તાના વાયરિંગ મટિરિયલ અને ઓવરલોડિંગને કારણે શોર્ટ સર્કિટ થતા હોય છે.

પાલિકાના એડિશનલ કમિશનર અમિત સૈનીએ જણાવ્યું હતું કે ફાયર ઓડિટની માફક ઈલેક્ટ્રિક ઓડિટ પણ મુંબઈ માટે આવશ્યક અને મહત્ત્વપૂર્ણ છે. અમે આવી આગની ઘટનાઓને ઘટાડવા માટે યોગ્ય પગલા અમલમાં મૂકવા માટે અભ્યાસ કરી રહ્યા છે. પાલિકા કમિશનરની મંજૂરી પછી રાજ્ય સરકાર સાથે પ્રસ્તાવ પર ચર્ચા કરવામાં આવશે.

મુંબઈ મહાનગરપાલિકાના કર્મચારીઓને પ્રતિ વર્ષની માફક આ વર્ષે પણ દિવાળી પહેલા ૨૦ ટકા જેટલી રકમ સાનુગ્રહ-અનુદાન તરીકે આપવામાં આવે એવી માગણી પાલિકાના કર્મચારીઓના યુનિયને કમિશનર ભુષણ ગગલાણીને પત્ર લખીને કરી છે. ધ મ્યુનિસિપલ યુનિયને પાલિકા કમિશનરને પત્ર લખીને માગણી કરી છે કે પાલિકા કામગાર, કર્મચારી, અધિકારી, સુરક્ષા દળ કર્મચારી, આરોગ્ય ખાતાની આરોગ્ય સેવિકા, કૉન્ટ્રેક્ટ પર રહેલા તમામ કર્મચારી, મુંબઈ જિલ્લા ક્ષયરોગ નિયંત્રણ સંસ્થાના કર્મચારી, બાલવાડી શિક્ષિકા અને મદતનીસોને પ્રતિવર્ષની માફક ૨૦૨૪-૨૫ના આર્થિક વર્ષને બોનસ તથા સાનુગ્રહ અનુદાન આપવાની માગણી કરી છે.

## ઉદ્ધવ પાસે

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ રમાતી હતી, એમ એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેનાના પ્રવક્તા અને સાંસદ નરેશ મ્હસ્કેએ થાણેમાં એક પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું. સત્તા માટે હિન્દુત્વનો ત્યાગ કરનારા અને પાકિસ્તાનના ગુણગાન ગાનારા ઠાકરે અચાનક આવી મેચોનો વિરોધ કરી શકતા નથી, એમ તેમણે જણાવ્યું હતું. મ્હસ્કેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે એનડીએ સરકાર હેઠળ પાકિસ્તાન પ્રત્યે ભારતનું વલણ યથાવત છે.

‘જ્યાં સુધી આતંકવાદ બંધ ન થાય ત્યાં સુધી સૌહાર્દપૂર્ણ સંબંધો બનાવી શકાતા નથી. એશિયા કપ મેચ રમવાનો અર્થ નીતિમાં ફેરફાર નથી. આઈપીએલના દરવાજા હજુ પણ પાકિસ્તાની ખેલાડીઓ માટે બંધ છે. આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓમાં આવી મેચો હંમેશા રમાતી રહી છે, જેમાં વર્લ્ડ કપ રમતોનો પણ સમાવેશ થાય છે,’ એમ મ્હસ્કેએ ઉમેર્યું હતું. ઠાકરેના રાજકીય જોડાણોની ટીકા કરતા મ્હસ્કેએ કહ્યું હતું કે જેમની સામે આપણે ચૂંટણી લડી હતી તેમની સાથે સત્તામાં બેસવું એ ‘બેશરમી’ સમાન છે.

‘સત્તાની લાલચ માટે હિન્દુત્વનો ત્યાગ કરવો એ બેશરમી છે, અને ગુનેગારો અને બોમ્બ વિસ્ફોટના આરોપીઓ સાથે પ્રચાર કરવો એ પણ બેશરમી છે,’ એમ તેમણે ઉમેર્યું હતું.

સેના (યુબીટી)ના વિરોધ સૂત્ર ‘મારું સિંદુર, મારો દેશ’ પર પ્રતિક્રિયા આપતાં મ્હસ્કેએ જણાવ્યું હતું કે સૈનિકોની બહાદુરી પર શંકા કરનારા અને ‘ઓપરેશન સિંદૂર’ પર સવાલ ઉઠાવનારાઓને ‘સિંદૂર’ અથવા ‘સમ્માન’ વિશે બોલવાનો કોઈ અધિકાર નથી.

‘જે લોકોએ પાકિસ્તાનની પ્રશંસા કરીને ‘સિંદૂર’નું અપમાન કર્યું હતું તેઓ હવે તેને ફક્ત ચૂંટણી માટે યાદ કરી રહ્યા છે. જે લોકોએ પ્રચાર દરમિયાન આઈએસઆઈ એજન્ટોને સમર્થન આપ્યું હતું તેઓએ ચૂપ રહેવું જોઈએ,’ એમ થાણેના શિવસેના નેતાએ કહ્યું હતું.

મ્હસ્કેએ એવો આરોપ લગાવ્યો હતો કે પહલગામ આતંકવાદી હુમલા પછી ઉદ્ધવ ઠાકરે વિદેશ ગયા હતા અને ક્યારેય પીડિતોના પરિવારોને મળ્યા પણ નહોતા.

‘૨૦૧૯માં, તેઓએ ‘એક સાથે લગ્ન કરો, બીજા સાથે રહો’ના નારા સાથે પ્રચાર કર્યો. હવે તેમને ચૂંટણી પહેલા દેશભક્તિ યાદ આવી ગઈ છે. આંતરરાષ્ટ્રીય રાજકારણ તેમની સમજની બહાર છે,’ એમ જણાવતાં મ્હસ્કેએ કહ્યું હતું કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહના નેતૃત્વમાં, દેશની સુરક્ષા મજબૂત હાથમાં છે.

## સ્માર્ટ વિલેજમાં

છું. તેમાં એક હજાર ચોરસ ફૂટના પ્લોટ પર ૫૦૦ ચોરસ ફૂટનું બાંધકામ હશે. આ ઘરમાં સૌર ઊર્જા અને અન્ય પર્યાવરણને અનુકૂળ સામગ્રીનો ઉપયોગ કરીને આજીવન વીજળી અને પાણી વિનામૂલ્યે મળશે. આ મકાનની કિંમત માત્ર ૫ લાખ રૂપિયા હશે. શરૂઆતમાં આ મકાન બનાવવાનું આયોજન સરકારી એજન્સી મહાડા દ્વારા કરવામાં આવ્યું હતું. આટલી ઓછી કિંમતે ઘર આપવા બાબતે ગડકરીએ સ્પષ્ટતા કરી હતી કે ચીનથી ખૂબ જ ઓછા ખર્ચે એક અદ્યતન દિવાલ ઊભી કરવાનું શીન લાવવામાં આવ્યું છે. આ મશીનથી ઓછા ખર્ચે ઘર બનાવવું શક્ય છે.

## મંત્રાલયમાં

ગયા? આ સવાલો હવે મૂંઝવણ ઊભી કરી શકે છે. એટલું જ નહીં, આ કાર્ડનો દુરુપયોગ થાય તો શું થઈ શકે એવી ચિંતા હવે ઊભી થઈ છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના પોતાના જ ગૃહ મંત્રાલય સાથે જોડાયેલી આ ઘટનાના પ્રત્યાઘાત પડવા લાગ્યા છે, અને આ ઘટનાઓનો સીધો સંબંધ સુરક્ષાની દ્રષ્ટિએ કેટલો ખતરનાક બની શકે છે તેની ચર્ચાઓ પણ શરૂ થઈ ગઈ છે. દરમિયાન, સૂત્રોના જણાવ્યા અનુસાર, ગૃહ વિભાગે મુલાકાતીઓ માટે ૮,૦૦૦ જેટલા ડીજી પ્રવેશ (આરએફઆઈડી) એક્સેસ કાર્ડ તૈયાર કર્યા હતા. જોકે, આમાંથી ૩,૫૦૦ જેટલા કાર્ડ કામ પૂર્ણ થયા પછી મુલાકાતીઓ દ્વારા પરત કરવામાં આવ્યા ન હતા. શું મંત્રાલય જેવી ઉચ્ચ સુરક્ષાવાળી ઇમારતમાંથી હજારો કાર્ડ પગ કરી જાય એ માત્ર બેદરકારી છે કે બીજું કશું? એવો સવાલ હવે ઉભો થઈ રહ્યો છે.

## મુંબઈમાં

રવિવાર અને સોમવાર માટે યલો અલર્ટની ચેતવણી આપવામાં આવી છે. આ દરમ્યાન રાયગઢ જિલ્લા માટે આગામી બે દિવસ એટલે મંગળવાર સુધી ઓરેન્જ અલર્ટની ચેતવણી આપી છે. જોકે વરસાદની તીવ્રતા ઓછી રહેવાની શક્યતા છે.

હવામાનના નિષ્ણાતના કહેવા મુજબ ૧૩ સપ્ટેમ્બરથી મુંબઈ સહિત રાજ્યમાં વરસાદનું જોર રહેવાની અગાઉ શક્યતા જણાતી હતી પણ હવે રવિવાર અને સોમવાર વચ્ચે વરસાદની ગતિવિધિ જોવા મળશે. જોકે વરસાદનું જોર ઓછું રહેવાની શક્યતા છે.

બંગાળની ખાડીમાં એક લો પ્રેશરની સિસ્ટમ છત્તીસગઢને પાર કરી રહી છે, જે આ પ્રદેશમાં પહોંચતા વરસાદ લાવશે એવી અપેક્ષા હતા. જોકે આ સિસ્ટમ અહીં હાજર હોવા છતાં તે અપેક્ષા મુજબ મજબૂત બની નથી. વધુમાં ઉત્તરથી એક ટ્રફ અહીં આવીને લો-પ્રેશર સાથે ભળી જવાની અપેક્ષા હતી. જોકે આ ટ્રફ હજી સુધી અહીં પહોંચી શક્યો નથી અને તેને કારણે ઓછા વરસાદની શક્યતા છે.

વરસાદની ગેરહાજરીમાં મુંબઈમાં તાપમાનનો હળવો વધારો જણાયો હતો. છેલ્લા બે દિવસથી મુંબઈમાં નહીંવત વરસાદ નોંધાયો હતા.

હવામાન વિભાગના ડેટા મુજબ શુક્રવાર અને શનિવાર સવાર સુધીના ૨૪ કલાકમાં સાંતાક્રુઝમાં ૭.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો કોલાબા સ્ટેશનમાં વરસાદ નોંધાયો નહોતો. સોમાન્ય રીતે ચોમાસાના ચાર મહિનામાં સપ્ટેમ્બરમાં બહુ ઓછો વરસાદ પડતો હોય છે, જેમાં સામાન્ય રીતે ઉપનગરમાં ૩૬૦ મિલીમીટરની આસપાસ વરસાદ નોંધાતો હોય છે,જેમાંથી અત્યાર સુધી આ મહિનામાં સાંતાક્રુઝમાં ૧૩૨ મિ.મી.ની આસપાસ વરસાદ નોંધાઈ ચૂક્યો છે.

## ભારત-પાકિસ્તાન

શું સરકાર ઓપરેશન સિંદૂર બંધ કરવાની જાહેરાત કરશે અને ‘દેશભક્તો’ને એવી અપીલ કરી હતી કે તેઓ ક્રિકેટ મેચ ન જુએ કારણ કે પહલગામ આતંકવાદી હુમલાના ઘા હજુ તાજા છે.

‘આ ક્રિકેટ મેચ રાષ્ટ્રીય ભાવનાઓનું અપમાન છે. શું આપણે પાકિસ્તાન સાથે ક્રિકેટ રમવું જોઈએ જ્યારે આપણા સૈનિકો સરહદો પર પોતાના જીવનું બલિદાન આપી રહ્યા છે?’ એવો સવાલ ઠાકરેએ કર્યો હતો.

કેન્દ્ર સરકારની ટીકા કરતાં ઠાકરેએ ક્રિકેટ મેચને દેશભક્તિની મજાક ગણાવતાં કહ્યું હતું કે આ મેચનો બહિષ્કાર કરવાથી પાકિસ્તાન પ્રાયોજિત આતંકવાદ વિશે દુનિયાને એક મજબૂત સંકેત મળશે.

‘આ (અવિભાજિત) શિવસેનાના વડા (બાળ ઠાકરેનું) વલણ હતું. જો લોહી અને પાણી એકસાથે વહી શકતા નથી, તો ક્રિકેટ અને લોહી (સાથે) કેવી રીતે ચાલી શકે?’ એમ જણાવતાં તેમણે આરોપ લગાવ્યો કે તેઓ (ભાજપ) દેશભક્તિના નામે વેપાર કરી રહ્યા છે.

ઠાકરેએ કહ્યું કે સેના (યુબીટી) મેચ સામે વિરોધ પ્રદર્શન કરશે. તેમણે કહ્યું હતું કે પાર્ટીની મહિલા કાર્યકરો સિંદૂર એકત્રિત કરશે અને તેને વડા પ્રધાન કાર્યાલયમાં મોકલશે.

ઠાકરે પરિવારના મુંબઈ સ્થિત નિવાસસ્થાન માતોશ્રી ખાતે બાળ ઠાકરે અને પાકિસ્તાની ક્રિકેટર જાવેદ મિયાંદાદ વચ્ચે થયેલી જૂની મુલાકાતનો ઉલ્લેખ કરતા ઉદ્ધવે કહ્યું હતું કે, ‘મારા પિતાએ જાવેદ મિયાંદાદને કહ્યું હતું કે જ્યાં સુધી પાકિસ્તાનમાંથી ભારત વિરુદ્ધ આતંકવાદી કૃત્યો ચાલુ રહેશે નહીં ત્યાં સુધી ક્રિકેટ રમાશે નહીં.’

‘જ્યાં સુધી આતંકવાદ બંધ ન થાય ત્યાં સુધી આપણે પાકિસ્તાન સાથે કોઈ સંબંધ ન રાખવો જોઈએ,’ એમ મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું.

પાકિસ્તાન અંગે કેન્દ્ર સરકારના વલણ પર સવાલ ઉઠાવતા ઠાકરેએ કહ્યું કે ભારતની વિદેશ નીતિ નબળી સાબિત થઈ છે અને એવું લાગે છે કે દેશને પાકિસ્તાનના કબજા હેઠળનું કાશ્મીર હવે પાછું મળશે નહીં.

‘તમે કહેતા હતા કે પાકિસ્તાન આતંકવાદ ફેલાવી રહ્યું છે અને હવે તમે તે જ દેશ સાથે ક્રિકેટ રમી રહ્યા છો. શું પાકિસ્તાન આતંકવાદી રાજ્ય છે કે નહીં? શું તે આપણો દુશ્મન છે કે નહીં? સૈનિકો શહીદ થઈ રહ્યા છે અને આ લોકો ક્રિકેટ રમે છે. આ સારું નથી,’ એમ ઠાકરેએ ઉમેર્યું હતું.

ઓપરેશન સિંદૂર સાતમી મે, ૨૦૨૫ના રોજ પહલગામ આતંકવાદી હુમલા પછી શરૂ કરવામાં આવ્યું હતું, તે નિયંત્રણ રેખા પાર અને પાકિસ્તાનની અંદર આતંકવાદી માળખાને તોડી પાડવા માટે સશસ્ત્ર દળો દ્વારા એક નિર્ધારિત અને લક્ષ્યાંકિત ઝુંબેશ હતી.

આ દરમિયાન, ઠાકરેએ ૧૯૮૦ના મોસ્કો ઓલિમ્પિકનો અમેરિકા દ્વારા બહિષ્કાર અને તેના સાથી દેશો દ્વારા અફઘાનિસ્તાનમાં ભાગ ન લેવાનો ઉલ્લેખ કર્યો હતો. તેની સામે રશિયાએ લોસ એન્જલસમાં ૧૯૮૪ના સમર ઓલિમ્પિકમાં જોડાયો ન હતો, કારણ કે સોવિયેત યુનિયન અને ૧૩ સાથી દેશોએ રમતોનો બહિષ્કાર કર્યો હતો, એમ તેમણે ઉમેર્યું હતું.

૧૯૭૯ના અંતમાં અફઘાનિસ્તાન પર સોવિયેત આક્રમણના વિરોધમાં અમેરિકાએ મોસ્કોમાં યોજાયેલા સમર ઓલિમ્પિક ગેમ્સનો બહિષ્કાર કર્યો હતો. કુલ ૬૫ દેશોએ આ ગેમ્સમાં ભાગ લેવાનો ઇનકાર કર્યો હતો, જ્યારે ૮૦ દેશોએ ખેલાડીઓને સ્પર્ધામાં મોકલ્યા હતા.

## ઘાટકોપરમાં

કેમેરામાં કેદ થઈ હતી. સીસીટીવીના ફૂટેજમાં કાર બિલ્ડિંગનાં પગથિયાં તોડી દુકાન સાથે ભટકાતી નજરે પડે છે. પછી કારમાંથી બે યુવતી અને યુવક બહાર નીકળે છે. કારની અડફેટે ગંભીર જખમી શખસને નજીક જઈને યુવક જુએ પણ છે, પરંતુ પછી તે ઘટનાસ્થળેથી રવાના થઈ જાય છે. કાર પાસે જ ઊભી બન્ને યુવતીને પોલીસે તાબામાં લીધી હતી. આ પ્રકરણે પોલીસ વધુ તપાસ કરી રહી છે.

## હિન્દુ મરણ

**મોઢ ચતુર્વેદી બ્રાહ્મણ**

કાંતિલાલ કરુણાશંકર ભટ્ટ (ઉં. વ. ૮૫) ખીજડીયા સમવાય મુંબઇ હાલ અમદાવાદ તા.૧૧-૯-૨૫ને ગુરુવારના અવસાન થયેલ છે. તેમનું બેસણું : તા. ૧૪-૯-૨૫ના રવિવારે સાંજે ૪થી ૭. ઠે. સી-૭૦૪, કળશ ફ્લેટ, ડાયમંડ ૨૭ની બાજુમાં, ચાંદખેડા, અમદાવાદ ખાતે રાખેલ છે.

**લેવા પટેલ**

ગામ કેરા હાલ મુંબઇ નિવાસી લાલજી પટેલ (ઉં. વ. ૭૫) તા. ૧૨-૯-૨૫ને શુક્રવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. હિરાબેન મુરજી પટેલના પુત્ર. મંજુલાબેનના પતિ. જીજ્ઞેશ, કલ્પેશ, સ્વ. હિરેનના પિતાશ્રી. કાજલના સસરા. સ્વ.શિવજી, વીરેન્દ્ર, પ્રેમજી, હીરાલાલ તથા સ્વ. કુંવરબેન મનજી પટેલના ભાઇ. લાલજી ખીમજી નારદાનીના જમાઇ. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

હાલ કાંદિવલી સુનીલ નંદલાલ પોપટનાં પત્ની પૂર્વીબેન (ઉં. વ. ૫૦) તા. ૫-૯-૨૫ના દેવલોક પામ્યા છે. તે પ્રાચીના માતા. સ્વ. ભારતીબેનના પુત્રવધૂ. ક્રિષ્ણાનાં કાકી. મમતાના દૈરાણી, હિતેશના ભાભી. ઉત્સવ સોમાનેકનાં સાસુ. મીનાબેન મધુસુદન શાહના દીકરી. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કચ્છ ગામ માતાજીના નેત્રા તાલુકા નખત્રાણા હાલ મુંબઇ ગં. સ્વ. કાંતાબેન કતીરા (ઉં. વ. ૯૦) તા. ૧૩-૯-૨૫ શનિવારના ધામ પધાર્યા છે. તે સ્વ. મથુરાદાસ દયાળજી કતીરાના પત્ની. મુકેશભાઇ, પરેશભાઇ, યોગેશભાઇ અને ક્રિષ્ણના માતુશ્રી. મિતેશભાઇ, ક્રિષ્ણા, કલ્પના, અર્પણાના સાસુજી. કરણ, કૃણાલ અને ધ્રુવના દાદીમા. વિવેક અને જયના નાનીમા. તે દયાળજી સુરજીના સુપુત્રી. સ્વ. પ્રેમજીભાઇ માધવાણી, લક્ષ્મીદાસ માધવાણી, કાનજી માધવાણી, જયસિંહ માધવાણી તથા ગં. સ્વ. રૂક્ષ્મણી પોપટના બેન. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ**

ગુંદરણવાળા હાલ રાયપુર ઘાટકોપર, રસિકલાલ રતિલાલ ચિતલીયાની પત્ની વૃંદાબેન (ઉં. વ. ૮૫) તે અતુલ અને હિતેશના માતુશ્રી. અલકા અને સ્વ. અમિષાના સાસુ. સ્વ. મંજુલાબેન - અમૃતલાલ, સ્વ. પદમાબેન - ભાઇલાલ ભાઈ. સ્વ. વિનોદરાય ગં. સ્વ. ઈલાબેન, સ્વ. મધુકાન્ત - ગં. સ્વ. જ્યોતિબેન, સ્વ. ઈન્દુબેન પ્રતાપરાય મહેતા, સ્વ. દમુબેન ચંપકભાઈ પારેખના ભાભી. પિયરપક્ષ સ્વ. નંદલાલ પરમાનંદદાસ હકાણીની દીકરી. વિનીત-રુચિ, હર્ષ-મીનુ, કૃશાંગ-જીલ, ધવલ-સોનલના દાદી. સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૫/૦૯/૨૦૨૫ સોમવાર ૫ થી ૭. પ્રાર્થનાસભા લાયન્સ કોમ્યુનિટી હોલ, ૯૩-બી,ગારોડિયાનગર ઘાટકોપર ઈસ્ટ.

**હાલાઈ લોહાણા**

મૂળ ગામ જામસલાયા હાલ થાણા, ગં. સ્વ. વસંતાબેન મોરઝરીયા (ઉં. વ. ૯૩) તે સ્વ.વલ્લભદાસ વિઠ્ઠલદાસ મોરઝરીયાના પત્ની. સ્વ.રાજુભાઈ, દીપકભાઈ, પ્રીતિબેનના માતૃશ્રી. સ્વ.લાડુબેન વસનજી સચદેવના પુત્રી. રીટાબેન તેમજ પરેશભાઇ ચાંદરણાના સાસુ, શીતલ ગૌરાંગ ઠકર, પ્રિતેશના નાની, પાર્થના દાદી. શુક્રવાર તા.૧૨/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા સોમવાર તા. ૧૫/૯/૨૫ના ૧૦ થી ૧૧.૩૦. શ્રી હલાઈ લોહાણા મહાજનવાડી, ખારકરઆળી, થાણા વેસ્ટ. લૌકિક પ્રથા બંધ છે.

**પરજીયા સોની**

લાખણકાવાળા હાલ મલાડ, કિશોરભાઈ મોહનભાઇ ધકાણના ધર્મપત્ની અ.સૌ.રમાબેન (ઉં. વ. ૭૮) તા. ૧૨/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ.અનસુયાબેન, જયંતીલાલ, સુશીલાબેનના બેન, ઉષાબેન લાભુભાઈ સુરૂ (દાઠાવાળા) ના ભાભી, આત્મારામભાઈ ભુરાભાઇ થડેસ્વર ધોરાજીવાળાના દીકરી, પ્રાર્થનાસભા ૧૫/૯/૨૫ સોમવાર ૫ થી ૬. ફ્લેટ નં ૪૪, સમૃદ્ધિ અપાર્ટમેન્ટ, સાગર સરિતાની સામે, આદર્શ દુગ્ધાલય, મલાડ વેસ્ટ.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ કાંદિવલી, નરેન્દ્રભાઈ શાંતિલાલ શાહુકારના ધર્મપત્ની અ.સૌ. હેમાબેન (ઉં. વ. ૭૦) તા. ૧૨/૯/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે જીગ્નેશ, કૈશિકના માતુશ્રી. સેજલ અને પ્રિયાના સાસુ. મહિન્દ્રભાઈ, દિનેશભાઇ, વર્ષાબેન હિતેશ જાંગલા, જ્યોતિબેન જીતેન્દ્ર ગાંધીના ભાભી, નિહાન, આધ્યાના દાદી. ગામ દેલવાડા નિવાસી પિયરપક્ષે સ્વ. નગીનદાસ લક્ષ્મીદાસ મેહતા અને સ્વ. લલીતાબેન મેહતાના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

ગામ માતાનામઢ હાલ ઘાટકોપર, અરવિંદ આઈયા (ઉં. વ. ૭૫) શુક્રવાર તા. ૧૨.૦૯.૨૫ના શ્રીરામશરણ પામેલ છે. તે સ્વ. લીલાવંતી ગોકલદાસ આઈયાના પુત્ર. સ્વ. મણિબેન પરશોત્તમ અનમ નારાયણસરોવરવાળાના મોટાજમાઈ. પ્રીતિબેનના પતિ. કૌશિક (કવિ), સૂરજના પિતાજી, ભગવતિબેન જગદીશ ધીરવાણીના બનેવી. સ્વ. જયંતીલાલ, રમેશ, સૂર્યકાંત, કીશન, ચંદ્રબાળા હરીશ કારીયા, કલાવતી ભુપેન્દ્ર દુવાખોમંભડીયા, દમંયતિ જયંતિલાલ રેલનના ભાઈ, પ્રાર્થના સભા રાખેલ નથી તથા લૌકિક વ્યવહાર સદંતર બંધ છે.

**હાલાઈ લોહાણા**

ક્રિષ્નકાંત માવાણી તા. ૧૨-૯-૨૫ના વાપી મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. ગોરધનદાસ હરીદાસ માવાણી તથા સ્વ. મોતીબેન ગોરધનદાસ માવાણીના સુપુત્ર. શ્રીમતી લતાબેન માવાણીના પતિ. તે જીજ્ઞેશ તથા સોનાલી આશિષ મોર્જરીયાના પિતા. મિરા જીજ્ઞેશ માવાણીના સસરા. ખુશી અને ફલકના દાદા. સ્વ. વલ્લભદાસ જીવરાજ ગોકાણીના જમાઈ. બન્ને પક્ષના લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ લોહાણા**

મૂળ ગામ કેશોદ હાલ કાંદિવલી, શશીકાંત મગનલાલ રાયચડાના ધર્મપત્ની હર્ષાબેન (ઉં. વ. ૬૯) તે સ્વ. માધુરીબેન, જયદીપના માતુશ્રી, નીતાબેનના સાસુ, કરસનદાસ, છગનલાલ. કોટેચા બળેજવાળાના દીકરી, મુકુંદભાઈ કોટેચા, મધુકરભાઈ, જ્યોતિબેનના બેન. તા. ૧૨-૦૯-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી ભાટિયા**

મુંદ્રાના હાલ મુંબઈ, ગં. સ્વ. રંજન બાબલા (ઉં. વ. ૮૨) તે સ્વ. ચરણદાસ દયાળજી બાબલાના પત્ની, સ્વ. પાનાચંદ ગોરધનદાસ વેદના પુત્રી, દીપેન અને માલિનીના માતુશ્રી, જેસલ અને દેવેનના સાસુજી, કુંજ અને જયના, અ.સૌ. પૂજાના દાદી-નાની, સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. મનસુખલાલ, સ્વ. ચંદ્રકાંત વેદનાબેન, કિરણ બાબલા, હિના દુતિયાના ભાભી. તા. ૧૨/૦૯/૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૫/૦૯/૨૦૨૫ના સોમવાર ૫ થી ૬.૩૦. મહારાજા અગ્રસેન ભવન, ત્રીજા માળે, ૯૦ ફીટ રોડ, ગરોડિયા નગર, ઘાટકોપર ઈસ્ટ.

## પારસી મરણ

મની સામ વઝીર તે મરહુમ સામના ધન્યાની. તે મરહુમો બચામાય કૈખશરૂ ભેસાનીયાના દીકરી. તે તુશુનાઝર ને શેરનાઝના માતાજી. તે નેવીલ ને ફરહાદના સાસુ. તે કેરબાનુના બહેન. તે માલકમના મામીજી. (ઉં. વ. ૮૩) રે. ઠે. ૫/એ, ૩૦૧-૩૦૨, સાલસેથ પારસી કોલોની, જીજીમાતા રોડ, અંધેરી (ઇ), મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયાઃ તા. ૧૪-૯-૨૫ને દિને બપોરે ૩.૪૦ વાગે બાન્દ્રા પંથકી અગિયારીમાં છેજી.

શ્રીમતી સિલૂ હોમી ધોંડી (ઉં. વ. ૯૩) તા. ૧૧-૯-૨૫ના ગુજરી ગયાં છે. તે મરહુમ હોમી ધોંડીના પત્ની. તે મરહુમ કૈકોબાદ સાવક્ષ અને મરહુમ ગૂલ સાવક્ષના દીકરી. તે શિરિન રશિદ શમ્સ, ચાર્મેન પપુ રોય, માયા ઇમેન્યુઅલ પ્યુટોઇસના માતા. તે શેરોનના ગ્રાન્ડ મધર, તે મરહુમ ઝરીન સિયાસ્પ કોઠાવાલાના બહેન. ઠે. મેહર અપાર્ટમેન્ટ,બી-૧૨, એમ્નેસ્ટી રોડ, ઓફ્ફ અલ્ટામાઉન્ટ રોડ, મુંબઇ-૨૬.

## જૈન મરણ

લોણંદ નિવાસી હાલ ઘાટકોપર, કિશોર શાહ(ફીફાદરા) (ઉં. વ. ૮૨) સ્વ. શાંતાબેન હિંમતલાલ શાહના સુપુત્ર. રંજનબેન શાહના પતિ. શણગારબેન વૃજલાલ મેહતાના જમાઈ, જયેશ, પ્રીતિ અને સ્વ. દિપાલીના પિતાશ્રી, મીના જયેશ શાહ અને દિલીપ સોનબા લોખંડેના સસરા. હંસા પ્રવિણ સંઘરાજકા, મીના પરેશ ખોખાણી, ભાવના મહેન્દ્ર ગાઠાણી, વંદના વિકુલ ઘેલાણી અને અચલા ચેતન શાહના ભાઈ. તા. ૧૨-૦૯-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. પ્રાર્થનાસભા રાખેલ નથી.

**પાટણ જૈન**

અરુણાબેન મુલચંદભાઇ નાનાલાલ શાહ, કનાસાનો પાડો, પાટણ હાલ મુંબઇ તા. ૧૨-૯-૨૫ના શુક્રવારે અરિહંતશરણ પામેલ છે.પુત્ર-પુત્રવધૂ- દ્રુપદ-મનિષા, નિલેષ-સુરભી, દેવાંશ- સોનાલી, પૌત્ર-પૌત્રવધૂ- નિલય-જાનવી, સાહિલ-રૂચી, સુજવ, જય-યશ્વી, પરપૌત્ર- માયરા, પ્રેહાન, પહેર, થીયાં. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટી નિવાસી હાલ મુલુંડ પરશોતમદાસ ગાંડાલાલ મહેતાના સુપુત્ર પન્નાલાલ (પનુભાઇ) (ઉં. વ. ૮૪) મંગળવાર, તા. ૯-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દમયંતીબેનના પતિ. સ્વ. રમણીકભાઇ, સ્વ. રસિકભાઇ, ધનુભાઇ, વેણીબેન હિંમતલાલ ગાંધી, ગુણીબેન જયંતીલાલ દોશી અને વસંતબેન ગિરીશકુમાર શાહના ભાઇ. તથા જયેશ, ધર્મેશ તથા મીતાબેનના પિતા. પાયલ, પિંકી તથા કેતનકુમાર ગુણવંતરાય પારેખના સસરા. મહુવાવાળા ધીરજલાલ કાલિદાસ દોશીના જમાઇ. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઉમરાળા નિવાસી હાલ મુલુંડ જયંતીલાલ વનમાળીદાસ દોશીના સુપુત્ર ખાંતીલાલના ધર્મપત્ની જયોત્સનાબેન (ઉં. વ. ૭૮) તા. ૧૨-૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે દર્શનાબેન-હિતેશકુમાર, દીપ્તિ-વિપુલકુમાર, આરતી-કેયુરકુમારના માતા. હર્ષ, પ્રીત, ક્રિષ, પ્રશમ, પ્રિશા, પ્રિયમના નાની. સ્વ. નિર્મળાબેન-જશવંતરાય, સ્વ. ભારતીબેન હસમુખરાય, મીનાબેન દિલીપભાઇ, દર્શનાબેન અરવિંદભાઇ, સ્વ. મંજુલાબેન જયંતીલાલના ભાભી. પિયર પક્ષે ઘોઘાવાળા હાલ બેંગ્લોર સ્વ. પોપટલાલ વીરચંદ શાહના દીકરી. માતૃવંદના રવિવાર, તા. ૧૪-૯-૨૫ના સવારે ૧૦.૦૦ ઠે. ગોપુરમ હોલ, જ્ઞાન સરિતા સ્કૂલ, મુલુંડ (વેસ્ટ).

**ઘોઘારી સોરઠ વિસા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા ધોરાજી હાલ બોરીવલી, સ્વ. મંગળાબેન હિમ્મતલાલ દુર્લભજી શાહના સુપુત્ર રમેશભાઈ (ઉં. વ. ૭૧) તે મીનાબેનના પતિ. મનીષ-પરિતા અને કિંજલ-ધર્મિલકુમાર વોરાના પિતા. સાસરાપક્ષે સ્વ. ફત્તેચંદ વેલચંદ શાહના જમાઈ. સ્વ. દિલીપભાઈ, સ્વ. જ્યોતિબેન વિનોદરાય વસાના ભાઈ. ઉષાબેનના જેઠ, તા. ૧૨-૦૯-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પિતૃવંદના તા. ૧૪-૦૯-૨૫ના રવિવારે ૧૦ થી ૧૨. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ૫ માં માળે, એસ. વી. રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**માંગરોળ જૈન**

માંગરોળ નિવાસી હાલ મુંબઈ, વ્રજલાલ વીરજી તથા દિવાળીબેન શાહના સુપુત્ર નલીનભાઈ (ઉં. વ. ૯૪) તા. ૧૨/૯/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે અશોકભાઈ, જયંતભાઈ તથા રાજેશભાઈના પિતાશ્રી. અ. સૌ. સુનીતાબેન, ભક્તિબેન તથા બીનાબેનના સસરા. પાયલ, સૌમિલ, પ્રિયલ, સોનાલી, મિહિર તથા ધૈર્યના દાદા. કુસુમબેન, કુમદબેન, ઇન્દિરાબેન, લતાબેન તથા હેમેન્દ્રભાઈ, શૈલેષભાઈના ભાઈ. પ્રાર્થનાસભા તારીખ સોમવાર, ૧૫મી સપ્ટેમ્બર ૨૫ના ૫:૩૦ થી ૭:૦૦. જલારામ હોલ, એન.એસ. રોડ નંબર ૬, હાટકેશ સોસાયટી, જેએવીપીડી સ્કીમ, વિલે પાર્લે પશ્ચિમ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાયજાના માતુશ્રી ચંચલબેન રામજી હરીઆ (ઉં. વ. ૮૯) તા. ૧૨-૯-૨૫ના અવસાન પામ્યા છે. પરમાબાઇ જેઠાભાઇ આસમલના પુત્રવધૂ. રામજીના ધર્મપત્ની. રાજેન્દ્ર, રેવંત, જયવંતી (અંજુ), રક્ષાના માતુશ્રી. ગોધરા વેલબાઇ વીરજી પાસુ ગંગરના પુત્રી. ગાંગજી (બાબુ), જેઠાલાલ (મંગલમ)ના બેન. પ્રાર્થના રાખેલ નથી. નિ. એ-૧૦૨, શિવ ઓમ શક્તિ, શિવ મંદિર રોડ, ડોંબીવલી (ઇસ્ટ). ૪૨૧૨૦૧.

ભૂજપુરના કાંતિલાલ લખમશી સાવલા (ઉં. વ. ૮૫) તા.૧૦-૯-૨૫ના અવસાન પામેલ છે. મણીબેન લખમશીના પુત્ર. દમયંતીબેનના પતિ. કૌશિક, કારાઘોઘા ચેતના કિર્તી, નાની ખાખર રૂપલ પંકજ, મુંબઈ રાખી રૂપેશના પિતા. હરખચંદ, સુમન કોડાયના પ્રભાબેન પોપટના ભાઈ. વાંઢ ના કંકુબેન પ્રેમજીના જમાઈ. પ્રા : શ્રી સુમતિનાથ ભગવાન જૈન દેરાસર, પ્લોટ નં.૫-૬બી, ન્યુ સંકુલ, કિંગ સર્કલ (ઈ). ટા.૩.૩૦ થી ૫.

નાના ભાડિયા હાલે ગાડરવાડાના સંઘપતિ શ્રી પોપટભાઈ જેવત શાહ (ગડા) (ઉં. વ. ૭૮) ૧૦/૯/૨૫ના દેશમાં અવસાન પામેલ છે. માતુશ્રી ભચીબાઈ જેવત દેવશીના પુત્ર. સવિતાબેનના પતિ. મયુર, હેમંતના પિતા. કરમશી, જાદવજી, નાગજી, ચુનીલાલ, કલ્યાણજી રતનબેન, તારાબેનના ભાઈ. કાંડાગરા કુંવરબાઈ રામજીના જમાઈ. પ્રાર્થનાઃ શ્રી વ. સ્થા. જૈન શ્રા. સંઘ કરસન લઘુ નિસર હોલ, પહેલે માળે, દાદર (વે). ટા. ૧૦.૩૦ થી ૧૨.૦૦. વેલે પાર્કિંગ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક

### વડા પ્રધાન નરેન્દ્ર મોદીની માતાનો એઆઈ વીડિયો
# મહારાષ્ટ્ર ભાજપે કૉંગ્રેસની નિંદા સાથે વિરોધ પ્રદર્શનો કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીની દિવંગત માતાના એઆઈ દ્વારા તૈયાર કરવામાં આવેલા વીડિયોને સોશિયલ મીડિયા પર કૉંગ્રેસ દ્વારા પ્રસારિત કરવામાં આવ્યા હોવાના વિરોધમાં મહારાષ્ટ્ર ભાજપે શનિવારે મુંબઈ અને નાશિકમાં વિરોધ પ્રદર્શન કર્યા હતા.

સત્તાધારી પક્ષે એવો આરોપ લગાવ્યો છે કે કોંગ્રેસના બિહાર એકમ દ્વારા એક્સ પર પ્રસારિત કરાવામાં આવેલા એઆઈ દ્વારા જનરેટ કરાયેલા વીડિયો દ્વારા દેશની બધી માતાઓનું અપમાન કરવામાં આવ્યું છે. વિરોધ પ્રદર્શન દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, ભાજપના એમએલસી ચિત્રા વાઘે કહ્યું હતું કે, 'આ ફક્ત વડા પ્રધાન નરેન્દ્ર મોદીની સ્વર્ગસ્થ માતાનું અપમાન નથી, પરંતુ દેશની બધી જ માતાઓનું અપમાન છે. એવું લાગે છે કે રાહુલ ગાંધીને શિષ્ટાચાર અને વર્તન વિશે શીખવવામાં આવ્યું નથી.'

વાઘે એવો દાવો કર્યો હતો કે કોંગ્રેસે ચૂંટણી પહેલા જ બિહારમાં હાર સ્વીકારી લીધી હોય તેવું લાગે છે અને રાજ્ય માટે તેના ઢંઢેરા અને વચનો વિશે બોલવાને બદલે, તેણે વડા પ્રધાન પર વ્યક્તિગત હુમલા કરવાનો આશરો લીધો છે. તેમણે એવો પણ આરોપ લગાવ્યો હતો કે વિરોધ પક્ષે મોદીની દિવંગત માતાને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ દ્વારા જનરેટ કરાયેલા વિડિયો ક્લિપમાં દેખાડ્યા તે 'અત્યંત નિંદનીય' કૃત્ય છે. નાસિકમાં પણ આવું જ એક વિરોધ પ્રદર્શન યોજાયું હતું, જ્યાં ભાજપના સ્થાનિક વિધાનસભ્ય દેવયાની ફરાંદેએ આંદોલનકારીઓનું નેતૃત્વ કર્યું હતું.

તેમણે કહ્યું હતું કે આ વીડિયો કોંગ્રેસ અને તેના નેતૃત્વની હલકી 'માનસિકતા' દર્શાવે છે.

'અત્યંત ઘૃણાસ્પદ છે કે પાર્ટી વડા પ્રધાનને નિશાન બનાવવા માટે આટલી હદે નીચે ઉતરી ગઈ છે. આ ફક્ત એ જ દર્શાવે છે કે કોંગ્રેસનો કોઈ એજન્ડા નથી અને તેઓ પીએમ મોદી સામે વ્યક્તિગત સ્તરે આરોપો લગાવી રહ્યાં છે,' એમ ફરાંદેએ જણાવ્યું હતું. ■



**માનો ગરબો ઘૂમે...:** નવરાત્રિને ગણતરીના દિવસ બાકી છે ત્યારે ગરબા બનાવવાનું કામ પૂરજોશમાં ચાલી રહ્યું છે. હાલમાં માતાજીના ચિત્રવાળા ગરબાની સારી માગણી છે. (અમય ખરાડે)

# વૉર્ડ રચનાના ડ્રાફ્ટ પરના સૂચનો-વાંધાની સુનાવણી પૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ મહાનગરપાલિકાના ૨૦૨૫ની થનારી ચૂંટણી માટે વૉર્ડ રચનાના ડ્રાફ્ટ પર આવેલી સૂચના અને વાંધા પર સતત ત્રણ દિવસ સુધી સુનાવણી શુક્રવાર, ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના પૂરી થઈ હતી. શુક્રવારે ત્રીજા દિવસે ૨૮ વાંધા અને સૂચનો પર સુનાવણી થઈ પાર પડી હતી. મંત્રાયલય સામે આવેલા યશવંતરાવ ચવ્હાણ કેન્દ્રમાં રાજ્ય સરકારે નિમેલા અધિકારી સમક્ષ સુનાવણી પાર પડી હતી. મુંબઈ મહાનગરપાકિાની ચૂંટણી માટે જુદા જુદા તબક્કા નક્કી કરવામાં આવ્યા છે, જે અંતર્ગત ૨૨ ઑગસ્ટ, ૨૦૨૫ના વૉર્ડની ભૌગોલિક રચનાની જાહેરાત બહાર પાડવામાં આવી છે. તેના પર શુક્રવાર ૨૨ ઑગસ્ટ, ૨૦૨૫થી ગુરુવાર, ચાર સપ્ટેમ્બર, ૨૦૨૫ દરમ્યાન વાંધા, સૂચનો મંગાવવામાં આવ્યા હતા. વૉર્ડ રચનાના ડ્રાફ્ટ સંદર્ભમાં મળેલા વાંધા-સૂચનો પર ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫થી ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ આ ત્રણ દિવસના સમયગાળામાં પણ સુનાવણી થઈ હતી. સુનાવણીના પહેલા દિવસે એટલે કે ૧૦ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ ૧૮૯, ૧૧ સપ્ટેમ્બર, ગુરુવારના ૨૭૭ તેમ જ શુક્રવારે, ૧૨ સપ્ટેમ્બરના ૨૮ સૂચનો અને વાંધા સામે સુનાવણી થઈ હતી. ત્રણ દિવસમાં કુલ ૪૯૪ વાંધા અને સૂચનો સામેની પ્રક્રિયા પૂરી થઈ હતી. ■

# ટેકરી પર લઈ જઈ બાળકી પર જાતીય હુમલોઃ આરોપીને ૧૦ વર્ષની સખત કેદ

થાણેઃ ઘર નજીકની ટેકરી પર લઈ ગયા પછી ૧૧ વર્ષની બાળકી પર જાતીય હુમલો કરવાના ૨૦૧૮ના કેસમાં થાણે સેશન્સ કૉર્ટે યુવાનને ૧૦ વર્ષની સખત કેદની સજા સંભળાવી હતી. એડિશનલ સેશન્સ જજ ડી. એસ. દેશમુખે શુક્રવારે સંતોષ ભીમરાવ વાનખેડે (૩૨)ને પ્રોટેક્શન ઑફ ચિલ્ડ્રન ફ્રોમ સેક્સ્યુઅલ ઑફેન્સીસ (પોક્સો) ઍક્ટ અને ભારતીય દંડ સંહિતાની સુસંગત કલમો હેઠળ કસૂરવાર ઠેરવ્યો હતો. કોર્ટે તેને ૧૦ વર્ષની જેલ અને ૫૦ હજાર રૂપિયાનો દંડ ફટકાર્યો હતો. આ રકમ અપીલના સમયગાળા પછી પીડિતાને આપવાનું આદેશમાં જણાવાયું હતું. કેસની વિગત અનુસાર મુંબ્રા વિસ્તારમાં ૧૯ મે, ૨૦૧૮ની વહેલી સવારે આરોપીએ બાળકી સાથે કુકર્મ આચર્યું હતું. બાળકીની માતાએ પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે ઘટનાની વહેલી સવારે બાળકી ઘરમાંથી ગુમ થઈ ગઈ હતી. પછી ઘર નજીકની ટેકરી પરથી ઇજાગ્રસ્ત હાલતમાં તે નીચે ઊતરતી નજરે પડી હતી.■

## સૉલ ઓફ ટૂર
# ગ્રૂપ હોલિડેઝ માણો અને ટેન્શન ફ્રી રહો
### જાણીલો શા માટે ગ્રૂપ ડિપાર્ચર્સ ભારતીય પરિવારો માટે સ્માર્ટ પસંદગી છે



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

આંતરરાષ્ટ્રીય ફેમિલી હોલિડેનું આયોજન રોમાંચક લાગે છે - પરંતુ ઘણા ભારતીય પરિવારો માટે, એમાં ઝડપથી હોટેલ બુકિંગ, ભોજનની ચિંતાઓ, વિઝાને લગતી ઔપચારિકતાઓ અને ઘણાં બધાં રિસર્ચનાં ચક્રમાં ફેરવાઈ જાય છે. અને આ જ કારણોસર ગ્રૂપ ટ્રાવેલ જ સ્માર્ટ પસંદગી બની રહ્યું છે. નિષ્ણાતો દ્વારા આયોજિત દરેક બાબત સાથે, પરિવારો ફક્ત કોઈ પ્રકારની ચિંતા વિના અવિસ્મરણીય મુસાફરીનો આનંદ માણી શકે છે. તો ચાલો આ વિશે વધુ જાણીએ ઑરોરા ટૂર્સનાં મેનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસેથી.

★ **પ્રશ્ન - શા માટે ઘણા ભારતીય પરિવારો હવે પોતાની જાતે એકલા મુસાફરી કરવાને બદલે ગ્રૂપ ડિપાર્ચર્સ પસંદ કરી રહ્યા છે?**

ધવલભાઈ - આજે પરિવારો માટે, આંતરરાષ્ટ્રીય રજાઓનું આયોજન કરવું ભારે પડી શકે છે - હોટેલ, રેસ્ટોરાં, સ્થાનિક મુસાફરી, જોવાલાયક સ્થળો અને વિઝા માટે કરવી પડતી રિસર્ચ. આ ઉપરાંત શાકાહારી કે જૈન ભોજન શોધવું એ પણ સ્ટ્રેસ છે, અને અચાનક જ એક મનોરંજક સફર માથાનો દુખાવો બની જાય છે. ગ્રૂપ પ્રસ્થાન આ બધી જ સમસ્યાઓનો ઉકેલ આપે છે. બધું જ નિષ્ણાતો દ્વારા પૂર્વ-આયોજિત હોય છેઃ તમારી ફ્લાઇટ્સ, વિઝા, પ્રીમિયમ હોટલ, ભોજન, ટ્રાન્સફર અને ફરવાનું સમયપત્રક પણ. પરિવારોએ ફક્ત તેમની બેગ પેક કરીને આવવાનું છે અને આનંદ માણવાનો છે. તમે સમય બચાવો છો, બિનજરૂરી ચિંતા ટાળો છો અને દરેક વિગતોનું ધ્યાન રાખવામાં આવે છે તે જાણીને માનસિક શાંતિનો અનુભવ કરો છો.





★ **પ્રશ્ન - આમાં પ્રવાસીઓને સૌથી મોટો ફાયદો શું થાય છે?**

ધવલભાઈ - વેકેશન પર સૌથી મોટો આરામ એ ઈચ્છામુજબનું જમણ મળે એ જ હોય છે. અમારા ગ્રૂપ્સ શુદ્ધતા, આહાર અને ભોજનના સમય વિશે ખૂબ જ ચોક્કસ છે - અને ઑરોરા ટ્રાવેલ્સ આ સમજે છે. અને માટે જ અમારી પાસે રાજસ્થાની મહારાજ છે જે તાજા શાકાહારી અને જૈન ભોજન તૈયાર કરવા માટે ગ્રૂપ સાથે વ્યક્તિગત રીતે મુસાફરી કરે છે, જેથી વિદેશમાં રેસ્ટોરન્ટ શોધવાનો કે આહાર સાથે સમાધાન કરવાનો કોઈ સ્ટ્રેસ નથી.

ખોરાકની સાથે, પ્રવાસીઓ સીમલેસ પ્રવાસની યોજનાઓ, અનન્ય સાંસ્કૃતિક અનુભવો અને સમર્પિત પ્રવાસ લિડરનાં માર્ગદર્શનનો આનંદ માણે છે જે તેમની સાથે સમગ્ર મુસાફરી કરે છે. પરિવારો સાથે ગુણવત્તાયુક્ત સમય વિતાવવા મળે છે, જ્યારે જૂથના સાથી સભ્યો સાથે મિત્રતા પણ કરે છે. હકીકતમાં, અમારા ઘણા પ્રવાસીઓ પ્રવાસ પછી પણ એકબીજા સાથે જોડાયેલા રહે છે, ઘણીવાર ઑરોરા સાથે તેમની આગામી યાત્રાનું આયોજન એકસાથે કરે છે.

★ **પ્રશ્ન - શું ગ્રૂપ ટ્રાવેલ મુક્તપણે એક્સપ્લોર કરવાનો ઉત્સાહ છીનવી લે છે?**

ધવલભાઈ - બિલકુલ નહીં. હકીકતમાં, એ તેને વધારે છે. જ્યારે તમે સમાન વિચારધારા ધરાવતા લોકોના જૂથમાં મુસાફરી કરો છો ત્યારે તાત્કાલિક રિલેક્સ થઈ જાઓ છો અને કનેક્શન બની જાય છે. બાળકો તેમની ઉંમરના મિત્રો શોધે છે, વડીલો કંપનીનો આનંદ માણે છે, અને યુગલો બધું ગોઠવાયેલું જાણીને આરામ કરે છે. ભાષાનો અવરોધ થવાનો, ખોવાઈ જવાનો, અથવા એકલા રહેવાનો કોઈ ડર નથી રહેતો. એ જ સમયે, માર્ગદર્શિત પ્રવાસોને વ્યક્તિગત ફ્રી ટાઈમ સાથે સંતુલિત કરવા માટે પ્રવાસની યોજનાઓ ડિઝાઇન કરવામાં આવી છે, જેથી તમે ખરીદી કરી શકો, કેફેઝ એક્સપ્લોર કરી શકો છો અથવા ફક્ત પૂલ પાસે આરામ કરી શકો.

★ **પ્રશ્ન- ઑરોરાના ગ્રૂપ ડિપાર્ચર્સ મુસાફરીને ખરેખર સ્ટ્રેસ-ફ્રી કેવી રીતે બનાવે છે?**

ધવલભાઈ - અમારી યુએસપી સરળ છે, આરામ અને વિશ્વાસ. અમે પ્રીમિયમ હોટલ્સ જ બુક કરીએ છીએ, સીમલેસ પ્રવાસની યોજનાઓ સુનિશ્ચિત કરીએ છીએ, અને દરેક ખર્ચ અગાઉથી સામેલ કરીએ છીએ - જેથી કોઈ છુપા ખર્ચનો શોક ન મળે. અમારા પ્રવાસોમાં તુર્કી, વિયેતનામ જેવા પ્રતિષ્ઠિત સ્થળોને ફુ ક્કોક, જાપાન, દક્ષિણ કોરિયા અને જ્યોર્જિયા સાથે આવરી લેવામાં આવે છે. ફુ ક્કોકના કિસ બ્રિજ પર સૂર્યાસ્ત જોવાથી લઈને, ટોક્યોની શેરીઓમાં ચાલવા સુધી, જ્યોર્જિયાના કુદરતી સૌંદર્યનું અન્વેષણ કરવા સુધી - પરિવારો આયોજનના ભારણ વિના વિશ્વ કક્ષાના અનુભવોનો આનંદ માણે છે.

★ **પ્રશ્ન - દિવાળી અથવા વેકેશન જેવા તહેવારોની ઋતુઓમાં ભારતીય પરિવારો માટે જૂથ મુસાફરી ખાસ કરીને શા માટે આદર્શ છે?**

ધવલભાઈ - તહેવારો એકતા, બંધન અને યાદો બનાવવા વિશે છે - અને ગ્રૂપ તરીકે મુસાફરી કરવા કરતાં આ કરવાનો વધુ સારો રસ્તો શું હોઈ શકે? ઑરોરા સાથે દિવાળી ડિપાર્ચર પર, પરિવારો વિદેશમાં ઘર જેવા જ આનંદ સાથે ઉજવણી કરે છે - કેન્ડલ લાઈટ ડિનર, હાસ્યથી ભરેલી સાંજ અને સલામત, સંગઠિત મુસાફરી. પ્રવાસીઓ માટે, તે તમે જ્યાં પણ જાઓ ત્યાં ઘરની ભાવનાને લઈ જવા જેવું છે.

★ **પ્રશ્ન - આંતરરાષ્ટ્રીય મુસાફરી કરવાનું વિચારી રહેલા પરિવારોને તમારો અંતિમ સંદેશ શું છે?**

ધવલભાઈ - આયોજનનો સ્ટ્રેસ તમને પાછળ ન રહેવા દે. ઑરોરા ટ્રાવેલ્સ સાથે, તમે તણાવમુક્ત વિશ્વનો આનંદ માણો છો - કારણ કે અમે બધી મહત્ત્વની બાબતો સંભાળી લઈએ છીએ. અને તમે યાદોનો આનંદ માણો છો. અમારી સાથે તમારા આગામી ગ્રૂપ હોલિડે બુક કરો અને ભારતીય આતિથ્ય અને વૈશ્વિક સાહસનું સંપૂર્ણ મિશ્રણ અનુભવો.

છેવટે, મુસાફરી ફક્ત ડેસ્ટિનેશન વિશે નથી - તે સાથે મળીને જીવનની ઉજવણી કરવા વિશે છે.

Aurora Travel Tours Pvt Ltd : Office No. 702, 7th Floor, Mahalaxmi Chambers, Bhulabhai Desai Marg, Opposite Tirupati Apartments, Mumbai 400026.
Contact Nos.: +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# ઉદ્યોગ અને આર્થિક રોકાણ માટે મહારાષ્ટ્ર શ્રેષ્ઠઃ મુખ્ય પ્રધાન

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ગુરુવારે કહ્યું હતું કે મહારાષ્ટ્ર ઉદ્યોગો અને રોકાણકારો માટે શ્રેષ્ઠ વાતાવરણ પ્રદાન કરતું હોવાથી દેશમાં રોકાણ માટે પસંદગીનું નંબર વન સ્થળ બની ગયું છે. જિયો વર્લ્ડ ટ્રેડ સેન્ટર ખાતે ઇન્ડિયા-ઓસ્ટ્રેલિયા ફોરમના ગ્લોબલ લીડર પરિસંવાદમાં બોલતા ફડણવીસે કહ્યું હતું કે રાજ્ય સરકાર રોકાણકારો અને ઉદ્યોગસાહસિકોની અપેક્ષાઓ પૂરી કરવા માટે પ્રતિબદ્ધ છે. દુષિત પાણીનું વ્યવસ્થાપન, સૌર ઊર્જા, ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને બંદર આધારિત વિકાસ જેવા ક્ષેત્રોમાં રોકાણની તકો શોધવા ઑસ્ટ્રેલિયન ઉદ્યોગોને આમંત્રણ આપી મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે, સરકાર વિવિધ ક્ષેત્રો માટે વ્યાપક નીતિઓ ઘડી રહી છે અને સર્વિસીસ સહિત ૧૪ ક્ષેત્ર માટે નીતિઓ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. સર્વિસ સેક્ટર રાજ્યના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે બિઝનેસ કરવામાં સરળતા રહે એ આશય સાથે સરકારે મૈત્રી પોર્ટલ' શરૂ કર્યું છે. આ પોર્ટલ જે ઉદ્યોગસાહસિકોને ઝડપથી મંજૂરી મેળવવામાં મદદ કરવા માટે રચાયેલ સિંગલ-વિન્ડો સિસ્ટમ છે. એને કારણે રાજ્યમાં રોકાણકારો નિરાંત અનુભવે છે.

'ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ' (વ્યવસાયમાં સરળતા) માટે તાજેતરમાં કરવામાં આવેલા સુધારાઓ પર પ્રકાશ પાડી મુખ્ય પ્રધાને કહ્યું કે મહારાષ્ટ્ર એક્સપ્રેસ વે નેટવર્કનું વિસ્તરણ કરી રહ્યું છે અને વાઢવણ બંદરનો વિકાસ કરી રહ્યું છે. આ બંદર દરિયાઇ વેપારમાં મુખ્ય ભૂમિકા ભજવશે.■

# બિલ્ડીંગો જોખમી જાહેર કરી રિડેવલપમેન્ટ કરોઃ આદિત્ય ઠાકરેની માગણી

મુંબઈઃ મ્હાડાનું મુંબઈ બિલ્ડિંગ રિપેર એન્ડ રિકન્સ્ટ્રકશન બોર્ડ સક્ષમ ઓથોરિટી નથી એમ જણાવી હાઈ કોર્ટે એમેન્ડમેન્ટ બોર્ડ ૭૯ એ, ૭૯ (બી) અને ૨૦૧૯ની પ્રક્રિયાને ગેરકાયદેસર જાહેર કરી છે. 'મ્હાડા'એ હાઈ કોર્ટના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો છે. જોકે, હાઈ કોર્ટના ચુકાદાને કારણે દક્ષિણ મુંબઈમાં ૧૩ હજાર ૮૦૦ સેસવાળી બિલ્ડિંગનું રિડેવલપમેન્ટ અટકી ગયું છે અને ૧૦ લાખ પરિવારો અસલામતી અનુભવી રહ્યા છે.

આ સર્વ બિલ્ડિંગો અત્યંત જોખમી જાહેર કરી એના રિડેવલપમેન્ટનો આગ્રહ રાખી શિવસેનાના વિધાન સભ્ય આદિત્ય ઠાકરેએ કાયદામાં જોગવાઈ કરીને આ અંગે રાજ્ય સરકારે નિર્ણય લેવો જોઈએ એવી માંગણી કરી છે. આ સંદર્ભે શુક્રવારે તેઓ 'મ્હાડા'ના ઉપાધ્યક્ષ સંજીવ જયસ્વાલને મળી ચેતવણી આપી હતી કે તેઓ આ માગણી માટે વિરોધ પ્રદર્શન કરવા આંદોલન કરશે. સેસવાળી બિલ્ડિંગોનાં અટકી ગયેલા રિડેવલપમેન્ટ ફરી શરૂ થાય એ માટે નવી નીતિ લાગુ કરીને સૌથી વધુ જોખમી બિલ્ડિંગોને '૭૯ અ' નોટિસ આપવાની શરૂઆત રીપેર બોર્ડે ગયા વર્ષે કરી હતી. માલિકો અને સોસાયટીઓ રિડેવલપમેન્ટ માટે આગળ ન આવી રહ્યા હોવાથી રિડેવલપમેન્ટમાં વિલંબ થયો હોવાથી માલિકને '૭૯અ' હેઠળ રિડેવલપમેન્ટ માટે પ્રથમ પ્રસ્તાવ રજૂ કરવાની તક આપવામાં આવી હતી.

જો માલિક તરફથી છ મહિનાની અંદર પ્રસ્તાવ ન મળે તો સોસાયટી '૭૯બી'ની નોટિસ મોકલી રહેવાસીઓને પ્રસ્તાવ રજૂ કરવા માટે છ મહિનાનો સમય આપશે એવું નક્કી થયું હતું. ■







# કુર્લાની 'તે' છ ઈમારતોને રાહત આપવાનો હાઈ કોર્ટનો ઈનકાર

મુંબઈઃ બૃહદ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા કુર્લા વેસ્ટમાં છ જોખમી બિલ્ડિંગ તોડી પાડવા માટે જારી કરવામાં આવેલી નોટિસને રદ કરવાનો બોમ્બે હાઈ કોર્ટે ઇનકાર કરી દીધો છે. સાથે સાથે અદાલતે નોટિસ વિરુદ્ધ રહેવાસીઓએ કરેલી અરજીને પણ ફગાવી દીધી હતી.

બિલ્ડિંગોની યોગ્ય જાળવણી ન કરવા બદલ અદાલતે રહેવાસીઓને ઠપકો પણ આપ્યો હતો. ૨૦૨૦માં કરવામાં આવેલા બિલ્ડિંગોના સ્ટ્રક્ચરલ સ્ટેબિલિટી રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે મોટા પાયે સમારકામ કરવાની અને આંશિક રીતે તોડી પાડવાની જરૂર છે. સોસાયટીએ અહેવાલની અવગણના કરી બિલ્ડિંગોની યોગ્ય જાળવણી નહોતી કરી એવું જણાવી અદાલતે રહેવાસીઓને રાહત આપવાનો ઇનકાર કર્યો હતો. કુર્લા વેસ્ટની રાહત એપાર્ટમેન્ટ હાઉસિંગ સોસાયટીની છ બિલ્ડિંગમાં ૮૮ ફ્લેટ છે. આ છ બિલ્ડિંગ રહેવા અયોગ્ય અને અસુરક્ષિત હોવાની જાણ થતા મહાનગરપાલિકાએ ૨૦મી મેએ એનો સ્ટ્રક્ચરલ રિપોર્ટ તૈયાર કરાવ્યો હતો. રિપોર્ટમાં બી - ૨ વિંગમાં ટેરેસની છત તૂટી ગઈ હોવાનું, ઘણી જગ્યાએ પ્લાસ્ટર સંપૂર્ણપણે નીકળી ગયું હોવાની અને દીવાલોમાં તિરાડો કામચલાઉ સ્વરૂપે પૂરી દીધી હોવાનું જાણવા મળ્યું હતું. ૨૩મી મેએ પાલિકાએ રહેવાસીઓને નોટિસ ફટકારી મકાનો ખાલી કરી તોડી પાડવા જણાવ્યું હતું.

સોસાયટીના બાવીસ રહેવાસીઓએ નોટિસ રદ કરવા આ મામલો મહાનગરપાલિકાની ટેકનિકલ સલાહકાર સમિતિ (ટીએસી) ને મોકલવા અને ઇમારતોને સંપૂર્ણપણે તોડી પાડવાને બદલે માળખાકીય સમારકામ પર વિચાર કરવાની માગણી અદાલત સમક્ષ કરી હતી. ■

# પાલઘરમાં ૧૨૯ અનધિકૃત ધાર્મિક સ્થળ વિરુદ્ધ ફરિયાદ

પાલઘરઃ એક હિન્દુ સંગઠને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લામાં કથિત ૧૨૯ અનધિકૃત ખ્રિસ્તી ધાર્મિક સ્થળો વિરુદ્ધ તાત્કાલિક કાર્યવાહી કરવાની અને રાજ્યમાં કડક ધર્માંતરણ વિરુદ્ધ કાયદો (એન્ટિ કન્વર્ઝન લૉ)ની માગણી કરી છે. સ્વામી ભરતાનંદ સરસ્વતીજી મહારાજની આગેવાની હેઠળની સંસ્કૃતિ રક્ષા સમિતિએ બુધવારે જિલ્લા કલેક્ટરને સુપરત કરેલી રજૂઆતમાં આ માગણીઓ કરી હતી.

આ માગણીઓ સ્થાનિક ગામડાઓમાં સામાજિક એકસૂત્રતામાં થયેલા ઘટાડા અંગેની ચિંતાઓમાંથી આ માંગણી ઉદ્ભવી છે. ખ્રિસ્તી મિશનરીઓની પ્રવૃત્તિઓને કારણે સંવાદિતા ઘટી હોવાનો આરોપ સંગઠને કર્યો છે. સંગઠનના પ્રતિનિધિએ જણાવ્યું હતું કે અમારી માન્યતા અનુસાર કાયદાની ઉપરવટ જઈ પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓની યાદી અમે વહીવટીતંત્રને આપી છે અને અમે અપેક્ષા રાખીએ છીએ કે નિર્ણાયક કાર્યવાહી કરવામાં આવશે. (પીટીઆઈ) ■




# ઓડિટ રિપોર્ટમાં ઘાલમેલ કરવા લાંચ માગનારા ત્રણ સરકારી કર્મચારી પકડાયા

થાણેઃ ઓડિટ રિપોર્ટમાં ઘાલમેલ કરવા ૧૬,૫૦૦ રૂપિયાની કથિત લાંચ લેવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ ઓડિટ સાથે સંકળાયેલી રત્નાગિરિની સ્થાનિક કચેરીના ત્રણ કર્મચારીની ધરપકડ કરી હતી.

ફરિયાદને આધારે એસીબીએ ગુરુવારે છટકું ગોઠવ્યું હતું. લાંચની રકમ સ્વીકારવા બદલ આસિસ્ટન્ટ ડિરેક્ટર શરદ રઘુનાથ જાધવ (૫૩), આસિસ્ટન્ટ ઓડિટ ઑફિસર સિદ્ધાર્થ વિજય શેટ્યે (૪૫) અને પ્યૂન સતેજ શંતરામ ગવળી (૩૮)ને પકડી પાડવામાં આવ્યા હોવાનું એસીબીના રત્નાગિરિના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ ઑફ પોલીસ અવિનાશ પાટીલે જણાવ્યું હતું.

પાટીલે જણાવ્યું હતું કે રત્નાગિરિની લોકલ ફંડ ઓડિટ ઑફિસ ખાતે ગોઠવેલા છટકામાં ત્રણેય જણ લાંચની રકમ લેતાં રંગેહાથ ઝડપાઈ ગયા હતા.

આ પ્રકરણે દાપોલી પંચાયત સમિતિના આસિસ્ટન્ટ ઓડિટ ઑફિસરે એસીબીમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદમાં જણાવાયું હતું કે ૨૦૨૦-૨૧ અને ૨૦૨૧-૨૨ના નાણાકીય વર્ષના એકાઉન્ટ્સનું આરોપી દ્વારા ઓડિટ કરવામાં આવ્યું હતું, જેમાં ૨૧ મુદ્દા ઉપસ્થિત કરાયા હતા.

આ પ્રકરણે કમ્પ્લિયન્સ રિપોર્ટ ઑગસ્ટમાં જ દાખલ કરવામાં આવ્યો હતો, પરંતુ ઉપસ્થિત કરાયેલા મુદ્દા કાઢી નાખીને ફાઈનલ રિપોર્ટ આપવા માટે આરોપીએ લાંચ માગી હતી.

તપાસમાં જણાયું હતું કે આરોપીએ આસિસ્ટન્ટ ડિરેક્ટર જાધવ વતી ઓડિટ રિપોર્ટમાંના ૨૧માંથી ૧૫ મુદ્દા કાઢી નાખવા માટે ૧૬,૫૦૦ રૂપિયાની લાંચ માગી હતી. આ પ્રકરણે એસીબી વધુ તપાસ કરી રહી છે. (પીટીઆઈ) ■

# ગુજરાતમાં પુલ તૂટી પડવાના બનાવો વધતા પીએસીએ સરકારને કડક ભલામણો કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લા કેટલાક વર્ષોથી પુલ તૂટી પડવાના બનાવો અવારનવાર બની રહ્યા છે. આવા બનાવો માનવીય જાનહાનિ અને જાહેર સંપત્તિ પર સીધી અસર કરતા હોવાને કારણે રાજ્ય વિધાનસભાની જાહેર હિસાબી સમિતિએ સરકારને કડક ભલામણો કરી હતી. સમિતિએ ખાસ કરીને નદી પરના પુલોના થાંભલા આસપાસ થતા રેતીના ખનનને ગંભીર ચિંતા ગણાવી, ખાણ-ખનિજ વિભાગ અને સ્થાનિક પોલીસને પૂરતી તકેદારી રાખવા કહ્યું હતું. પુલની વહન ક્ષમતા પર આવી પ્રવૃત્તિઓનો સીધો ખતરો ઊભો થતો હોવાથી નિયમિત નિરીક્ષણ જરૂરી છે, એમ સમિતિએ સ્પષ્ટ કર્યું હતું.વિધાનસભામાં રજૂ થયેલા અહેવાલ મુજબ, સરકારના વિવિધ વિભાગો દ્વારા બનેલા પુલ, હાઇવે અને માળખાકીય સુવિધાઓ અંગે પીએસીએ અધિકારીઓ સાથે બેઠક કરી હતી. જુલાઈ ૨૦૨૫માં યોજાયેલી બેઠકમાં ખાસ સવાલ પૂછાયો હતો કે, શું દર મહિને નિયમિત દેખરેખ થઈ રહી છે અને તેનો અહેવાલ તૈયાર થાય છે કે નહીં? જેના જવાબમાં ઓડિટર જનરલના અવલોકનમાં જણાવાયું હતું કે, રસ્તા અને પુલોમાં ખામીઓ જોવા મળે છે, પરંતુ તેનો સમયસર સુધારો થતો નથી. દેખરેખનું બહુસ્તરીય માળખું ન હોવાને કારણે જવાબદારી અસ્પષ્ટ રહી જાય છે. પીએસીએ આ પરિસ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી.

બાદમાં પીએસીએ સરકારને ભલામણ કરી હતી કે, માર્ગ અને મકાન વિભાગ દ્વારા વિકસાવવામાં આવતી તમામ સુવિધાઓ માટે સ્પષ્ટ તકનિકી સંચાલન, જાળવણી અને દેખરેખની વ્યવસ્થા ઊભી કરવી જોઈએ. ખામી દૂર કરવામાં વિલંબ ન થાય તે માટે જરૂરી નીતિ-નિયમો અથવા માર્ગદર્શિકા પણ ઘડવી જોઈએ. સાથે જ જો ખામી સમયસર દૂર ન થાય, તો સંબંધિત અધિકારીઓની સીધી જવાબદારી નક્કી થવી જોઈએ. અત્યાર સુધી આવા કિસ્સાઓમાં જવાબદારી તળિયે સુધી ન પહોંચી શકતી હોવાથી બેદરકારી વધી રહી છે, એમ પીએસીએ પોતાના અહેવાલમાં નોંધ્યું હતું.

સમિતિએ ખાસ ભાર મૂક્યો હતો કે, રાજ્યના નદી ઉપર આવેલા પુલોની સ્થિતિને ગંભીરતાથી જોવાની જરૂર છે. પુલોના થાંભલા આસપાસ રેતીનું ખનન થતું રહે તો તેની સલામતી ઉપર સીધી અસર થાય છે. તેથી માર્ગ-મકાન વિભાગે નિયમિત નિરીક્ષણ સાથે સ્થાનિક પોલીસ અને ખાણ-ખનિજ વિભાગ સાથે સંકલન કરી જરૂરી કાર્યવાહી કરવી જોઈએ.

પીએસીએ સ્પષ્ટ કર્યું હતું કે, પુલ અને હાઇવે માત્ર સુવિધા નથી, પરંતુ લાખો લોકોના દૈનિક જીવન સાથે સીધો સંબંધ ધરાવે છે.

# આગામી દિવસોમાં ફરી મેઘસવારી, દક્ષિણ ગુજરાતનાં પાંચ જિલ્લામાં યલો એલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં વરસાદે વિરામ લીધો છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા આગામી દિવસો માટે રાજ્યમાં વરસાદને પગલે આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગે જણાવ્યું હતું કે, બે સિસ્ટમની અસરના પગલે રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની સાથે થંડર સ્ટોર્મની આગાહી કરવામાં આવી છે. તેની સાથે જ બંગાળની ખાડીમાં વધુ એક સિસ્ટમ બની છે. આગામી સાત દિવસ દરમિયાન ગુજરાતના તમામ જિલ્લાઓમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવ દ્વારા વ્યક્ત કરવામાં આવી હતી. તેની સાથે જ તેમણે આગામી ચાર દિવસ દરમિયાન હળવા થંડર સ્ટોર્મની આગાહી કરી હતી. જેમાં પવનની ગતિ ૩૦થી ૪૦ કિલોમીટર પ્રતિ કલાક રહેવાની સંભાવના છે. ભારે વરસાદના એંધાણના પગલે દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠામાં વિસ્તારોમાં માછીમારોને દરિયો ન ખેડવા સૂચના આપવામાં આવી હતી.

રાજ્યમાં અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન, ઉત્તર આંધ્ર પ્રદેશ અને દક્ષિણ ઓડિશા કિનારાના પશ્ચિમ મધ્ય અને ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી પર હતું. જે શનિવારે લો પ્રેશર સિસ્ટમમાં સર્જાઈ છે. તેની સાથે જ અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સરેરાશ સમુદ્ર સપાટીથી ૫.૮ કિમી સુધી ઊંચાઈ સાથે દક્ષિણ તરફ ઝુકાવ્યું છે. જે પશ્ચિમ-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધવાની શક્યતા છે.

રાજ્યમાં ૧૪ સપ્ટેમ્બરના રોજ રાજ્યના દક્ષિણ ગુજરાતના સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી અને દમણ, દાદરા અને નગર હવેલીમાં અલગ-અલગ સ્થળોએ ભારે વરસાદની સંભાવનાને પગલે યલો એલર્ટ આપવામાં આવ્યું છે.

# ગાંધીનગર મહાનગરપાલિકાએ નવરાત્રી અંગે સેફટી ગાઈડલાઈન્સ જાહેર કરી, આયોજકોએ નિયમોનું ફરજિયાત પાલન કરવું પડશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવરાત્રી મહોત્સવને ધ્યાનમાં રાખીને, ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસે જાહેર સલામતી અને ફાયર સેફટી માટે એસઓપી (સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિઝર) જાહેર કરી હતી. જેમાં આયોજકોએ સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ નિયમોનું ફરજિયાત પાલન કરવું પડશે.

આવનાર દિવસોમાં શારદીય નવરાત્રી મહોત્સવ પ્રારંભ ૨૨ સપ્ટેમ્બરથી ૧ ઑક્ટોબર સુધી થશે. આગામી નવરાત્રી ધ્યાનમાં રાખીને ગાંધીનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસિસ દ્વારા જાહેર સલામતી અને ફાયર સેફટી માટે એક વિસ્તૃત માર્ગદર્શિકા (એસઓપી) તૈયાર કરવામાં આવી છે. જાહેર કરાયેલા નિયમો જોઈએ તો તમામ નવરાત્રી આયોજકો માટે ટેમ્પરરી ફાયર સેફટી સર્ટિફિકેટ મેળવવું ફરજિયાત છે. આ માટે, તેમણે ગુજરાત ફાયર સેફટીની વેબસાઈટ પર ઓનલાઈન અરજી કરીને જરૂરી દસ્તાવેજોની હાર્ડ ફાઈલ ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસિસ, સેક્ટર-૧૭ ગાંધીનગર ખાતે જમા કરાવવાની રહેશે. સ્થળ નિરીક્ષણ બાદ આ સર્ટિફિકેટ આપવામાં આવશે. માર્ગદર્શિકામાં અનેક મુખ્ય બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આયોજકોએ પંડાલની ક્ષમતા મુજબ જ વ્યક્તિઓને પ્રવેશ આપવો પડશે અને પ્રત્યેક વ્યક્તિ દીઠ ઓછામાં ઓછી ૧ ચોરસ મીટર જગ્યા સુનિશ્ચિત કરવી પડશે. આ ઉપરાંત, મંડપમાં પ્રવેશતા દર્શકો અને ખેલૈયાઓનો દૈનિક રેકોર્ડ પણ રાખવાનો રહેશે. ઇમરજન્સીના સમયે લોકો સરળતાથી બહાર નીકળી શકે તે માટે પૂરતા ઇમરજન્સી એક્ઝિટ ગેટ રાખવા, જે પરસ્પર વિરુદ્ધ દિશામાં હોવા જોઈએ. મંડપમાં કે પંડાલમાં કોઈપણ પ્રકારની જ્વલનશીલ સામગ્રી, પ્રવાહી કે ફટાકડાનો ઉપયોગ કે સંગ્રહ કરવા પર પ્રતિબંધ છે. તમામ ઇલેક્ટ્રિક વાયરિંગ માન્ય ઇલેક્ટ્રિકલ એન્જિનિયર દ્વારા તપાસેલું હોવું જોઈએ અને તે પ્રવર્તમાન વીજળી અધિનિયમ મુજબનું હોવું જોઈએ.

# વડા પ્રધાનના જન્મદિન નિમિત્તે ગુજરાતમાં ૩૭૮થી વધુ જગ્યાએ રક્તદાન શિબિર યોજાશે, ૧.૨૫ લાખ લોકોએ રજિસ્ટ્રેશન કરાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આગામી ૧૭ સપ્ટેમ્બરના રોજ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. તેમના જન્મદિવસ પર ગુજરાતભરમાં ૩૭૮થી વધુ જગ્યાએ રક્તદાન શિબિર યોજાવાની છે. જે અંતર્ગત અત્યાર સુધી ૩૪ હજાર યુનિટ રક્તદાનનો રેકોર્ડ નોંધાયેલો છે અને તેનાથી પણ વધુ રક્તદાન કરવાનો અનોખો વિશ્વ વિક્રમ સર્જવાની તૈયારીઓ નરેન્દ્ર મોદીના જન્મદિવસ પહેલા કરવામાં આવી રહી છે. જે માટે ૩૭૮ જગ્યાએ રક્તદાન માટે સેન્ટર બનાવવામાં આવ્યા છે અને આ માટે ૧.૨૫ લાખથી વધુ લોકોએ ઓનલાઈન અને ઑફલાઈન રજિસ્ટ્રેશન કર્યું છે.

નરેન્દ્ર મોદીના જન્મદિવસની પૂર્વ સંધ્યાએ એટલે કે ૧૬ સપ્ટેમ્બરે ગુજરાતમાં ૩૭૮ સ્થળોએ રક્તદાન શિબિર યોજાશે. ઓપરેશન સિંદૂરની સફળતાની ઉજવણીના ભાગરૂપે શૈક્ષણિક સંઘો તેમજ તમામ કર્મચારી મંડળો દ્વારા આ આયોજન કરવામાં આવ્યું છે.

આ રક્તદાન શિબિર માટે ઓનલાઈન અને ઑફલાઈન મળી સવા લાખનું રજિસ્ટ્રેશન થઈ ચૂક્યું છે. ત્યારે રક્તદાન શિબિર માટે ૨૦૮ બ્લડ બેન્ક જોડાયેલી છે. મંગળવારે સવારે ૮ વાગ્યાથી રક્તદાન શિબિર શરૂ થશે. મોટા ભાગે સ્કૂલ, કોલેજ અને પીએચસી સેન્ટરમાં આયોજન કરવામાં આવ્યું છે અને મંગળવારે સાંજે ૫ વાગે ટાગોર હોલમાં સેલિબ્રેશન પણ કરવામાં આવશે. જ્યાં એક મોટી એલઈડી સ્ક્રીન પર તમામ બ્લડ કેમ્પના સેન્ટરોને જોડવામાં આવશે અને કેટલું રજિસ્ટ્રેશન અને તેની સામે બ્લડનું કેટલું કલેક્શન થયું તેના આંકડા પણ દર્શાવવામાં આવશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, હાલ ૩૪ હજાર યુનિટ રક્ત એકત્ર કરવાનો વર્લ્ડ રેકોર્ડ નોંધાયેલો છે, ત્યારે ૧૬મી સપ્ટેમ્બરે એક સાથે ૩૭૮ જગ્યાએ રક્તદાન શિબિર યોજાયાથી નવો રેકોર્ડ પ્રસ્થાપિત થઈ શકે છે. મહત્ત્વનું છે કે, નમો કે નામ રક્તદાન કાર્યક્રમને સફળ બનાવવા અંતે અનેક શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા એક જાગૃતિ રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું.

આ રક્તદાન દ્વારા એકત્રિત બ્લડને થેલેસેમિયાની બીમારી સામે લડી રહેલા દર્દીઓને મળી રહે તેવું પણ આયોજન કરવામાં આવ્યું છે.

# મુખ્ય પ્રધાનની અધ્યક્ષતામાં વડોદરામાં અર્બન ઇનોવેશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમિટનો શુભારંભ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં વડોદરામાં અર્બન ઈનોવેશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર સમિટ ૨૦૨૫નો શુભારંભ કરવામાં આવ્યો હતો. વડોદરા મહાનગરપાલિકાના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે કોર્પોરેશનમાં મુખ્ય હોલ બનાવવો હોય ત્યારે એ સમયે મહિના બે મહિના લાગી જતા હતા. આજે એ પરિસ્થિતિમાંથી બહાર નીકળી ક્યાંય પહોંચી ગયા છીએ. અહીં આવીએ એટલે વરસાદ અને એની સિઝન હોય એટલે બધાને વિશ્વામિત્રી યાદ આવે છે. આ વખતે એવું લાગે છે કે હવે બહુ વાંધો નહીં આવે, થોડુંઘણું કામ બાકી હશે તો એ કામ પણ આવતા વર્ષ સુધી પૂરું થઈ જશે. તેમણે પર્યાવરણની જાળવણીની અપીલ કરતા કહ્યું હતું કે, કુદરત સામે બાથ ના ભીડાય, કુદરતનું સંરક્ષણ કરી આગળ વધવું જોઈએ. કુદરતનું સંરક્ષણ કેવી રીતે કરવું એનું ધ્યાન રાખવું જોઈએ, પર્યાવરણની જાળવણી આપણે રાખી નથી. તેમણે વધુમાં કહ્યું હતું કે, પ્રેસ મીડિયાના મિત્રો જીવના જોખમે સમાચાર કરે છે અને આપણે સમાચારને નેગેટિવ કહીએ છીએ, એવું ના હોય. તમારે સમાચારને લઈ સમસ્યાનું નિરાકરણ લાવવું જોઈએ. એક-બે કામ ઓછા થાય એમાં ચાલશે, પણ જે કામ કરીએ છીએ એમાં ૧૦૦ ટકા કામ કરવું જોઈએ. આપણે સૌ નવરાત્રિ-દિવાળીમાં સ્વદેશી વસ્તુઓને અપનાવી આત્મનિર્ભર ભારત માટે યોગદાન આપીએ.

ગુજરાત સરકાર દ્વારા રાજયભરમાં શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ની ઉજવણી કરવામાં આવી રહી છે, જે અંતર્ગત શહેરી વિસ્તારોમાં વિવિધ કાર્યક્રમો કરવામાં આવી રહ્યા છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરી વિસ્તારમાં વિકાસની સાથે લોકસુવિધાઓમાં વધારો કરવાની નવીન પહેલના ભાગરૂપે અર્બન ઈનોવેશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર સમિટ ૨૦૨૫નું આયોજન કરવામાં આવ્યું છે.

# અમદાવાદમાં વીજકંરટથી દંપતીના મોતને મામલે પાંચ લોકોની ધરપકડઃ ઇલેક્ટ્રિક વાયરોનું રિપેરિંગ ન કરાતાં કરંટ લાગ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમદાવાદના નારોલ વિસ્તારમાં મટનગલી રોડ પર કરંટ લાગવાથી દંપતીના કરુણ મોતના મામલે મ્યુનિસિપલ કોર્પોરેશનની મોટી બેદરકારી બહાર આવી હતી. મૃતકના પરિવારજનની ફરિયાદના આધારે પોલીસે મ્યુનિસિપલ કોર્પોરેશનના બે અધિકારી અને કોન્ટ્રેક્ટરના ત્રણ કર્મચારીઓ સહિત પાંચ લોકો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો. તપાસમાં ખૂલ્યું હતું કે સ્ટ્રીટલાઇટના થાંભલા કાઢી નાખ્યા બાદ વાયરોનું યોગ્ય રિપેરિંગ ન થવાને કારણે પાણીમાં કરંટ ફેલાયો હતો, જેના કારણે રાજન સિંઘલ અને તેની પત્ની અંકિતાનું મોત નિપજ્યું હતું. પોલીસે આ મામલે પાંચ લોકોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

નારોલ મટનગલી રોડ ઉપર અગાઉ પડી ગયેલા લાઇટના થાંભલાની જાળવણી તથા રિપેરિંગ કરવાની કામગીરી કોન્ટ્રેક્ટરના કર્મચારી સૈયદ ઝહીર હસનભાઈ ઉર્ફે સાજિદભાઈ તથા એન્જિનિયર નયનભાઈ કાપડિયા તથા અજય દિનેશભાઇ પરમારની સંપૂર્ણ જવાબદારી હોવા છતાં તેમણે તેમની કામગીરી પ્રત્યેની બેદરકારી નિષ્કાળજી દાખવી હતી.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના સ્ટ્રીટ લાઇટ વિભાગના સાઇટ ઉપરના જવાબદાર ટેક્નિકલ સુપરવાઇઝર જિજ્ઞેશભાઈ ગામીત તથા અને આસી. એન્જિનિયર પંકજભાઈ મચ્છારએ કામગીરી ઉપર દેખરેખ રાખી નહીં અને કોન્ટ્રેક્ટરના માણસો સ્ટ્રીટલાઈટના થાંભલાની રિપેરિંગ કરાવવાની સંપૂર્ણ જવાબદારી હોવા છતા તેઓએ પણ નિષ્કાળજી દાખવી હતી, જેના પગલે તેઓ વિરુદ્ધ નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પાંચે વિરુદ્ધ ગુનો નોંધી ધરપકડ કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદના નારોલ વિસ્તારમાં રુદ્ર ગ્રીન રેસિડેન્સીમાં રહેતાં હેતલબેન સિંઘલે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી કે મારા પતિ હરજીવનભાઈને ફેફસાના ઇન્ફેક્શનની બીમારી હોવાથી એલ.જી. હોસ્પિટલ ખાતે સારવાર અર્થે દાખલ કર્યા હતા. તેમનો દીકરો રાજન અને તેની પત્ની ૮ ડિસેમ્બરના રોજ રાત્રે હોસ્પિટલે ટિફિન આપીને રાતના આશરે ૧૦ વાગ્યાની આસપાસ ઇસનપુરથી નારોલ રુદ્રગ્રીન રેસિડેન્સી ખાતે જવા નીકળ્યા હતા. આ દરમિયાન નારોલ મટનગલી રામદેવ એસ્ટેટ પાસે જાહેર રોડ ઉપર વરસાદનું પાણી ભરાયેલું હતું.

દંપતી પાણીમાંથી એક્ટિવા લઈ પસાર થતા હતા, તે દરમિયાન પાણીમાં લીકેજ થયેલા કરંટના લીધે રાજન તથા તેની પત્ની અંકિતા પાણીમાં પડી ગયાં હતાં અને બાદમાં તેમનું મોત નિપજ્યું હતું.

# કુખ્યાત બૂટલેગર વિનોદ સિંધીના પ્રત્યર્પણનો માર્ગ મોકળો થયો, દુબઈની કોર્ટે આદેશ આપ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં કુખ્યાત બૂટલેગર વિનોદ સિંધી ઉર્ફે વિજય ઉધવાણીની ટૂંક સમયમાં જ દુબઈથી ધરપકડ કરીને ગુજરાત લાવવાની તૈયારી શરૂ કરવામાં આવી છે. સ્ટેટ મોનિટરિંગ સેલના વડા નિર્લિપ્ત અને એસપી મયૂર ચાવડાની જોડીએ આ ઓપરેશન પાર પાડ્યું હતું. સ્ટેસ મોનિટરિંગ સેલે તૈયાર કરેલા કાગળોને આધારે દુબઈની કોર્ટે વિનોદ સિંધીના પ્રત્યર્પણનો આદેશ આપ્યો હતો.

કોર્ટના આદેશ પર દુબઈમાં મોજશોખ મનાવતા વિનોદ સિંધીની ટૂંક જ સમયમાં ગુજરાત પોલીસ ૧૫૦થી વધુ કેસોમાં ધરપકડ કરશે. તેની સામેના કેસ ફક્ત ગુજરાત જ નહીં, અન્ય રાજ્યોના પણ નોંધાયેલા છે.વિનોદ સિંધીને પરત લાવવા માટે તેની સામે નોંધાયેલા ગુનાની વિગતો અને અન્ય જરૂરી દસ્તાવેજો દુબઈની કોર્ટમાં જમા કરાવવામાં આવ્યા હતા. આ માટે સ્ટેટ મોનિટરિંગ સેલે સતત ૨ વર્ષ સુધી ફોલોઅપ લીધું હતું. ૩ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ દુબઈ કોર્ટે આપેલાં ચાર પાનાંના આદેશમાં જણાવવામાં આવ્યું હતું કે, વિનોદ સિંધી સામે લાગેલા આરોપમાં તથ્ય છે, તેથી આ વ્યક્તિને ભારત સરકારની સત્તાવાર તપાસ એજન્સીને સોંપી દેવામાં આવે.

કરોડોનો દારૂના કેસોમાં વોન્ટેડ વિનોદ સિંધીના પાસપોર્ટની વિગતોના આધારે જાણકારી મળી હતી કે તે દુબઈમાં છુપાયો છે, ત્યાર બાદ સામે સ્ટેટ મોનિટરિંગ સેલના પ્રયાસોથી રેડ કોર્નર નોટિસ ઇસ્યુ થઈ હતી. ગુજરાતના ઇતિહાસમાં બૂટલેગર સામે રેડ કોર્નર નોટિસ ઇસ્યુ થઈ હોય આવું પહેલીવાર બન્યું હતું.

# નવસારીમાં પચ્ચીસ વેપારીના ૧.30 કરોડના હીરા લઈ ગઠિયો ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ નવસારીના શાંતાદેવીમાં કાચા હીરાનો વેપાર કરતા ૨૫થી વધુ વેપારીઓ સાથે છેતરપિંડી થઈ છે. ભાવનગરનો હીરા દલાલ ૨૫ વેપારીના ૧.૩૦ કરોડના કાચા હીરા લઈ ફરાર થઈ જતા વેપારીઓએ આ મામલે જલાલપોર પોલીસ મથકમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી.

નવસારીમાં વર્ષોથી કાચા હીરાનો વેપાર કરતા વેપારીઓને ભાવનગરના કાર્તિક મહેશભાઈ પંડ્યા નામના ઈસમનો ભેટો થયો હતો, જેમાં તે છેલ્લા છ મહિનાથી નવસારી આવી વેપારીઓનો વિશ્વાસ કેળવી કાચા હીરા લઈ જતો હતો અને તેનું વેચાણ કરી પૈસા આપતો હતો, પરંતુ જૂન મહિનામાં તેણે ૨૫થી વધુ નવસારીના વેપારીઓ પાસેથી એક કરોડ ૩૦ લાખથી વધુના કાચા હીરા લઈ જઈ ફોન બંધ કરી દીધો હતો, જેથી નવસારીના તમામ વેપારીઓના શ્વાસ અધ્ધર થયા હતા અને તેના ઘરે જઈ તપાસ કરતાં તે ત્યાં મળ્યો નહોતો અને તેના પિતાએ કહ્યું હતું કે તે ઘરે નથી. ત્યાર બાદ તેને અસંખ્ય ફોન કરતાં તેનો ફોન સ્વિચ ઓફ આવ્યો હતો, જેથી આ મામલે વેપારીઓ જલાલપુર પોલીસ મથકમાં ફરિયાદ આપી છે. જલાલપુર પોલીસ પથકમાં ૮૯,૮૨,૨૮૬ કિંમતમાં હીરાની છેતરપિંડી અંગેની ફરિયાદ નોંધી આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# ટ્રમ્પના ટેરિફથી સુરતમાં જેમ્સ એન્ડ જ્વેલરીના ઓર્ડર ઘટતાં ફ્રી ડ્યૂટી કન્ટ્રી પર નજર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અમેરિકાએ ભારત પર લગાવેલા તોતિંગ ટૅરિફથી જેમ્સ એન્ડ જ્વેલરી ઉદ્યોગ ભારે સંકટમાં મુકાયો છે. આશરે સાત હજાર જેટલા કારીગરોની રોજગારી પર જોખમ ઊભું થયું છે. સૂત્રોના કહેવા પ્રમાણે, ઓગસ્ટ મહિનામાં ટૅરિફ લાગુ થતા પહેલા ઓર્ડર વધ્યા હતા પરંતુ હવે એક્સપોર્ટમાં ઘટાડો થઈ રહ્યો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે,અમેરિકાથી ઘટેલા ઓર્ડરનો સામનો કરવા જેમ્સ એન્ડ જ્વેલરી સાથે સંકળાયેલા લોકોએ અન્ય દેશો તરફ નજર દોડાવી છે. જેમાં ઓસ્ટ્રેલિયા, દુબઈ અને યુકે જેવા દેશો અગ્રેસર છે. ઉપરાંત સ્પેશિયલ ઇકોનોમિક ઝેડના યુનિટોએ પણ ઘરેલુ વેપારની મંજૂરી માગી છે. સૂત્રોએ જણાવ્યું કે, સુરત સેઝમાં આશરે ૮૦ ડાયમંડ-જ્વેલરી યુનિટ્સ આવેલા છે. જેમાંથી ૬૦ નાના યુનિટ્સ છે. આ નાના યુનિટો માટે પરિસ્થિતિ વધુ કપરી બની છે. અમેરિકાના ઊંચા ટૅરિફના કારણે હાલ ઓર્ડર નથી મળતાં. પરિણામે સેઝ યુનિટોમાં મંદીનો માહોલ છે અને કર્મચારીઓને પણ છટણીનો ભય સતાવી રહ્યો છે. આ ઉપરાંત સૂત્રોએ એમ પણ કહ્યું કે, વાણિજ્ય મંત્રાલયને પત્ર લખીને સેઝના યુનિટોને જેમ્સ એન્ડ જ્વેલરીનું જોબવર્ક કરવાની પરવાનગી આપવાની ભલામણ કરી છે. જો આ મંજૂરી મળશે તો સ્થાનિક બજારમાં વેપાર કરીને ઉદ્યોગને થોડી રાહત મળી શકે છે. તેનાથી ઘણા રત્ન કલાકારોની રોજગારી બચાવી શકાય છે. જેમ્સ એન્ડ જ્વેલરીનું એક્સપોર્ટ વધારવા માટે હવે અમેરિકા સિવાયના બીજા ૮૪ દેશો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. ઉદ્યોગકારો હવે ‘ફ્રી ડ્યૂટી કન્ટ્રી’ને વિકલ્પ તરીકે શોધી રહ્યા છે. આ દેશોમાં વેપાર વધારવાથી અમેરિકાના ઊંચા ટૅરિફની અસરને ઓછી કરી શકાશે. આ દેશો સાથે નવા વેપાર કરારો કરવાથી વૈશ્વિક બજારમાં ભારતની પકડ મજબૂત થશે અને અમેરિકા પરની નિર્ભરતા ઘટશે.

# નર્મદા ડેમની સપાટી સિઝનમાં બીજી વાર ૧૩૬ મીટરને પાર, છલકાવાથી ૨.૩૫ મીટર દૂર

અમદાવાદઃ ગુજરાતની જીવાદોરી સમાન સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો થઈ રહ્યો છે. હાલ ડેમની સપાટી ૧૩૬.૩૩ મીટર પહોંચી છે. ડેમ તેની મહત્તમ સપાટીથી ૨.૩૫ મીટર દૂર છે. ચાલુ સિઝનમાં ડેમની સપાટી બીજી વખત ૧૩૬ મીટરને પાર થઈ હતી. હાલ ડેમમાં ૯૩.૬૯ ટકા પાણીનો સંગ્રહ છે. પાણીની આવકના પગલે ડેમના ૧૦ દરવાજા ખોલવામાં આવ્યા. નર્મદા ડેમમાં પાણીની આવકના પગલે ડેમના ૧૦ દરવાજા ૧.૦૪ મીટર ખોલવામાં આવ્યા હતા. આ દરવાજામાંથી ૧,૨૦,૧૧૨ ક્યુસેક પાણી નર્મદા નદીમાં છોડવામાં આવ્યું હતું. જેના કારણે નર્મદા નદીની સપાટીમાં પણ વધારો થયો હતો. રાજ્યમાં સિઝનનો સરેરાશ વરસાદ ૧૦૭.૮૩ ટકા છે.

# વિશ્વામિત્રી નવસર્જનનો બીજો તબક્કો આગામી એક વર્ષમાં પૂર્ણ થશેઃ ભૂપેન્દ્ર પટેલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સંસ્કારી નગરી વડોદરાના નગરજનોને ધરપત આપતા જણાવ્યું કે, વિશ્વામિત્રી નવસર્જન પ્રોજેક્ટનો એક તબક્કો પૂર્ણ થયા બાદ હવે બાકીની કામગીરી પણ આગામી એક વર્ષમાં પૂર્ણ કરવામાં આવશે. આ પ્રોજેક્ટના પરિણામે પ્રવર્તમાન ચોમાસામાં વડોદરાને કોઇ તકલીફ પડી નથી. રાજ્ય સરકાર દ્વારા પર્યાવરણના જતન સાથે વિકાસના મંત્રને વરેલી છે. મુખ્ય પ્રધાન પટેલે તેમના સેવાકાળના ચાર વર્ષ પૂર્ણ થવાના અવસરના સુયોગ સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા આયોજિત ઇલેટ્સ અર્બન ઇનોવેશન એન્ડ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સમિટનો પ્રારંભ કરવાતા ઉક્ત વાત કરી હતી. તેમણે સમિટનો પ્રારંભ કરાવવાની સાથે વડોદરા મહાનગરપાલિકના અર્બન ડેવલપમેન્ટ ગોલનું લોન્ચિંગ ઉપરાંત શહેરી વિકાસ પુસ્તકનું વિમોચન પણ કહ્યું હતું.

તેમણે કહ્યું કે, કુદરતની સામે બાથ ભીડવાને બદલે પ્રકૃતિનું સંરક્ષણ કરવું જોઇએ. વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ બેક ટુ બેઝિકનો કોલ આપી કુદરતી સંસાધનો રક્ષણ કરવાનું મહત્વ સૌને સમજાવ્યું છે. કુદરતનું મૂલ્ય આંકવું અઘરું છે. એટલે જ ગ્લોબલ વોર્મિંગની સમસ્યાના નિરાકરણ માટે પર્યાવરણના સંરક્ષણ સાથે સર્વગ્રાહી વિકાસ કરવાનો છે. વિકાસને પર્યાવરણ સાથે જોડીને જ સસ્ટેનેબલ ડેવલપમેન્ટ શક્ય છે. ઇન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસની વાત કરતા મુખ્ય પ્રધાને ઉમેર્યું કે, અગાઉ મહાનગરપાલિકાઓનું કાર્ય માત્ર ગટર, રસ્તા, પાણી અને વીજળી સુધી મર્યાદિત હતું, પરંતુ આજે તે હોસ્પિટલ, સ્વિમિંગ પૂલ, જીમ, સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ અને બાગ-બગીચા વિકાસ સુધી પહોંચી ગયા છે. પબ્લિક-પ્રાઇવેટ પાર્ટનરશીપ (પીપીપી) મોડલ દ્વારા જનસહભાગિતા વધારીને સ્વચ્છતા અને કાર્યક્ષમતા વધારવાની જરૂર છે. શહેરો આર્થિક પ્રવૃત્તિના ઉદ્ગમ સ્થાનો છે, તેમ કહેતા તેમણે જણાવ્યું કે, ૨૦૦૫માં વડા પ્રધાને શરૂ કરેલા શહેરી વિકાસ વર્ષના ૨૦ વર્ષ પછી ૨૦૨૫માં શહેરી વિકાસ વિભાગ માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૩૦ હજાર કરોડનું માતબર બજેટ ફાળવ્યું છે, જેનાથી પાણી, ગટર, કચરા નિકાલ અને રિસાયક્લિંગ જેવી સુવિધાઓ મજબૂત થશે.

# અમદાવાદમાં હેલ્મેટ જાગૃતિ માટે પોલીસે બાઈક રેલી યોજી

અમદાવાદઃ રાજ્યભરમાં હેલ્મેટ પહેરવા માટે લોકોને જાગૃત કરવામાં આવી રહ્યા છે. અમદાવાદમાં પણ લોકો ટુ-વ્હીલર ચલાવતી વખતે હેલ્મેટ પહેરે તે માટે એક ખાસ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ઝોન-૩ના ડીસીપીની આગેવાનીમાં સરસપુર બ્રિજથી મેમ્કો ચાર રસ્તા સુધી પોલીસની બાઈક રેલી યોજવામાં આવી હતી. આ રેલીમાં પોલીસ કર્મચારીઓ હેલ્મેટ પહેરીને ટુ-વ્હીલર પર નીકળ્યા હતા.

પોલીસે જણાવ્યું કે આ ડ્રાઈવનો મુખ્ય હેતુ ટ્રાફિકના નિયમો વિશે જાગૃતિ લાવવાનો છે. તેમણે સમજાવ્યું કે મોટાભાગના અકસ્માતોમાં માથામાં ગંભીર ઈજા થવાથી મૃત્યુ થાય છે, અને હેલ્મેટ આ ઈજાઓથી બચાવે છે. આ જ કારણથી, પોલીસ કર્મચારીઓએ બાઈક રેલી યોજી અને ‘‘હેલ્મેટ તમને બચાવી શકે છે’’ જેવા સ્લોગન સાથે પ્લેકાર્ડ દર્શાવ્યા હતા. આ રેલી દરમિયાન મેમ્કો ચાર રસ્તા પાસે પોલીસે હેલ્મેટ પહેર્યા વગર નીકળેલા લોકોને રોકીને તેમને મફત હેલ્મેટનું વિતરણ કર્યું. અંદાજે ૧૦૦ જેટલા હેલ્મેટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મુંબઈ સમાચાર ઉત્સવ રવિવાર

તા. ૧૪-૯-૨૦૨૫

કવર સ્ટોરી

વિજય વ્યાસ

feedback@bombaysamachar.com

# ‘સિંહાસન ખાલી કરો કિ જનતા આતી હૈ...!’

*અગાઉ કોઈ શક્તિશાળી નેતાના નેજા હેઠળ સત્તા વિરોધી આંદોલન થતાં. આજે ‘જનરેશન ઝી’ના જમાનામાં સોશ્યલ મીડિયામાં સરકાર સામે પેદા થયેલા ભયંકર આક્રોશ અને અસંતોષે આખી દુનિયાને સોશ્યલ મીડિયાના પાવરનો પરિચય કરાવ્યો છે. પહેલાં બાંગ્લાદેશ પછી હમણાં નેપાળમાં આ રીતે સત્તાપલટો થયો અને હવે આના સમાંતરે જ ફ્રાન્સની સરકાર સામે યુવા પ્રજાના વિપ્લવની જ્વાળા ભભૂકી ઊઠી છે. હવેનાં આંદોલન નેતા વિના જ પ્રચંડ બની રહ્યાં છે સોશ્યલ મીડિયાના પ્રતાપે !*



ફ્રાન્સ



બાંગ્લાદેશ





નેપાળ

ભારતના પાડોશી દેશ નેપાળમાં સોશ્યલ મીડિયા પરના પ્રતિબંધને કારણે પેદા થયેલા પ્રચંડ આંદોલને આખી દુનિયાને ચોંકાવી દીધી છે. રસ્તા પર ઊતરેલા યુવાઓ એટલે કે ‘જેન-ઝી’ એ મંત્રીઓને રસ્તા પર દોડાવી દોડાવીને એવા ફટકાર્યા કે વડા પ્રધાન કે.પી. શર્મા ઓલીને રાજીનામું આપીને દેશ છોડીને ભાગી જવાની ફરજ પડી. દેશની પત્તર ખાંડી નાખનારા ભૂતપૂર્વ વડા પ્રધાનો સહિતના સંખ્યાબંધ રાજકારણીઓ લોકોનો આક્રોશનો ભોગ બન્યા. લોકોએ દેશની સંસદ સળગાવી દીધી અને ભૂતપૂર્વ વડા પ્રધાનોનાં ઘર પણ સળગાવી દીધાં. એમના પરિવારોને ય આક્રોશનો ભોગ બનાવ્યાં. પોલીસ લાચાર બનીને કશું ના કરી શકે એવી અભૂતપૂર્વ સ્થિતી પેદા થઈ ગઈ તેથી છેવટે આર્મીને ઉતારવી પડી છે. જો કે આર્મીએ પણ સમજાવટથી કામ લેવું પડે એવી સ્થિતિ પેદા થઈ ગઈ છે. હિંસા અને તોડફોડના કારણે સત્તાપલટો થઈ ગયો અને વચગાળાની સરકાર બનાવવી પડી છે.

નેપાળની આ હિંસા હજુ શમી નથી ત્યાં ફ્રાન્સમાં પણ લોકો ત્યાંના પ્રમુખ ઇમેન્યુઅલ મેક્રોંની નીતિ-રીતિઓ સામે ભડકીને રસ્તા પર ઊતરી આવ્યા છે અને ‘બ્લોક એવરીથિંગ’ આંદોલન શરૂ કર્યું છે.

મેક્રોંએ સેબેસ્ટિયન લેકોર્નુને ફ્રાન્સના નવા વડા પ્રધાન નિયુક્ત કર્યા એ સાથે જ શરૂ થયેલા આંદોલનમાં લોકો બધું ઠપ્પ કરી રહ્યાં છે. ફ્રાન્સમાં ભૂતપૂર્વ વડા પ્રધાન ફ્રાંસ્વા બાયરૂએ બજેટમાં ૫૦ અજબ ડૉલરથી વધારેના કાપની દરખાસ્ત મૂકી તેમાં ડાબેરી વિપક્ષો મેદાનમાં આવી ગયા. બાયરૂએ બે નેશનલ હોલિડે રદ્દ કરવા, ૨૦૨૬માં પેન્શન બંધ કરવું, હેલ્થ સર્વિસ ખર્ચમાં અબજો યુરોનો કાપ મૂકવો સહિતની જાહેરાતો કરી હતી. તેના કારણે સરકાર વર્ક કલ્ચર બદલી રહી છે અને લોકોના સ્વાસ્થ્યને ગૌણ બનાવી રહી છે એવા આક્ષેપ થયા. સરકાર ખર્ચ બચાવવા માટે અત્યારે અપાતી સેવાઓ બંધ કરીને જીવનધોરણ નીચું લાવી રહી છે એ મુદ્દે લોકોમાં આક્રોશ ભડક્યો છે.

આ પહેલાં બાંગ્લાદેશમાં પણ આ રીતે જ શેખ હસીના સામે જબરું આંદોલન થતાં હસીનાએ પણ સત્તા છોડીને ભાગવું પડ્યું હતું. બાંગ્લાદેશમાં વરસોથી જામી પડેલાં શેખ હસીના સામે પણ ભ્રષ્ટાચાર અને સગાંવાદના આક્ષેપો થયા હતા. હસીના ભારતતરફી હોવાના કારણે કટ્ટરવાદી મુસ્લિમો નારાજ હતા. એમણે મોકાનો ફાયદો ઉઠાવીને લોકોને ભડકાવતાં હસીનાએ રાતોરાત બાંગ્લાદેશથી ભાગીને અત્યારે ભારતમાં રાજ્યાશ્રય લઈને રહેવું પડે છે.

વિદેશોમાં અગાઉ આ રીતે યુવાઓ રસ્તા પર આવી જતાં સરકારો ઘરભેગી થઈ ગઈ હોય એવા સંખ્યાબંધ કિસ્સા છે. એમાં જાણીતો કિસ્સો ‘આરબ સ્પ્રિંગ’નો છે. આરબ દેશોમાં બેફામ શાસકો અને સરમુખત્યારો સામે યુવાઓ સોશ્યલ મીડિયા પર આક્રોશ ઠાલવવાનું શરૂ થયું પછી આ આક્રોશ એટલો બુલંદ બન્યો કે, આરબ રાષ્ટ્રોમાં વરસોથી જામી ગયેલા સત્તાધીશો સામે બળવા થઈ ગયા. રસ્તા પર આવી ગયેલા લોકોએ લિબિયાના કર્નલ મુઅમ્મર ગદ્દાફી સહિત કેટલાય સરમુખત્યારોને ઉખાડીને ફેંકી દીધા હતા.

‘આરબ સ્પ્રિંગ’ તરીકે જાણીતી આ ક્રાંતિની અસર સંખ્યાબંધ દેશોમાં થઈ હતી. ભ્રષ્ટાચાર, જોહુકમી અને આર્થિક અસ્થિરતાના વિરોધમાં ટ્યુનિશિયામાં તેની શરૂઆત થઈ. ટ્યુનિશિયાથી શરૂ થયેલો, વિરોધ શરૂઆતમાં લિબિયા, ઇજિપ્ત, યમન, સીરિયા અને બહેરીન એ પાંચ દેશોમાં ફેલાયો હતો ને તેમાં પાંચ શાસકો ફેંકાઈ ગયા. ટ્યુનિશિયાના ઝીન અલ અબીદીન બેન અલી, લિબિયાના મુઅમ્મર ગદ્દાફી અને ઇજિપ્તના હોસ્ની મુબાર ૨૦૧૧ માં ઘરભેગા થયા અને ૨૦૧૨માં યમનના અલી અબ્દુલ્લા સાલેહનો વારો પડી ગયો. સીરિયામાં અસદ અલ બશર બચી ગયેલા પણ અડધા સીરિયા પરથી અંકુશ ગયો.

‘આરબ સ્પ્રિંગ’ વિપ્લવ વખતે ભારે હિંસા થઈ હતી. ઠેર ઠેર હિંસા તથા રમખાણો ફાટી નિકળેલાં. મોરોક્કો, ઇરાક, અલ્જેરિયા, લેબનોન, જોર્ડન, કુવૈત, ઓમાન અને સુદાનમાં ઉગ્ર દેખાવો થયેલા જ્યારે જીબુટી, મૌરિટાનિયા, પેલેસ્ટાઇન, સાઉદી અરેબિયા અને પશ્ચિમી સહારા સહિતના દેશોમાં પણ વિરોધ પ્રદર્શનો થયાં હતા.

સોશ્યલ મીડિયામાં સરકારો સામે પેદા થયેલા ભયંકર આક્રોશ અને અસંતોષે આખી દુનિયાને સોશ્યલ મીડિયાના પાવરનો પરિચય કરાવ્યો છે. નેપાળમાં પણ અત્યારે આ પાવર દેખાઈ જ રહ્યો છે.

આ બધા વચ્ચે પાકિસ્તાનમાં ઈમરાન ખાનના સમર્થકો લડી રહ્યા છે એ પણ સોશ્યલ મીડિયાના પાવર પર જ લડી રહ્યા છે. શાહબાઝ શરીફની સરકારે ઈમરાનની પાકિસ્તાન તહેરીક-એ-ઈન્સાફ પાકિસ્તાન (પીટીઆઈ)ના મોટા ભાગના નેતાઓને જેલભેગા કરી દીધા છે. ઈમરાન ખાન બે વર્ષથી જેલમાં સબડે છે ને બીજા નેતાઓની પણ આ જ હાલત છે છતાં : ‘પીટીઆઈ’ના એલાન પર હજારો લોકો રસ્તા પર ઊતરી આવે છે તેનું કારણ સોશ્યલ મીડિયા છે. સોશ્યલ મીડિયા પર ઈમરાન ખાન કે બીજા કોઈની એક અપીલ બહાર પડે કે તરત આગની જેમ ફેલાય છે અને પક્ષના કાર્યકરો રસ્તા પર આવી જાય છે.

સોશ્યલ મીડિયા દ્વારા પેદા થતા આક્રોશની ખાસિયત એ છે કે, આ આંદોલનો નેતા વિના જ પ્રચંડ બની જાય છે. ભારતમાં ૧૯૭૪ના ‘નવનિર્માણ’ પછીના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન વખતે લોકો પાસે જે.પી.નું નેતૃત્વ હતું. જે.પી. સ્વચ્છ છબી ધરાવતા નેતા હોવાથી લોકોએ જ નહીં પણ તમામ રાજકીય પક્ષોએ એમનું નેતૃત્વ સ્વીકાર્યું હતું પણ હવે નેતા વિના જ આંદોલનો પ્રચંડ બને છે.

હવેનાં આંદોલનો લોકોના આક્રોશના આધારે શરૂ થાય છે અને લોકોનો આક્રોશ વધારે ભડકે તો પ્રચંડ બની જાય છે. નાના મુદ્દા સાથે શરૂ થયેલું આંદોલન લોકોનો ટેકો મળે તો મોટું થઈ જાય ને નેતા પણ મોટો થઈ જાય તેનું ઉદાહરણ અણ્ણા હઝારે છે. હઝારેએ લોકજનપાલ આંદોલન શરૂ કર્યું ત્યારે લોકો એમને નહોતા ઓળખતા. અણ્ણાએ આ મુદ્દાને રાજકારણીઓના ભ્રષ્ટાચાર સાથે જોડ્યો. લોકોને એમની વાત સાચી લાગી ને એક જબરું આંદોલન ખડું થઈ ગયું હતું. હઝારેને નહીં જાણનારાંએ પણ એમને ટેકો આપતાં હઝારે હીરો બની ગયા ને એમની સાથે અરવિંદ કેજરીવાલ જેવા બીજા કેટલાય નવા નેતાઓ પણ ઊભા થઈ ગયા.

નેપાળનું આંદોલન દુનિયાભરના શાસકો માટે એક બોધપાઠ અને ખતરાની ઘંટડી પણ છે. સત્તા મળ્યા પછી લોકોને ભૂલાવીને પોતાના જ મળતિયાઓને ફાયદો કરાવનારા, લોકોના બદલે પોતાનો જ વિકાસ કરનારા અને ટેલેન્ટને બદલે સગાંવાદને પોષીને સત્તા પોતાનો બાપીકો અધિકાર હોય એ રીતે વર્તનારા શાસકો નહીં સુધરે તો લોકોના આક્રોશની પ્રચંડ આંધીમાં પતી જશે એ નેપાળનો બોધપાઠ છે. માત્ર ૩ કરોડની વસતિ ધરાવતા ટચૂકડા દેશે દુનિયાના બીજા દેશનાં લોકોને રસ્તો પણ બતાવ્યો છે કે, અન્યાય સામે ચૂપ ના બેસી રહો...પણ રસ્તા પર ઊતરો.!



## ગુજરાતમાં યુવાનોનું ‘નવનિર્માણ’...

આઝાદ ભારતમાં પણ યુવાઓએ સત્તાપલટો કર્યાનો ઈતિહાસ છે. ગુજરાતમાં યુવાઓએ ‘નવનિર્માણ’ આંદોલન દ્વારા યાદગાર સત્તાપલટો કર્યો હતો. ૧૯૭૪નું નવનિર્માણ આંદોલન અને તેમાંથી પ્રેરણા લઈને શરૂ થયેલા જયપ્રકાશ નારાયણના ભ્રષ્ટાચાર વિરોધી આંદોલને ઈન્દિરા ગાંધીને ઘરભેગાં કરી દીધાં હતાં. ઈન્દિરા ૧૯૭૧માં જંગી બહુમતીથી ચૂંટાયાં પછી બાંગ્લાદેશ સામેના યુદ્ધમાં દેશને ભવ્ય વિજય મળ્યો તેથી ઈન્દિરાની લોકપ્રિયતા ચરમસીમા પર હતી. આ કારણે બેફામ બનેલાં શાસનમાં ભારે ભ્રષ્ટાચાર થયો. ઈન્દિરા જોહુકમી પણ ચલાવતાં અને પોતાના ચમચાઓને ગાદી પર બેસાડતાં. તેની સામે ગુજરાતમાં ચીમનભાઈ પટેલે બળવો કર્યો હતો. કૉંગ્રેસની આબરૂ બચાવવા ઈન્દિરાએ ચીમનભાઈને ગાદી પર તો બેસાડ્યા, પણ ચીમનભાઈના શાસનમાં થયેલા ભ્રષ્ટાચાર સામે વિદ્યાર્થી નેતા મેદાનમાં આવતાં ‘નવનિર્માણ’ આંદોલન શરૂ થયું. ચીમનભાઈની સરકાર મહા ભ્રષ્ટાચારી છે તેવો પ્રચાર ચાલ્યો તેમાં ચીમનભાઈએ સત્તા છોડવી પડી.

આ આંદોલનમાંથી પ્રેરણા લઈને બિહારમાં જયપ્રકાશ નારાયણે બિહારની કૉંગ્રેસ સરકાર સામે શરૂ કરેલું આંદોલન ઈન્દિરા ગાંધી સામેના ભ્રષ્ટાચાર સામેનું આંદોલન બની ગયું. જયપ્રકાશ નારાયણે દિલ્હી આવીને હુંકાર કર્યો કે, ‘સિંઘાસન ખાલી કરો કિ જનતા આતી હૈ’. લોકોએ આ લલકારને વધાવી લેતાં પ્રચંડ આંદોલન શરૂ થઈ ગયું હતું. યોગાનુયોગ ઈન્દિરા ગાંધીની ચૂંટણીને ગેરકાયદેસર ઠેરવતો ચુકાદો આવતાં ઈન્દિરાએ કટોકટી લાદી દીધી. ઈન્દિરાએ આંદોલનને દબાવી દેવા કરેલા પ્રયત્નોના કારણે ઈન્દિરાની હાર થઈ. આ રીતે ભારતમાં પણ વિદ્યાર્થીઓના આંદોલને દેશમાં સત્તાપલટો કરાવ્યો હતો.

અણ્ણા હઝારેનું આંદોલન પણ યુવાઓના કારણે જ પ્રચંડ બન્યું હતું. આ આંદોલને ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં કૉંગ્રેસના પતનનું કાઉન્ટડાઉન શરૂ કર્યું. મોદીનું હિંદુત્વ અને અણ્ણાના આંદોલને ઊભી કરેલી ભ્રષ્ટાચારી સરકારની છાપના કારણે કૉંગ્રેસનું ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં નામું નંખાઈ ગયું. કૉંગ્રેસ એટલી ખરાબ રીતે હારી કે, હજુ બેઠી થઈ શકતી નથી.■



અરાઉન્ડ દ વર્લ્ડ

નીલ પાટીલ
Founder, COO & CTO
Veena World
neil@veenaworld.com

# તારલાઓ સાથેની રાત



જો તમે મારા લેખો વાંચતા હોય તો મને હરવાફરવાનું કેટલું ગમે છે તે તમે જાણી ગયા હશો. હું જ્યારે પણ રાત્રે ફ્લાઈટમાં હોઉં છુંત્યારે વાદળાંઓની ઉપર ગયા પછી ટમટમતા તારલાઓને જોયા કરું છું. તારલાઓને જોવાની અલગ મજા છે.તે તમારા દૈનિક લયમાંથી તમને બહાર લાવે છે, તમને થોભાવે છે અને અનંત આકાશ હેઠળ આપણે કેટલા નાના છીએ તે યાદ અપાવે છે.

અહીં ભારતમાં આપણે શહેરોની વ્યસ્ત ચમકમાં છાશવારે અટવાઈ જતા હોઈએ છીએ. જોકે તમે રણ, પહાડીઓ,જંગલો અથવા ટાપુઓમાં થોડું બહાર નીકળો તો રાત્રિનું આકાશ તારામંડળનું રંગમંચ હોય તેવું લાગે છે. આથી આજે ચાલો,આપણે સૂર્યાસ્ત પછીના પ્રવાસે નીકળીએ. ભારતના તારલા જોવાનાં સ્વર્ગ સમાન છૂપાં સ્થળોનો પ્રવાસ કરીએ,જ્યાં આકાશ ખુદ સ્થળ બની જાય છે.

**સ્પિટી વેલી, હિમાચલ પ્રદેશ**

સમુદ્રની સપાટીથી 14,000 ફીટની ઊંચાઈએ સ્પિટીમાં રાત્રિ અંધકારમય હોવા સાથે તે દિવ્ય ભાસે છે. તિબેટ અને હિમાચલ વચ્ચે વસેલોઆ ઉચ્ચ પ્રદેશ પરનું રણ દુનિયામાં સૌથી સાફ રાત્રિનું આકાશ પ્રદાન કરે છે. અહીંની હવા સૂકી, પ્રકાશનું પ્રદૂષણ બિલકુલ શૂન્યઅને શાંતિ એકદમ પવિત્ર ભાસે છે. જો બ્રહ્માંડ પહોંચમાં છે એવી લાગણી કરાવતું કોઈ સ્થળ હોય તો તે અહીં જ છે.

અને દુનિયાના સર્વોચ્ચમાંથી એક ભારતીય ખગોળશાસ્ત્રીય વેધશાળાનું ઘર હેન્લે છે. આ વિશે જરા કલ્પના કરો:વ્યાપક ટેલિસ્કોપ ગાઢ અવકાશમાં લઈ જાય છે, જે ઉજ્જડ પહાડીઓ અને સંપૂર્ણ શાંતિથી ઘેરાયેલું હોય છે.હેન્લેની મુલાકાત ફક્ત તારલા જોવા પૂરતી સીમિત નથી. તે બ્રહ્માંડ મહેસૂસ કરવાની બાબત છે.

**લડાખ, જમ્મુ અને કાશ્મીર**

વ્યાપક ખુલ્લી ખીણો, ખડતલ ચંદ્રક્ષિતિજો અને અરીસા જેવાં સરોવરો તારલાઓ માટે નૈસર્ગિક એમ્ફીથિયેટર નિર્માણ કરે છે.નુબ્રા વેલી, પેંગોંગ ત્સો અને ત્સો મોરિરી તારલાઓ જોવા માટે સૌથી પુરસ્કૃત સ્થળમાંથી અમુક છે. દિવસમાં આ સાહસનું સ્વર્ગ છે,જેમાં નાટકીય ડ્રાઈવ્ઝ, ઉચ્ચ પ્રદેશના માર્ગો અને હિમાલયન ટ્રેક્સનો સમાવેશ થાય છે. જોકે રાત્રે તે બ્રહ્માંડના રંગમંચમાં ફેરવાઈ જાય છે.

પેંગોંગમાં સરોવરોનાં સ્થિર જળ મોટે ભાગે તારલાઓને પ્રદર્શિત કરે છે, જાણે બ્રહ્માંડે નાટકીય અસર માટે પોતાને દોહરાવવાનું નક્કી કર્યું હોય.નુબ્રા તેની રેતીની ટેકરીઓ અને દૂર પહાડીઓની ખૂબીઓ સાથે ફરવા માટે સમય ધીમો પડી જાય એવું સ્થળ બની જાય છે.તમે કેમ્પફાયર ખાતે બેસો, ગરમ બટર ટીના ઘૂંટડા ભરો અને આકાશમાં જોશો ત્યારે કેમ્પફાયર અને ચાને પણ ભૂલી જશો.

લડાખ તમને યાદ અપાવે છે કે તમે તારલાઓની નીચે હોવા સાથે તમે તેમનો હિસ્સો છો.

**કચ્છનું રણ, ગુજરાત**

સૂર્યાસ્ત પછી રણ ચમકવા લાગે તે પણ એક અવિસ્મરણીય અવસર છે. નિરંતર ફેલાયેલું સફેદ મીઠું અરીસાની જેમ પ્રકાશના છેલ્લાપગેરાને પકડે છે. અને રાતનું સંપૂર્ણ આગમન થવા પર મીઠાનું રણ ગાયબ થઈ જાય છે. તેની જગ્યા ઉપર તારલાઓનો મહાસાગરઅને નીચે તેનું ભૂતિયું પ્રતિબિંબ લઈ લે છે. ધરતી ક્યાં પૂરી થાય છે અને આકાશ ક્યાં શરૂ થાય છે તે તમને સમજાશે નહીં.

કચ્છનું રણ ફક્ત સ્થળ નથી. તે નજારો છે. રણઉત્સવ દરમિયાન આ સુંદર નિસર્ગસૌંદર્ય સંગીત, નૃત્ય, હસ્તકળા કારીગરી અને ખુશીથી જીવંત બની જાય છે. જોકે ઉજવણી વચ્ચે પણ ટોળાથી થોડું દૂર નીકળો અને ઉપર જુઓ, ઉત્સવ અને સ્થિરતા વચ્ચે વિસંગતી મંત્રમુગ્ધ કરનારી હોય છે.

**જેસલમેર અને થારનું રણ, રાજસ્થાન**

જો રણ અરીસો છે તો થારનું રણ મંચ છે. અહીં રાત્રિના આકાશના વિશાળ ફલક હેઠળ ટેકરીઓ થિજાયેલી લહેરોની જેમ ઊભરે છે.જેસલમેર અથવા તેની આસપાસમાંથી તારલાઓ જોવા તે સુંદર નજારો હોવા સાથે સાંસ્કૃતિક પણ છે. રણની લોકકથાઓ ઈશ્વર,તારલાઓ અને ચંદ્રપ્રકાશમાં ભટકનારા વિશે બોલે છે. અને તમે ઊંટ સવારી પછી રેતીની ટેકરી ઉપર મેટ્રેસ પર ચત્તા સૂતા હોયત્યારે શાંતિ તે વાર્તાઓને જીવંત કરે છે.

દિવસમાં જેસલમેરનું સોનેરી શહેર રેતીના પથ્થરોનો કિલ્લો, હવેલીઓ અને બજારો સાથે ધમધમે છે. જોકે સૂર્ય આથમે અને તમે સેમઅથવા ખુરી ખાતે સવારી કરો તેમ ગતિ ધીમી થાય છે. ઠંડો પવન ફૂંકાય છે. તારલાઓનું એક પછી એક આગમન થાય છે - પ્રથમ વિનસ,પછી ઓરિયન અને તે પછી પ્રાચીન પ્રકાશની સંપૂર્ણ આકાશગંગા દેખાય છે.

**કૂર્ગ, કર્ણાટક**

હરિયાળા પશ્ચિમી ઘાટમાં સ્થિત કૂર્દ અથવા કોડાગુ તેની ધુમ્મસિયા સવાર અને ચોમાસાથી પલળેલી ટેકરીઓ માટે પ્રસિદ્ધ છે.જોકે શિયાળો આવે, વરસાદ પાછો જાય અને આકાશ સાફ થાય ત્યારે આ કોફીના સુગંધથી મઘમઘતું હિલ સ્ટેશન મંત્રમુગ્ધ કરનારાતારલા જોવાના સ્વર્ગમાં ફેરવાઈ જાય છે.

કૂર્ગને તેનું એલીવેશન અથવા ઓછા પ્રકાશનું પ્રદૂષણ નહીં પણ તેની લાગણી તેને વિશેષ બનાવે છે. શહેરના ધમધમાટથી જોજનો દૂર,જંગલો અને વૃક્ષોથી ઘેરાયેલી રાત્રિ અંગત, ખાનગી મહેસૂસ કરાવે છે. જાણે આકાશ તમારે માટે જ ખૂલી ગયું છે.અહીંનું આકાશ મોસમ સાથે બદલાય છે. ચોમાસાનાં વાદળાં મૂડ અને રહસ્ય લાવે છે, જ્યારે ચોમાસા પછી આકાશ સાફ,કકરું અને ઠંડું હોય છે, જે તારામંડળને જોવા માટે ઉત્તમ હોય છે.

**સાતપુરા નેશનલ પાર્ક, મધ્ય પ્રદેશ**

સાતપુરામાં જંગલનું તારલાઓ સાથે મિલન થાય છે. ભારતના રાષ્ટ્રીય ઉદ્યાનોમાં ઓછું જ્ઞાત રત્ન સાતપુરા કાંઈક દુર્લભ પ્રદાન કરે છે, જે એક રાતમાં રાત્રિભોજન સાથે વાઈલ્ડલાઈફ અને દિવ્ય અજાયબીઓ જોવાની તક આપે છે. નાઈટ સફારી પર હોય, તારલાઓના છત્ર હેઠળ સઘન સાલનાં જંગલો થકી ડ્રાઈવ કરતા હોય તેવી જરા કલ્પના કરો. જંગલની હરિયાળી, પ્રાસંગિક ઘુવડ અથવા સાંબારના અવાજ અને તમારી ઉપર બ્રહ્માંડનું ધીમું નૃત્ય.

સાતપુરાને અજોડ બનાવતું હોય તો તેના નીચા પ્રભાવવાળા પર્યટન પર તેની એકાગ્રતા છે. જૂજ વાહનો, શાંત લોજ અને ધીમી ગતિ,આ બધું જ રોમાંચક રીતે તારલા જોવા માટે ઉત્તમ સ્થિતિ નિર્માણ કરે છે.

**નીલ અને હેવલોક આઈલેન્ડ્સ, આંદામાન અને નિકોબાર**

બંગાળની ખાડીમાં, મુખ્ય ભૂમિકાની ચમકથી દૂર આંદામાન ભારતમાં અમુક સૌથી અંધકારમય અને અમુક એકદમ સાફ આકાશ પ્રદાન કરે છે.નીલ અને હેવલોક આઈલેન્ડ્સ પર તારલા જોવા તે પ્રવૃત્તિ નથી, પરંતુ અસ્તિત્વની સ્થિતિ છે. ભૂરાં જળમાં સ્નોર્કેલિંગ અને સ્કુબા ડાઈવિંગમાં દિવસ વિતાવ્યા પછી તમે રાધાનગર અથવા સીતાપુર જેવા શાંત બીચ પર બેસીને બસ ઉપર જોતા રહો છો. સહેજ અથવા બિલકુલકૃત્રિમ રોશનાઈ વિના અને સાફ સમુદ્રની હવા સાથે આ ટાપુઓ આકાશનો અદ્દભુત નજારો પ્રદાન કરે છે.

આ "આકાશ + સમુદ્ર"નો અદ્દભુત અનુભવ છે. દિવસમાં તમે પેરટફિશ અને રેઈઝ સાથે સ્વિમ કરો છો અને રાત્રે તમે નક્ષત્રોનું પગેરું મેળવો છો અને તૂટતા તારલાઓને જુઓ છો. જો તમે ભાગ્યશાળી હોય તો જળમાં જૈવપ્રકાશ ઉપરના તારલાઓનું પ્રતિબિંબ પાડે છે. જાણે કે નિસર્ગ કહેતું હોય, ઉપરની જેમ, બહુ નીચે.

દિવસના અંતે તારલા જોવા એટલે મોંઘા ગિયર અથવા નક્ષત્રોની યાદી છેકતા રહેવા પૂરતી બાબત રહેતી નથી, પરંતુ તે તમને ધીમા પાડે છે,ઉપર જોવડાવે છે અને અજાયબીને તમને સ્પર્શવા દો છો. ભારત તેની પહાડીઓ, રણ, જંગલો અને ટાપુઓ સાથે એવાં અસંખ્ય સ્થળ આપે છે, જ્યાં આ અજાયબી શહેરના પ્રકાશની ચમકથી હજુ અણસ્પર્શી છે.

તો આગામી સમયે તમે હોલીડેનું નિયોજન કરશો ત્યારે દિવસના પ્રકાશમાં જોવાનાં સ્થળ વિશે જ વિચારો નહીં. અંધકાર પછી તમારે માટે વાટ જોતી વાર્તાઓ - નક્ષત્રો, શાંતિ અને કોઈક અનંતનો હિસ્સો બનવાની લાગણી વિશે વિચારો. કારણ કે અમુક વાર ઉત્તમ પ્રવાસ સૂર્યાસ્ત થયા પછીશરૂ થાય છે.

નીલ પાટીલ, વીણા પાટીલ અને સુનિલા પાટીલના દર અઠવાડિયે અખબારોમાં પ્રસિદ્ધ થતા લેખ વીણા વર્લ્ડની વેબસાઇટ veenaworld.com પર વાંચવા માટે ઉપલબ્ધ છે.

તારલાં ભરેલા આકાશ નીચે, યાદગાર સફર શરૂ થાય...

કચ્છનો રણ ઉત્સવ હોય કે રાજસ્થાનના રેતીલા ટેકરીઓ, દક્ષિણ ભારતનાં હરિયાળા પહાડ હોય કે આકર્ષક આંદામાન, દરેક મુસાફરી તમને નવું આકાશ, નવી કહાની આપે છે.

| | | | |
|---|---|---|---|
| રણ ઉત્સવ ગુજરાત (6D) Nov 10, 17, 24 50000 - 60000 | રણ ઉત્સવ વિથ સ્ટેચ્યુ ઑફ યુનિટી (8D) Nov 14, Dec 5 - 65K-70K | જેસલમેર જોધપુર (5D) Nov 16, Jan 11 41000-45000 | રાજસ્થાન મારવાડ (8D) Oct 5, 26, Nov 3,11 45000-55000 |
| ઉટી કુર્ગ મૈસૂર બેંગલુરુ (8D) Nov 8, Dec 6 60000 - 65000 | ઉટી કુર્ગ મૈસૂર ચિકમંગલુર (10D) Oct 5, Jan 25 79000 - 85000 | કુર્ગ મૈસૂર બેંગલુરુ (6D) Nov 23, Dec 21 47000 - 59000 | ભોપાલ પચમઢી મઢાઈ (6D) Nov 18, Jan 13 45000 - 50000 |
| ભોપાલ સાંચી મધાઈ (4D) Nov 16, Feb 8 25000 - 32000 | બેસ્ટ ઑફ આંદામાન (7D) Oct 12, 21, 26, 28 80000 - 87000 | વંડર્સ ઑફ આંદામાન (8D) Nov 6, Feb 19 80000 - 90000 | ઑલ ઑફ આંદામાન (12D) Oct 27, Jan 19 116000 - 120000 |

*T&C Apply

Book Online 365 days 24x7 Visit veenaworld.com



દેખો અપના દેશ
દિલ સે! પ્યાર સે! સમ્માન સે!
ચાલો, બૅગ ભરો, નીકળી પડો!
વીણા વર્લ્ડ સંગાથે!

Email: travel@veenaworld.com | veenaworld.com
Toll-Free: 1800 313 5555 | 1800 22 7979

VEENA WORLD
Travel. Explore. Celebrate Life.

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# હું માફી માગું છું...

સરેરાશ માંડીએ તો અઢીએક હજાર વર્ષ પછી વિશ્વમાં અવતારોનું આગમન થતું હોય છે. કૃષ્ણ પછી મહાવીર, બુદ્ધ, લાઓત્ઝુ છે. એ બાદના અને પાંચ સો વર્ષ વહેલા આવ્યા એનોય આનંદ તો છે જ. પણ... આ સર્વને ગૂંથીને એક માફીમાળા બનાવીએ તો કૈંક આવી બનેઃ 'રામના ધનુષ્ય-બાણ, કૃષ્ણનું સુદર્શન ચક્ર, પરશુરામનું ધારીયું, મહમ્મદની તલવાર અને જીસસનું પ્રતીકાત્મક શસ્ત્ર' - આ બધાં આ સર્વના ભગવાનપૂંજની લગાર ઓછપ છે. આપણાંમાં આ સર્વનાં કોઈ પણ આચરણ પ્રતિરૂપ સહેજ પણ માત્રામાં હોય તો આજે જ એને કરુણાના રબરથી ભૂંસીએ...

*પહોંચી હો જો હાનિ તો હવાની માફી માગું છું,*
*બની હળવા ધરા પર ચાલવાની માફી માગું છું*

અને દૃષ્ટાંત તો કેવું મુકાયું છે બે હજાર વર્ષ પહેલાં! કોઈ થૂંકે બુદ્ધના મ્હોં પર અને થૂંક પૌંછતા બુદ્ધ કહે કે તારી વાત પૂરી થઈ ગઈ હોય તો હું નીકળું, આગળ જવાનું છે... અને મહાવીર!!! કાનમાં ખીલા ઠોકવાની વાત તો જાણો છો છતાંય બાપાજી (ઓશો)ના લહેજામાં કહુંઃ મહાવીર નગ્ન ઊભા છે સિરોહી રાજસ્થાનનામાં કોઈક વૃક્ષની નીચે ધ્યાનસ્થ... આ વાત છે એ બાર વર્ષોની જ્યારે મહાવીર મૌન હતા અને ધ્યાનમાં સતત લીન. એક ગડરિયો, ગોવાળીયો ગાયો ચરાવી રહ્યો હતો. ઘરથી કોઈક કામ માટે કહેણ આવ્યું, ગડરિયાએ જોયું કે આ માણસ ઊભો છે નાગો, કંઈ કામ વગરનો તે બોલ્યોઃ ભાઈ જરા આટલું કરજે. મારી ગાયો પર નજર રાખજે' એ તો કહીને ચાલી ગયો, એણે જોયું ય નહીં કે ઊભેલા માણસે ન હા કહી ન ના કહી, એ તો ઊભો જ રહ્યો છે ચૂપચાપ, ઊભો જ છે અહીં નક્કામો, બેકાર, સમય બગાડે છે... જોયા કરશે ગાયોને. હવે મહાવીરને તો મૌન એટલે ના ય ના કહી. હા ય નહીં. ચૂપચાપ ઊભા જ છે. ગડરિયાએ તો મૌનને સમ્મતિ માની લીધું. ગયો ઘેર. હવે ગાયનો તો શો ભરોસો! ચરતાં ચરતાં જંગલમાં અંદર ચાલી ગઈ. ગોવાળ આવ્યો તો જોયું કે માણસ તો ત્યાંનો ત્યાંજ છે પણ ગાયો બધી ગાયબ! આ માણસ તો બદમાશ, શરારતી, દગાબાજ લાગે છે. આમ તો એમ બનીઠનીને ઊભો છે જાણે મોટો ત્યાગી તપસ્વી હોય... કદાચ આજુબાજુમાં એના બીજા ગઠિયા-ગોઠિયા ય સંતાયા હોય જે ગાયોને લઈને પલાયન થઈ ગયા હોય. પૂછ્યુંઃ કેમ ભાઈ? ગાયો ક્યાં? સામે મહાવીર મૌન. 'મારામારી થઈ જશે.' સામે મૌન. 'બહેરો છે? સંભળાતું નથી? સામું મૌન. 'અચ્છા? એટલે મને ઉલ્લું બાનવે છે કે તું બહેરો છું? તો લે કરી નાંખું તને બહેરો...' એણે બે લાકડીઓ ઉપાડીને ઠોકી નાંખી પથ્થરથી મહાવીરના કાનોમાં કાનમાંથી તો લોહીના ધૂધવા... કાનના પર્દા ફાટી ગયા અને છતાંય અવિચળ સ્થિર પજ્ઞા સાથે લીન ઊભા છે મહાવીર એમના એમ... ગયો કાનમાં ખીલા ઠોકીને ગોવાળીયો ગાયો શોધવા. થોડેક જ દૂર ગાયો તો ચરતી મળી ગઈ. પસ્તાયો બહુ. કથા પ્રમાણે ઈન્દ્રને બહુ ઉદ્‌વેગ વ્યાપ્યો એક નિર્દોષ વ્યક્તિને અકારણ પીડા મળી એ વાતે લાંબી વાત ટુંકાવું. નથી કોઈ ઈન્દ્ર કે ના કોઈ આકાશથી પોતાના ભાગનો આભ-દરવાજો ખોલીને નીચે સેવામાં આવે છે. જે આટલી સહિષ્ણુતાથી સભર હોય, આખું ય અસ્તિત્વ એને સાથ દેવા તત્પર હોય છે. ન ક્રોધ, ન પ્રતિશોધ. કેવળ કરુણા.

નાટ્યકાર સૌમ્ય જોશી એમના સામર્થ્યને જ્યારે અછાંદસ કવિતા તરફ વાળે છે ત્યારે શું સિદ્ધ કરે છે, એ જાણવું છે?



*ભગવાન મહાવીર અને જેઠો ભરવાડ*

*આ સ્યોરી કેવા આયો સું ન ઘાબાજરિયું લાયો સું.*
*હજુય દુઃખતું હોય તો લગાડ કોન પર ન વાત હોંભર મારી.*
*તીજા ધોરણમાં તારો પાઠ આવ છઃ 'ભગવોન મહાવીર'.*
*અવ ભા ના પાડતા'તા તોય સોડીન ભણવા મેલી મોંડમોંડ.*
*તે ઈણે ઈસ્કૂલથી આઈને પથારી ફેરવી કાલ.*
*ડાયરેક્ટ ભાને જઈને કીધું*
*ક આપડા બાપ-દાદા રાક્ષસ તો મહાવીરના ભગવોનનાં કોનમાં ખીલા ઘોંચ્યા.*
*હવ ભાની પરશનાલિટી તન ખબર નહીં.*
*ઓંખ લાલ થાય એટલે શીધ્ધો ફેંશલો.*
*મને કે ઈસ્કૂલેથી ઉઠાડી મેલ સોડીન.*
*આ તારા પાઠે તો પથારી ફેરવી હાચ્ચન.*
*હવે પેલાએ ખીલા ઘોંચ્યા એ ખોટું કર્યું મુંય માનું સું.*
*પણ ઈન ઓછી ખબર હતી તું ભગવોન થવાનો*
*ને તીજા ધોરણમાં પાઠ આવવાનો તારો*
*ઈનું તો ડોબું ખોવઈ જવું તો ગભરઈ જ્યો બિચારો*
*બાપડાના ભા મારા ભા જેવા હશે*
*આ મારાથી ચંદી ખોવઈ જઈતી તો ભાએ ભીંત જોડે ભોડું ભટકઈન બારી કરી આલી'તી ઘરમોં*
*તો પેલાનું તો આખું ડોબું જ્યું તારા લીધે*
*દિમાગ બરાબર તપ્યું હશે તો ઘોંચી દીધા ખીલા*
*વોંક ઈનો શી. હાડીહત્તર વાર ખરો*
*પણ થોડો વોંક તારોય ખરોક નઈ?*
*અવ બચારો ચ્યોંક જ્યો*
*તો બે મિનિટ આંસ્યું ફાડીન ઈનું ડોબું હાચવી લીધું હોત તો શું તું ભગવોન ના થાત?*
*તારું તપ તૂટી જાત?*
*અવ ઈનું ડોબુંય ઈનું તપ જ હતુન ભઈ?*
*ચલો એય જવા દો*
*તપ પતાઈન મોટો માત્મા થઈન બધાન અપદેશ આલવા માંડ્યો પસીય તા ઈમ થ્યું ક પેલાનું ડોબું પાછું અલાઉ?*
*તું ભગવોન, માર તન બઉ સવાલ નહીં પૂસવા*
*મુ ખાલી એટલું કઉસું ક વોંક બેયનો સે તો ભૂલચૂક લેવીદેવી કરીન પેલો પાઠ કદાચન ચોપડીમથી*
*હખેથી ભણવા દેને મારી સોડીન*
*આ હજાર દેરાં શી તારાં આરસનાં તો એક પાઠ નઈ હોય તો કંઈ ખારુમોરુ નઈ થાત.*
*તોય તન એવું હોય તો પાઠ ના કાઢઈસ બસ*
*ખાલી એક લીટી ઉમેરાય ઈમોં*
*ક પેલો ગોવાળિયો આયો'તો.*
*સ્યોરી કઈ જ્યો સ,*
*ન ઘાબાજરિયું દઈ જ્યો સ.*

આજે આટલું જ... ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@
bombaysamachar.com




## થીજી ગયેલી પળમાં ફફડતા જીવની રોમાંચક કથા

જ્યોતિએ ડો. શાહની કેબિનનો દરવાજો ખખડાવ્યો, પણ પરમિશનની રાહ જોયા વિના જ અંદર પ્રવેશી.

'સર, રિપોર્ટસ.'

ડો. શાહે કાગળિયા હાથમાં લીધા ત્યાં જ્યોતિ બોલીઃ 'નિર્મલ પરીખ ઔર મિસ એક્સ પણ પોઝિટીવ છે.'

'ઓહ..' ડો. શાહ માત્ર એટલું જ બોલ્યા.

'સર, આપણે હવે મિસ એક્સને ક્યાં રાખીશું? કેમ કે આપણે મહિલાઓના વોર્ડમાં પુરુષોને રાખ્યા છે...મિસ એક્સ કોરોનાની પહેલી દરદી છે.'

'હમણાં તો એને ઑપરેશન થિયેટરમાં જ રાખો, પછી જોઇએ.'

ડો. શાહે ઇન્ટરકોમ પર નંબર ઘૂમાવ્યો. 'નીચે આવી જાઓ.' થોડીવારમાં જ સોલંકી ડો. શાહની કેબિનમાં હતો.

રિપોર્ટ એના હાથમાં આપતા બોલ્યાઃ 'નિર્મલ અને મિસ એક્સ બન્ને....'

સોલંકીને બાકીનું સમજતા વાર ન લાગી. એને શંકા તો હતી જ. આગલે દિવસે નિર્મલને તાવ હોવાના સમાચાર એને મળી ચૂક્યા હતા. કોરોનાના રિપોર્ટે એની પર મહોર મારી દીધી. દિમાગમાં ઘૂમરાતા વિચારો સાથે નિર્મલના વોર્ડમાં ગયો. નિર્મલ ઓશિકાને ટેકે બેસીને બારીની બહાર જોતો બેઠો હતો. પવન પડી ગયો હતો. પીળાપચક પાંદડાંનો ઢગલો મૂર્છીત હતો. સુકું થડ હતું...બધું જડ હતું, અચેતન હતું. કાળા ડામર જેવા પ્લાસ્ટીકમાં મુશ્કેટાટ બાંધેલા મડદાને માસ્ક પહેરેલા ગોપાળ અને હરિએ ઊંચકીને એમ્બ્યુલન્સમાં હડસેલ્યું. ડ્રાઇવરે સાયરન વગાડ્યા વિના એમ્બ્યુલન્સ મારી મૂકી, પણ નિર્મલના કાનમાં તેનો કર્કશ અવાજ શોર મચાવી ગયો. નિર્મલની થીજી ગયેલી પળમાં જિજીવિષાનું પોત પાતળું બની રહ્યું હતું.

'નિર્મલ પરીખ' સોલંકીના અવાજે એની જડ સ્થિતપ્રજ્ઞતામાં કોઇ વિક્ષેપ ન પાડ્યો. સોલંકીએ બીજીવાર જરા મોટેથી કહ્યું. એણે ધીરેથી મોં સોલંકી તરફ ફેરવ્યું. એણે સોલંકીના ચહેરા પર અંકિત મેડિકલ રિપોર્ટ વાંચીને મોં ફરી બારીની બહાર કરી લીધું.

'યુ આર પોઝિટીવ.'

નિર્મલનો ચહેરો ફિક્કો ન પડ્યો. વેદના વાચા બનીને બહાર ન નીકળી...

પહેલે દિવસે હોસ્પિટલના આંગણામાં પડેલાં મૃતદેહોની જડતા એની અંદર પ્રવેશી ચૂકી હતી.

* * * *

સોલંકીએ પવિત્રાને ફોન કરીને રિપોર્ટની જાણ કરી. એણે બીજી કોઇ વાત ન કરી કેમ કે એના મનમાં મિસ એક્સનો વિચાર ઘૂમી રહ્યો હતો. એના રિપોર્ટની જાણ કોને કરવી...? કોણ હશે એનું આ દુનિયામાં....? મિસ એક્સ

જી. જી. ભોય હોસ્પિટલનો એક કોયડો હતી...એક પેચીદો પ્રશ્ન હતી.

* * * *

સોલંકીના ફોન પછી પવિત્રાની વ્યાધિમાં મૂંઝવણ ઉમેરાઇ હતી. હવે શું કરવું? કઇ રીતે પપ્પા-મમ્મી...કિનુને કહેવું? તેઓ આ સમાચાર જીરવી નહીં શકે...એમના પર કેવી વિતશે? વિચારોના મોજાંઓ મનના કિનારે આવી આવીને અથડાયા કરતાં હતાં. પવિત્રા જ્યારે કોઇ વાતે મુંઝાય ત્યારે સૂકેતુને યાદ કરે. નિર્મલ અને પવિત્રાની નાની નાની વાતોથી સૂકેતુ વાકેફ હોય. એ પવિત્રાના અતિશય લાગણીશીલ સ્વભાવને સારી રીતે જાણે. પવિત્રા ક્યારેક લાગણીના અતિરેકમાં આવીને પગલું ભરે તો ક્યારેક બહુ જ વ્યવહારુ અભિગમ અપનાવે. સૂકેતુએ હંમેશાં પવિત્રાના વિચારોની અકારણ-સકારણ ઉઠેલી આંધીને અંકુશમાં લીધી હતી. પવિત્રાએ પોતાના સુખ-દુઃખના સાથી અને સારથી સૂકેતુને ફોન લગાવ્યો.

'સુકુ, જે નહોતું થવું જોઇતું એ જ થયું.'

સૂકેતુ ઓહહહહ બોલીને પણ પવિત્રાને વ્યથિત કરવા માગતો ન હતો.

'હવે શું કરશું?' એણે પૂછ્યું.

'સુકુ, હું પણ તને એ જ પૂછું છું હવે શું કરશું....મને કંઇ સૂઝતું નથી.'

'તેં મમ્મી-પપ્પાને વાત નહીં જ કરી હોય આઇ એમ શ્યોર.'

'ના નથી કરી....'

'પહેલાં તું એમને જે હકીકત છે એ કહી દે. મૂંઝવણ દૂર કરવાનો એક માત્ર રસ્તો સત્ય હકીકત કહી દેવી એ છે. હકીકતનો સામનો કરવાથી દિલ પરનો બોજ હળવો થઇ શકે. એકવાર તું તારા મન પરનો ભાર હળવો કર પછી પરિસ્થિતિને સંભાળવાની તારામાં આપોઆપ શક્તિ આવશે.'

> 'નિર્મલની થીજી ગયેલી પળમાં જિજીવિષાનું પોત પાતળું બની રહ્યું હતું.'

સૂકેતુની હૈયાધારણથી પવિત્રાના હૈયામાં હામ આવી. એણે મોબાઇલ મૂકીને મમ્મી-પપ્પા અને કિનુને નિર્મલના પોઝિટીવ રિપોર્ટની વાત કરી. પવિત્રા બધાના ભાવુક પ્રતિભાવો માટે સજ્જ હતી, પરંતુ એના આઘાતની વચ્ચે બધાના ગંભીર ચહેરા પર અકળ મૌન હતું, કોઇ રોકકળ નહીં, કોઇ આક્રંદ નહીં. કદાચ કુટુંબ પર તૂટી પડેલી આફતના આભને આક્રંદથી અટકાવવાની પોતાની અસમર્થતાએ મમ્મી-પપ્પાને સજ્જ કરી દીધા હતાં. મમ્મી-પપ્પા અને કિનુ એક પછી એક ઊભા થઇને પવિત્રાને વળગીને એની ફરતે વીંટળાઇ ગયાં. વડને વડવાઇઓ વીંટળાઇ વળે એમ..!

* * * *

નિર્મલને લઇને નર્સ જ્યોતિ ઉપરના વોર્ડમાં દાખલ થઇ ત્યારે છેક છેલ્લાં બેડ પર સૂતા ઇલિયાસની નજર પડી. એ પલંગ પરથી ઊભો થઇ ગયો.

'યા અલ્લા.....યહ તૂને ક્યા કિયા? મૈં મેરે દોસ્ત કે લિયે રોઝ દુઆ માંગતા રહા ઔર તૂને ઉસકો ભી કોરોના દે દિયા? મૈંને ઉસકે લિયે દૂઆ માગીથી તૂને દર્દ દે દિયા? નિર્મલ મેરે દોસ્ત, એસા ઝટકા નહીં દેને કા.'

નિર્મલ કંઇ બોલ્યો નહીં. માત્ર ઇલિયાસને જોયા કર્યું.

લાગણી કેમ જનમતી હશે? આત્મિયતા કઇ રીતે બંધાતી હશે? જન્મથી જોડાયેલા સંબંધ સમજી શકાય, પણ ક્યારેક ક્યાંક મળીએ અને જોડાઇ જઇએ એ શું છે?

'નર્સ મેડમ, પ્લીઝ ઉસકો મેરી બાજુવાલા બેડ દો ના...પ્લીઝ.'

'ઓર કોઇ બેડ ખાલી હી નહીં. તુમ્હારી બાજુ કા બેડ દેતી હું. વાહ, ક્યા દોસ્તી હૈ...નીચે ભી સાથ મેં, ઉપર ભી સાથ મેં. ઇલિયાસભાઇ, દો દિલ કે બીચ ભલે હી અંતર ન રખો, લેકિન ફિઝિકલ દૂરી રખના...' નર્સ બોલી.

'અરે મેડમ, અમે નદીના બે કાંઠા...આમ જુઓ તો ભેગા અને આમ જુઓ તો જુદા. નદીને પાણી ભેગા રાખે....અમને કોરોના ભેગા રાખે છે.'

'તૂ તો કવિ લગતા હૈ...' નર્સે કહ્યું.

'મેં ના સમજુ આવી કવિતા-બવિતા. આ તો એક કવિ ફ્રૂટ લેવા આવે એ આવું બધું સંભળાવી જાય. ઇલિયાસે કહ્યું. નર્સ હસીને નીકળી ગઇ.

* * * *

શહેરભરમાં કોરોનાના કેસ વધી રહ્યા હતા. સરકારી ખાનગી અને મહાનગરની હોસ્પિટલો કેસોથી ઊભરાઇ રહી હતી. ઝૂંપડપટ્ટીઓ, ગીચ વિસ્તારોમાંથી આવતા કેસની સંખ્યા રોજેરોજ વધતી જતી હતી. રાજ્યના આરોગ્ય પ્રધાનનું રોજેરોજનું મીડિયા બુલેટીન એક રૂટીન બની રહ્યું હતું. વચ્ચે વચ્ચે મુખ્ય પ્રધાન મહોદય ટીવી પર આવીને લોકોએ આ નવા પડકારને કઇ રીતે ઝીલવો એની જરૂરી સૂચનાઓ આપી જતા.

ડો. શાહ, ડો. સાળુંખે અને સોલંકી ટીવી સામે બેસીને સમાચાર સાંભળી રહ્યાં હતાં.

મુખ્ય પ્રધાન રાબેતા મુજબ ટીવી પર બોલી રહ્યા હતાઃ 'રાજ્ય સરકાર પરિસ્થિતિ પ્રમાણે નવી નીતિઓ લાવીને કોરોનાનો મુકાબલો કરવા મહેનત કરી રહી છે, પણ છૂપાવેશે ઘૂસી આવેલો કોરોના એને માત કરાય તે પહેલાં મોત આપી દે છે....સરકારી તંત્ર...આરોગ્ય ખાતું બધી રીતે સજ્જ છે.

સરકારે તોસિલિઝુમેબ નામના ઇન્જેક્શન ઉપલબ્ધ કર્યા છે જે બધી હોસ્પિટલોને પહોંચતા કરાઇ રહ્યા છે. જોકે એનો ક્વોટા શરૂઆતમાં ઓછો હશે. એક હકીકત એ પણ છે કે આ રોગ નવો છે. કમનસીબે એનો ઉપચાર ભલે નથી, પણ ઉપાય છે....અને એ ઉપાય છે અસ્પૃશ્યતા....! સ્પર્શ જીવલેણ છે. ડિસ્ટન્ટસ રાખો.'

રાજ્યના મુખ્ય પ્રધાનના બુલેટીનમાં ઇન્જેક્શનની વાત નવી હતી. આરોગ્ય ખાતા તરફથી મળેલા નોટિફિકેશન મારફત ડો. શાહને આની જાણકારી મળી ગઇ હતી. સોલંકી ઇન્જેકશનનો ક્વોટા મેળવવાની સતત કોશિશમાં હતો. ડો. શાહે ન્યૂઝ ચેનલ બદલી, જ્યાં આરોગ્ય પ્રધાન બોલી રહ્યા હતાઃ 'સરકાર ખાનગી લેબોરેટરીઓને પણ ધીમે ધીમે પરીક્ષણની મંજૂરી આપશે. હવે કોરોનાના ટેસ્ટ માટે પુણેની લેબોરેટરી પર આધાર રાખવો નહીં પડે. અત્યારે માત્ર એક-બે ખાનગી લેબોરેટરીઓને પરીક્ષણની પરમિશન છે. ટેસ્ટ કરાવનારે જોકે ખાનગી ડોક્ટરની ચિઠ્ઠી લાવવી અનિવાર્ય રહેશે.' ડો. શાહે ટીવીની સ્વીચ ઓફ કરી.

'રાજ્ય સરકારનું આ પગલું સારું છે.....ઇટ્સ એ ગુડ ન્યૂઝ...' ડો. શાહે કહ્યું.

'સર, આપણે હોસ્પિટલની લેબમાં હવે બેને બદલે ચાર લેબ ટેક્નિશ્યનો ફરજ પર મૂક્યા છે...છતાં પણ..' ડો. સાળુંખેએ કહ્યું.

'એ લોકોએ પણ રાતપાળી કરવી પડે એ દિવસો દૂર નથી.' ડો. શાહે કહ્યું.

'સાહેબ, આજે મહિલાઓ દરદીઓની સંખ્યા બઉ બધી વધી ગેયલી છે. લાગે છે આપણે નીચેનો વોર્ડ મહિલાઓ માટે કરવો પડહે.' સોલંકીએ કહ્યું.

'ગ્રાઉન્ડ ફ્લોરના વોર્ડના દરદીઓને બીજે માળે ખસેડીને ત્યાં મહિલાનો વોર્ડ કરી દઇએ.' ડો. સાળુંખેએ કહ્યું.

'મેડમ, આગામી દિવસોમાં હોસ્પિટલ નાની પડશે. મને એંધાણ સારા નથી લાગતા.' ડો. શાહ પહેલેથી જ કોરોનાની ગંભીરતાને પામી ગયા હતા.

'સર, આપણે લોબીમાં પથારીઓ કરીને પણ દરદીઓની સારવાર કરીશું.' ડો. સાળુંખેએ કહ્યું.

'મેં બીજા થોડા મેડિકલ સ્ટુડન્ટસની વ્યવસ્થા કરી છે.' ડો. શાહ બોલ્યા.

બીજે દિવસે હોસ્પિટલમાં ભરતી થવા આવેલા દરદીઓમાં મહિલાઓની સંખ્યા વધુ હતી. સંખ્યા જોઇને બધાને આંચકો લાગ્યો. મહિલા દરદીઓથી પોણો વોર્ડ ભરાઇ ગયો. રાતપાળીમાં આવેલી નર્સ જયમાલા તો જોતી જ રહી ગઇ. દિવસ દરમિયાન શું બન્યું હતું એ બધું એણે સ્વીપર જયુ પાસેથી જાણી લીધું. પછી એ વોર્ડબોય હરીને લઇને મહિલા વોર્ડમાં ગઇ. મિસ એક્સ સિવાય બધી જ સૂતી હતી.

* * * *

બીજા માળે પુરુષોના વોર્ડમાં નાઇટ લેમ્પના ઝાંખા પ્રકાશમાં માત્ર બે પડછાયાઓ જાગતા હતા....નિર્મલ અને ઇલિયાસ. બન્ને ધીમા અવાજ વાતો કરતા હતા. ઇલિયાસનો અવાજ ક્યારેક વધી જતો, પણ નિર્મલ ખૂબ ધીમેથી વાત કરતો હતો.

'દોસ્ત, ચીનને કોરોના વાયરસ બનાયા કૈસે હોગા?' ઇલિયાસે સવાલ કર્યો.

'ચીનને નહીં બનાયા... લોગ એસા કહેતે હૈ, ન્યૂઝ પેપરવાલે લિખતે હૈ.' નિર્મલે ધીમેથી કહ્યું.

'નહીં, નહીં, ક્યા બાત કરતે હો.. ન્યૂઝ પેપરવાલે એસે થોડી લિખ ડાલતે હૈ..ઉન લોગોંને ઢૂંઢ નિકાલા હૈ કી યે ચીન કા હી પાપ હૈ.'

નિર્મલ હસી પડ્યો. 'ચીન મેં ભી લોગ મર રહે હૈ.'

'વહી તો બોલ રહા હું...ચીનને અપની ફેક્ટરીમેં બનાયા ઓર ટેસ્ટિંગ કરતે વક્ત લીક હો ગયા ઔર સારી દુનિયા મેં ફૈલ ગયા. ઉસકી બસતિ ઇતની ઝ્યાદા હૈ કી થોડે મર ગયે તો ઉન કો કોઇ ફરક નહીં પડતા.' ઇલિયાસ ચીનને માત્ર દોષીકરાર ઠરાવવાના ફિરાક નહીં, એને મોતની સજા આપવાના ફિરાકમાં હતો.

'યહ રોગ ફ્લુ જૈસા હી હૈ...કોઇ આદમીને નહીં બનાયા...બર્ડ યાની કી પક્ષી સે આયા હૈ.' નિર્મલે દલીલ કરી.

'યે અચ્છા હૈ...કૂછ ભી નયા રોગ આતા હૈ તો બર્ડ કા, મુરઘી કા યા મચ્છર કા નામ દેને કા. મલેરિયા મેં મચ્છર કા નામ આયા, ડેન્ગુમેં ભી મચ્છર કા નામ આયા...વો તો બિચારા ઉડતા રહેતા હૈ...જિસકો કોઇ પકડ નહીં સકતા ઉસકા નામ દેનેકા..' ઇલિયાસની વાત પર હસવું કે રોવું નિર્મલને સમજાતું નહતું.

ઇલિયાસ હવે મોટેથી બોલવા માંડ્યોઃ 'અમરિકા દુનિયા કા દાદા બન કે બૈઠા હૈ....તો ચીન કો પકડો ના..ઉસીને ઇસ વાઈરસ સે પુરી દુનિયા કો બાનમેં પકડ રખા હૈ.....ઇકોનોમી કી વાટ લગા દી હૈ....સબ દેશ મિલકે ઉસકા દાનાપાની બંધ કર દો. સાલેકુ અકેલા કર દો....ઔર ઉસકી લેબોરેટરી મેં જા કે ઉસકા કેમિકલ ફૈલા દો અખા ચીન મેં...!'

આજુબાજુવાળા કેટલાક લોકો જાગી ગયા...થોડાકે એના છેલ્લા શબ્દો સાંભળ્યા. એક ઉકળેલો જીવ બોલ્યોઃ 'હવે શાંતિથી સુવા દોને..એક તો કોરોનાની ચિંતામાં ઉંઘ આવતી નથી અને તમે મોટેમોટેથી ફાલતુ ચર્ચામાં લાગી પડ્યા છો. વાઈરસ જેણે પણ બનાવ્યો, મરવાનું તો આપણે જ છેને' નિર્મલ તરત જ સોરી કહીને વિચારવા લાગ્યો....કોરોના માનવસર્જિત હોય કે જાનવરસર્જિત, પરંતુ ઇલિયાસના આક્રોશમાં નિર્દોષોના જઇ રહેલા જીવની ચિંતા છે. (ક્રમશઃ)■

વલો કચ્છ

ડૉ. પૂર્વી ગોસ્વામી
feedback@
bombaysamachar.com

# પીડાને ભૂલી શ્રમ ને સૂઝબૂઝ થકી મેળવી સિદ્ધિ...

કચ્છની ધરતી જાણે કળા અને તે માટે કળાતું ખમીરી રજૂ કરતી હોય તેવું લાગ્યા કરે. અહીંનું ગામડે ગામડું કલા રતન વીંટાળીને બેઠું છે. કચ્છનું અર્બન ક્રાફ્ટ તરીકે હમણાં હમણાં અંકોડીનું ગૂંથણ પ્રખ્યાત થઈ રહ્યું છે. મુન્દ્રા તાલુકાના રામાણીયા ગામની કહાની કંઈક એવું જ કહે છે. એક સુપ્રસિદ્ધ કહાની માટે તો આ ગામ આમેય નિમિત્ત રહ્યું છે. વાત માંડું એ પહેલા નાની વાત લિજ્જત પાપડની. ૭ બહેનોની ઔપચારિક મંડળીએ પાપડ બનાવવાના શરૂ શું કર્યા કે જે આજે હજારો બહેનોની રોજીરોટી આપવાની સાથે દેશભરમાં પાપડ ઉદ્યોગમાં ઊભી થયેલ અવ્વલ સિદ્ધિના મૂળમાં તે આ ગામ જ. એ જ નાનકડા ગામમાં જન્મેલી કાજલ ભચુભાઈ દનીચા આજે પોતાના જુસ્સા અને હિંમતથી કચ્છનું નામ વિશ્વમાં પહોંચાડવાની કગર પર છે.

કાજલની ઓળખ માત્ર એક અંકોડીનું ગૂંથણ (ક્રોશેટ આર્ટ) કરતી કલાકાર તરીકે નહીં પરંતુ સંઘર્ષમાંથી ઝળહળતું આશાનું કિરણ તરીકે આપી શકાય. બાળપણમાં માતા અને દાદી પાસે બેઠા બેઠા ગૂંથણ શીખેલી કાજલ થાળ પર ઢાંકવાના નાના રૂમાલ એક સોયાનું અંકોડી ગૂંથણ દ્વારા બનાવતી. સમય જતાં એની આંગળીઓએ અને મગજે ગતિ પકડી. હવે તેણે કોટન સાથે નાયલોન, વૂલન અને વેલ્વેટ થ્રેડનો ઉપયોગ કરીને સાડીની બોર્ડર, દુપટ્ટા, મફલર, પર્સ, ટોપી, ઘરેણાં, રમકડાં જેવા અવનવા નમૂના તૈયાર કર્યા છે. આજે તો તે ક્રોશેટની સુવર્ણ દુનિયામાં પોર્ટ્રેટ બનાવવાના પ્રયોગો તરફ પણ આગળ વધી રહી છે.

સૌ પ્રથમ ગાંધીધામમાં યોજાયેલા પ્રદર્શન મેળામાં તેણે નાયલોન થ્રેડ વડે બનાવેલા બહેનો માટેના ઘરેણાં રજૂ કર્યા. ત્યાંથી જ તેનું કળાજીવન તેજીથી આગળ વધ્યું. તે પછી તો એક પછી એક પ્રદર્શન, એક પછી એક ઓર્ડર સાથે જ જન્મતા ગયા નિતનવા સપનાઓ. માત્ર એક વર્ષના ગાળામાં કાજલે લાખોના ઓર્ડર પૂર્ણ કરીને પોતાના નામે શ્રમ અને સૂઝબૂઝનું અદ્‌ભુત ઉદાહરણ ઊભું કર્યું છે. તેની સૂઝબૂઝનો અનોખો એક કિસ્સો પણ ઘણો રોચક છે.



કાજલના જીવનનો એક પ્રસંગ સાંભળો તો તે માનવીને એક સાથે અચંબિત પણ કરે અને પ્રેરણા પણ આપે.

કાજલ અવારનવાર રામાણીયાથી ભુજ એસટીમાં મુસાફરી કરતી હોય. ઓર્ડર મુજબ તૈયાર કરેલા માલને કુરિયર કરવા માટે એ બેગ કે પર્સ લઈને આવતી હોય. પણ એ બેગ માત્ર માલ નહીં, કાજલની બુદ્ધિ અને માર્કેટિંગની અદાથી પણ ભરેલી હોય છે. એકવાર આવું બન્યું કે એ જ એસટીની મુસાફરીમાં, સામાન્ય ગણાતી સવારીમાં જ કાજલએ રૂપિયા ૨૨ હજારની કમાણી કરી નાખી! વેલેન્ટાઈન ડે હોવાથી મુસાફરી કરતાં યુવાનિયાઓએ ગિફ્ટ તરીકે કિચેન ખરીદીને કાજલને આ કમાણી કરાવી હતી. એક સામાન્ય એસટીની મુસાફરી પણ કાજલ માટે તો જાણે હરતુંફરતું એક્ઝિબિશન જ છે. કાજલની આ ઘટના સાબિત કરે છે કે કલા માત્ર હાથમાં નહીં, પરંતુ મનમાં હોવી જોઈએ; અને જ્યારે મનમાં જુસ્સો હોય ત્યારે બજાર કોઈ ચોક્કસ દુકાન કે મોલમાં નહીં પરંતુ જ્યાં માનવી પગ મૂકે ત્યાં જ ઊભું થઈ શકે છે. આજે કાજલનું Crochet Crowd બ્રાન્ડ નેમથી કામ ચાલે છે. સીમાઓ ઓળંગી દુબઈ, ઓસ્ટ્રેલિયા, સિંગાપોર જેવા દેશોમાં તેના ઓર્ડરો મેળવી ખુશ થતા ગ્રાહકોની મોટી શૃંખલા રચાઈ છે.

પરંતુ આ સફળતાના રસ્તા સહેલા નહોતા. લગ્નના છ મહિનામાં જ તેને પિયર પરત આવવું પડ્યું, કારણ કે પતિએ ન તો કઈ કામકાજ કર્યું અને ન નિભાવી જવાબદારી. સંસારની કઠિન પરિસ્થિતિઓએ કાજલને ઘેરી લીધી. છૂટાછેડાની પીડા, સમાજનો તિરસ્કારભર્યો વર્તાવ આ બધું સહન કરવું ૨૩ વર્ષની દિકરી માટે સ્વાભાવિક જ કઠિન હોવાનું! પણ કાજલે આ બધાને પોતાની યાત્રાના અવરોધ તરીકે નહીં પરંતુ પ્રેરણા તરીકે લીધું.

'કારીગર ક્લિનિક' સંસ્થાએ તેને માર્ગદર્શન આપ્યું. બિઝનેસ વેલનેસ કોર્સ દ્વારા કાજલે પોતાના હસ્તકલા કૌશલ્યને વ્યવસાયમાં ફેરવ્યો. આજે તેની સાથે ૨૭ બહેનો જોડાઈને મહિને દસથી બાર હજારની કમાણી કરે છે. આ કળા હવે તહેવારો સુધી મર્યાદિત નથી રહી, બારમાસી કમાણીનું સાધન બની છે.

એક સામાન્ય પરિવારની દીકરી, પિતાની કરિયાણાની દુકાન. આજે આંતરરાષ્ટ્રીય સ્તર સુધી પહોંચેલી કાજલે પરિવારની દિશા બદલી દીધી છે. એ પરથી સાબિત થાય છે કે પરિસ્થિતિઓ માણસને દબાવી શકે, પણ જો મનોબળ મજબૂત હોય તો એજ પરિસ્થિતિ માણસને ઊંચે ઊડવા માટે પાંખો પણ આપી શકે છે.

દસમા ધોરણમાં શાળા લાઈબ્રેરીમાં વર્લ્ડ રેકોર્ડની બુક વાંચેલી, પરંતુ ક્યારેય ધારણા નહોતી કે ખુદ રેકોર્ડ બનાવીશ. સળંગ ૪૨ કલાક સુધી અંકોડી ગૂંથણ કરીને કાજલે ઈન્ડિયા બુક્સ ઓફ રેકોર્ડ્‌સમાં પોતાનું સ્થાન મેળવ્યું છે. જીવન કોઈ પણ તબક્કે ગબડી પડતી યુવાપેઢી માટે કાજલનું ઉદાહરણ હિંમત, શ્રમ અને કુશળતાની રાહ પર આગળ વધવા પ્રેરણા આપે છે. ■

હાસ્ય વિનોદ

feedback@
bombaysamachar.com






# મંગળ અમંગળ

વિનોદ ભટ્ટ

***આપણી માતૃભાષાના વિખ્યાત હાસ્ય-સર્જક વિનોદ ભટ્ટનો આમ તો પરિચય આપવાનો હોય જ નહીં... એમની સદાય મરક મરક કરાવી જતી હાસ્ય કૃતિઓ જ વાચકોમાં આજે ય કેટલી લોકપ્રિય છે એ એનું પ્રત્યક્ષ પ્રમાણ છે...***

***એક સાવ નવા જ અલગારી વિષય સાથે આજથી 'મુંબઈ સમાચાર'માં શરૂ થતી એમની આ લેખમાળા 'મંગળ-અમંગળ' વિશે પોતાની હળવી શૈલીમાં ખુદ વિનોદભાઈ શું શું કહે છે એ સંક્ષિપ્તમાં જાણવું પણ રસપ્રદ રહેશે...***

***ઓવર ટુ ...***

આથી, હું ...વિનોદ ભટ્ટ, આજરોજ સત્ય-સંપૂર્ણ સત્ય તેમ જ ભેળસેળ વગરના ISI માર્કના શુદ્ધ સત્યના સોગંદ ખાઈને જાહેર કરું છું કે 'મંગળ અમંગળ'ના લેખો દ્વારા હું વાચકોને હસાવવા સિવાય મને કશું જ અભિપ્રેત નથી... આ લેખમાળાના નામને કારણે કોઇના મનમાં થતી ગેરસમજ ટાળવા જણાવું છું કે આ હાસ્યરસનું પુસ્તક છે, જયોતિષવિજ્ઞાનનું નથી...

આ જાહેરાત કરવા પાછળનું કારણ એ છે કે મારા ગ્રહો આજ-કાલ ખરાબ ચાલી રહ્યા છે એટલે બનવા જોગ છે કે 'મંગળ-અમંગળ' જેવું શીર્ષક વાંચીને કોઇ વાચક એ વાચે ને તેને જ્યોતિષશાસ્ત્ર અંગેની જોઇતી એક પણ વિગત તેમાંથી ન જડે એટલે છેતરાયાની લાગણી સાથે સીધો તે ગ્રાહક સુરક્ષા મંડળ પાસે જઇને ફરિયાદ કરે કે આ લેખકે મારા મનમાં એવી ખોટી સમજ ઊભી કરેલી કે આ લેખમાળા જયોતિષ અંગેની છે, પણ આમાં એમાંનું કશું જ નથી....

વાસ્તુશાસ્ત્ર અને જ્યોતિષશાસ્ત્રનો પ્રભાવ લોકો પર ઘણો છે, ભાઇઓ કરતાં બહેનો પર વધારે છે. અગાઉ મેં એક વાર મંગળ પર રમૂજ કરતો લેખ લખ્યો ત્યારે પણ એક ટેલિફોન ઓપરેટર બહેને મને કહ્યું હતું કે તેમની દીકરી બારમા ધોરણમાં બબ્બે વખત નાપાસ થઇ છે, તેનો મંગળ ભારે છે, તમે એ મંગળને પ્રસન્ન કરવાનો વિધિ કરી આપશો?

'જોશી' જેવી અટક કે પછી 'મહાત્મા' જેવાં વિશેષણ ધરાવનારા તરફ પ્રજાનો ભક્તિભાવ વધી જતો હોય છે. આપણા મહાત્મા ગાંધીનેય આનો અનુભવ થયો હતો. એક ડોકટરનાં પત્નીને ટી. બી. થયો હતો ને ઊંઘ નહોતી આવતી. એ બહેનને પોતાના ડોક્ટર પતિ કરતાં ગાંધીજીમાં વધારે શ્રદ્ધા હતી. તે દૃઢપણે એવું માનતી કે આ મહાત્માના હાથે સ્પર્શેલું ગંગાજળ પીવા મળે તો ઊંઘને આવ્યા વગર છૂટકો નથી. ગાંધીજીએ આ માટે પહેલાં તો ચોખ્ખી ના પાડી. પછી કદાચ કોઇએ તેમને કહ્યું હશે કે બાપુ, તમને ભલે ન લાગતું હોય, પણ તમે મહાત્મા હો તો હો પણ ખરા, તમારો હાથ અડકાવેલું પાણી આપવામાં શી હરકત છે? તમને એથી શો ફેર પડે છે? અને સાથીઓના આગ્રહથી તે સંમત થયા ને એ પવિત્ર પાણી પીવાથી દરદીને ઊંઘ આવવા માંડી.,,! ચમત્કારની વાતો આમ જ ફેલાતી હોય છે...

જ્યોતિષશાસ્ત્ર એ વિજ્ઞાન છે કે નહીં એની અત્રે ચર્ચા નથી કરવી, પણ કેટલાંક લોકો તો વિજ્ઞાનમાં નથી રાખતા એથીય વધારે શ્રદ્ધા જ્યોતિષમાં રાખતા હોય છે .

જ્યોતિષ તેમ જ મંત્ર-તંત્રમાં અનન્ય શ્રદ્ધા રાખનારાં કેટલીક વાર તો પોતે મેળવેલ વિજ્ઞાન પણ તડકે મૂકી દે છે. એક નાયબ કાર્યપાલક ઇજનેરે પોતાના કર્મચારીઓ પર વશીકરણ કરવા માટે તાંત્રિક વિધિ કરાવીને કચેરીના બારણા પર ઘોડાની નાળ લટકાવી દીધી હતી. પોતાના હાથ નીચેના માણસો, પોતે કહે એ રીતે, વગર વિચાર્યે ફાઇલો પર નોંધ મૂકીને પાસ કરી દે!

કાંકરિયા બાલવાટિકા ખાતે મારા પૌત્રોને ફરવા લઇ ગયો હતો. બાળકો ચકડોળમાં બેઠાં હતાં ને હું બાંકડે બેઠેલો. ત્યાં એક મુફલિસ જેવા માણસે મારી પાસે આવી મને પૂછયું : 'સાહેબ, ઘોડાની મંત્રેલી નાળ જોઇએ છે?' 'એનાથી શું થાય?' મેં પૂછ્યું. 'ઘણુંબધું થાય. ધંધો ચાલતો ના હોય તો સારો ચાલે, ધંધો દોડવા માંડે, બાળકોના લગ્નનો પ્રશ્ન ઊકલી જાય. ગરીબી, બેકારી, ગૃહકલેશ, દુશ્મનોથી રક્ષણ, પાગલપન તેમ જ વિદેશગમન જેવા વિષયો પર અચૂક ફાયદો થાય. કોર્ટકચેરીનો કેસ ઉકલી જાય.' તે અટક્યો એટલે મેં પૂછ્યુંઃ 'લગભગ કેટલામાં પડે?' 'કાળા ઘોડાના જમણા પગની નાળનો ભાવ રૂપિયા બસો એકાવન છે, અને સફેદ ઘોડાના પગની નાળનો ભાવ એકસો એકાવન છે...' તેણે નાળનો ભાવ જણાવ્યો. 'એ બેમાં શો ફેર?' મેં જાણવા માગ્યું.

'કાળા ઘોડાની નાળ વધારે અકસીર, અઠવાડિયામાં રિઝલ્ટ મળે, સફેદ ઘોડાની નાળમાં સમય થોડો વધારે લાગે. શનિવારે નાહી ધોઇને નાળ ઘરના બારણે ચોડી દેવાની, તમે ઇચ્છશો એ કામ તરત જ થઇ જશે. કાળા ઘોડાની નાળ બિલકુલ પાવરફૂલ છે. ફક્ત બસો એકાવન રૂપિયાનો જ સવાલ છે...' તે બોલ્યો. ખરેખર બસો એકાવન રૂપિયાનો જ સવાલ હતો, મારા પાકીટમાં માંડ એંસી રૂપિયા હતા. જોકે એ વખતે ઘોડાની નાળવાળાને મારી ગરીબીને બદલે તેની ખુદની ગરીબી દૂર કરવામાં વધારે રસ હતો. ખેર!...

અલબત્ત, અંગત રીતે હું બહુ આસ્તિક પણ નથી કે નાસ્તિક પણ નથી તે રેશનાલિસ્ટ તો છું જ નહીં. શુકન-અપશુકનમાં ખાસ માનતો નથી, પણ કોઇ સારા કામ માટે ઘરમાંથી બહાર નીકળતો હોઉં ત્યારે સામેથી આવતી ગાય મારી સામે શિંગડું ન વીંઝે તો મારા મનને સારું લાગે છે ને બિલાડી આડી ઊતરે તો મનમાં સહેજ ફડકો થાય છે કે કામ થશે કે પછી ઘરમધક્કો પડશે?... એ જ રીતે કોઇના બેસણામાં ગયો હોઉં ને એ વિસ્તારમાં જ કોઇ સગા-સ્નેહી કે મિત્ર રહેતાં હોય તો તેમના ઘેર જવાનું ટાળું છું. કવિ ડો. સુરેશ દલાલે ભલે કહ્યું કે 'હું એક બેસણામાંથી લગ્નની સત્કાર સમારંભમાં એવી રીતે જઉં છું જેમ મારા ડ્રોઇંગ-રૂમમાંથી બેડરૂમમાં જઉં છું.' પણ એટલી સહજતાથી હું બેસણામાંથી કોઇ સ્વજનને મળવા જઇ શકતો નથી. એટલું જ નહીં, કોઇ એ રીતે મારે ત્યાં આવી ચડે ત્યારે મારા મનમાં કચવાટ થાય છે કે મારા બેસણાનું રિહર્સલ કરવા આવ્યો છે આ જણ!

જ્યોતિષશાસ્ત્ર સૈકાઓથી શ્રદ્ધાને બદલે વિવાદનો વિષય રહ્યો છે. આ શાસ્ત્ર શ્રદ્ધા, અંધશ્રદ્ધા અને અશ્રદ્ધા વચ્ચે વહેંચાયેલુ છે, રેશનાલિસ્ટો- બુદ્ધિવાદીઓ કહે છે કે જ્યોતિષ એ વિજ્ઞાન નથી, કલા છે- છેતરપિંડીની કળા! માણસ વધુમાં વધુ જ્યોતિષના નામે ધુતાતો હોય છે. જ્યારે રાહુ કે શનિ કોઇ સ્ત્રીને નડતો હોય અને આ નડતર દૂર કરવા, રાજી કરવા અમુક વિધિ કરવાથી તેનું પરિણામ તત્કાળ મળતું નથી. પતિ સામે ચાલતો છૂટાછેડાનો કેસ ગ્રહના નડતરનો વિધિ પત્યાના બીજા જ અઠવાડિયે પતી જતો નથી. ('પતિ' એમ ઝટ જતો નથી.) હરડે કે નેપાળો લીધાના અમુક ગાળામાં જ પેટના પ્રશ્નનો નિકાલ આવી જાય છે એવું જ્યોતિષશાસ્ત્રમાં નથી થતું. અરે, જોડિયાં બાળકોનું ભવિષ્ય પણ અલગ અલગ હોય છે, આ કારણે તો હિન્દી ફિલ્મવાળાઓ 'રામ ઔર શ્યામ' અને 'સીતા ઔર ગીતા' જેવી મનોરંજક ફિલ્મો બનાવી શકે છે.

જોકે આ બધું હોવા છતાં એક શાસ્ત્ર તરીકે જ્યોતિષશાસ્ત્રની પ્રતિષ્ઠા હજારો વર્ષ જૂની છે. સંદર્ભ ગ્રંથોના જણાવ્યા પ્રમાણે જ્યોતિષશાસ્ત્રનો જન્મ ત્રણ હજાર વર્ષ પૂર્વે મેસાપોટેમિયામાં થયો હતો- જ્યોતિષશાસ્ત્રનેય ખબર નહોતી કે તેને કયાં જન્મ લેવાનો છે. ત્યાર બાદ ઇસવી સન પૂર્વે ૬ઠ્ઠી સદીમાં તે ભારતમાં તેનો પ્રચાર-પ્રસાર થયો અને પછી ચીનમાં ગયું.


આજે તો વિજ્ઞાન પણ એવું કહેવાની સ્થિતિમાં નથી કે હવે ફલાણી સદીમાં જ્યોતિષનો અંત આવી જશે, કેમ કે માણસજાતમાં કુતૂહલ બનીને તે જીવી રહ્યું છે. હતાશ માણસો અને હોશિયાર જ્યોતિષીઓ આ પૃથ્વી પર હશે ત્યાં સુધી જ્યોતિષશાસ્ત્રનો વાળ પણ કોઇ વાંકો કરી શકે તેમ નથી-તર્કવાદીઓ પણ નહીં...! ■

***... તો હવે આપણે નીકળીએ મંગળ -અમંગળ ગ્રહોના પ્રવાસે...***
***આવતા સપ્તાહે વાંચોઃ***
***ના, સૂર્ય આજના વડા પ્રધાન જેવો નથી...***

ઝબાન સંભાલ કે

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# અથઃ શ્રી 'અઠે જ દ્વારકા' કથા



**શબ્દકોશમાં અઠ્ઠે હી દ્વારકા** માટે નિવાસસ્થાન, રહેઠાણ, વાસ, નિવાસ, આવાસ, આશિયાના, રહેવાનું સ્થળ, વસવાટ, રહેવા - ઊતરવાની જગ્યા, વીશી, ઉતારો, મુસાફરીમાં મુકામ, ગૃહનિવાસ, બોડ, ઘર, લોકનિવાસ જેવા વિકલ્પ આપવામાં આવ્યા છે. ઈતિહાસના ચોપડે નોંધાયેલા એક પ્રસંગને પગલે **અઠ્ઠે જ દ્વારકા પ્રયોગ** કહેવતનું સ્વરૂપ પામ્યો છે. સૌરાષ્ટ્રમાં કાઠી પ્રજા એના ખમીર માટે નામવંત છે. કાઠી - કાઠું શબ્દને શરીરના બાંધા સાથે નિસ્બત છે. જોકે, એક કોમના લોકો મજબૂત - સશક્ત અને કદાવર બાંધાને કારણે કાઠી તરીકે ઓળખાવા લાગ્યા હતા.

કાઠીઓની મહેમાનગતિ બહુ જાણીતી છે અને સ્વભાવે અત્યંત મિલનસાર તેમ જ મિત્રતામાં કાયમ પડખે ઊભા રહેનારા તરીકે ખ્યાતિ ધરાવે છે. સુરેન્દ્રનગર જિલ્લામાં ચોટીલા તાલુકો છે અને એ નામનું મહત્ત્વનું યાત્રાધામ છે. ચોટીલા તાલુકામાં આવેલા ભીમોરા ગામ કાઠીઓના વસવાટ માટે જાણીતું હતું. 'સૌરાષ્ટ્રની રસધાર'માં ઝવેરચંદ મેઘાણીએ ભીમોરાની લડાઈનું વર્ણન કર્યું છે એમાં જસદણના બહારવટિયા દાઢાણા કાઠી શરણું લેવા ભીમોરા પહોંચે છે. ભીમોરાનો ધણી નાજા ખાચર એને આશરો આપવાની ના પાડે છે. ત્યારે દાઢાણા કાઠી એને કહે છે **બારવટિયો આવે બકી, હોય મર વેર હજાર, (એને) ભીમોરા ભોપાળ, શરણે રાખ સૂરાઉત.** બકી એટલે બોલીને - કહીને, જણાવીને કે આગોતરી સૂચના આપીને. ભીમોરા ભોપાળ એટલે ભીમોરાના કર્તાહર્તા અથવા રખેવાળ. સૂરાઉત એટલે સૂરગ ખાચરનો પુત્ર. વેર - દુશ્મની હોવા છતાં અને અગાઉથી જાણ કર્યા વિના ટપકી પડેલા બહારવટિયાને જો સૂરગ ખાચરનો બેટો આશ્રય નહીં આપે તો ધરમ ક્યાંથી ટકશે એવો એનો ભાવાર્થ છે.

ભીમોરાના ધણીએ બહારવટું કરવા નીકળેલા કાઠીને આશરો આપ્યો હોવાની જાણ ચેલા ખાચરને થઈ. એકલપંડે ભીમોરાના ધણીને મહાત કરી જસદણના કાઠીને કેદ નહીં કરી શકાય એની જાણ હોવાથી ચેલા ખાચરે વડોદરાની ફોજની મદદ લઈ ભીમોરા પર આક્રમણ કર્યું. મોટી સંખ્યામાં દુશ્મનોને બંદૂકો અને તોપ સાથે સજ્જ જોઈ એમની સામે ટકી નહીં શકાય એની ખાતરી થતાં નાજા ખાચર પોતાના માણસોને ગુપ્ત રસ્તે નીકળી ગયા. અંતે નાજા ખાચર અને આઠ માણસ જ રહ્યા. ગઢમાં માણસો કે દારૂગોળો નથી બચ્યો એની જાણ થતા ચેલા ખાચરે હલ્લો કર્યો. એ સમયે ગઢમાં બે મારવાડી રાજપૂત પણ હતા જે મારવાડમાંથી દ્વારકાએ જતી વખતે ગઢમાં વિશ્રામ માટે રોકાયા હતા. જીવ બચવાની કોઈ આશા ન રહી હોવાથી નાજા ખાચરે એ બન્નેને કહ્યું 'ભાઈઓ, અહીંથી નીકળી જાઓ. નહીં તો આ ફોજ તમને હણી નાખશે.' મારવાડીઓનો ઉત્તર હતો, 'નાજા ખાચર! અમે તમારો રોટલો ખાધો. આવી મુશ્કેલીમાં તમારો સાથ કેમ છોડાય? દ્વારકા તો કોણ જાણે ક્યારે પહોંચશું, અને ત્યાં દર્શન કર્યા પછી કોણ જાણે ક્યારે મોક્ષ મળશે? એના કરતાં અહીં યુદ્ધમાં તો બે ડગલે જ મોક્ષ મળશે. વળી તમારા જેવા શુરવીરો સાથે ખપી જવાનો લાભ ફરી ક્યાંથી મળવાનો? માટે અમારે તો હવે 'અઠે જ દ્વારકા'. એ સમયથી કોઈ સ્થળે લાંબા સમય માટે ધામા નાખવા માટે 'અઠે જ દ્વારકા' રૂઢિપ્રયોગ અમલમાં આવ્યો.

ENગ્લિશ વિંGLISH

## FUNNY Proverbs

વિશ્વમાં અંદાજે સાત હજારથી વધુ ભાષા અસ્તિત્વમાં હોવાનો અંદાજ છે. દરેક ભાષાની આગવી લાક્ષણિકતા છે. દરેક ભાષામાં રૂઢિપ્રયોગો અને કહેવતો છે જેમાં સ્થાનિક ખાસિયતો સામેલ હોય છે. સ્પેનિશ કહેવત આ બાબત સ્પષ્ટ કરે છે. To give someone pumpkins is a Spanish phrase. ગુજરાતીમાં આપણે જેને કોળું કહીએ છીએ એ જ આ પમ્પકિન. Pumpkin. Sounds adorable, but do you want to be associated with a large, round, orange vegetable with thick skin? On the bright side, at least they're sweet and go well with almost anything. This is another largely American term of endearment, similar to 'sweetheart' or 'darling'. વિદેશની ધરતી પર પમ્પકિન શબ્દ સાંભળવામાં મીઠડો લાગતો હોવાનું કહેવાય છે. જોકે, દેખાવમાં મોટા અને ગોળમટોળ નારંગી રંગના જાડી છાલવાળા શાકભાજી સાથે જોડાવું કોને ગમે? જોકે, કોળાની જમા બાજુ એ છે કે તે સ્વાદમાં ગળ્યા હોય છે અને કોઈની સાથે એનું સંયોજન ગમે એવું હોય છે. અમેરિકામાં પમ્પકિન વહાલ સાથે નાતો ધરાવે છે. સ્વીટહાર્ટ કે ડાર્લિંગ જેવો એનો ભાવાર્થ છે. એનો શબ્દાર્થ થાય છે કોઈને પમ્પકિન (કોળું) આપવું. અલબત્ત, એનો ભાવાર્થ છે Rejecting someone romantically. મતલબ કે કોઈના પ્રેમના ઈઝહારનો ઈનકાર કરવો. ટૂંકમાં 'આઈ ડોન્ટ લવ યુ' પરખાવી દેવું. ભાષાની લાક્ષણિકતા દર્શાવતી બીજી સ્પેનિશ કહેવત જોઈએઃ Having a bird in the head. આ કહેવતને અન્ય અંગ્રેજી પ્રયોગ Bird landed on my head સાથે કોઈ લેવાદેવા નથી. Superstition dictates a bird landing on you is good luck, or pooping on you. That's really good luck. એમાં અંધશ્રદ્ધા વણાયેલી છે. માથા પર પક્ષીનું ચરક પડે એને નસીબ બારણે ટકોરા મારે એવો અર્થ જોડી દેવામાં આવ્યો છે. સ્પેનિશ કહેવત Having a bird in the head means To be a little crazy. કહેવતનો શબ્દાર્થ મસ્તિષ્કની અંદર પંખીઓ ઉડાઉડ કરે છે એવો થાય. જોકે, એનો ભાવાર્થ છે દિમાગમાં તરંગી વિચારોનું ઘમાસાણ કે કશુંક અણધાર્યું કરવું એવો થાય છે. પંખીઓ ઉડાઉડ કરે તો મગજમાં ટ્રાફિકજામની પરિસ્થિતિ જ સર્જાય ને. શું કહેવું છે તમારું?

સ઼ગ્ગી બહિણ

## शब्द एक, अर्थ वेगळे

શબ્દના વપરાશ પરથી એનો અર્થ નક્કી થતો હોય છે કે સમજતો હોય છે. આજે મરાઠી ભાષાના એવા કેટલાક શબ્દો જોઈએ અને જાણીએ. પહેલો શબ્દ છે **मान** જેનો એક અર્થ થાય છે પ્રતિષ્ઠા કે આબરૂ **समाजात आपला मान वरचा असावा असं अनेकाना वाटतं** સમાજમાં પોતાનું સ્થાન ઊંચું હોય એટલે કે આદર ધરાવતું હોય એવી લાગણી અનેક લોકોમાં હોય છે. આ શબ્દનો બીજો અર્થ છે ડોક. અલબત્ત આ એક અર્થના પણ પાછા બે અર્થ છે. **मान खाली करणे** એટલે શરમથી નીચું જોવું. બીજું વાક્ય છે **जिराफची मान खूप लांब असते.** જિરાફની ડોક ખૂબ લાંબી હોય છે. **धड शब्द कसा वापरता आहे त्यावरुन त्याचे वेगळे अर्थ ठरतात.** ધડ શબ્દના અલગ અલગ અર્થ એ કેવી રીતે ઇસ્તેમાલ કરવામાં આવ્યો છે એના પરથી નક્કી થાય છે. **धडचा सर्वात प्रचलित अर्थ आहे डोके आणि पाय ह्यांमधील शरीराचा भाग- मानेखालचा शरीराचा भाग.** માથું અને પગ વચ્ચે રહેલો શરીરનો હિસ્સો ધડ તરીકે ઓળખાય છે. **धडचा एक अर्थ अखंड असा पण होतो. शेवटपर्यंत टिकणारा सोबती.** દરેક પરિસ્થિતિમાં કાયમ સાથ આપનારા ભેરુ - દોસ્ત માટે ધડ શબ્દ વપરાય છે. **धडचा एक अर्थ जसं पाहिजे तसं किंवा पूर्णापणे असा ही होतो.** ધડ શબ્દનો એક અર્થ જેવું છે એવું કે સ્પષ્ટપણે એવો થાય છે. **हा मला धड सांगत नाही, तुम्ही विचारुन ध्या.** આ ભાઈ મને સ્પષ્ટપણે વાત નથી કરતા, હવે તમે જ પૂછી જુઓ.

राष्ट्र भाषा

## चील-चील्लाती

દરેક ભાષામાં એવી કહેવતો અને રૂઢિપ્રયોગ હોય છે જે કોઈ કથા કે ઘટનાને કારણે અસ્તિત્વમાં આવી હોય. એ સંદર્ભમાં એક ઉદાહરણ જોઈએ. **कहते हैं कि भरी दुपहरी में जब बहुत तेज धूप पड रही हो, तभी चील अंडा देती है और अंडा छोडते वक्त चिल्लाती है। इसलिए तेज धूप या गर्मी को 'चील-चिल्लाती' धूप या गरमी कहते होंगे। यह 'चील-चिल्लाती' पढ 'चिलचिलाती' बन गया है ।** એવું કહેવાય છે કે ભર બપોરે જ્યારે કાળઝાળ ગરમી પડતી હોય છે ત્યારે ચીલ એટલે કે સમડી ઈંડાં મૂકતી વખતે બૂમાબૂમ કરતી હોય છે જે હિન્દીમાં **चिल्लाती है** કહેવાય છે. એટલે બપોરની કાળઝાળ ગરમી **'चील-चिल्लाती' धूप या गरमी** તરીકે ઓળખાતી હશે. કાળક્રમે **'चील-चिल्लाती'** પદ **'चिलचिलाती'** બની ગયું હોવું જોઈએ. કિશોર કુમારની ફિલ્મ 'હાફ ટિકિટ'નું ગીત **चील चिल चिल्लाके कजरी सुनाए झूम-झूम कौवा भी ढोलक बजाए.** સાંભળ્યું હશે તો યાદ હશે.

કોઈ વ્યક્તિ ગણતરીમાં જ ન લેવાતી હોય, એનો ભાવ કોઈ ન પૂછતું હોય એને માટ **तीन में न तेरह में, न सेर भर सुतली में, न करवा भर राई में** કહેવત છે. એની પાછળની કથા એવી છે કે જૂના જમાનાની એક નાચનારીએ એના ચાહકોનું વર્ગીકરણ કર્યું હતું. પહેલી શ્રેણીમાં ત્રણ વ્યક્તિ હતી જેના માટે એને અપાર સ્નેહ હતો. પછી તેર હતા અને એની પછી એવા લોકો હતા જેમને સૂતળીમાં ગાંઠ બાંધી યાદ રાખતી. સૌથી છેલ્લે સાધારણ લોકો હતા જેના નામનો એક એક રાઈનો દાણો એ માટીના વાસણમાં નાખતી. એક વાર કોઈ વ્યક્તિ આવી ચડી અને તેણે કહ્યું કે પહેલા એ નિયમિત આવતો અને બહુ ધન આપતો. જોકે નાચનારી એને ઓળખી ન શકી અને પોતાના નોકરને ઓળખવા કહ્યું ત્યારે નોકરે જવાબમાં **तीन में न तेरह में, न सेर भर सुतली में, न करवा भर राई में** કહી એનો એકડો જ કાઢી નાખ્યો. ■

ઊડતી વાત

ભરત વૈષ્ણવ
feedback@
bombaysamachar.com

# રાજુ રદીએ ઝમકુડીને કેટલી વાર પ્રપોઝ કર્યું?

'ગિરધરલાલ, હું એક બાબતે મૂંઝાયો છું.' રાજુને પોતાની મૂંઝવણ વ્યક્ત કરી. રાજુ પોતે કાયમ કન્ફયુઝડ હોય છે. એનું દિમાગ કાયમ પાણી વલોવીને માખણ કાઢી તેનું ઘી બનાવવા ઇચ્છતું હોય છે. રાજુ દેખાવે કોડા જેવો લાગે છે. લગ્ન માટે જમૈકાની શ્યામાંગના પણ એને હા પાડતી નથી.

'રાજુ લગ્ન કરવા જ જોઇએ.' મેં રજૂઆત સાંભળ્યા વગર મેં લગ્ન કરવાનું લોકશાહી ઢબે ફરમાન કર્યું.

'ગિરધરલાલ, તમે ચીફ ઇલેકશન કમિશનર જ્ઞાનેશકુમાર નથી. તમે મારી વાત સાંભળ્યા વગર મનની વાત ઝૂડઝૂડ કરો છો.' રાજુએ મને પેટ્રોલથી પાતળો કરી નાખ્યો.

'સોરી રાજુ, તારે કંઇ વાતે મારું માર્ગદર્શન જોઇએ છે.'

'ગિરધરલાલ, કોઇ છોકરીને કેટલીવાર પ્રપોઝ કરવું જોઇએ?'

લો, બોલો આ કોઇ સવાલ કહેવાય? રાજુના સવાલો કાયમ મોં માથા વગરના હોય છે. હું કોઇ એફ એમ રેડિયોના લવ ગુરુ પ્રોગ્રામનો રેડિયો જોકી થોડો છું કે રાજુ મને આવા સવાલ પૂછતો હશે?

'રાજુ, તે ખોટા માણસને ખોટો સવાલ પૂછ્યો છે. હું આ ઉંમરે પણ કોઇ સ્ત્રી સાથે વાત કરતા ગેંગેંફેંફેં થઇ જાઉં છું તો પછી પ્રપોઝની વાત જ કયાં આવે છે?' મેં સ્પષ્ટતા કરી.

'રાજુભાઇ, તમારા ભાઇબંધમાં એવી આવડત હોત તો મારા લગ્ન તેમની સાથે થવાના બદલે સલમાનખાન સાથે થયા હોત.' અચાનક રાધારાણીએ હદય નામના કૂકરમાંથી હૈયાવરાળ કાઢી.

'રાજુ શું શું ચક્કર છે? તારો પગ કોઇ કમનીય કામિનીના કુંડાળામાં પડી ગયો છે કે શું? આવું હોય તો સાચવજે ભાઇલા.ગાલિબે કહ્યું છે કે...'

મને અને ગાલિગને વચ્ચેથી કાપી નાખીને રાધારાણીએ એનો વણમાગ્યો અભિપ્રાય પેશ કર્યો :

'રાજુભાઇ, પ્રેમના મામલે સ્ત્રી કદી પહેલ કરે નહીં. માટે તમને કોઇ પર લાગણી કે ક્રશ હોય તો તમારે તે છોકરીને સામે ચાલીને પ્રપોઝ કરવું પડે. અપવાદરૂપ કિસ્સામાં છોકરી સામે ચાલીને પ્રપોઝ કરે પણ ખરી.' રાધારાણીએ રાજુને છોકરીની માનસિકતા સમજાવી

'રાજુ, રાધારાણીની વાત સાચી છે...' મેં ઉમેર્યું.

'રાજુભાઇ, મનની વાત મનમાં ન રાખવી જોઇએ. ગમતા પાત્રને એક વાર ચિઠ્ઠીચપાટી, મિત્ર કે સખી મારફત લવલેટર કે પછી આમને સામને થઇ તમારી લાગણીની આરપાર લડાઇ કરવામાં કશું ખોટું નથી.' રાધારાણીએ એક વધુ સલાહ આપી.

'રાજુ, આપણો સમાજ પુરુષ પ્રધાન સમાજ છે. કોઇ છોકરીને કોઇ છોકરો પહેલી વાર પ્રપોઝ કરે અને છોકરી હા પાડી દે તો તેને સામેનું પાત્ર ચિપ અને ચાલુ ટાઇપની છોકરી માને છે. એટલે છોકરી હૈયે હા હોય તો પણ હોઠેથી ના પાડે છે.'

રાજુએ અમારી વાતચીતમાંથી શું ગ્રહણ કરું એ તો ભગવાન કે શૈતાન એટલે કે રાજુ જાણે...




રાજુએ કોઇ ઝમકુડી નામની ઇન્ટર્ન પત્રકારને પ્રપોઝ કરવાનું શરૂ કર્યુ. શહેરમાં બગીચા તો કયાં બચ્યા છે? રાજુએ ઝમકુડીને સૂકા તળાવની પાળે, બહુમાળી બિલ્ડિંગના ભોંયરામાં, વાહનથી ભરચક રોડના ડિવાઇડર, પગ મૂકવાની જગ્યા ન હોય તેવી ફૂટપાથ, સ્મશાનઘાટ, ભૂત બંગલામાં એમ કેટકેટલી જગ્યાએ પ્રપોઝ કર્યું. ઝમકુડી સાક્ષાત ઇન્કારનો અવતાર હતી. ઝમકુડી એકની બે ન થઇ. છેલ્લે તો રાજુએ એકાવનમી વાર આખરી દાવ ખેલ્યો.

'ઝમકુડી હું તારા વિના લુખ્ખું ખાતો નથી. માપસર ચિલ્ડ બિયર પીવું છું. ગમે તે બાજુથી પલંગ પર ચડું-ઉતરું છું અને પલંગમાં એકલો આળોટું છું. મારી જીંદગીમાં બેહદ સુખી છું. હું મારા જીવનમાં પાનખર ચાહું છું. દુઃખના દાળિયા ખાવા ઇચ્છું છું. હું એક નહીં સાત ભવ દુખી થવા ચાહું છું. મને દુખી કરવા મારા જીવનમાં વાઇલ્ડ કાર્ડથી એન્ટ્રી લે. મને ભરપૂર દુખી કર દે.' એવું નાટકીય અંદાજથી કહ્યું.

સુખી આદમીને દુઃખી કરવાની તક કોઇ સ્ત્રી ચૂકે ખરી? ઝમકુડીએ હા પાડી કે તરત જ ઉપરથી કચરોકૂડો પડ્યો. ક્યાંક કૂતરાએ ભસવાનુ ચાલું કર્યું. હવે એ બંને દુઃખના દરિયામાં કકળાટના કાગજની કસ્તી તરાવે છે. ■

મોર્નિંગ મ્યૂસિંગ

રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

# કસમ- સોગંદ- પ્રતિજ્ઞા- વચન લેવાથી માણસ વધુ પ્રામાણિક બની જાય?

**રામાયણ - મહાભારત તાત્ત્વિક રીતે શપથના ગ્રંથો છે. તેની વાર્તાઓમાં પ્રતિજ્ઞા (અને તેનું ઉલ્લંઘન) કેંદ્ર સ્થાને છે. બંને ગ્રંથ એ શીખવાડે છે કે લોકો જીવ આપી દેશે, પણ પ્રતિજ્ઞાનો ભંગ નહીં કરે એટલા માટે જ રાજા દશરથે રાણી કૈકેયી સમક્ષ પ્રતિજ્ઞા લીધી હતી કે એ જયેષ્ઠ પુત્ર રામને વનવાસ આપશે.**




થોડા વખત પહેલાં વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ લોકસભા - વિધાનસભાની ચૂંટણીઓમાં મતોની ચોરી કરવાનો આરોપ લગાવ્યો તો ભારતના ચૂંટણી પંચે એમને કહ્યું કે 'તમે લેખિત કાગળ પર શપથ લઈને તમારો દાવો અમને આપો, નહીં તો જૂઠા આરોપો માટે દેશની માફી માંગો...' વળતામાં નેતા પ્રતિપક્ષે કહ્યું કે મેં સંસદમાં સંવિધાનના શપથ લીધેલા છે તો શું ચૂંટણી પંચને સંવિધાનના શપથમાં વિશ્વાસ નથી?

આ મામલાનું રાજકારણ તો તેની જગ્યાએ છે, પરંતુ કોઈ દાવો કરવા માટે, સચ્ચાઈ બયાન કરવા માટે અથવા વિશ્વાસ પેદા કરવા માટે શપથ લેવાનું આટલું મહત્ત્વ કેમ છે? એ વાત કેટલી રસપ્રદ છે કે પંચાયતથી લઈને સંસદ સુધી, મંદિરથી લઈને કોર્ટ સુધી અને પરિવારથી લઈને રાષ્ટ્રસંઘ સુધી દરેક સાર્વજનિક સ્થળોએ કોઈને કોઈ શપથ લેવામાં આવે છે.

એવું કેમ કે રાજકારણીઓ સંવિધાનના શપથ લે અને અપરાધીઓ કોર્ટમાં ગીતાના શપથ લે તો તેમાં આપણને સચ્ચાઈ નજર આવે છે? શપથ લેવાથી માણસ વધુ પ્રામાણિક બની જાય ખરો? બે મિત્ર વાતચીત કરતા હોય અને કોઈ વાત પર એક મિત્ર અવિશ્વાસ વ્યક્ત કરે તો, બીજો મિત્ર કેમ એવું કહે છે 'મારા દીકરાના સમ?' કોઈ વ્યક્તિ જૂઠું બોલતી હોય તો બાકી લોકો કેમ એને પોતાના સંતાનનાં માથાં પર હાથ મૂકીને બોલવા આગ્રહ કરે છે?

માનવ જીવનમાં, મહાભારતના યોદ્ધા ભીષ્મથી લઈને ગ્રીક સંસ્કૃતિના શરીરશાસ્ત્રી હિપોક્રેટ્સ સુધી શપથની એક લાંબી પરંપરા રહી છે. કસમ, સોગંદ, પ્રતિજ્ઞા, વચન, સમ, વાયદો, ખાતરી, ભરોસો, કોલ વગેરે શબ્દો શપથની જ અર્થછાયા વાળા છે. શપથનું એટલું મહત્ત્વ છે કે જ્યારે સૌથી મુશ્કેલમાં મુશ્કેલ પ્રતિજ્ઞા લેવામાં આવે તેને 'ભીષ્મપ્રતિજ્ઞા' કહેવામાં આવે છે.

શપથ શબ્દ સંસ્કૃત ભાષામાંથી આવ્યો છે. તે 'શપ' ધાતુથી બનેલો છે, જેનો અર્થ થાય છે 'કહેવું' અથવા 'બોલવું.'

સંસ્કૃતમાં શપ ધાતુનો ઉપયોગ અલગ અલગ પ્રકારના 'બોલવા' માટે થાય છે અને એમાંથી જ તેનો અર્થ 'કહેલું વચન' અથવા 'પ્રતિજ્ઞા'ના રૂપમાં વિકસિત થયો. જ્યારે તે વચનને કોઈ પવિત્ર ચીજના નામ પર લેવામાં આવે, જેમ કે ઈશ્વર, તો તે એક શપથ બની જાય છે.

એ એક આશ્ચર્ય છે કે વિશાળ માનવ ઈતિહાસમાં આખી દુનિયાના સમાજો અને સંસ્કૃતિઓને આકાર આપવામાં શપથની પરંપરાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

કેમ? કારણ કે મનુષ્યને સામાજિક વ્યવસ્થા જાળવી રાખવા માટે વિશ્વાસ અને ઉત્તરદાયિત્વની અનિવાર્યતા મહેસૂસ થઇ હતી અને તે ભાવના મનુષ્ય કરતાં ઉચ્ચતમ સત્તાના




નામે જ આવે તેમ હતી.

જેવો જેનો ઈતિહાસ, મૂલ્યો, નિયમો અને સંસ્કૃતિ હતાં, તેવી રીતે વિભિન્ન સમાજોમાં શપથની પરંપરા વિકસી હતી, પરંતુ તે સૌના પાયામાં એક વાત સામાન્ય હતી- પરસ્પર ભરોસો જળવાઈ રહેવો જોઈએ. અન્ય પ્રાણીઓની સરખામણીમાં માનવજાતિ જબરદસ્ત પ્રગતિ કરી શકી અને સશક્ત બની તેનું કારણ અંદરોઅંદર મોટી સંખ્યામાં સહકાર સાધી શકવાની તેની અનન્ય ક્ષમતા. આ સહકાર ત્યારે જ ટકાઉ બને તેમ હતો જ્યારે સૌ સચ્ચાઈ અને જવાબદારીનું પાલન કરે. આ કામ કામ શપથથી આસન બન્યું હતું.

ભારત, ગ્રીક, રોમન, ચીન જેવી પ્રાચીન સભ્યતાઓ પ્રામાણિકતા અને નિષ્ઠાને ટકાવી રાખવા માટે શપથને બહુ મહત્ત્વ આપતી હતી એટલા માટે શપથને ઈશ્વરની સત્તા સાથે જોડી દેવામાં આવી હતી, જેથી સામાન્ય લોકો આસાનીથી તેનું પાલન કરી શકે. પ્રાચીન સમાજોમાં ઈશ્વર કે અન્ય દૈવી સત્તાઓ સમક્ષ શપથ લેવામાં આવતા હતા, એવી માન્યતા સાથે કે શપથ તોડવાથી દૈવી સજા મળશે. આવી ધાર્મિક માન્યતાઓએ કપટ અને વિશ્વાસઘાતને રોકવાનું કામ કર્યું હતું.

પવિત્ર અવશેષો અથવા ગ્રંથો જેવી ભૌતિક ચીજોના નામે શપથ લેવાની શરૂઆત મધ્ય યુગીન યુરોપમાં બિનસાંપ્રદાયિક ચળવળ વેળા થઇ હતી. તે વખતે પણ દૈવી સજામાં વિશ્વાસ તો હતો, પણ યુરોપિયનોએ નક્કર ચીજોના નામે શપથ લેવાનું શરૂ કર્યું હતું, જેથી શપથની ગંભીરતા જળવાઈ રહે. આજે કોર્ટોમાં ગીતાના નામે કે સંસદમાં સંવિધાનના નામે શપથનો રિવાજ યુરોપની એ પરંપરામાંથી આવ્યો છે.

હિંદુ પરંપરામાં, રામાયણ અને મહાભારત તાત્ત્વિક રીતે શપથના ગ્રંથો છે. તેની વાર્તાઓમાં પ્રતિજ્ઞા (અને તેનું ઉલ્લંઘન) કેંદ્ર સ્થાને છે. બંને ગ્રંથ એ શીખવાડે છે કે લોકો જીવ આપી દેશે પણ પ્રતિજ્ઞાનો ભંગ નહીં કરે એટલા માટે જ, રાજા દશરથે (મંથરાના આગ્રહથી) રાણી કૈકેયી સમક્ષ પ્રતિજ્ઞા લીધી હતી કે તેઓ જયેષ્ઠપુત્ર રામને વનવાસ આપશે.

મહાભારતમાં, કુરુ સામ્રાજ્યના યોદ્ધા દેવવ્રતે આજીવન બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી જેથી સત્યવતીનો વિવાહ રાજા શાંતનુ સાથે થાય. એમણે એવી પણ પ્રતિજ્ઞા લીધી હતી કે એ રાજસત્તા નહિ સંભાળે અને સત્યવતીના વારસને વફાદાર રહેશે એટલા માટે જ એ ભીષ્મ કહેવાયા હતા- જે ભીષણ પ્રતિજ્ઞા કરે તે.

અમેરિકન આદિવાસી સમાજો મૌખિક કરારો અને ખાતરીઓમાં વિશ્વાસ રાખતી હતી. એનો જો ભંગ થાય તો વ્યક્તિને નાતબહાર મૂકવામાં આવતી હતી. ઇસ્લામિક પરંપરામાં શપથની શરૂઆત પવિત્ર કુરાનથી થઇ હતી. કુરાનને પયંગબરની વાણી ગણાતી હતી અને તેના નામે લીધેલો શપથ પયગંબરને આપેલો કોલ ગણાતો હતો.

આધુનિક કાનૂની પ્રક્રિયા આ પ્રાચીન શપથ વિધિનું જ સુધારેલું સ્વરૂપ છે. કોર્ટમાં ગીતા પર હાથ રાખીને સાચું બોલવાના શપથ લેવા, સંસદમાં સંવિધાનની કસમ ખાઈને નીતિ-નિયમોનું પાલન કરવાનું વચન આપવું, કોર્ટમાં એફિડેવિટ કરવું, નોટરી પાસે કરાર કરવો અથવા ગામમાં પંચ સમક્ષ ખાતરી આપવી તે વિશ્વાસ ઉત્પન્ન કરવા અને ઉત્તરદાયિત્વનો સ્વીકાર કરવાની જ પરંપરાનો હિસ્સો છે.

ચાહે કાનૂનના રક્ષક સામે ઊભા રહીને શપથ લેવામાં આવે કે પછી ઘરમાં સંતાનના માથે હાથ મૂકીને વિધાન કરવામાં આવે, શપથ આજે પણ ઘરથી લઈને સમાજમાં ન્યાયી વ્યવસ્થા, સંવાદિતા અને સહિયારાં મૂલ્યોનું રક્ષણ થાય તેનું શક્તિશાળી માધ્યમ છે. માનવજાતિ અનેક વિરોધાભાસો વચ્ચે પણ એકજૂથ રહી શકી છે તેનું કારણ ખાતરીવાળો વ્યવહાર કરવાનું છે.

શું શપથ માત્ર સારાં કામો માટે જ હોય છે? ના. અપરાધની દુનિયામાં પણ એટલી જ એકતા અને વ્યવસ્થા જરૂરી હોય છે અને અપરાધીઓ પણ શપથ હેઠળ કામ કરે છે. સંગઠિત અપરાધની દુનિયામાં 'ઓમેર્ટા' નામનો એક ઈટાલીયન શબ્દ મશહૂર છે. તેનો અર્થ થાય છે 'ચુપ રહેવાનો નિયમ'. માફિયાઓ પોલીસ દ્વારા તેમની પૂછપરછ થાય ત્યારે ચુપ રહેવાના શપથ લે છે. જે શપથનો ભંગ કરે તેને મૃત્યુની સજા આપવામાં આવે છે. ■

ઈકો- સ્પેશિયલ

જયેશ ચિતલિયા
feedback@bombaysamachar.com

# રિફોર્મ્સ- પર્ફોર્મ ને ટ્રાન્સફોર્મ સાર્થક થવા જોઈએ

**GST રિફોર્મ્સ બાદ હવે લેબર અને લેન્ડ રિફોર્મ્સ થવાની આશા તીવ્ર બની રહી છે. સરકાર આર્થિક-સામાજિક સુધારા વિશે વધુ સજાગ થઈ છે. એટલું જ નહીં, આ સુધારા હાલની જરૂરિયાત પણ બની ગયા છે. રિફોર્મ્સનો પણ ખરાં અર્થમાં સાર્થક સામેલ અને અમલ પણ થવો જોઈએ**

**ફેબ્રુઆરીના** બજેટમાં ઈન્કમ ટેકસ જેવા પ્રત્યક્ષ વેરાના જોરદાર સુધારા બાદ હાલ GST જેવાં પરોક્ષ વેરાના ધરખમ સુધારા સાથે સરકારે વૈશ્વિક પડકારો સામે દેશને સક્ષમ અને સજ્જ કરવાનું મિશન ઉપાડયું હોવાનું પ્રતિત થાય છે. GST સુધારાને ટ્રાન્સફોર્મેશન કહી શકાય, જે અર્થતંત્રના વિકાસને નવું બળ અને નવી દિશા આપે એવી આશા છે. કેન્દ્ર સરકાર હવે મોટા-વિશાળ ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેકટ્સના ઝડપી ક્લિયરન્સ માટે સક્રિય બની છે. મૂડીખર્ચ વધારવાના ઉદ્દેશ સાથે સરકારે વિશાળ પ્રકલ્પો માટે ૨૦૩૦ સુધીનો ગાળો નિર્ધારિત કર્યો છે.

આ સૂચિત મેગા પ્રોજેકટ્સમાં બુલેટ ટ્રેન કોરિડોર, શીપ બિલ્ડિંગ યાર્ડસ, મલ્ટિપલ પોર્ટસ અને હાઈવેઝનો સમાવેશ થાય છે, જે ૨૦૪૭ના વિકસિત ભારતના વિઝનમાં સમાયેલું છે. સરકારે ૨૦૨૬માં ઈન્ફ્રા પ્રોજેકટસ માટે ૧૧.૨૧ લાખ કરોડ ફાળવ્યા છે. આની પાછળનું સરકારનું લક્ષ્ય વિકાસને વેગ આપવાનું રહ્યું છે. દરમિયાન, નિષ્ણાતો સરકારને ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ માટે વિવિધ પ્રોસેસને સરળ બનાવવાની ભલામણ કરી રહ્યા છે. અર્થાત્, હવે પછી પ્રોસેસ રિફોર્મ્સ હાથ ધરાશે. આ સાથે સરકાર સેમિકન્ડકટર મિશન ૨.૦ માટે ફાસ્ટ ટ્રેક એપ્રુવલ યંત્રણા લાવવાનો પ્લાન ઘડી રહી છે. વાસ્તવમાં કેન્દ્ર સરકાર હાલ વધુ ૧૨ જેટલાં રિફોર્મ્સના પગલાં વિચારી રહી છે, જેમાં જમીન અને કામદાર ધારાના સુધારા (લેન્ડ અને લેબર રિફોર્મ્સ)નો સમાવેશ થાય છે. આ સંદર્ભમાં સરકારનું ફોકસ બિઝનેસ કરવાનું સરળ બનાવવા ઉપરાંત ઈઝ ઓફ લિવીંગ કરવાનું પણ છે. GST (ગુડસ એન્ડ સર્વિસ ટેકસ)ના સુધારા સમયસરનો એક એવો અવસર બની ગયો છે, જે યુએસ ટૅરિફના દબાણ સામે ભારતીય વેપાર-ઉદ્યોગને ચોકકસ અંશે રાહત આપશે.

**૨૦૨૫ : રિફોર્મ્સનું વરસ**

વૈશ્વિક સ્તરે જયારે સતત અનિશ્ચિતતા પ્રવર્તી રહી છે અને વિવિધ દેશોના અર્થતંત્રો જિઓપૉલિટિકલ સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે ત્યારે ભારતે ૨૦૨૫ના આરંભથી રિફોર્મ્સનો માર્ગ અપનાવ્યો છે.

સામાન્ય રીતે સરકાર મૂડીખર્ચ વધારવાનો માર્ગ અપનાવીને વપરાશ વધારવાનું લક્ષ્ય રાખતી હોય છે, પરંતુ હાલ GST સુધારા માર્ગે માગ વધારીને વપરાશ વધારવાનું લક્ષ્ય




રાખ્યું છે. આ પગલું માગને વેગ આપવા સાથે મોંઘવારી દરને પા થી અડધો ટકો હળવો કરવામાં મદદરૂપ થશે. બજેટવેળાએ ઈન્કમ ટેકસમાં નોંધપાત્ર રાહત જાહેર કરી, ત્યાબાદ રિઝર્વ બૅંકે નાણાનીતિને હળવી કરીને વધુ ગ્રોથલક્ષી બનાવી અને હવે સરકારે GST માળખાંમાં ધરખમ સુધારા, આમ અર્થતંત્રને બળ આપવાની નીતિ સરકાર અપનાવી રહી હોવાનું જણાય છે. સરકારના આ પગલાંનો સ્પષ્ટ ઉદ્દેશ છે, વપરાશને વેગ આપો, લોકોના હાથમાં નાણાં વધે એવું કરો, આનો સીધો લાભ થશે, એફએમસીજી (ફાસ્ટ મુવિંગ કન્ઝયુમર ગુડસ), ઓટો અને ડયુરેબલ્સ. જેની મહત્તમ માગ ગ્રામ્ય સ્તરે વધશે. આની સીધી અસર કંપનીઓની આવક પર થશે. અલબત્ત, ખરું એ જોવાનું રહેશે કે આ રાહતો વપરાશકારો સુધી કઈ રીતે પહોંચતી થાય છે. સરકારે આ રાહત ગ્રાહકો સુધી પહોંચે એ માટે નિરીક્ષણ કરવાની તૈયારી રાખી છે, જોકે કરુણતા એ છે કે આવા નિરીક્ષણ માટેની યંત્રણા હાલ અસ્તિત્વમાં નથી, જેથી સરકારે આ માટે વેપાર-ઉદ્યોગ વર્ગ સામે સક્રિયપણે જાગ્રત રહેવું જોઈશે.

**મલ્ટિપલ અસરો જોવાશે**

સાબુથી લઈ કાર સુધીની સંખ્યાબંધ આઈટમ્સ હવે સસ્તી થશે, જેને કારણે ભારતીય ઈકોનોમી વપરાશ આધારિત વિકાસની દિશામાં વેગ પકડશે એમ કહી શકાય. ભારતીય અર્થતંત્રની વિકાસ ગાથામાં ઘર વપરાશની ચીજોનો નોંધપાત્ર ફાળો રહે છે. આ સુધારા અર્થતંત્રની સાઈકલને ઝડપ આપવા સાથે મોંઘવારીને ચોકકસ અંશે હળવી કરશે અને માગમાં વૃદ્ધિ લાવશે. આ ઉપરાંત સિમેન્ટ જેવી આઈટમ પરનો GST ૨૮ ટકાથી ઘટાડી ૧૮ ટકા કરાતાં તેની વ્યાપક અસર પણ જોવાશે, જેમાં રિઅલ એસ્ટેટ-બાંધકામ ઉદ્યોગને રાહત થશે. આની અસર રૂપે રોડ, પોર્ટસ, એરપોર્ટસ અને ઘરોના બાંધકામના ખર્ચમાં પણ ઘટાડો થશે. વધુ નોંધનીય વાત એ બનશે કે આ રાહતની મલ્ટિપલ અસરોમાં જયાં -જયાં આ કામકાજ થતા હશે ત્યાં રોજગાર સર્જન થશે, લોકો માટે પ્રત્યક્ષ કે પરોક્ષ આવકની તકો વધશે.

**તહેવારોની માગને બુસ્ટર**

GST સુધારાનો અમલ ૨૨ સપ્ટેમ્બરથી થવાનો છે, જે તહેવારોની પીક મોસમ હોવાથી માગ અને વપરાશમાં ઉછાળો જોવા મળશે. ઓકટોબરથી માર્ચ બાંધકામ ઉદ્યોગ માટે પણ બિઝી સીઝન હોય છે, ચોમાસા બાદ આ કામ વેગ પકડતું હોવાને કારણે GST સુધારાની રિઅલ એસ્ટેટ તથા ઈન્ફ્રાસ્ટ્રકચર સેકટર પર પોઝિટિવ અસર જોવાશે. અહીં એ નોંધવું રસપ્રદ છે કે હજી છ મહિના પહેલાં જ ઈન્કમ ટેકસના નવા દરો અમલમાં આવ્યા છે, જેના લાભ મધ્યમ વર્ગને ભાગે વધુ ગયો છે, ત્યારે GSTના ઘટાડાનો લાભ સોનામાં સુગંધ ભળવા જેવો થશે. જાહેર જનતાના હાથમાં નાણાં વધુ બચવાથી તેમની વપરાશ ક્ષમતા વધશે, જે અર્થતંત્રને ગતિ આપવામાં સહાયક બનશે.

અહીં છેલ્લે એક વાત ખાસ નોંધવી રહી કે લાઈફ ઈન્સ્યૉરન્સ તથા મેડિકલેમ પૉલિસીને GSTમાંથી મુક્તિ અપાતા વીમાનું ફલક વ્યાપક બનશે, ઘેર-ઘેર વીમાધારકો હશે.

અલબત્ત, આ વિષયમાં પણ ખરેખર તો ગ્રાહકો સુધી રાહતનો લાભ પહોંચે એ સૌથી મહત્ત્વનું પરિબળ બનશે.

બાય ધ વે, ટૅરિફના વિષયમાં મોદી અને ટ્રમ્પ વચ્ચે વાર્તાલાપ થયો હોવાના અહેવાલની પોઝિટિવ અસર ફેલાવા લાગી છે, જેનાં પરિણામ પણ સકારાત્મક આવશે એમ જણાય છે. ■

હેં... ખરેખર?!

પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

# માથાદીઠ એક ગીત ને અતિથિને અર્પણ કરે પત્ની...

હિમ્બા આદિવાસી જીવનભર નહાતા નથી ને અપવાદરૂપે માત્ર લગ્નના દિવસે સ્નાન કરે છે એ આપણે જાણ્યું. આ ભટકતી જાતિની અન્ય ઘણી વિશિષ્ટતા છે. પુરાણી પરંપરા છે જે આશ્ચર્યચકિત કર્યા વગર ન રહે.

હિમ્બા લોકોમાં ગામનું ખૂબ મહત્ત્વ છે. પશુપાલનનો વ્યવસાય હોય પણ ગાય ન હોય એને લોકો સન્માનની નજરે ન જુએ. આ પ્રથા તો સમજયા પણ બાળક અને બાળ-જન્મ વિશેની માન્યતા ય ગજબનાક છે.

બાકીની દુનિયાભરમાં બાળકનો જન્મ થાય એ એની જન્મ તારીખ, પરંતુ હિમ્બા આદિવાસીઓમાં તો ભૂલકાના જન્મ થયા અગાઉ એનો જન્મ-દિન આવે! કોઈ હિમ્બા નારી બાળકના આગમન વિશે જે દિવસથી વિચારવાનું શરૂ કરી દે. એ દિવસે નવા આગંતુકનો જન્મદિવસ ગણાય. માતા બનવા માટે આ આદિવાસી નારીઓને બાળકોને લગતાં ગીતો સંભાળવાની સલાહ અપાય છે.

એટલું જ નહિ, ભાવિ માતાએ પણ પોતાના બાળક સંબંધી એક ગીતની રચના કરવાની હોય છે. આ ગીતનું મહત્ત્વ પણ ગજબનાક હોય, એ પણ આજીવન. હકીકતમાં તો હિમ્બા આદિવાસીઓમાંદ્મગીતો અર્થાત્ લોકગીતોનું મહત્ત્વ પ્રાણવાયુ જેવું છે. જન્મ અગાઉથી ગીત એમના અસ્તિત્વ સાથે જોડાઈ જાય અને મૃત્યુ સુધી જોડાયેલું રહે. આ ગીતો તેમને એકમેક સાથે જોડી રાખે છે.

કહી શકાય કે ગીત જ સૌ કોઈની ઓળખ છે. અહીં દરેક વ્યક્તિના જીવન સાથે જોડાયેલું એક ગીત હોય જેની રચના એના જન્મ અગાઉ થઈ ચુકી હોય. આગળ જતા આ ગીત એની ઓળખ, કહો કે આધાર કાર્ડ બની રહે છે. જેવો કોઈ સ્ત્રીના મનમાં માતા બનવાનો વિચાર આવે એટલે એ એકાંતમાં કોઈ વૃક્ષ નીચે બેસી જાય. અહીં એ પોતાના આવનારા બાળક માટે ગીત બનાવે છે, નક્કી કરે છે. અહીં આ પ્રક્રિયાને તપ સમાન ગણાય છે અને ગીત બની ન જાય ત્યાં સુધી આ તપ ચાલુ રહે છે. ભવિષ્યમાં અવતરનારા નવજીવનનો વિચાર એક ગીતનું સ્વરૂપ ધારણ કરી ન લે ત્યાં સુધી એ પોતાની વસાહતમાં પાછી ફરતી નથી.

વસાહતમાં પાછા ફર્યા બાદ તે પોતાના બાળકના પિતા તરીકે પસંદ કરેલા પુરુષ પાસે જાય. તે એ પુરુષને ગીત સંભળાવે અને શીખવાડે. ત્યાર બાદ આ પુરુષ સાથે



સંસર્ગથી લઈને પ્રસૂતિ સુધીના દરેક પ્રસંગે આ ગીત ગાતી રહે છે.

અને બાળકનો જન્મ થયા બાદ વસતિના અન્ય લોકોને એનું ગીત શિખવાડાય છે. આ રીતે સમાજમાં એ ગીત બાળકની ઓળખાણ બની જાય. એના લગ્નની, સન્માનની કે અન્ય કોઈ ઉજવણી હોય, એનું ગીત મુખ્ય આકર્ષણ બની રહે. એ પડે, આખડે તો ઊભા કરનારા એનું ગીત ગાતા-ગાતા ઊભો કરે. અને જીવનની અંતિમ ક્ષણે મૃત્યુશૈયા પર હોય ત્યારે સૌ એનું ગીત ગાતા હોય. આ રીતે જન્મ અગાઉ બનેલા ગીતનો અંત જીવનના છેલ્લાં શ્વાસ સાથે આવે. અન્ય કોઈ જ્ઞાતિ કે સમુદાયમાં ગીત - સંગીતનું આવું અદકેરું મહત્ત્વ ક્યારેય જોયાનું સાંભરે છે ખરું?

હિમ્બા સમુદાયની અન્ય અમુક પરંપરા માની ન શકાય એવી છે. હિમ્બા લોકોના દેવતાનું નામ છે મુકુરુ. પોતાના આ ઈષ્ટદેવ સાથે વાતચીત કરવા માટે તેઓ પવિત્ર અગ્નિ પ્રજ્વલિત કરે છે. તેઓ માને છે કે આગ સળગે છે એટલે એમનો અવાજ સ્વર્ગ સુધી પહોંચે છે. આ આગ પ્રજ્વલિત રહે ત્યાં સુધી સૌ ઊભા - ઊભા પ્રાર્થના કરે છે.

એકેશ્વરવાદી ધર્મમાં માનતા હિમ્બા લોકો પૈતૃક આત્માને પણ ખૂબ માન-મહત્ત્વ આપે છે. એક-એક પરિવાર પોતાના પવિત્ર પૂર્વજોની આગ સાથે ઝૂંપડામાં એક વેદી બનાવે છે, જ્યાં સાત-આઠ દિવસ સુધી મુકુરુ ભગવાન અને પૂર્વજોની પૂજા થાય છે. આ લોકો આંમતી એટલે કે કાળા જાદુમાં પણ માને છે.

માત્ર લુંગી પહેરીને શરીરના ઉપરના ભાગને ખુલ્લો રાખતી હિમ્બા મહિલાઓ વૈચારિક દૃષ્ટિએ જરાય પછાત નથી. એક તરફ હિમ્બા લોકો વડીલની આગેવાની હેઠળના કબીલામાં રહે છે. લગ્ન બાદ પતિના ઘરે જતી પત્ની નવા કબીલાના નિયમોનું પાલન કરે છે.

હિમ્બા સમુદાયમાં અતિથિનું મહત્ત્વ છે એવું દુનિયામાં જવલ્લે જ જોવા મળે. પોતાની પત્નીને અતિથિ સાથે શારીરિક સંબંધ બાંધવા દેવાને આ લોકો આતિથ્યનું સર્વોચ્ચ રૂપ માને છે. આને મહેમાનોનું ઉમળકાભેર સ્વાગત કર્યું ગણાય છે. આને સેક્સુઅલ જેલસી (જાતિય ઈર્ષ્યા) ખત્મ કરવાની પદ્ધતિ ય મનાય છે.

હિમ્બા સમુદાયના પુરુષો એકથી વધુ પત્ની રાખવામાં ગર્વ અનુભવે છે. આ સાથે જ ૭૦ ટકા પિતા એવા હોય છે જે પોતાની પત્નીને અન્ય પુરુષ થકી જન્મેલા સંતાનને પાળે છે, ભરણપોષણ કરે છે. અને આમાંથી કંઈ છાનુંછપનું થતું નથી. પતિ એ હકીકતથી વાકેફ હોય છે છતાં પતિ-પત્ની સાથેના સંબંધની મધુરતામાં લેશમાત્ર ઘટાડો થતો નથી.

તથાકથિત આધુનિક સમાજ આવું કરી કે વિચારી ય શકે ખરો? કદાચ આ લોકો 'ઓપન રિલેશનશિપ'નો અર્થ બરાબર સમજયા છે, ને પચાવ્યો ય છે. અહીં લગ્નબાહ્ય સંબંધ જરાય મોટી કે ખોટી બાબત ગણાતી નથી. દરેક બાળકના ભરણપોષણ માટે એક 'સામાજિક પિતા' હોય જ.

આ બધાં કારણોસર આ લોકોમાં છુટાછેડા લેવાનું ખૂબ જ સરળ હોય છે.

હિમ્બા સમુદાયમાં પત્નીની અદલાબદલી પણ સામાન્ય છે. અન્ય અજાણ્યા પુરુષ સાથે સંબંધ બાંધવા માટે પણ ખુદ મંજૂરી આપે છે. આમ કરવા જતી વખતે પત્ની માથાના પરના વાળનો ચોટલો એકદમ ખેંચીને બાંધે છે. આ જોઈને સૌ સમજી જાય.

અલબત્ત, થોડા ઘણાં શિક્ષણ અને બહારની હવા બાદ હિમ્બા સમાજ પરિવર્તનની હલકી લહેરખી અનુભવવા માંડ્યો છે ખરો. ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# આધુનિક ગઝલના ભેખધારી ડૉ. લલિત ત્રિવેદી

## આંખનો મતલબ કર્યો ખોટો તમે એટલે ઈશ્વર નથી જોયો તમે



વીસમી સદીના અંતિમ તબક્કામાં ગુજરાતી ગઝલ ક્ષેત્રે જે નવીન પ્રવાહો વહેતા થયા તેમાં આગલી હરોળમાં મુખ્ય નામ છે ડૉ. લલિત ત્રિવેદી. ગઝલના આંતર-બાહ્ય બંધારણમાં નવાનવા ફેરફારો કરવાની જેને મૂળભૂત આવડત છે એવા ગઝલકાર લલિતભાઈ ગઝલના છંદ-શબ્દો, ધ્વનિ-અર્થ-લય, તસ્સ્વુર, તસ્વવુક્રને એવી કલાએ લઈ જાય છે જ્યાં કવિકર્મ સિદ્ધ થાય છે.

ગઝલકાર મનોજ ખંડેરિયાએ પાનબાઈ રદીફ પર લખેલી ગઝલમાં કહ્યું છે કે 'આપણા વંશ-વડલે હર ડાળે, નરસિંહ-મીરા-કબીર છે પાનબાઈ.' લલિતભાઈની ગઝલમાં ગોખ છે, ખુદા છે, ધખાવેલી ધૂણી છે અને ગિરનારી રંગની જાંય છે. એમની રચનાઓમાં આ બધું અનાયાસ આવે છે, પ્રયત્નો નથી પણ પ્રયોગ જરૂર છે. આમદ અને આયાસ વચ્ચે રહેલો ભેદ અહીં વાંચી શકાય છે, પામી શકાય છે. ફરીથી મનોજને યાદ કરીએ. મનોજે કહ્યું છે કે: અમારે મન શબ્દો કંકુને ચોખા. લલિતભાઈ આવા જ ભાવને ઘૂંટતા કબીરની સૂતર દડીઓ સુધી દોરને લંબાવે છે.

**લાલ અક્ષરે ગઝલ લખી છે, કંકુ ચોખા ચોડ્યાં છે**

**શ્રીકાગળને પૂજવા સુતર દડીઓ લેતો આવ્યો છું.**

અને એમાંય મક્તાના શેરમાં કવિ કમાલ કરે છે. શબરીને શબરીબાઈ અને બોરને બદલે બોરનો ઠળિયો લાવવાની વાત જુદી છે. નોખી-અનોખી છે. જુઓ આ 'મક્તા':-

**એમ કહીને દાસ લલિત બોલ્યા તે સંતો!**
**સાંભળજો શબરીબાઈની વાડીમાંથી ઠળિયો લેતો આવ્યો છું**

શબરીની બોરડીને જીવતી રાખવી હોય તો બોરની નહીં પણ ઠળિયાની જરૂરત છે.

થોડીક વાતો અનુગામી પેઢીની જાણકારી માટે નોંધવી જરૂરી છે. ડૉ. લલિતભાઈ વ્યવસાયે તબીબ છે, એ એમ.બી.બી.એસ. છે. રાજકોટમાં પ્રેક્ટીસ કરે છે અને ગુર્જર ગિરાની લેબોરેટરીમાં ફુલટાઈમ સંશોધક છે. ૧૯૭૩-૭૪માં રાજકોટમાં ખાનગી તબીબી પ્રેક્ટીસ શરૂ કરી અને લાંબો સમય ગઝલ ન થઈ પરંતુ ૧૯૯૦માં પ્રથમ ગઝલ સંગ્રહ-'પર્યંત' આવ્યો જેમાં શહેરના જીવનની અનુભૂતિઓ આવી. કવિને પોતાનું આશ્ચર્ય થાય છે કે બીજ ક્યાં રોપાયા હશે? શરૂઆત ક્યાં થઈ હશે? પોતે જ પોતાને પ્રશ્નો પૂછે છે:

– કવિતાનું રસપાન કરાવતી મારી સ્કૂલ વિદ્યાવિહારમાં? ત્યાંના શિક્ષકો દ્વારા નોટિસ બોર્ડ પર મુકાતી કૃતિઓ માટેની શાબાશીમાં?

– કે મોસાળ પક્ષે મહાન ગઝલના મનુભાઈ ત્રિવેદી, સરોદ ઉર્ફે ગાફિલ સાથેના જીનેટિક અનુસંધાનમાં?

કવિ પોતાની કેફિયતમાં કહે છે કે બાળપણના સંસ્કારો અને નાનપણાના સંભારણાઓએ પણ ઊંડી છાપ છોડી છે. 'સાંભરે છે ઘર સામેનું પંચનાથ મંદિર-આરતી ટાણે નગારું વગાડવા જતો. મંદિરમાં રોજ કથા ચાલે, પુનિત મહારાજ પણ આવે. નિયમિત જાઉં, મંજીરા વગાડું- બહુ ગમતું.'

પોતાની સર્જન યાત્રાનાં સંસ્મરણો વાગોળતા કવિ કહે છે કે 'હું સતત પ્રયોગશીલ રહેવા મથ્યો છું. પરંપરાની પાર્શ્વભૂમાં મારું પોતાનું કશુંક શોધવું છું. 'પર્યંત' સંગ્રહ પછી સતત લાગવા માંડ્યું કે મારે મંજીરાં ગોતવા છે. મારી સંવેદનાને અનુરૂપ રદીફ-કાફિયા, છંદ, ભાષા, ઘાટ, અંદાઝેબયાં ગોતવાં છે. એમાં ક્યારેક પદ-ગઝલો-દોહા-ગઝલો, ફિલ્મી પંક્તિઓ પરથી, ગઝલો, કહેવતો-લોક-કથનો લોકગીતની પંક્તિ પરથી, અવળ ગઝલ, ગંગા સતી, ભોજા ભગત, દાસી જીવણ, મહમ્મદ શા વગેરેની પંક્તિ પરથી મારી અનુભૂતિ મુજબ પદ-ગઝલો થઈ. એમ ઘણી ગઝલો રચાઈ. મારાં જ પોતીકાં સંવેદનોને અનુરૂપ... સાવ ભિન્ન રદીફો, અનુરૂપ કાફિયા. ગઝલના જ અંતરંગમાં, કળા-સન્મુખ એવું પરિવર્તન મારી જરૂરત રહી.'

ગઝલમાં તર્જે-બયાન એટલે કથન શૈલીની વિલક્ષણતા, ઉપમા તથા રૂપકની સ્વાભાવિકતા, નવી ભાષા શૈલીની પ્રવાહિતા અને કલામમાં જોર અને તાકાત હોય તો ગઝલના બાહ્ય અને અંતરંગ બંને ખીલી ઊઠે છે. લલિતભાઈની ગઝલમાં આ બધું નોખી અને અનોખી રીતે આવે છે અને ગુજરાતી ગઝલમાં એક નવી કેડી કંડારે છે. થોડાક આવા શેર જોઈએ તેથી ખ્યાલ આવે કે સો-સવાસો વર્ષથી સાકી, સનમ, સુરા, ઇશ્ક, આશિક, માશૂક, પ્રિયા, પ્રિયતમ ગોકુળ, મોરપિંછ, રાધા અને કાનમાંથી છૂટી પડીને નવોન્મેષ દાખવતી નવી ગઝલની પરિભાષા શું હોઈ શકે, શૈલી અને ભાવ કેવા હોઈ શકે તેનો ખ્યાલ આવી શકે.

**પલળી ગયો આ માવઠામાં કાચ બારીનો**
**તારા સ્મરણનો આંખને પડદો મળી ગયો!**

* * *

**હું સપાટીનો માણસ છું, ક્યાં જઈ શકું?**
**ક્યાંક ઊંચાઈ છે, ક્યાંક ગહરાઈ છે**

* * *

**વરસાદ પડે ને ઘાસ સમું પણ ના ઊગે**
**કોઈ સડકના ડામર જેવો માણસ છે આ**

* * *

**આથમ્યા માર્ગની ય પેલી પાર**
**દૂર નજરું તકાયા જેવી સાંજ**

* * *

**એક દિ ભીડી હતી જે લઈ એ જ હથેળીઓ**
**હાલો કે છેલવેલા હુંભારી લઈએ દનડાં!**

* * *

**કથા લંબાય છે પાણીથી પાણિયારા સુધી**
**તરત જુદી જ છે, પાણી તો માત્ર આશય છે!**

* * *

**કંડારવા જતાં તું નિરાકાર રહી ગયો**
**ઈશ્વર! તું કેવો મારી નજર બહાર રહી ગયો.**

ગઝલ સર્જનની પ્રક્રિયામાંથી પસાર થતાં થતાં કવિ ગઝલને ક્યારેક વ્યાખ્યા આપે છે, ક્યારે રૂપકથી મઢે છે તો ક્યારેક ઉપમાથી શણગારે છે. થોડાંક ઉદાહરણો જોઈએ:

શબ્દઘાટીમાં જ ગઝલટંકાર કરી લઉં...
લલિતા સુરનું હનન કરી લઉં પરથમ પહેલાં!

* * *

લલિત આપનાં મંજીરાં
મિસરે સાની મિસરે ઉલા!

* * *

નહિતર તો આ પેશાનીમાં છે મબલક વિરાની
તો કઈ એ ખુશનુમા નરગીશ ગઝલ લખવા કહે છે

સગડ એના રદીફો કાફિયામાંથી મળે પણ
લલિતનુમા ગુપત તફનીશ ગઝલ લખવા કહે છે

* * *

કવિમિત્રો! દુઆ કરજો... હુનર લૈને પ્રવેશું છું ગઝલમાં
હું રણઝણતી કલમનો સ્વર મુખર લૈને પ્રવેશું છું ગઝલમાં

લલિત ત્રિવેદી વ્યવસાયે ડોક્ટર છે એટલે એમને જુદા જુદા કમ્પાઉન્ડ બનાવવાની ફાવટ છે અને એ ફાવટનો ઉપયોગ એ નવા નવા શબ્દો, શબ્દગુચ્છો અને પદાવલિઓ બનાવવામાં કરે છે. કાઠિયાવાડી માહોલ સાથે તળપદા શબ્દોનું સાયુજ્ય સાધીને એક નવો જ શબ્દ પણ બનાવે છે જેમ કે એ 'સાટાખત', સિંજારવ, ગિનાત, ગઝલાવૃત્તિ, અખ્શર, ખૂણલિયે, છાતીહીણાનું, નજરિયા, ઓઘડ, કરગઠિયું, અવાવર, જીવમિયા જેવા શબ્દો તેઓના સંદર્ભ સાથે પ્રયોજ્યા છે એટલે ભાવ સચવાઈ રહે છે. એમની તાજેતરની ગઝલોમાં એક અદમ્ય ઝુરાપો જોવા મળે છે. એ પોતાની રટણામાં રમમાણ થાય છે ત્યારે ગઝલના-ફકીરીના-ભગવા રંગના, ઈશ્કે-રકીકીના આગોશમાં ઝાઝું સંતાડીને જરાક જેટલું બતાવી જાય છે.

લલિતભાઈનું દર્શન-ચિંતન, અધ્યાત્મ ગઝલની રિદ્ધિ સિદ્ધિને ઉજાગર કરે છે. 'ગઝલ કહેવાનું બ્હાનું' વાળી શીર્ષક ધરાવતી ગઝલમાં આ આંતરિક પ્રક્રિયાના જુદા જુદા પરિમાણોનો સાક્ષાત્કાર કરાવે છે. જોઈએ આ ગઝલના થોડાક શેર:

સબ દ! તારું અખેપાતર ગઝલ કહેવાનું બ્હાનું છે
ઘડ્યા ઘટઘટ તેં જન્માક્ષર ગઝલ કહેવાનું બ્હાનું છે.
કલમથી કંપનો કમ કરવાની એક નમણી તરકીબ લૈ
કવિ! બેઠો છું રણઝણ પર, ગઝલ કહેવાનું બ્હાનું છે.
ધીમેરું ઝગતી. એક કંદીલ... મહકતી સાંજની ઝિલમિલ...
ને તનહાઈનું એક ઝુમ્મર ગઝલ કહેવાનું બ્હાનું છે.
ગઝલ કહેવાનું બ્હાનું તો તને મળવાનું વાનું છે
અલગ બે તારામારા ઘર ગઝલ કહેવાનું બ્હાનું છે.

લલિત ત્રિવેદી ૪૦ વર્ષથી સતત ગઝલ લખે છે. એમના પાંચ ગઝલ સંગ્રહો પ્રકાશિત થયા છે. ૧૯૯૦માં - પર્યંત, ૨૦૦૮માં અંદર બહાર બેકાકાર, ૨૦૧૩માં- બીજી બાજુ હજી મેં જોઈ નથી, ૨૦૧૮માં- બેઠો છું તણખલા પર અને ૨૦૨૪માં-અવળી ગંગા તરી જવી છે. એમને અનેક પારિતોષિક અને એવોર્ડ પ્રાપ્ત થયા છે. લલિત ત્રિવેદી પોતાની જાતને ધક્કો મારીને આગળ લઈ જવામાં નથી માનતા એટલે એમની પ્રસિદ્ધિ ઢોલનગારા વગાડનારાઓ જેટલી નથી પણ એમનું પ્રદાન શાશ્વત છે અને એ જ કવિની યશરૂપી કાયા છે.

અગ્રગણ્ય શાયર એસ. એસ. વારીએ નોંધ્યું છે રજૂઆતની નૂતનતા, ભાવ અને ભાષાની હિમાયત કરતી સાદગી, પ્રત્યાયન ક્ષમતા અને વેધકતા, ગૂઢવાદ અને રહસ્યવાદનો સ્પર્શ, નિસર્ગની સાથે નગરજીવનની વિષમતાનું આલેખન, છંદોની સફાઈ, સામે પક્ષે ગઝલના વજનમાં ઇરાદાપૂર્વકની તોડફોડ વગેરે લલિતભાઈની ગઝલોને બેશક ઊંચાઈ બક્ષે છે. તેમના થોડાક શેરથી સમાપન કરીએ.

**આંખનો મતલબ કર્યો ખોટો તમે**
**એટલે ઈશ્વર નથી જોયો તમે**

* * *

**ક્યાં કહું છું તને કે મને પાર કર**
**મારી એકાદી ક્ષણને તદાકાર કર**

* * *

**ભલેને આઘેથી લાગે છે આભલા સાથે**
**નજીક જઈને જુઓ તો છે મહાલાં સાથે**

* * *

**મોક્ષમય ઇચ્છા હતી કે કાવ્ય ઝળહળતું લખું**
**કિન્તુ રસબસ ટેરવે કાગળનો પડછાયો પડ્યો!**

* * *

**સિફતપૂર્વક, લલિત! તું નામ જોગ વસિયત લખાવી લે**
**ફકીર પાસેથી એના માલ ને મિલકત લખાવી લે.** ■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# સફળ માણસ પણ જો માણસ તરીકે સારો ન હોય તો...

નવેમ્બર ૭, ૧૯૧૩ના દિવસે અલ્જિરિયાના ડ્રીનમાં જન્મેલા અને જાન્યુઆરી ૪, ૧૯૬૦ના દિવસે ૪૬ વર્ષની ઉંમરે ફ્રાન્સનાં વિલેબ્લેવિન શહેરમાં મૃત્યુ પામેલા ફ્રેન્ચ ફિલોસોફર, નવલકથાકાર, નાટ્યકાર, પત્રકાર, રાજકીય ચળવળકર્તા અને નોબલ પારિતોષિક વિજેતા આલ્બર્ટ કામુએ 'પ્લેગ' નામની એક અદ્ભુત નવલકથા લખી હતી. એની કથા એવી છે કે એક શહેરમાં પ્લેગ ફેલાઈ જાય છે. પ્લેગને કારણે ઘણા લોકો મરી ગયા છે અને હજી મરી રહ્યા છે. જેટલા લોકો એ શહેરમાંથી ભાગી શકે છે એ બધા જીવ બચાવીને ભાગી જાય છે. બહુ થોડા લોકો બચી શકે છે. એમાં એક પાદરી છે અને એક ડોક્ટર છે. બંને પોતાની રીતે બચેલા લોકોની સેવા કરી રહ્યા છે. બંનેને પ્લેગ થવાનું પૂરું જોખમ છે. પ્લેગ જેવી અત્યંત ચેપી બીમારીથી એ બંને અકાળે કમોતે મરી શકે છે. એમની પાસે ભાગી જવાનો વિકલ્પ છે, છતા બંને ત્યાં જ રહે છે. કોઈ મરવાનું હોય છે તો પાદરી ત્યાં જઈને સાંત્વન આપે છે કે બીજી આગળની દુનિયા કેવી હશે? ડોક્ટર સાથે મળીને એ લોકોને ક્યાંક પહોંચાડવાના હોય, દવા આપવી હોય તો એ માટે પણ મદદ કરે છે.

એકવાર પાદરીએ ડોક્ટરને પૂછ્યું કે 'ભાઈ, હું તો આ ભગવાનની સેવા માનીને કરી રહ્યો છું. મને તો આનું પુણ્ય મળી રહ્યું છે, પણ તમે અહીં કેમ છો? તમે કેમ જીવ બચાવીને ચાલી નથી જતા?'

ડોક્ટરે કહ્યું, 'હું જીવ બચાવવા ભાગ્યો નથી અને ભાગવાનો પણ નથી, કારણ કે હું માણસ છું અને માણસો સારા જીવ હોય છે.'

હવે મુંબઈના એક કિસ્સાની વાત કરીએ.

એક યુવતીના પિતાની તબિયત અચાનક કથળી ગઈ. એના ઘરથી થોડે દૂર જ એક ડોક્ટર ફ્રેન્ડનું ક્લિનિક હતું. પેલી યુવતીએ તે મહિલા ડોક્ટર ફ્રેન્ડને કોલ કરીને વિનંતી કરી કે 'તું મારા ઘરે આવીને મારા પિતાને ચેક કરી જઈશ, પ્લીઝ? તારી જે પણ ફી થાય એ હું તને આપી દઈશ.'

એ ડોકટરના યુવતી સાથે બે દાયકાના સંબંધ હતાં. છતાં એણે ના પાડી ને કહી દીધું : 'તું તારા પિતાને ક્લિનિક લઈ આવ હું એની સરવાર કરી આપીશ,પણ તારા ઘરે નહિ આવું. હું કોઈના ઘરે નથી જતી.'

યુવતીના પિતા વૃદ્ધ હતા અને એમની સ્થિતિ એવી નહોતી કે એમને હોસ્પિટલ સુધી લઈ જઈ શકાય યુવતીએ મને કોલ કર્યો. વિસ્તારમાં રહેતા મારા એક મિત્રને વિનંતી કરી.




તે મિત્રએ તરત જ એક સિનિયર ડોક્ટર મિત્રને કોલ કર્યો ને વિનંતી કરી કે 'એક ઈમર્જન્સી છે. તમે આ જગ્યાએ જઈ આવશો, પ્લીઝ?' તે ડોક્ટર એમડી હતા. પેલી એમબીબીએસ મહિલા ડોક્ટર કરતા અનેકગણા વધુ અનુભવી હતા, પરંતુ તરત જ એ પેલી યુવતીના પિતાને તપાસવા માટે પહોંચી ગયા. જોઈતી તાત્કાલિક દવા આપીને અને એમને હોસ્પિટલાઈઝ કરવાની સલાહ આપી.

બે દાયકાના સંબંધ હોવા છતાં પેલી મહિલા ડોક્ટરે પોતાની ફ્રેન્ડના પિતાને તપાસવા જવાની ના પાડી દીધી. અને એક અજાણ્યા સિનિયર ડોક્ટરે પોતાના વ્યસ્ત શેડ્યુલમાંથી સમય કાઢીને એ વૃદ્ધ દર્દીની સારવાર કરી. આ પણ એક કેવો વિરોધાભાસ છે...

દરેક માણસે સારા માણસ બનવાની કોશિશ કરવી જોઈએ. આ સંદર્ભમાં મહાન ફિલોસોફર સોક્રેટિસના જીવનનો એક કિસ્સો યાદ કરવા જેવો છે.

એક વાર ચાર યુવાન સોક્રેટિસને મળવા ગયા. સોક્રેટિસે એમની સાથે થોડી વાતો કર્યા પછી છૂટા પડતી વખતે એમને પૂછ્યું કે 'તમે ભવિષ્યમાં શું બનવા ઈચ્છો છો?'

એક યુવાને કહ્યું, 'મારું સપનું વિશ્વપ્રસિદ્ધ વૈજ્ઞાનિક બનવાનું છે. હું નવી નવી શોધો કરીશ અને નામના મેળવીશ.'

બીજાએ કહ્યું, 'મને તો ફિલોસોફીમાં રસ છે. જીવનના ગૂઢ રહસ્યને પામવાની કોશિશ કરતો રહું છું. મારે તમારી જેમ મોટા તત્ત્વચિંતક બનવું છે.'

ત્રીજા યુવાને કહ્યું, 'મને સાહિત્ય પ્રત્યે બહુ આકર્ષણ છે. સાહિત્યનું સર્જન કરનારાઓને લોકો બહુ માન આપે છે. મારી સાહિત્યકાર બનવાની ઈચ્છા છે અને મારી આ મહત્ત્વાકાંક્ષા પૂરી કરવા માટે હું રાતદિવસ એક કરીને લખતો રહું છું.'

ચોથો યુવાન અલગારી હતો. એ કહે : 'મારી કોઈ મહત્ત્વાકાંક્ષા નથી.'

પેલા ત્રણ યુવાનોએ સોક્રેટિસને કહ્યું કે, 'આ તો ગાંડો માણસ છે. એને જીવનમાં કશું કરી બતાવવાની ઇચ્છા જ નથી એટલે તે લોકોની નજરમાં મજાકનું પાત્ર બની ગયો છે.'

સોક્રેટિસે એમને અટકાવીને ચોથા યુવાનને પૂછ્યું, 'તને ખરેખર કંઈ બનવાની ઈચ્છા નથી થતી?'

પેલો યુવાને કહે : 'ના, મારે મોટા માણસ કે મહાન વૈજ્ઞાનિક યા ફિલોસોફર કે બીજું કંઈ નથી બનવું. હું માત્ર એક સારો માણસ બની રહેવા માગું છું.'

સોક્રેટિસ એના પર ખુશ થઈ ગયા. કહ્યું : 'તેં બહુ મોટી વાત કરી છે. વૈજ્ઞાનિક કે ફિલોસોફર કે સાહિત્યકાર બનવું સહેલું છે, પણ સારા માણસ બનવું બહુ મુશ્કેલ છે. એ જીવનની સૌથી મોટી સફળતા કહેવાય!'

માણસ ભૌતિક રીતે કેટલો સફળ થાય છે તેના કરતાં વધુ મહત્ત્વનું એ છે કે એ માણસ તરીકે કેવો છે. માણસ ગમે એટલો સફળ હોય પણ જો એક માણસ તરીકે તે સારો ન હોય તો તે સદંતર નિષ્ફળ ગણાય. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# સમસ્યા ઓફ સેકંડ ઓપિનિયનઃ એક સવાલ મૈં કરું?

**ટાઇટલ્સઃ**

***દરેક સવાલનો જવાબ જવાબ જ ના હોય. (છેલવાણી)***

એક એકાઉન્ટન્ટે એના માફિયા બોસના ૧૦ લાખ રૂ.ની ચોરી કરી. માફિયાને ખબર તો પડી, પણ પેલો એનો એકાઉન્ટન્ટ તો મૂંગો-બહેરો હતો ને એટલે જ માફિયાએ એને નોકરી પર રાખ્યો હતો, જેથી એ એકાઉન્ટન્ટ માફિયાના ધંધા ને એના કાળાનાણાંની વાતચીત સાંભળી ના શકે ને ભવિષ્યમાં પોલીસ કે કોર્ટમાં માફિયા વિરુદ્ધ જુબાની ના આપી શકે.

હવે ૧૦ લાખની પૂછપરછ માટે પેલો એકાઉન્ટન્ટ એના પિતરાઈ ભાઈને લઈને આવે છે, જેને મૂક-બધિરની સાંકેતિક ભાષા આવડતી હતી. માફિયાએ એકાઉન્ટન્ટના કઝીનને કહ્યું, 'પૂછ, તારા ભાઈને કે પૈસા ક્યાં છે?'

ભાઈએ સાંકેતિક ભાષામાં આ વાત એકાઉન્ટન્ટને પૂછી.

એકાઉન્ટન્ટે સાંકેતિક ભાષામાં જવાબ આપ્યો, 'ખબર નહિં..તમે કયા પૈસાની વાત કરો છો?'

એકાઉન્ટન્ટના કઝીને માફિયાને કહ્યું, 'એ કહે છે કે એને નથી ખબર કે તમે કયા પૈસાની વાત કરો છો?'

માફિયાએ એકાઉન્ટન્ટનાં માથાં પર ગન મૂકીને એના ભાઈને કહ્યું, 'હવે ફરીથી પૂછ.'

કઝીને સાંકેતિક ભાષામાં એકાઉન્ટન્ટને કહ્યું, 'પૈસા વિશે કહી દે, નહીં તો આ તને મારી નાખશે.'

એકાઉન્ટન્ટે સાંકેતિક ભાષામાં જવાબ આપ્યો :

'પૈસા મારા સાળાના ઘરની પાછળ દાટ્યા છે.'

માફિયાએ બરાડીને કઝીનને પૂછ્યું, 'બોલ, એ શું બોલ્યો??'

એકાઉન્ટન્ટના ભાઈએ સ્હેજ વિચારીને સ્માર્ટલી કહ્યું, 'એણે કહ્યું કે તમારી પાસે ટ્રિગર દબાવવાની હિંમત જ નથી...કારણ કે જો મને મારી નાખશો તો તમને છુપાવેલા પૈસા કદી યે નહીં મળે!' સાંભળીને માફિયા ચૂપ થઇ ગયો!

હવે માફિયા પાસે એકાઉન્ટન્ટ અને કઝીન પાસેથી ૧૦ લાખને બીજી કઇ રીતે કઢાવવા અથવા એને ભૂલી જવા સિવાય કોઇ ઇલાજ નહોતો.

ઇન શોર્ટ, વાત, સોદાની કે વાતચીતની કળાની છે. મોટે ભાગે આપણે સામેવાળી વ્યક્તિ શું કહેવા માંગે છે એને પૂરી સમજ્યા, વિચાર્યા વગર જ સાચી કે ખોટી એવું માની લઈએ છીએ, જેમ કે- કોઇ ડોક્ટર કહે: 'તમને કોઈ વિચિત્ર ગંભીર રોગ થયો છે માટે તરત સારવારની જરૂર છે!'




કે કોઇ વકીલ આપણને કોઇ પેપર પર જ્યાં સહી કરવાનું કહે છે ત્યાં આપણે આંખ બંધ કરીને એની વાત માની લઈએ છીએ, પણ વાત, વાતની અંદર અને વાતની બહાર ક્યાંક વચ્ચે જ અટવાયેલી હોય છે!

**ઇન્ટરવલઃ**

***ખયાલ જિસકા થા મુઝે, ખયાલ મેં મિલા મુઝે,***
***સવાલ કા જવાબ ભી સવાલ મેં મિલા. (મુનીર નિયાઝી)***

કોઇ પણ અગત્યની વાત કે સમસ્યા સાચી છે કે નહીં એ જાણવા માટે હંમેશાં બીજો અભિપ્રાય લેવો જોઈએઃ સેકંડ ઓપિનિયન! લોકશાહીમાં, સત્તા સામે વિપક્ષ સેકંડ-ઓપિનિયન (કે ઓપ્શન?) છે. બેવફા પ્રેમમાં પર સ્ત્રી કે પર પુરૂષ સેકંડ- ઓપિનિયન છે.

શું છે કે સેકંડ ઓપિનિયનથી મનમાં દ્વિધા દૂર થશે ને સમસ્યાઓ ઉકેલવા ઘણાંય રસ્તાને તપાસીશું ત્યારે એમાંથી કોઇ સાચો રસ્તો મળી આવશે.

ટૂંકમાં, ઈશ્ક હોય કે ઇન્વેસ્ટમેન્ટ હોય- જ્યારે પણ ડાઉટમાં હોવ ત્યારે સેકંડ-ઓપિનિયન લેતા શરમાવું નહીં...કારણ કે પહેલી નજરે ગમતી વાત ઘણીવાર ભ્રામક હોઇ શકે છે.

સંગીતકાર અન્નુ મલિકે એકવાર ગીતકાર મજરૂહને કહ્યું કે મારી પાસે અદ્ભુત લાઇન છે કે 'રાજા કો રાની સે પ્યાર હો ગયા, પહેલી નઝરમેં પહેલા પ્યાર હો ગયા!' ત્યારે

મજરૂહે ભડકીને કહ્યુંઃ 'અજીબ બેવકૂફાના બાત હૈ! પહેલી નઝર મેં પહેલા પ્યાર હો ગયા તો દૂસરી નઝર મેં દૂસરા પ્યાર હો જાયેગા?'...

આ વાતમાં યે લોજિક છેને?

વળી સેકંડ-ઓપિનિયન લેવામાં મોટો ખતરો એ છે કે તમે અભિપ્રાય કોને પૂછો છો?

એક ખેડૂતની બકરીનાં ગળામાં ઘાસનો પૂળો અટકી ગયો અને એ તરફડવા માંડી. ખેડૂત તરત દોડીને એના પાડોશી પાસે ગયો ને તરત ઉપાય પૂછયો. પાડોશીએ કહ્યું, 'એક મોટો લાંબો પાઇપ લે અને બકરીના ગળામાં જોરથી ઘૂસાડ અટકેલું ઘાસ અંદર ઉતરી જશે... '

પેલા ખેડૂતે એમ જ કર્યું ને એની બકરી તરત જ મરી ગઇ. ખેડૂત ગુસ્સામાં પાડોશીને ફરિયાદ કરી,'તારી સલાહથી મારી બકરી મરી ગઇ! '

પાડોશીએ ઠંડકથી કહ્યું, 'લે! મરી તો મારી યે ગયેલી.. આ તો તેં પૂછ્યું એટલે મેં ઉપાય કહ્યો!'

એક માણસ મોડી રાત્રે ઘરે જઈ રહ્યો હતો ને જોયું કે રસ્તા પર કોઇ ભીખારી રસ્તા પર વાંકો વળીને ધીમે-ધીમે આમતેમ ફરી રહ્યો હતો. પેલાએ પૂછ્યું,

'અડધી રાતે રસ્તા વચ્ચે શું શોધી રહ્યો છે?'

પેલાએ ઉદાસ ચહેરે કહ્યું, 'મારો ૧૦ રૂપિયાનો સિક્કો ખોવાઈ ગયો છે એને જ શોધી રહ્યો છું!'

'ચાલ, હું પણ તને શોધવામાં મદદ કરું.' પેલા માણસે કહ્યું ને પછી એ પણ સિક્કો શોધવા માંડ્યો. એણે રસ્તા પર, રસ્તાની કિનારી પર, ફૂટપાથ પર, એમ બધી જ જગ્યાએ સિક્કો શોધ્યો પણ ના મળ્યો તો પછી એણે ભીખારીને કહ્યું,'અહીં તો ક્યાંય નથી... તું બરોબર યાદ કરીને કહે કે તેં એને એક્ઝેટલી ક્યાં ખોયો હતો?'

ત્યારે પેલાએ કહ્યું, 'મેં એને ખોયો તો ત્યાં પેલી બાજુ અંધારામાં હતો.'

'તો ઇડિયટ, અહીંયા કેમ શોધી રહ્યો છે?' માણસ ભડક્યો!

'શું છે કે અહીંયા સ્ટ્રીટ લાઇટનો પ્રકાશ વધુ સારો છે એટલે!' ભીખારીએ ભોળપણથી કહ્યું. અર્થાત્, જીવનનાં અઘરા સવાલોના જવાબો હોય છે ક્યાંક બીજે ને આપણે શોધીએ છીએ કશેક બીજે જ... ખરેખર તો દુનિયા નામની ભીડ પરમાત્માથી લઇને પરમાણુમાં, સેકંડ-ઓપિનિયન શોધે રાખે છે અને એ ય વળી જયાં એ નથી ત્યાં જ!

**એંડ-ટાઇટલ્સઃ**

***આદમઃ તને મારા વિશે કદી સવાલ ઊઠે ખરો?***
***ઈવઃ ના, પણ મારા વિશે ઊઠે કે કોઇ નહીં ને તું?*** ■

મુંબઈ સમાચાર LIKE & FOLLOW: /Mumbaisamachar4u

નવી કૉલમ

બોલો, તમે શું કહો છો?

જૂઈ પાર્થ
feedback@bombaysamachar.com

# જન્મ - જન્માક્ષર - જન્માંતર



અવાજ...ઘોંઘાટ.. લડાઈ...ઝગડા...

ઓટલા બેઠકોની જગ્યાએ આજે સમગ્ર પોળમાં સન્નાટો હતો. આખી પોળ મંજુબહેનનાં ઘેર અને મંજુબહેન તો બસ પોક મૂકીને રડ્યાં જ કરે ના ના, કોઈનું અવસાન નહોતું થયું. એમની એકની એક દીકરી રિયા ઘર છોડી જતી રહી હતી. ક્યાં- કોની સાથે ક્યારે- કેમ એની કોઈનેય જાણ નહીં. અરે, રિયાની ખાસ બહેનપણી માયાને પણ કંઈ ખબર નહોતી. બહુ શોધખોળ કરી, પાડોશીઓએ બધી દિશામાં સ્કૂટર- ગાડી હંકારી મૂક્યા પણ રિયા ના જ મળી.

રિયાનાં પપ્પા પોલીસ સ્ટેશન ફરિયાદ નોંધાવા જતા હતા ને ત્યારે ચાવીનાં સ્ટેન્ડ પાછળથી એક કાગળ સરકી નીચે પડ્યો. ત્યાં ઊભેલા બધાંનું ધ્યાન કાગળ તરફ ગયું. મંજુબહેન અને એમનાં વરને ચિંતા કે કોણ જાણે કાગળમાં શું એ લખ્યું હશે....સવારથી એમની પડખે ઊભેલી આખી પોળને જાણવાની ઉત્સુકતા હતી :

કાગળમાં શું લખ્યું છે? છેવટે કાગળ જાહેરમાં મોટેથી વંચાયો

*'વ્હાલા મમ્મી- પપ્પા,*

*મને બેંગ્લોરથી બહુ સારી જોબ ઓફર આવી છે. બહારગામ એકલા રહીને જોબ ના કરવાનાં તમારા સખત વલણનાં કારણે તમને જાણ નથી કરી. આ પત્ર તમારા હાથમાં આવે ત્યાં સુધી હું બેંગ્લોરની ફ્લાઈટમાં બેસી ગઈ હોઈશ. પહેલાં પગાર સાથે આશીર્વાદ લેવા આવીશ. ધ્યાન રાખજો. તમારી મરજી વિરુદ્ધ પહેલી વાર કંઈક કર્યું છે એના માટે માફી માગું છું.*

**લિ. તમારી સૌથી વહાલી રિયા.'**

આ વાંચી રિયાનાં પપ્પાને હાશકારો થયો કે ચાલો, દીકરી સુરક્ષિત તો છે, પણ મંજુબહેનનો પિત્તો ગયો એમનાં વરને લોકોની વચ્ચે જ બોલવાનું શરૂ કર્યું :

રિયાને લાડકોડથી ઊછેર્યાથી માંડીને માથે ચડાવ્યા સુધી બધું ઘણું સંભળાવ્યું ને દોષનો ટોપલો રિયાનાં પપ્પા એટલે કે પોતાનાં વર પર ઢોળ્યો. વચ્ચે એક જ્યોતિષીનોય ઉલ્લેખ આવ્યો કે 'જોષીજીએ રિયાનાં જન્માક્ષર જોઈને કહ્યું જ હતું કે ૨૩ વર્ષે દીકરી ઘર છોડી દેશે પણ તમે જ એનાં પર આંધળો વિશ્વાસ રાખ્યો ને કોઈ પૂછપરછ નહીં, દીકરી ક્યાં આવે જાય છે, કોને મળે છે એને કોઈ'દી પૂછ્યું નથી. આપણે ચિંતા કરીએ કે ઘર છોડે એટલે ભાગીને લગ્ન કરશે અને ચલો, આ નોકરી માટે ગઈ તોય કોઈ પણ બહાને ઘર તો છોડ્યું જને? જો આપણે જોષીજીને થોડું ઊંડાણપૂર્વક પૂછ્યું હોત તો આજે આ નોબત ના આવતી....હું તો પહેલેથી કહેતી હતી કે આપણે પાણીનું પવાલું પણ જોષીજીને પૂછ્યા વગર નઈ પીવાનું. જોયું, હવે છોકરી ગઈને હાથમાંથી!'

આપણી આસપાસ આવાં ઘણાં મંજુબહેન હોય છે. કેટલાક તો આખા ને આખા પરિવાર એમનાં જ્યોતિષ કહે એમ જ કરે. બાળકનો જન્મ, નવા ઘરનું વાસ્તુ, નવી ગાડી લેવાની, ચૌદશ -અમાસે સારાં કાર્યો નહીં કરવાનાં, સારા ચોઘડિયામાં સારાં કામ શરૂ કરવાનાં, જો મુહૂરત ગયું તો જેનાં લીધે ચોઘડિયું ચૂક્યા તેનું આવી બને. આમ કેટલીકવાર આ શાસ્ત્ર જોનારની ચૂકનાં કારણે ઝગડા પણ થાય છે ને ઘરમાં અશાંતિ ઊભી થાય છે.

જ્યોતિષ ઉપરાંત છાયા વિદ્યા, નાડી જોવી, આભા મંડળ, ક્લેરવોયેન્ટ વગેરે ભવિષ્યની ઝાંખી કરાવતાં શાસ્ત્રો છે. જો કે પહેલાંના સમયમાં આ શાસ્ત્રો વધુ સુસંગત લાગતાં હતાં અને તેનાં મુજબ નિર્ણયો લેવાતા. જીવનનું આયોજન, નોકરી ધંધો, લગ્ન વગેરે જોષીજી કહે એ પ્રમાણે જ થતું.

જોકે, સમય જતાં બ્રહ્માંડમાં ગ્રહોની સ્થિતિ અને પૃથ્વી પર મનુષ્યની મનોસ્થિતિ પણ બદલાયા છે, સંપૂર્ણપણે નહીં , છતાં આપણને બધાને એક પ્રામાણિક પ્રશ્ન જાગે કે આપણને કેવું જીવન ગમે, જેમાં ભવિષ્યની જાણ થઈ જતી હોય એવું કે પછી સરપ્રાઈઝ એલીમેન્ટવાળું?

એકવાર એક બહેનને શનિની સાડાસાતી ચાલતી હશે. ઊતરવાનાં છેલ્લાં બે અઠવાડિયા બાકી હશે ત્યાં એક જ્યોતિષીએ એમને પૂછ્યું :'બહેન, સાડાસાતીમાં પણ તમે આટલાં સ્વસ્થ છો એનું કારણ શું?'

બહેને સુંદર જવાબ આપ્યો કે મને સાડાસાતી વિશે કંઈ ખબર નહોતી. હું તો નિજાનંદમાં સમય પસાર કરતી હતી. હું ભલી ને મારો ભગવાન ભલો સામે એ જ્યોતિષને પણ સાડાસાતી હતી, પણ જ્યોતિષીને પોતાની જ વિદ્વત્તા નડી. એમની તબિયત લથડી- વ્યવસાયમાં ખોટ કરી વગેરે જેવા નકારાત્મક અનુભવો થયે રાખ્યા.

ઘણીવાર ભવિષ્ય જાણી લેવાથી ફાયદા કેટલો થાય એ તો ખબર નથી, પણ સામે નુકસાન પણ છે, જેમકે કેટલાક લોકો જ્યાં સુધી ભવિષ્ય ભાખેલાવાળું હકીકતમાં ના ફેરવાય ત્યાં સુધી સતત તાણ અનુભવે. કેટલાક લોકો કોઈ શાસ્ત્ર પર આધાર રાખી મહેનત કરવાનું છોડી દે છે તો અમુક લોકોની તો શ્રદ્ધા અંધશ્રદ્ધામાં ફેરવાય ત્યાં સુધી ફક્ત શાસ્ત્ર પર જ આધાર રાખે છે.

આ વિષય કે વાતનો હેતુ કોઈ પણ પ્રકારનાં શાસ્ત્રોને નીચા દેખાડવાનો કે પછી એમાં ન માનવું એવો નથી. જન્માક્ષર મેળવેલા હોવા છતાં લોકોનાં લગ્નભંગ થતાં હોય છે ને તેનાથી વિપરિત ના મળતાં જન્માક્ષરવાળા આખો જન્મારો સાથે જીવી લે છે. આ જ રીતે બાળકની જાતિ, વ્યવસાય, દેશ પરદેશ વગેરે બાબતે શાસ્ત્રો ૧૦૦% સાચા પડ્યાં છે તો કોઈ જગ્યાએ તદ્દન ખોટાં પણ પડ્યા છે. માટે અંગત રીતે હું દ્રઢપણે માનું છું કે ભવિષ્ય કથન કરનાર કોઈ પણ શાસ્ત્ર કે પદ્ધતિ સારી અને સાચી હોઈ જ શકે, પરંતુ આપણે એમાં વહી નથી જવાનું કે નથી તેનો છેદ ઉડાડવાનો. પરિસ્થિતિને બધા ત્રાજવે તોલીને પછી જ એક સાચા નિર્ણય સુધી પહોંચી શકાય માટે શાસ્ત્રોનું માર્ગદર્શન, વડીલોની અનુભવી સલાહ અને સાથે પોતાનું અંતરમન જે દિશામાં લઈ જાય એમ જવું સારું. શાસ્ત્રો પથદર્શક બની જ શકે, પરંતુ પરવશતાની હદે નહીં. જેમ અસફળતા માટે ઓછી મહેનતે ગ્રહોનો વાંક ન કાઢી શકાય તેમ સફળતા માટે અથાગ પરિશ્રમને ફક્ત શાસ્ત્રોનું નામ ન જ આપી શકાય.


બોલો, તમે શું કહો છો? ■

ટ્રાવેલ પ્લસ

કૌશિક ઘેલાણી
feedback@bombaysamachar.com

# હિમાલયમાં રંગો ને સુગંધની સફર એટલે કુદરતે બક્ષેલી અણમોલ ભેટ...





વેલી ઓફ ફ્લાવર્સ એટલે સુગંધોની સફર. આપણે હંમેશાં આપણી આસપાસ ઊંચી ઇમારતો જોવા ટેવાઈ ગયેલા છીએ, પરંતુ જે લોકો ખરેખર પ્રકૃતિ પ્રત્યે લગાવ ધરાવે છે તેમણે ચોક્કસપણે આ ટ્રેક દ્વારા કુદરતના ખોળે ભમવું જોઈએ. અહીંની વિશાળતા જોઈને એવું લાગે કે માનવી ભલે ગમે તેટલી શોધ કરી લે, નવાં નવાં યંત્રો શોધી કાઢે, પરંતુ નિસર્ગના સર્જન સામે તે હંમેશાં પાંગળો જ રહેશે. કોઈપણ માનવી અથાગ પ્રયત્નો પછી પણ આવી ફૂલોની ઘાટી બનાવવા અસમર્થ છે. આ વિશાળ અને ખૂબસૂરત વિસ્તાર ખૂબ જ વિશાળ છે. પરિણામે નિર્જન હોય એવું દીસે. અહીંનું વાતાવરણ હંમેશાં શાંતિપૂર્ણ અને આહલાદક છે. અહીં જવાનો સમય જૂનથી સપ્ટેમ્બર મહિના સુધીનો છે. સામાન્ય રીતે હિમાલય વિસ્તારમાં ચોમાસા દરમિયાન ભૂસ્ખલન જેવી ઘટનાઓ બનતી રહે છે, પરંતુ જુલાઈના અંતમાં જ અહીં બધાં ફૂલો એના સંપૂર્ણ રંગોમાં રંગાય છે એટલે એને એના વાસ્તવિક રૂપમાં જોવા માટે આ સમયગાળો જ શ્રેષ્ઠ છે.

ઘાંઘરિયાથી આગળ જતો બીજો ટ્રેક આપણા વેલી ઓફ ફ્લાવર્સ તરફ જાય છે. ત્યાં આશરે ચાર કિલોમીટર જેટલો ટ્રેક છે. અહીંથી પસાર થતા એવું લાગે કે જો રસ્તો જ આટલો સુંદર છે તો વેલી કેટલી રમણીય હશે. અહીંનો સફર દરેક પગલે કંઇક ને કંઈક નવું દૃશ્ય અને શ્રાવ્ય બંને રીતે આપે છે. આ સ્થળની એક બહુ જ ખાસ વાત એ છે કે આ વિસ્તાર સંપૂર્ણ રીતે પ્લાસ્ટિક પ્રતિબંધિત છે. તમને ક્યાંય રસ્તા પર ફેંકાયેલા પ્લાસ્ટિક નહીં દેખાય. રસ્તા પર એક મજાનું બોર્ડ દેખાશે જેના પર લખ્યું હશે, 'કુછ દેર બેઠ કર પ્રકૃતિ કે નજારો કા આનંદ લે.' વેલી ઓફ ફ્લાવર્સનો મિજાજ જ અલગ પ્રકારનો છે. વેલીમાં દાખલ થતાં જ એમ લાગે જાણે કોઈ કલ્પનાનાં પ્રદેશમાં પહોંચી ન ગયા હોઇએ. ચારે તરફ ગાઢ વનરાજી, વિશાળ પર્વતો, હિમશિખરો અને તેમની વચ્ચે દેખાતા ગ્લેશિયર એ બધાના વર્ણન માટે શબ્દો ખૂટી પડે. ચોતરફ નજર કરીએ તો રંગબેરંગી, વિવિધ આકારોમાં અલગ અલગ રૂપરંગના અઢળક ફૂલો મરક મરક હાસ્ય કરતાં જોવા મળે. આ વેલીમાં પાંચસોથી પણ વધુ પ્રકારના વિવિધરંગી ફૂલો જોવા મળે છે અને તેને પૂર્ણ રીતે ખીલવાનો સમય મધ્ય જુલાઈથી મધ્ય ઓગસ્ટ વચ્ચેનો હોય છે. વેલીમાં દાખલ થતાં જ આપણે ક્યારેય ન જોયેલાં એવાં ભિન્ન ભિન્ન આકારનાં પર્ણો અને વનસ્પતિ દિગ્મૂઢ કરી મૂકે એમ છે. પ્રાચીન સમયમાં જેના પર લખાણ થતું એવાં ભોજપત્રોનાં વૃક્ષો પણ ઠેર ઠેર જોઇ શકાય છે. આ ઉપરાંત, જંગલી ગુલાબ, બ્રહ્મકમળ, બ્લુ પોપી જેવાં ફૂલો સાથે વેલીનું અપાર સૌંદર્ય કોઈપણ વ્યક્તિને મંત્રમુગ્ધ કરી દેશે. અહીંનાં સૌંદર્ય થકી કોઈ પણ ઉંમરનો વ્યક્તિ બાળકની માફક જિજ્ઞાસુ અને ઉત્સાહિત બની જાય. ઊંચી પહાડીઓ તેમજ તેની વચ્ચે આવેલા વિશાળ બ્યૂગ્યલો એટલે કે ઘાસનાં વિશાળ મેદાનો અને તેમાંથી પસાર થતા ખળખળ વહેતા સંગીતમય ઝરણાઓ, રંગબેરંગી હિમાલયના પક્ષીઓના મધુર અવાજો, પવનના સુસવાટા, પાંદડાઓનો અવાજ દરેક ભેગા મળીને એક કર્ણપ્રિય સંગીતમય ધૂનની રચના કરે છે અને આવી અદ્ભુત ધૂનને માણતાં માણતાં અહીં જ હંમેશાં માટે સ્થાયી થઇ જવાનું મન થઇ જાય એવું છે. આ વેલી માત્ર સૌંદર્યની દૃષ્ટિએ જ નહીં, પરંતુ અહીં કેટલીક એવી ઔષધીઓ પણ મળી આવે છે જે સમગ્ર વિશ્વમાં અપ્રાપ્ય છે. પક્ષીવિદો અને વનસ્પતિમાં રસ ધરાવતી વ્યક્તિઓ માટે તો આ સ્થળ સ્વર્ગસમા ખજાના જેવું કહી શકાય. અહીં પ્રકૃતિનું અજોડ સર્જનસમા હિમાલયન મોનાલ, વિવિધ સનબર્ડ્સ, હિમાલયન વલચર, ગોલ્ડન ઇગલ જેવા દુર્લભ પક્ષીઓ મુક્તપણે વિહરતાં આપણને મંત્રમુગ્ધ કરી મૂકે છે. ક્યાંક ધવલ વાદળોની ફોજ પહાડની ટોચ પર બેસીને પહાડો સાથે વાર્તાલાપ કરતી જોઈ શકાય તો વળી ક્યાંક વચ્ચેથી જગા કરીને અવનીને સ્પર્શતાં સૂર્યના કિરણો... આવું અઢળક છે અહીં જે આપણને બે ઘડી વિચારતા કરીને નિસર્ગ સાથે આપણને પરિચય કરાવે છે.

કોઈપણ આશય વિના ક્યાંક નીકળી પડવું હોય તો ઉત્તરાખંડની આ જગ્યા સર્વશ્રેઠ કહી શકાય. અહીં બધા જ સરળતાથી પહોંચી શકે છે. અહીં પહોંચવા માટે ઋષિકેશથી વાહનો સરળતાથી મળી રહે છે અને નજીકનું સૌથી મોટું માર્કેટ જોશીમઠ છે.

જોશીમઠમાં એકાદ બે દિવસ રહીને અહીંનો આનંદ લઇ શકાય છે. નિસર્ગનો આનંદ જે સ્થળે મળે એ સ્થળે ખુલ્લા દિલથી લઇ લેવો જોઈએ કારણ કે, આજના આધુનિક યુગમાં ધીરે ધીરે કુદરત લુપ્તતાનાં આરે આવીને ઊભી છે. કુદરત સાવ જ આધુનિકતાની ગર્તામાં ધકેલાય જાય એ પહેલાં અહીંની ખુલ્લી હવામાં શ્વાસમાં અને અહીંના સત્વ અને તત્ત્વને મનમાં ભરી લેવું જોઈએ. ■

ટેક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# સરળ- સચોટ ને સ્પષ્ટ છે... દેશની પોતાની જીપીએસ સિસ્ટમ 'નાવિક'

ગૂગલ સર્ચ એન્જિન સાથે મળતી જુદી-જુદી સર્વિસની સૌથી શ્રેષ્ઠ બાબત એ છે કે, તેની કોઈપણ સર્વિસ ગમે ત્યાંથી ગમે ત્યારે એક્સેસ કરી શકાય છે. માત્ર ઈન્ટરનેટ કનેક્શન સારું હોય તો ગૂગલ ડોક્સના તમામ દસ્તાવેજ માત્ર અંગૂઠો લગાવતા જ ખૂલી જાય. ફાઈલ સાઈઝની થોડી મથામણ કરવી પડે, પણ કામ ચાલી જાય. ગૂગલની દરેક સર્વિસ તો તમામ લોકો માટે દૈનિક ધોરણે કામ નહીં આવતી હોય પણ ગૂગલ મેપ્સ સિસ્ટમ તો હવે દરેક ટૂર પહેલા ટ્રેક થાય છે. આ માટે પાયાની વસ્તુ છે જીપીએસ (ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમ) જે ડિવાઈસની અંદર ચાલુ (ઓન) હોવું જોઈએ. એ પછી મેપ્સ સર્વિસની કોઈ પણ સેવાને સરળતાથી એક્સેસ કરી શકાય છે. જેને મોટાભાગના લોકો એક સર્વિસ તરીકે જુએ છે એ વાસ્તવમાં આખી સિસ્ટમ છે. આ ગ્લોબલ પોઝિશનિંગ સિસ્ટમનો દુનિયાના અનેક દેશ મહત્તમ ઉપયોગ કરે છે. ૬ અબજથી વધારે યુઝર્સ ધરાવતી આ સિસ્ટમ પર સૌથી મોટી અને ખાસ વાત એ છે કે, એકસાથે એકથી વધારે ડિવાઈસ પર શરૂ થતાં હેંગ થવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

માત્ર સ્માર્ટફોન જ નહીં, ઓટોમોબાઈલ સેક્ટરની કાર અને ટ્રક સુધી આ સિસ્ટમ પહોંચી છે. આ સિવાય પણ રાઈડ બુક કરતી વખતે પણ આ સર્વિસ ઓન રાખવી પડે છે. 'જીપીએસ'ની ટ્રેકિંગ સિસ્ટમ આખી અમેરિકા સરકારના નિયંત્રણમાં છે. અમેરિકાની 'સ્પેસફોર્સ' નામની એક ટીમ, જે અમેરિકી એરફોર્સને એરગાઈડ કરે છે એ ઑપરેટ કરે છે. સૈન્યના ભૌગોલિક માર્ગદર્શન માટે તૈયાર કરવામાં આવેલી આ સિસ્ટમ આટલી હદે વ્યાપક થશે એ કોઈએ વિચાર્યું ન હતું.

'જીપીએસ' જેવી ટેક્નોલોજી દરેક દેશે પોતાની રીતે વિકસાવી છે, પણ ભારતે આ સર્વિસમાં ડંકો વગાડ્યો છે. ભારત દેશની પોતાની નેવિગેશન સિસ્ટમનું નામ છે 'નાવિક' જીપીએસ. એકસાથે નવ સેટેલાઈટ પર કામ કરતા નાવિકને દેશના દરેક ખૂણા, રૂટ, રસ્તા અને પીકઅવર્સના ટ્રાફિક રૂટ, શેરી, મહોલ્લા, સર્કલ, અંડરપાસ, ફ્લાઈઓવર સહિતની તમામ વસ્તુઓ ખબર છે. એના પર એની નજર છે. માત્ર ભારત જ નહીં, દરિયામાંથી મિડલ ઈસ્ટથી લઈને ચીનની બોર્ડર સુધીનો વિસ્તાર કવર કરે છે. યસ, લેહ લદ્દાખ પાસે આવેલી ચીનની બોર્ડર.

ઈન્ડિયન રીજનલ નેવિગેશન સેટેલાઈટ સિસ્ટમ કે જેને નાવિક એટલે કે, 'નેવિગેશન વિથ ઈન્ડિયન કોન્સ્ટેલેશન' એવું નામ આપવામાં આવ્યું છે. એના એક ભાગમાં કુલ સાત




સેટેલાઈટના કનેક્ટેડ ગ્રૂપ છે. સાત સેટેલાઈટ તેને કંટ્રોલ કરે છે. આપણા દેશની આસપાસના કુલ ૧૫૦૦ કિલોમીટરના વિસ્તારને વ્યવસ્થિત રીતે કવર કરીને એની ઊંડાણભરી માહિતી આપે છે... હવે જસ્ટ, કલ્પના કરો પાડોશી દેશમાં ઝાડ પરથી પાન ખરે તો પણ આપણને ખબર પડે કે નહીં?!

આ સિસ્ટમ તૈયાર કરવાનો હેતુ ભારતીય નાગરિકો સરળતાથી ઉપયોગ કરી શકે અને સૈન્ય પાંખ ટ્રેક કરી શકે એ રહ્યો. કારગિલ યુદ્ધ વખતે જ્યારે ભૌગોલિક પરિસ્થિતિ વિકટ હતી અને કેટલીક પરેશાનીઓનો સામનો કરવો પડ્યો એવા સમયે આવી સિસ્ટમની તાતી જરૂરિયાત ઊભી થઈ. એ સમયે આપણે અમેરિકાની સિસ્ટમનો સહારો લેવો પડતો. 'ઈસરો' દ્વારા તૈયાર કરવામાં આવેલી સિસ્ટમ 'નાવિક'નો ટેસ્ટ પણ 'ઈસરો'ના જ કેમ્પસમાં થયો. ઘરમાંથી સફળતા મળે તો મેદાને રમવા જવાય. એ અભિગમથી પછી બીજા પાસાઓ પર એના પરીક્ષણ શરૂ થયા. એક્યુરેસી અને પર્ફેક્ટ પોઝિશન મામલે નિષ્ણાતોએ સિસ્ટમને હરખભેર વધાવી. એ પછી ઈન્ટરનેશનલ મેરીટાઈમ ઓર્ગેનાઈશને મંજૂરી આપી અને સંસ્થાએ પણ સ્વીકારી. એટલું જ નહીં, વર્લ્ડ વાઈડ રેડિયો તરીકે લોકેશનના આધારે માન્યતા પ્રાપ્ત થઈ. તમામ જગ્યાઓ પરથી ટેસ્ટ થયા અને દરેક ટેસ્ટમાં નાવિક સફળ રીતે મુશ્કેલીનો દરિયો પાર કરી ગયો. માપદંડથી લઈ મુસિબત સુધી અને દુર્ગમ વિસ્તારથી લઈને ડિજિટલ ડિવાઈસ સુધી. આમ દરેક વિષયમાં 'નાવિક' પાસ થયું. જમીન પરના રૂટથી લઈને સમુદ્ર સપાટીથી જમીન સુધી અને એર રૂટમાં પણ 'નાવિક' સડસડાટ જવાબ આપતું. એ પછી વ્હિકલ ટ્રેકિંગ, ફ્લીટ મેનેજમેન્ટ, વિઝ્યુઅલ્સ અને વોઈસ ટ્રાંસમિશન સુધી નાવિકે પરિણામલક્ષી કામગીરી કરી અઘરા ટાસ્ક પૂરા કર્યા. હજુ પણ તે એક્ટિવ છે.

જ્યારે એક કંપનીએ આ 'નાવિક' માટેની ચિપ બનાવવા માટે નક્કી કર્યું એ સમયે જ નક્કી હતું કે, મોબાઈલ એપ્લિકેશનથી લઈ સબમરીન સુધીનું ટ્રેકિંગ આ 'નાવિક' કરી શકશે. જીયોગ્રાફિક્સ લોકેશન પર એક્યુરેસીથી કામ કરતી 'નાવિક' સારી એવી ક્ષમતા અને મોટું કવરેજ ધરાવે છે. પોતાના જીપીએસ સિસ્ટમ પર એપ્લિકેશન અને એક આખી સિસ્ટમ તૈયાર કરનારા દેશની યાદીમાં અમેરિકા પહેલા ક્રમે આવે છે, જેણે સૌ પ્રથમ જીયો ટેગ ટ્રેકિંગ સિસ્ટમ તૈયાર કરી હતી. એનો ઉપયોગ સૌ પ્રથમ એના સૈન્યમાં કરવામાં આવ્યો. પણ પછીથી રૂટ નક્કી થતા લોકો માટે પ્રાપ્ય બની.

બીજા ક્રમે રશિયા, ત્રીજા ક્રમે યુરોપિયન યુનિયન, પછી ચીન અને છેલ્લે જાપાનનો ક્રમ આવે છે. યુરોપિયન યુનિયનની જીપીએસ સિસ્ટમનું નામ 'ગેલેલિયો' રાખવામાં આવ્યું છે. જે એક સમયે દુનિયાનું ભ્રમણ કરવા નીકળ્યા હતા. જ્યારે ચીનની જીપીએસ સિસ્ટમનું નામ 'બેઈદાઉ' છે. જ્યારે રશિયાની જીપીએસ સિસ્ટમનું નામ 'ગ્લોનાસ' છે. ■

**આઉટ ઓફ બોક્સ**

***મોબાઈલમાં માત્ર લોકેશન ઓન રાખવાથી મેપ્સના કોઈ પણ ફીચર્સને એક્સેસ કરી શકાય છે. હવે ગૂગલ મેપ્સ પર ઓન ધ સ્પોટ લોકેશન એડ કરવાની પણ સુવિધા છે.***

સ્પોટ લાઈટ

મહેશ્વરી
feedback@bombaysamachar.com

# વાસ્તવિક જીવનનો વિચિત્ર ડબલ રોલ

પર્યુષણ પર્વ પછી ગણેશોત્સવ પણ રંગેચંગે પાર પડી ગયો. વિઘ્નહર્તા ગણેશજીના આગમન સાથે ૧૦ દિવસ વાતવરણમાં ગજબનો ઉત્સાહ અને ઉમંગ જોવા મળે છે. બાપ્પાની મૂર્તિ, એમની સમક્ષ કરવામાં આવતી 'સુખકર્તા દુ:ખહર્તા વાર્તા વિઘ્નાચી' આરતી, ઉકડીચા મોદકનો પ્રસાદ... આ બધું મનભાવન હોય છે. ગણેશજીની મૂર્તિ વિશે મેં વાંચેલી એક સરસ મજાની વાત અહીં વાચકો સાથે શેર કરવાની ઈચ્છા થઈ છે.

પ્રજામાં પર્યાવરણ પ્રત્યે જાગરૂકતા વધી ગઈ છે. એટલે હવે 'પ્લાસ્ટર ઓફ પેરિસ'ને બદલે શાડૂ માટી (રાખોડી રંગની માટી)ની મૂર્તિઓ બનાવવાને પ્રાધાન્ય આપવામાં આવી રહ્યું છે. એમ કરવા પાછળનું વૈજ્ઞાનિક કારણ અને એના માટેની ભાવના જાણ્યા પછી હું પણ શાડૂ માટીના ઉપયોગનો આગ્રહ કરતી થઈ ગઈ છું. મુખ્યત્વે નદી કિનારે મળતી આ માટીની મૂર્તિ ઘડાઈ ગયા પછી એના પર પાણીમાં ઓગળી જાય એવા (વોટર સોલ્યુબલ) રંગથી સજાવટ કરવામાં આવે છે. કદમાં બહુ મોટી ન હોય એવી આ શાડૂ માટીની મૂર્તિનું વિસર્જન ઘરમાં જ એક નાનકડા ટબમાં કરવામાં આવે છે. નદી કિનારાની હોવાથી આ માટી ઉપજાઉ હોય છે અને બાગાયતના છોડ ઉછેરના કામમાં વાપરી શકાય છે. અનેક લોકો બાપ્પાના ઘર વિસર્જન પછી માટીનો ઉપયોગ તુળસીના છોડ માટે કરે છે. એ માટી છોડના ઉછેરમાં મદદરૂપ થાય છે અને પરિણામે બાપ્પા કાયમ એમના ભક્તો પાસે જ રહે છે. વિસર્જન પછી સર્જન. કેવો ઉમદા વિચાર. સાયન્સને જ્યારે શ્રદ્ધાનો સથવારો મળે ત્યારે પરિણામ આનંદદાયક હોય છે. ગણપતિ બાપ્પા મોરયા.

ગયા હપ્તે વાત જ્યાં અટકી હતી ત્યાંથી આગળ વધારીએ. નાટકમાં મારા અભિનયથી મારી ચાહક બનેલી અને પછી 'સાચાબોલા જુઠાલાલ' નાટકમાં મારી સાથે કામ કરનારી સુનિતા સોનાવાલાને મદદ કરવા જતા હું તો મુસીબતમાં મુકાઈ ગઈ. સુનિતા ઘરમાં નહોતી ત્યારે અચાનક ઘરના દરવાજા પર અજાણ્યા માણસો આવીને ઊભા રહ્યા અને 'અમારે મહેશ્વરી બહેનને મળવું છે' એમ કહ્યું ત્યારે મને નવાઈ એટલે લાગી હતી કે મહેશ્વરીને જ એ લોકો 'મહેશ્વરી બહેનને બોલાવો, અમારે એમને મળવું છે' એમ શું કામ કહેતા હશે? જોકે, પછી તેમણે જે વાત કરી એ સાંભળી હું ચોંકી ગઈ, સ્તબ્ધ થઈ ગઈ.

મને એટલો તો ખ્યાલ આવી ગયો કે સુનિતા આ લોકોને મળી હશે અને પોતાની ઓળખ મહેશ્વરી તરીકે આપી હશે. પણ મારું નામ લઈ તેણે શું કરવા ધાર્યું હશે એનો અણસાર પણ મને ન આવ્યો. જોકે, આવેલા ભાઈઓએ કહ્યું કે 'એ બહેન અમારે ત્યાંથી ત્રણેક દિવસ પહેલા ચાર - પાંચ મોબાઈલ ફોન લઈ ગયા છે અને પછી મોઢું જ નથી દેખાડ્યું. બધા ફોન લેવા છે કે અમુક રાખી બાકીના પાછા કરવા છે એ અંગે કોઈ ચોખવટ નથી કરી. દુકાનમાંથી નીકળતી વખતે આ ઘરનું એડ્રેસ આપી ગયા હતા એટલે હિસાબ પતાવવા અમે અહીં આવ્યા છીએ.' હું સમજી ગઈ કે સુનિતા નામનો મોરલો કળા કરી ગયો છે.

મને ચિંતા થઈ. અલબત્ત, સુનિતા કરતા વધુ કાળજી નાટકના શોની હતી. મોબાઈલની શોપના લોકો મારે ઘરે આવ્યા ત્યારે શુક્રવાર હતો. શનિવાર - રવિવારે 'સાચાબોલા જુઠાલાલ' નાટકના શો હતા. એ બે શો પતાવી નાટક લઈ પહેલી વાર અમદાવાદ જવાનું હતું. નિર્માતા કિરણ સંપટ સહિત દરેક કલાકાર ઉત્સાહમાં હતા. ચિંતા એ વાતની થઈ કે સુનિતા નાટકમાં રોલ કરી રહી હતી અને આમ અચાનક એક આર્ટિસ્ટ ગાયબ થઈ જાય ત્યારે છેક છેલ્લી ઘડીએ કોઈ અભિનેત્રીને રિપ્લેસમેન્ટ માટે નક્કી કરવી પડે. જો કલાકાર ન મળે તો પ્રોબ્લેમ



થાય. શું કરવું ને શું નહીં એ વિમાસણ વચ્ચે ઘેરાઈ ગઈ.

નાટકના પ્રોડ્યુસર કિરણ સંપટને ફોન કરવો જોઈએ અને જે કંઈ થયું છે એનાથી એમને વાકેફ કરવા જોઈએ એવો વિચાર મને આવ્યો. વારંવાર ફોન જોડ્યો, પણ કિરણ ભાઈ ફોન ઉપાડતા જ નહોતા. મારે ત્યાં રહેવા આવી એ પહેલા સુનિતા મુકેશ રાવલને ત્યાં રહેતી હતી (તેણે જ મને કહ્યું હતું) એટલે મેં મુકેશ પાસેથી જાણકારી મેળવવા તેને પણ ફોન જોડ્યો. પણ મુકેશે સુધ્ધાં ફોન રિસીવ ન કર્યો. ૧૯૯૦ના દાયકામાં ફોન સંપર્કની ઉત્તમ સુવિધા ગણાતી હતી, પણ જરૂર હોય ત્યારે જ કામ ન આવે એ સગવડ શું કામની?

અને બીજા દિવસે પેલા મોબાઈલ શોપના લોકોમાંથી એક જણે સવારમાં મારા ઘરની બેલ મારી. દરવાજો ખોલીને જોયું તો એ પોલીસને લઈને આવ્યો હતો. મામલો ખૂબ ગંભીર બની ગયો હોવાનો ખ્યાલ મને આવી ગયો. હું સ્વભાવે નીડર. જીવનમાં અનેકવાર ભલભલા મુશ્કેલ કે ડરામણા પ્રસંગોનો સામનો અડગ રહી ગભરાયા વિના કર્યો હતો. જોકે, સાચું કહું છું કે એ દિવસે દરવાજા પર પોલીસ જોઈ હું સહેજ ગભરાઈ ગઈ હતી. અચાનક ઊભી થયેલી મોબાઈલની મોકાણમાં મારો કોઈ હાથ હશે એવું આ લોકો સમજી ન બેસે તો સારું એવો વિચાર મનમાં ઝબકી ગયો.

હવે બધો ખુલાસો કરવાનો સમય આવી ગયો છે એટલું મને સમજાઈ ગયું. મોબાઈલની શોપવાળા ભાઈ અને પોલીસને મેં ઘરમાં બેસાડ્યા અને તેમને કહ્યું કે 'જુઓ ભાઈ, હું આ મોબાઈલ ફોન વિશે કશું જ જાણતી નથી. રવિવારે ચોપાટીના બિરલા ક્રીડા કેન્દ્રમાં સાંજે સાડા સાતે અમારા નાટકનો શો છે. તમે ત્યાં આવો અને તમને કઈ મહેશ્વરીની તલાશ છે એ શોધી કાઢો.' હું જ મને શોધવા જણાવી રહી હતી એ વિચારે મને આંચકો આપ્યો અને થોડી રમૂજ પણ થઈ.

રવિવારનો સૂરજ ઉગ્યો અને સવારથી જ સાંજે શું થશે એ વિચારોએ મારા દિમાગને ઘેરી લીધું હતું. કલાકાર અને ખાસ કરીને ગુજરાતી નાટકોના કલાકાર માટે રવિવારની સવાર સાંજના શો માટે તાજગીનો એહસાસ હોય છે. કદાચ જીવનમાં પહેલી વાર શોના દિવસે નાટકને બદલે અન્ય બાબત પર મારું ચિત્ત ચકરાવે ચડ્યું હતું. હું તો નિયત સમયે થિયેટર પર પહોંચી ગઈ ત્યારે જોયું કે પેલા મોબાઇલવાળા ભાઈ શો શરૂ થવા પૂર્વે જ એમની 'મહેશ્વરીને શોધવા અને પકડવા' આવી પહોંચ્યા હતા. કિરણ સંપટને જઈને કહેવા લાગ્યા કે 'અમને જેની તલાશ છે એ નહીં મળે ત્યાં સુધી અમે શો શરૂ નહીં થવા દઈએ.' કિરણભાઈ ગભરાઈ ગયા અને બે હાથ જોડી વિનંતી કરી કે 'પ્લીઝ, એવું નહીં કરતા. મારો શો હાઉસફુલ છે. શો પૂરો થઈ જવા દ્યો અને પછી તમારે જે કાર્યવાહી કરવી હોય એ કરજો.' સદનસીબે પેલા ભાઈ માની ગયા.

સુનિતાને વાતની કશી જાણ અમે થવા ન દીધી. શો પૂરો થયો અને અમે બધા થિયેટરમાંથી બહાર નીકળ્યા ત્યારે 'આ રહી અમારી મહેશ્વરી' એમ કહી પોલીસ સુનિતાને પકડીને લઈ ગયા. નકલી મહેશ્વરી પોલીસના તાબામાં આવતા અસલી મહેશ્વરીએ એટલે કે મેં નિરાંતનો શ્વાસ લીધો. ડબલ રોલવાળી હિન્દી ફિલ્મો વિશે સાંભળ્યું હતું અને 'સીતા ઔર ગીતા' તો જોઈ પણ હતી. જોકે, રીલ લાઈફની વાત અલગ છે. રિયલ લાઈફમાં આ પ્રકારના વિચિત્ર ડબલ રોલ વિશે ક્યાંય વાંચ્યું કે જાણ્યું નહોતું. કુદરત પણ કેવા કેવા ખેલ દેખાડે છે. ■

## ભમ્મરિયા કૂવાને કાંઠડે

પ્રહસન એટલે બહુધા ફાર્સ તરીકે ઓળખાતો પાશ્ચાત્ય હાસ્યનાટકનો પ્રકાર. સમાજમાં રહેલા દંભી કે પાખંડીઓને ખુલ્લા પાડી પ્રેક્ષકોને જાગૃતિ સાથે મનોરંજન આપવાનું પ્રહસનનું પ્રયોજન રહ્યું છે. વ્યવસાયી રંગભૂમિ પર પણ પ્રહસનાત્મક નાટકોની પરંપરા રહી છે. નાટક જોવા આવતા મોડા પડતા પ્રેક્ષકો મૂળ નાટક ચૂકી ન જાય તેથી અનુકૂળતા કરી આપવા ખાતર, મૂળ નાટકની પહેલા તેમજ બે અંક વચ્ચે દ્રશ્ય - ગોઠવણીની અનુકૂળતા માટે આગળના પડદા સમક્ષ પ્રહસન (કોમિક તરીકે વધુ જાણીતા હતા) નાટકો ભજવાતા હતા. મૂળ નાટ્ય વસ્તુ સાથે એનો વિશેષ સંબંધ ન રહેતો, પણ વ્યવસાયી રંગભૂમિમાં આ પરંપરા વિકસી હતી. પ્રહસન વિભાગના આણંદજી 'કાઠિયાવાડી કબૂતર', પ્રાણસુખ 'તેતર' (દલપતરામના 'મિથ્થાભિમાન' નાટકના જીવરામ ભટ્ટ), છગન રોમિયો, મા. શિવલાલ કોમિક 'નયનાજી', અલીદાદન, કેશવલાલ 'કપાતર' પણ એવાં જ યાદગાર ભૂમિકા ભજવી જનારાંનાં નામો છે. આણંદજી 'કાઠિયાવાડી કબૂતર'નું 'ઝટ જાઓ ચંદનહાર લાવો' ગીત તથા 'કેમ કરી પાણીડાં ભરાય રે ભમ્મરિયા કૂવાને કાંઠડે' ને એવાં અનેક ગીત યાદગાર સંભારણું છે. પ્રભુલાલ દ્વિવેદીના 'કીર્તિસ્તંભ', 'સત્તાનો મદ', 'ચેતન યુગ', 'અજયધારા' વગેરે નાટકોમાં કોમિક ઝળકી ઊઠતું. જનતાના હૃદય પર છાપ પાડતા કોમિક માટે દર્શકોનો ધસારો રહેતો. ભાઈ આણંદજીએ દેશી નાટક સમાજમાં રહી પોતાનાં કાઠિયાવાડી લોકગીતો રેકોર્ડ થયા હતા. એ સમયે એચએમવી કંપનીના સંચાલક રમાકાંતભાઈ રૂપજીએ કાઠિયાવાડી ગાણાં રેકોર્ડ કરવા આણંદજીની પસંદગી કરી હતી. માસ્તર આણંદજી (કાઠિયાવાડી કબૂતર)એ એ પસંદગી સાર્થક ઠેરવી અને ચારેકોર એમના ગીત ગુંજવા લાગ્યા. એવી નોંધ છે કે એચએમવી કંપની ભાઈ આણંદજીને રૂપિયા એક હજાર વાર્ષિક રોયલ્ટી તરીકે આપતી. કંપની તરફથી આણંદજી ભાઈને એક સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યો હતો. ■

કેનવાસ

અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# પ્રવાસઃ શોખ કે પછી દેખાડો...?

'પ્રવાસ' શબ્દ છેલ્લે ક્યારે સાંભળેલો?

હવે તો ગુજરાતી કે મરાઠી સ્કૂલોમાં પણ ટૂર ને ટ્રીપ બોલવામાં આવે છે. ખેર, એક તાજી વાત કરીએ. મસૂરી નામની નાનકડી જગ્યા છે. પ્રચલિત પ્રવાસન સ્થળ છે. થોડાક સો કે વધીને થોડાક હજાર લોકોથી વધુ માણસો એટલી જગ્યામાં સમાઈ શકે એમ જ નથી, છતાં પણ લાખોની સંખ્યામાં ત્યાં છેલ્લાં થોડા વર્ષોમાં પ્રવાસીઓ ઊમટી પડે છે. સરકારે પ્રતિબંધ લાદવો પડ્યો કે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવીને જે તે પ્રવાસીનો નંબર લાગશે એને જ જવા મળશે. હિમાચલ પ્રદેશ કે લદાખ કે ઉત્તરાખંડ કે સાઉથમાં કેરળ કે પછી આંદામાન નિકોબારમાં પણ વધતેઓછે અંશે આ જ હાલત છે. ટૂરિસ્ટનો ઇન-ફ્લો અચાનક વધી ગયો છે - છેલ્લાં દસેક વર્ષમાં. એ ફ્લો વધ્યો એમાં મોટું કારણ ઇન્સ્ટાગ્રામ અને તેની સ્ટોરીનું ફીચર છે. દેખાદેખીમાં કે 'એફ-ઓ-એમ-ઓ' - ફિઅર ઓફ મિસિંગ આઉટની લાગણીમાં જનસમૂહનો સૈલાબ ખાબકી પડે છે. પરિણામે કુદરતી સૌંદર્ય ધરાવતા સ્થળની ખાસ કંઈ નેચરલ બ્યુટી રહેતી જ નથી. તે જગ્યાનું ઓવર - કોમર્શિયલાઇઝેશન થઈ જાય છે. ઘરથી દૂર શાંતિ લેવા ગયા, પરંતુ ત્યાં પણ ભીડ અને ગોકીરો જ મળે છે.

ખેર, આપણો પ્રશ્ન કે ફરિયાદ અત્યારે એ નથી કે વર્જિન પ્લેસ ખૂટતા જાય છે ને બધે જ માનવ હસ્તક્ષેપને લીધે કુદરતી ખૂબસૂરતી નથી રહેતી. આપણે વાત કરવી છે આ પ્રકૃતિપ્રેમીઓની જે 'બડાવાલા ઝોલા ઉઠા કર ચલ લેતે હૈ' જેને પોતાને ટૂરિસ્ટ કહેવામાં અપમાન લાગે છે ને જાતે જ ટ્રાવેલરનું ટેગ પોતાના ઉપર લગાવી દે છે. જેની એક પણ ઇન્સ્ટા પોસ્ટ હેશટેગ નેચર લવર વિનાની હોતી નથી. સોશ્યલ મીડિયાના ઉદય પછી દરેક ત્રીજો માણસ કેમેરા પર્સન એટલે કે ફોટોગ્રાફર થઈ ગયેલો. ડીએસએલઆર કેમેરાના વેંચાણમાં મોટો જમ્પ આવેલો. પછી ઇન્સ્ટાગ્રામે ફોટો અને વીડિયો ઉપર વધુ ભાર મૂક્યો એટલે એકને એક બેકગ્રાઉન્ડ બોરિંગ ન લાગે એટલે શૂટિંગ માટે જુદી જુદી જગ્યાની જરૂર ઉભી થઇ માટે બાજુના ગામમાં જવાનું થાય તો પણ ચાલુ ગાડીએ કે ચાલુ બસે વીડિયો ક્લિપ શૂટ કરીને સોશ્યલ મીડિયા પર રીલ વહેતી કરવાનો ટ્રેન્ડ જાગ્યો. પછી તો ઘણા બધાને અચાનક નેચર લવરની કોમ્યુનિટીનો ચેપી રોગ લાગ્યો અને ટ્રાવેલિંગનો ચેપ એવો તો વધ્યો કે બધા પોતાના આત્માને શોધવા પહાડો અને દરિયાકિનારે ફરવા લાગ્યા (હેશટેગ સોલસર્ચિંગ).

આપણને આ કોઈ પણ સામે વાંધો નથી, પણ ફરી ફરીને ધ્યાન જાય છે માત્ર બે શબ્દો પર - 'નેચર લવર' અર્થાત્ કુદરતના સ્નેહી અર્થાત્ પ્રકૃતિના પ્રેમી ઉર્ફે સૃષ્ટિના સંબંધી...પણ ખરેખર એવું છે ખરું? કુદરત માટેનો કેવો પ્રેમ ઉભરાય છે? જંગલમાં ફરવાથી કે કોઈ ખડકની કિનારીએ બેસીને ફોટો પડાવવાથી કે દરિયામાં અન્ડર વોટર ડૂબકી વાળો ક્લિપ ક્લિક





કરવાથી નેચર લવર બની જવાય? અરે, શહેરની ઓપન ટુ સ્કાય રેસ્ટોરન્ટમાં જમવા જતી વખતે મચ્છર કરડતા હોય છે ને ફરવા જતી વખતે ઓડોમસના લપેડા કરવા પડતા હોય એ નેચર લવર છે? કુદરતી સ્થળે ફરવા જતી વખતે સમય કરતાં વધુ કપડાં લઇ જવામાં આવતા હોય એ કુદરત માટેનો પ્રેમ છે? મોબાઈલ કરતાં વધુ પાવરબેન્ક સાથે રાખવી પડતી હોય અને અજાણી જગ્યાએ ઇલક્ટ્રિસિટી કટ થઈ જાય તો હાંફળાફાંફળા થઈ જવાતું હોય તો એ પ્રકૃતિ નામની છોકરી માટેનો પ્રેમ હોઇ શકે, પણ આ ધરતીની પ્રકૃતિ માટેનો હરગીઝ નહીં.

ધરતીકંપ પણ કુદરતનો એક ભાગ છે. વાવાઝોડું પણ કુદરતનો એક ભાગ છે. ફાટેલા જ્વાળામુખીથી પંદર કિલોમીટર સુધી લાગતી કાળઝાળ ગરમી પણ કુદરતનો એક ભાગ છે. ભૂસ્ખલન થવું પણ કુદરતનો એક ભાગ છે. ગઈકાલ સુધી કલકલ નિનાદ કરતું નાનુશું ઝરણું રૌદ્ર સ્વરૂપા નદીમાં તબદીલ થઈ જાય ને તબાહી મચાવી દે એ પણ કુદરતનું જ સ્વરૂપ છે. કાદવ કીચડ કુદરતની દેન છે. જીવડાં કરડવા કુદરતની દેન છે. તડકામાં ચામડી ડાર્ક થઈ જવી કુદરતની દેન છે. શું આ કુદરત માટે આપણને સાચો પ્રેમ છે ખરો? ના. મોટા ભાગના લોકોનો કુદરત સાથેનો પ્રેમ પણ આજકાલના રિલેશન જેવો છે - શરતી અને તકલાદી. સિચ્યુએશન-શિપ જેવો. ગમે ત્યારે બ્રેકઅપ થઈ જાય. પોતાનું કમ્ફર્ટ પહેલા જોઈએ. આ તો એના જેવું છે કે અમુક ચાગલી છોકરીઓને નાના બાળકો રમાડવા બહુ ગમતા હોય પણ એનું ડાયપર બદલવાની વાત આવે તો દૂર ભાગશે. આ પ્રેમ નથી દંભ છે- જુઠાણું છે.

એક વાસ્તવિક વાત સ્વીકારી લો કે ટ્રાવેલિંગ હવે હોબી નથી રહી, પણ પરફોર્મન્સ આર્ટ બની ગઈ છે. માણસને ફરવા કરતા ફરતા દેખાવામાં વધુ રસ છે. ટેન્ટ ક્યારેય ખોલ્યો નથી કે બાંધ્યો નથી પણ બીજાના ટેન્ટમાં સેલ્ફી લઈને અન્ડર ધ સ્ટાર્સનું કેપશન મૂકવું છે. મોટા ભાગના લોકો માટે ફરવું એરલે 'ઝીંદગી ના મિલેગી દોબારા' ફિલ્મની જેમ મોંઘી ટ્રીપ પર જઈને ટોમાટીનો ફેસ્ટિવલમાં એકબીજા ઉપર ટામેટા ફેંકવા. તારાને જોવાને બદલે એનું ટાઈમલેપ્સ થાય છે ને નદી માણવાને બદલે એનું સ્લો-મો થાય છે એવું બધું ઇન્સ્ટામાં બતાવવામાં કંઈ જ ખોટું નથી પણ જાતની અંદર કેટલું ઉતર્યું એ મહત્ત્વનું છે. કુદરતની કાળી બાજુથી દૂર ભાગવાને નેચરને લવ કઈ રીતે કહી શકાય? જ્યાં લાઈટ વિના એક રાત કાઢી શકતા નથી. મોબાઈલનું નેટવર્ક ન મળતા વ્યથિત થઈ જાય છે. પહાડ ઉપર મેગી ન મળે કે સવારે નાસ્તામાં બ્રેડ બટર ન મળે તો એ જગ્યા અણગમતી થઈ જાય છે... ઇસ્કો નેચર સે પ્યાર નહીં છીછોરાપંતિ બોલતે હૈ... માટે જ દુનિયાના મહાન મુસાફરો કમ્પ્યુટર યુગ પહેલા થઈ ગયા. ઈબ્ન બતુતાં હોય કે માર્કો પોલો કે નયન સિંઘ રાવત... (ગૂગલ કરી લેવું.)

ચાલો, વધુ એક અફસોસ. પોલિટિક્સ અને રીલની સાથે ટ્રાવેલિંગ પણ પરફોર્મન્સ બની ગયું. બોલો, શું કરી શકીએ ? ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે

સમીર જોશી
feedback@bombaysamachar.com

# વ્યૂહરચના કે આકર્ષક ડિઝાઇન?

માર્કેટિંગ અને બ્રાન્ડ બનાવવા માટે વ્યૂહરચનાની આવશ્યકતા વિષે ઘણીવાર વાત કરી છે. વ્યૂહરચના શબ્દ પણ આપણે ઘણીવાર વાંચ્યો છે અને સાંભળ્યો છે, પણ તેની આવશ્યકતા મોટેભાગે લોકોને ઓછી જણાય છે. સામાન્ય વેપારી નહિ, પણ કન્ઝ્યુમરલક્ષી ઉત્પાદનો બનાવવાવાળી ઘણી કંપનીઓ પણ આને અવગણે છે. આવા અનુભવો મારા માટે નવા નથી, કારણ કે આવી વ્યક્તિઓને મારે ઘણી વાર મળવાનું થાય છે.

વ્યૂહરચના સાંભળતા એમના મુખ્યત્વે બે પ્રશ્ન હોય : એક આટલું ડિટેઇલમાં જવાની શું જરૂર છે અને વ્યૂહરચના બનાવવા માટે સમય અને ખર્ચ બંને થશે અને બીજું, આપણે નવો લોગો અને કેમ્પેઇન સરસ ડિઝાઇન કરી લોન્ચ કરી નાખીયે તો?

આવા લોકોને વ્યૂહરચના મોંઘી લાગે છે અને વિચારે છે કે સીધી નવી ડિઝાઈન્સ બનાવી કામ શરૂ કરો. આમ જોવા જઇયે તો તે વાજબી પ્રશ્ન છે, કારણ કે વ્યૂહરચના પેપર પર હોય છે અને ડિઝાઇન રોમાંચક લાગે છે જેને લોકો જોશે. વ્યૂહરચના તમે કલ્પી નહિ શકો જયારે ડિઝાઇનની તમે કલ્પના કરી શકો છો કે તે સ્ટોરના શેલ્ફ પર કેવી લાગશે, તેનું પેકેજિંગ કેવું લાગશે, લોગો કેવો લાગશે વગેરે. અને આ કારણે તમે વ્યૂહરચનાને છોડી દો છો અને સીધા બ્રાન્ડિંગ અર્થાત એક્ઝ્યુકેશનની હોડમાં કૂદી પડો છો.

બીજા શબ્દોમાં ઘણીવાર સમસ્યા અલગ હોય અને તેના ઉકેલો બીજી જગ્યાએ ગોતવામાં આવે. દુ:ખે પેટમાં ને દવા માથા માટે લઈએ તેના જેવી આ વાત છે. બસ, આજ કારણે ડિઝાઇનને બદલવાની વાત થાય અને આથી આગળ મોટા ભાગના વેપારીઓને મતે, બ્રાન્ડનો અર્થ એ જ છે ડિઝાઇન અને સોશ્યલ મીડિયા.

જ્યારે કોઈ કહે છે કે એમને બ્રાન્ડની સમસ્યા છે, ત્યારે દસમાંથી નવ વખત તે ડિસ્ટ્રિબ્યુશનની કે પછી કોને માલ વેચવાનો છે તેની સ્પષ્ટતા ના હોવી, કયા વિસ્તારમાં વેચવી તેની સ્પષ્ટતા ના હોવી જેવી અથવા GTM (ગો ટુ માર્કેટ)ની સમસ્યા હોય છે. આવી સમસ્યાઓ વ્યૂહરચના દ્વારા ઉકેલાશે અને નહિ કે ફક્ત આકર્ષક ડિઝાઇન દ્વારા. આમાં થાય છે શું કે તમે વિચાર્યા વગર બજારમાં ડિમાન્ડ ઊભી કરો છો પણ તે માલની ખરેખર જરૂરત છે કે નહીં તેની સ્પષ્ટતા



હોતી નથી. અને જો તમે માનતા હો કે ડિઝાઇન બનાવવું તે બ્રાન્ડ બિલ્ડીંગ જેવું જ છે તો તમે પૈસા બગાડી રહ્યા છો.

મોટેભાગે લોકો આ રીતે આગળ વધે છે અને થોડો સમય જાય અને ખબર પડે કે આપણે તો જ્યાં હતા ત્યાંના ત્યાંજ છીએ. કહેવાનું તાત્પર્ય તે નથી કે તમારે વારે ઘડીયે વ્યૂહરચનાઓ બનાવવી પડે પણ લાંબા ગાળે રમવા માટે આની તાતી જરૂર છે. હવે થાય શું કે તમે ડિઝાઇન બનાવી, કેમ્પેઇન બનાવ્યા, તેની પાછળ ખર્ચો પણ કર્યો જે આકર્ષક પણ બન્યા હશે પણ તે કેમ્પેઇન શું કહેવા માગે છે તેની કડી જડતી નથી.

તે ડિઝાઈનો સરવાળે કંઈ કહેતી નથી- ધાર્યો મેસેજ પહોંચતો નથી. તમારું પ્રોડક્ટ પેજ લાઇવ હશે, પરંતુ કન્વર્ઝન અર્થાત રૂપાંતરણ નજીવા હશે. સોશ્યલ મીડિયામાં તમારી પોસ્ટ દેખાય છે, સારી પણ લાગે છે પણ વિવિધ પોસ્ટમાં સમાનતા નથી દેખાતી. તમારી વેબસાઇટ, પેકેજિંગ અને જાહેરાતો બધાની અલગ અલગ વાર્તાઓ છે. તમને લાગે છે કે લોન્ચ તો સારું થઇ ગયું પણ તેમાં વાસ્તવિકતા જણાતી નથી.

આનું કારણ? આકર્ષક લાગતા કેમ્પેઇન તમને વાહ-વાહ અપાવી શકે છે, પણ કન્ઝ્યુમરને તમારી બ્રાન્ડ ખરીદવા પ્રેરિત નથી કરતી અથવા બીજા શબ્દોમાં કન્ઝ્યુમર પણ નવી બ્રાન્ડ ખરીદવાનું જોખમ નથી લેતું.

આને વધારે સારી રીતે સમજવું હોય તો જ્યારે કોઈ વ્યક્તિ મોંઘી બ્રાન્ડ ખરીદવાનું જોખમ લે છે- ઉદાહરણ તરીકે સૌંદર્ય પ્રસાધનોનાં સાધન જે એણે પહેલાં ક્યારેય ન વાપર્યું હોય ત્યારે તે ફક્ત આકર્ષક ડિઝાઇન નથી. તે વિશ્વાસ છે. જ્યારે કોઈ ગ્રાહક એના રોજિંદા વપરાતા ખાવાના તેલને નવા જમાનાના કોલ્ડ-પ્રેસ્ડ બ્રાન્ડ માટે એક બ્રાન્ડ સ્ટોરી સાંભળી બદલી નાખે છે તે બ્રાન્ડ પોઝિશનિંગ છે. જ્યારે કોઈ ઘણા સમયથી અમુક બ્રાન્ડના કપડા ખરીદવાનું વિચારતું હોય અને અંતે તે ખરીદે છે ત્યારે તે બ્રાન્ડની સ્પષ્ટતા છે. આમ થવાનું કારણ તે કે લોકો જે સુંદર છે તે ખરીદતા નથી. એ લોકો તે ખરીદે છે જે અર્થપૂર્ણ છે, જેની સાથે તેઓ પોતાને રિલેટ કઈ શકે અને સૌથી મહત્ત્વનું એમને એમ લાગે છે કે તે બ્રાન્ડ તેમના માટે બનાવવામાં આવી છે.

બસ, આજ કામ વ્યૂહરચનાનું છે. તે તમને તમારું વ્યવસ્થિત ટાર્ગેટ ઓડિયન્સ અને માર્કેટ ડિફાઈન કરવામાં મદદ કરે છે, તમારું કોમ્યુનિકેશન મેસેજ એક સરખું સમાન રહેશે જેથી ગ્રાહકને પણ સ્પષ્ટતા મળશે અને તમારી સાથે તેનો સંબંધ વધુ ગાઢ થશે. તે તમારી બ્રાન્ડના દરેક પાસાને સમાનતા પ્રદાન કરે છે, તે તમારી ટીમને વેચાણ માટે સ્પષ્ટ વાર્તા આપે છે અને સૌથી મહત્ત્વનું તમારા ગ્રાહકને તમારી બ્રાન્ડ ખરીદવા માટેનાં કારણ અને વિશ્વાસ આપે છે. આમ વ્યૂહરચના શાંતિથી પણ સશક્ત રીતે અમલમાં લાવી અંતે તે બ્રાન્ડને નફાકારક બનાવે છે. ■

# મનસેના પ્રવક્તા પ્રકાશ મહાજને પાર્ટીમાંથી રાજીનામું આપ્યું

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના પ્રવક્તા પ્રકાશ મહાજને શનિવારે પાર્ટીમાંથી રાજીનામું આપ્યું હતું અને આ માટે એવું કારણ આપ્યું હતું કે તેમની અત્યંત ઓછી અપેક્ષાઓ છતાં પાર્ટીમાં તેમની 'અવગણના કરવામા' આવી હતી.

ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના નેતા દિવંગત પ્રમોદ મહાજનના ભાઈ પ્રકાશ મહાજને એક વીડિયો સંદેશમાં પોતાનો નિર્ણય જાહેર કર્યો હતો, જેમાં તેમણે એમ પણ કહ્યું હતું કે તેમને પાર્ટીમાં તેમના કામ માટે ક્યારેય પ્રશંસા મળી નથી, પરંતુ તેમણે ક્યારેય ન કરેલી ભૂલો માટે તેમને દોષી ઠેરવવામાં આવ્યા હતા.

તેમણે રાજ ઠાકરેની આગેવાની હેઠળના મનસેમાં 'સન્માનનો અભાવ' હોવાનું કારણ પણ તેમના આ પગલાને માટે જવાબદાર ગણાવ્યું હતું અને સ્પષ્ટ કર્યું હતું કે તેમની અન્ય કોઈ પાર્ટીમાં જોડાવાની કોઈ યોજના નથી.

વીડિયોમાં તેમણે કહ્યું હતું કે, 'છેલ્લા કેટલાક દિવસોથી મને લાગ્યું કે કોઈક સમયે રોકાવાની જરૂર છે. હકીકતમાં, પહલગામ ઘટના પછી મારે રોકાઈ જવું જોઈતું હતું. પરંતુ તે સમયે, મને લાગ્યું કે પરિસ્થિતિ સુધરશે.

વ્યક્તિગત રીતે કહીએ તો, મારી અપેક્ષાઓ મર્યાદિત છે. હું ગમે તે પક્ષમાં હોઉં, મને ક્યારેય ચૂંટણી લડવાની ઇચ્છા નહોતી કે મને કોઈ પદ જોઈતું નહોતું. હિન્દુત્વનું રક્ષણ કરવું એ મારી એકમાત્ર ભાવના હતી. પરંતુ મારી અપેક્ષાઓ ઓછી રાખવા છતાં, મારી ઘણી અવગણના કરવામાં આવી હતી.'

'લોકસભા ચૂંટણી દરમિયાન ક્યારેય મારી સલાહ લેવામાં આવી ન હતી. વિધાનસભા ચૂંટણી દરમિયાન, મારો ઉપયોગ ફક્ત પ્રચાર માટે કરવામાં આવ્યો હતો. મેં આપવામાં આવેલી જવાબદારીઓ પ્રામાણિકપણે નિભાવી હતી. મને મારા કામ માટે ક્યારેય પ્રશંસા મળી નહીં, પરંતુ મેં ક્યારેય ન કરેલી ભૂલો માટે દોષી ઠેરવવામાં આવ્યો હતો, એમ તેમણે કહ્યું હતું.

'હું મનસે નેતા અમિત ઠાકરેની માફી માગું છું. મેં તેમને વચન આપ્યું હતું કે હું ફક્ત તેમની સાથે જ નહીં પરંતુ તેમના પુત્ર સાથે પણ કામ કરીશ. પરંતુ કમનસીબે, પરિસ્થિતિઓ એવી છે કે હું મારી વાત પાળી શકતો નથી. ક્યારેક વ્યક્તિને તે મળતું નથી જેને તે લાયક છે અને આ નસીબની વાત છે,' એમ પણ તેમણે કહ્યું હતું.

મહાજને કહ્યું હતું કે તેમણે વધતી ઉંમર અને પાર્ટીમાં માન-સન્માનના અભાવને કારણે રાજીનામું આપવાનો નિર્ણય લીધો છે. ■

# અકસ્માતમાં યુવાનનું મૃત્યુઃ ૧.૦૫ કરોડ રૂપિયાનું વળતર

થાણેઃ માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારા યુવાનના પરિવારને ૧.૦૫ કરોડ રૂપિયાનું વળતર આપવાનો આદેશ થાણેમાં આયોજિત નૅશનલ લોક અદાલતે આપ્યો હતો. ખાનગી કંપનીમાં ડેપ્યુટી મૅનેજર તરીકે કામ કરતા સંતોષ તાઈગડેનું શિરાળા ખાતે ૨૧ જૂન, ૨૦૨૪ના રોજ અકસ્માતમાં મૃત્યુ થયું હતું. કારે બાઈકને ટક્કર મારતાં તાઈગડેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. તેને વાર્ષિક ૧૧ લાખ રૂપિયાથી વધુનું વેતન મળતું હતું. સંતોષની પત્ની પ્રિયંકા તાઈગડેએ થાણેના મોટર એક્સિડેન્ટ ક્લેઈમ્સ ટ્રિબ્યુનલમાં વળતર માટે દાવો કર્યો હતો. બન્ને પક્ષ સમાધાન માટે લોક અદાલતમાં આવ્યા હતા, જેમાં ૧.૦૫ કરોડ રૂપિયાનું વળતર આપવાનો આદેશ અપાયો હતો. ■



**સફાઈ ઝુંબેશઃ** ગણેશ વિસર્જન બાદ મુંબઈના દરિયા કિનારાઓ પર કચરાનું પ્રમાણ વધ્યું છે ત્યારે વિવિધ સંસ્થાઓ તરફથી બીચ સફાઈની ઝુંબેશ હાથ ધરાઈ રહી છે. શનિવારે પણ એક કૉલેજના વિદ્યાર્થીઓએ દાદર બીચ પર સફાઈ કામગીરી હાથ ધરી હતી. (જયપ્રકાશ કેળકર)

# કબૂતરોએ કોઈ નુકસાન પહોંચાડ્યું નથી, પણ ફટાકડા વધુ જોખમી છેઃ મેનકા ગાંધી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન અને ભાજપના નેતા મેનકા ગાંધીએ શનિવારે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે શહેરમાં કબૂતરખાના ફરીથી ખોલવામાં આવશે, તેમણે એવો દાવો કર્યો હતો કે કબૂતરોએ કોઈ નુકસાન પહોંચાડ્યું નથી, જ્યારે ફટાકડા પ્રદૂષણમાં વધુ યોગદાન આપે છે.

એક કાર્યક્રમમાં હાજરી આપ્યા બાદ પત્રકારો સાથે વાત કરતા ગાંધીએ કહ્યું હતું કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કબૂતરખાના અંગે નિર્ણય લેવા માટે એક સમિતિની રચના કરી છે અને રિપોર્ટ અનુકૂળ રહેશે એવી આશા છે.

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કૉર્પોરેશને ગયા મહિને કબૂતરોને ચણ ખવડાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો અને શહેરમાં કેટલાક જૂના કબૂતરખાનાઓને બંધ કરી દીધા હતા, કારણ કે તેમને જાહેર આરોગ્ય માટે જોખમી માનવામાં આવ્યા હતા. 'ભારતનો પાયો કરુણા પર આધારિત છે. તે જીવો અને બીજાને જીવવા દોના સિદ્ધાંત પર કામ કરે છે. કબૂતરોના કારણે ક્યારેય કોઈનું મૃત્યુ થયું હોય તેવું કોઈ ઉદાહરણ નથી. કબૂતરોએ કોઈને નુકસાન પહોંચાડ્યું નથી,' એમ ગાંધીએ કહ્યું હતું.

તેમણે નોંધ્યું હતું કે મુંબઈમાં ૫૭ (સત્તાવન) કબૂતરખાના છે, જેમાંથી કેટલાક બંધ કરી દેવામાં આવ્યા છે.

'મુખ્ય પ્રધાને આ અંગે નિર્ણય લેવા માટે એક સમિતિની રચના કરી છે. તેમાં એક મહિનો લાગશે. રિપોર્ટ આવ્યા પછી, કબૂતરખાનાઓ ફરીથી ખોલવામાં આવશે એની મને ખાતરી છે,' એમ તેમણે જણાવ્યું હતું.

'જો કબૂતરોને રોગ ફેલાવવા માટે મારી નાખવામાં આવતા હોય, તો ફટાકડા તેના કરતાં અનેક ગણા પ્રદૂષણનું કારણ બને છે. ભગવાન રામ અને સીતાના સમયમાં ફટાકડા અસ્તિત્વમાં નહોતા. લોકો દીવા પ્રગટાવતા અને મિઠાઈ વહેંચતા હતા. ફટાકડા ફોડવાનો સમય હવે પૂરો થઈ ગયો છે. લોકો હવે શ્વાસ લઈ શકતા નથી,' એમ ભાજપના નેતાએ કહ્યું હતું.

ગાંધીએ ભારતના પર્યટન પ્રત્યેના અભિગમની ટીકા કરતા કહ્યું કે અનિયંત્રિત વનનાબૂદી અને કુદરતી સંપત્તિની અવગણનાથી તેનું આકર્ષણ ઘટી ગયું છે. 'ભારતની પર્યટનની ભૂખ ઘણા નાના દેશો કરતા ઓછી છે. તમે જેટલા વધુ વૃક્ષો કાપશો અને જેટલી વધુ સ્થાનિક સંસ્કૃતિ અદૃશ્ય થઈ જશે, તેટલા ઓછા લોકો આવશે. જો આપણે આપણા જંગલો અને પ્રાણીઓનો આદર કરીએ, તો પાંચ વર્ષમાં, આપણે ચમત્કાર કરી શકીએ છીએ,' એમ તેમણે કહ્યું હતું. ■

# અશ્લીલ મેસેજ કરનારા દુકાન માલિકને છોકરીએ ચંપલથી ફટકાર્યો

થાણેઃ અશ્લીલ મેસેજ મોકલાવનારા દુકાનમાલિકને સગીરાએ ચંપલથી ફટકાર્યો હોવાની ઘટના કલ્યાણમાં બની હતી. આ ઘટનાનો વીડિયો સોશ્યલ મીડિયા પર વાયરલ થયો હતો. કોલસેવાડી પોલીસે વિનયભંગનો ગુનો નોંધી દુકાનદારની ધરપકડ કરી હતી.

કોલસેવાડી પોલીસના જણાવ્યા મુજબ ઘટના ગુરુવારની સાંજે બની હતી. આ મામલે પ્રાથમિક તપાસ બાદ ગુનો નોંધી આરોપી ભવન પટેલની ધરપકડ કરવામાં આવી હતી. પટેલ નવી મુંબઈના ઐરોલીનો રહેવાસી હોવાનું જાણવા મળ્યું હતું.

સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં સગીર છોકરી પંચાવન વર્ષના દુકાનદારને તેની કપડાંની દુકાનમાં ઘૂસીને ચંપલથી ફટકારતી હોવાનું નજરે પડે છે. સગીરાએ આક્ષેપ કર્યો હતો કે દુકાનદાર તેના મોબાઈલ ફોન પર અશ્લીલ મેસેજ મોકલાવતો હતો.

ઘટનાસ્થળે હાજર લોકોના કહેવા મુજબ છોકરી તેની માતા સાથે દુકાને આવી હતી અને દુકાનદારને મેસેજ સંદર્ભે પૂછપરછ કરી હતી. મહિલાઓની બૂમાબૂમ સાંભળી દુકાન બહાર લોકોનું ટોળું એકઠું થઈ ગયું હતું. પછી છોકરીએ દુકાનદારની પીટાઈ કરી હતી. (પીટીઆઈ)■

# દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડ માટે સાત કરોડના ખર્ચે ભાડેથી લેવાશે પોકલેન મશીન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડમાં રહેલા કચરા પર પ્રક્રિયા કરીને વીજળીનું ઉત્પાદન કરવાની સાથે જ કચરાનો નિકાલ કરીને જમીન પુનઃપ્રાપ્ત કરવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે. તેથી હવે કચરાના બની ગયેલા ડુંગરને સપાટ કરવા માટે પોકલેન મશીનની જરૂરત પડશે નહીં. એ છતા મુંબઈ મહાનગરપાલિકાએ લગભગ સાત કરોડ રૂપિયાના ખર્ચે પોકલન મશીનની સેવા ભાડા પર લેવાનો નિર્ણય લીધો છે, તે માટે કૉન્ટ્રેક્ટ પણ આપી દેવામાં આવ્યો છે.

દેવનાર ડમ્પિંગ ગ્રાઉન્ડ લગભગ ૧૨૦ હેક્ટરમાં ફેલાયેલું અને મુંબઈ મહાનગર પાલિકાનું સૌથી મોટું ડમ્પિંગ ગ્રાઉન્ડ છે. કચરો સમાવવાની તેની ક્ષમતા પૂરી થઈ ગઈ છે. છતાં હજી થોડા માત્રામાં કચરો અને કાટમાળ અહીં નાખવામાં આવી રહ્યો છે. હાલ અહીં પોકલેન મશીનની ડમ્પિંગ ગ્રાઉન્ડમાં રહેલા કચરા તથા ભંગાર સામાનને હટાવવા જેવા કામ કરવામાં આવે છે. પોકલન મશીનની સેવા ૨૦૧૬ની સાલથી મોનિટરીંગ સમિતીના માર્ગદર્શન મુજબ કરવામાં આવે છે.

બે શિફ્ટમાં પોકલેન મશીનથી કચરાના ઢગલાને સપાટ કરવાનું અને કચરાના સ્થળાંતરનું કામ કરવામાં આવે છે. હવે જોકે અહીં કચરામાંથી વીજળીનું ઉત્પાદન તથા કચરાનો નિકાલ લાવીને જમીનનો પુનઃઉપયોગ કરવાના કામ માટેની ટેન્ડર પ્રક્રિયા અંતિમ તબક્કામાં હોવાથી આગામી દિવસોમાં પોકલેન મશીનની આવશ્યકતા રહેશે નહીં. છતાં પાલિકા દ્વારા સાત કરોડ રૂપિયા પોકલેન મશીનની સેવા માટે ખર્ચવાની છે.

પાલિકાના ઉચ્ચ અધિકારીએ આ બાબતે જણાવ્યું હતું કે અગાઉના કૉન્ટ્રેક્ટરનો કૉન્ટ્રેક્ટ ૧૦ ઑગસ્ટ, ૨૦૨૫ના પૂરો થઈ ગયો છે. તેથી નવેસરથી એક વર્ષ માટે કૉન્ટ્રેક્ટ આપવામાં આવ્યો છે. વીજળી ઉત્પાદન અને કચરાનો નિકાલ કરવાનો પ્રોજેક્ટ અમલમાં આવવામાં થોડો સમય લાગવાનો છે, ત્યાં સુધી પોકલેન મશીનની મદદથી અહીં કચરાને હટાવવાનું કામ ચાલુ રાખવામાં આવશે. ■

## દેશ વિદેશ

# રશિયામાં ૭.૪ની તીવ્રતાનો ભયંકર ભૂકંપ, સુનામી અલર્ટ

મૉસ્કો : રશિયામાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા છે. આ અંગે મળતી માહિતી મુજબ કામચટકાના પૂર્વી કિનારા નજીક આ ભૂકંપ અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૭.૪ નોંધાઈ હતી. યુએસ જિયોલોજીકલ સર્વેના જણાવ્યા અનુસાર આ ભૂકંપ રશિયાના કામચાટકાથી ૧૨૦ માઇલ પૂર્વ-દક્ષિણ પૂર્વમાં બાવીસ માઇલની ઊંડાઈએ નોંધાયો છે. ભૂકંપ પછી સુનામીની અલર્ટ આપવામાં આવી હતી.

જોકે, ભૂકંપથી કોઈ મોટું નુકસાન કે જાનહાનિ નોંધાઈ નથી. તેમજ હાલ સુનામીનો કોઈ ખતરો નથી. આ ઉપરાંત અધિકારીઓએ કામચટાકા અને કુરિલ ટાપુઓના રહેવાસીઓને સતર્ક રહેવા અને કોઈપણ સ્થળાંતરના આદેશોનું પાલન કરવા વિનંતી કરી. જોકે કોઇ જાનહાનિના સમાચાર નહોતા મળ્યા.

ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે આ જ વિસ્તારમાં ૨૯ જુલાઈ ૨૦૨૫ ના રોજ ૮.૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. જેના લીધે કુરિલ ટાપુઓમાં ૧૩ ફૂટ ઊંચા સુનામી મોજા ઉછળ્યા હતા અને મોટા પાયે સ્થળાંતર થયું હતું. જેની બાદ જ્વાળામુખી પણ સક્રિય થયો હતો. જેમાં ક્રેશેનિનિકોવ જ્વાળામુખીનો સમાવેશ થાય છે. જે ૪૦૦ વર્ષથી વધુ સમયથી સુષુપ્ત અવસ્થામાં હતો. ■



**છલાંગ રાજકીયઃ** તમિળનાડુના તિરુચિરાપલ્લી જિલ્લામાં શનિવારે એક રેલી દરમિયાન ટેકેદારોનું અભિવાદન કરી રહેલા ટીવીકેના વડા અને અભિનેતા વિજય. (એજન્સી)

# પાકિસ્તાની ડૉક્ટર ઑપરેશન છોડીને નર્સ સાથે સેક્સ માણવા જતો રહ્યો

લંડનઃ ગ્રેટ માન્ચેસ્ટરની ટેમસાઇટ હૉસ્પિટલમાંનો એક પાકિસ્તાની ડૉક્ટર ઑપરેશન થિયેટરમાંના એનેસ્થેશિયાની અસર હેઠળના દરદીને છોડીને એક નર્સ સાથે સેક્સ માણવા અન્ય ઑપરેશન થિયેટરમાં આઠ મિનિટ સુધી જતો રહ્યો હોવાનું તેણે કબૂલ કર્યું હતું.

ડૉ. સુહૈલ અંજુમ (ઉંમર વર્ષ ૪૪)એ ૨૦૨૩ના સપ્ટેમ્બરમાં આવું કૃત્ય કર્યું હોવાનું કબૂલ કરીને મેડિકલ પ્રેક્ટિશનર્સ ટ્રિબ્યૂનલ સર્વિસ (જનરલ મેડિકલ કાઉન્સિલ) સમક્ષ માફી પણ માગી હતી.

ડૉ. સુહૈલની સામે તેના સાથીએ જ આ કિસ્સામાં ફરિયાદ કરી હતી.

પાકિસ્તાનમાં રહેતા ડૉ. સુહૈલે યુકેમાં પ્રેક્ટિસ કરવાની પરવાનગી માગી ત્યારે સુનાવણી વખતે આ કિસ્સો જાહેર થયો હતો.

પાકિસ્તાની ડૉક્ટરે પોતાના આ કૃત્યને 'શરમજનક' ગણાવીને માફી માગી હતી અને પોતાની સામેના આ કેસમાંના પુરાવા ખરા હોવાનું કબૂલ કર્યું હતું.

પાકિસ્તાની ડૉક્ટર જે નર્સ સાથે અન્ય ઑપરેશન થિયેટરમાં સેક્સ માણતો હતો, તેનું નામ જાહેર નથી કરાયું.

ડૉ. સુહૈલ અંજુમે એવું પણ કબૂલ કર્યું હતું કે મારી આ બેદરકારીથી દરદીનો જાન કદાચ જોખમમાં મુકાઇ જાત, પરંતુ તેવું કંઇ નહોતું થયું. (એજન્સી)■

# અધૂરા બિલ્ડિંગના ફ્લૅટધારકોના હિતાર્થે ફંડ બનાવોઃ સુપ્રીમ કોર્ટ

### ▸ 'નવા ઘરની ખરીદી માટે રકમની ચુકવણીની નોંધ રાખો'

નવી દિલ્હીઃ સર્વોચ્ચ અદાલતે કેન્દ્રને જણાવ્યું હતું કે અટકી ગયેલા બિલ્ડિંગ પ્રોજેક્ટ્સમાં ઘર ખરીદનારાઓના હિતના રક્ષણાર્થે કેન્દ્રે 'રિવાઇવલ ફંડ' ઊભું કરવા વિચારણા કરવી જોઇએ. દરેક નવા હાઉસિંગ પ્રોજેક્ટ્સમાં ઘર ખરીદનાર કુલ કિંમતના ઓછામાં ઓછા ૨૦ ટકા ચૂકવે ત્યારથી દરેક નાણાકીય લેવડદેવડની નોંધ સ્થાનિક મહેસૂલ (રેવન્યૂ) ખાતાએ રાખવી જોઇએ.

સર્વોચ્ચ અદાલતની આ સલાહનો જો અમલ થાય તો પોતાના સ્વપ્નનું ઘર ખરીદવાનું વિચારતા મધ્યમ વર્ગના હજારો નાગરિકોને રાહત મળશે.

ન્યાયાધીશ જે. બી. પારડીવાલા અને ન્યાયાધીશ આર. મહાદેવનની બૅન્ચે જણાવ્યું હતું કે ઘર ખરીદવા ઇચ્છનારાઓની ડેવલપર દ્વારા છેતરપિંડી ન થાય તે જોવા માટે યોગ્ય માળખું ઊભું કરવાની અને બિલ્ડિંગ નિર્માણના પ્રોજેક્ટ્સ સમયસર પૂરા થાય તે જોવાની જવાબદારી સરકારની પણ છે.

બૅન્ચે જણાવ્યું હતું કે 'રેરા' સત્તાવાળાઓને 'દાંત વિનાના વાઘ' બનવા દેવા ન જોઇએ. તેઓને પૂરતું આંતરિક માળખું, ટ્રિબ્યૂનલ્સ અને અસરકારક યંત્રણા પૂરા પાડવા જોઇએ.

તેણે જણાવ્યું હતું કે ઘર ખરીદનારાઓના હિતનું રક્ષણ કરવાની સરકારની બંધારણીય જવાબદારી છે. કેન્દ્ર સરકાર આ કિસ્સામાં 'મૂક દર્શક' બનીને બેઠી રહી ન શકે.

સર્વોચ્ચ અદાલતની બૅન્ચે જણાવ્યું હતું કે સરકારે નેશનલ ઍસેટ રિકન્સ્ટ્રક્શન કંપની લિમિટેડની જેવી કૉર્પોરેટ બૉડી ઊભી કરવા વિચારવું જોઇએ અને બંધ પડેલા બિલ્ડિંગ બાંધવાના પ્રોજેક્ટ્સ સરકાર - ખાનગી ભાગીદારીથી કે કોઇ જાહેર ક્ષેત્રના ઉપક્રમની મદદથી ફરી શરૂ કરાવવા જોઇએ. આવા પ્રોજેક્ટ્સના નહિ વેચાયેલા ઘરોનો ઉપયોગ પ્રધાન મંત્રી આવાસ યોજના જેવી સસ્તાં ઘર આપતી યોજના કે સરકારી ક્વાર્ટર્સ માટે કરી શકાય.

તેણે જણાવ્યું હતું કે ઘર બાંધકામના જે પ્રોજેક્ટ્સ પ્રાથમિક તબક્કામાં હોય અથવા બાંધકામ શરૂ ન કરાયું હોય, એવામાં રકમ એસ્ક્રો અકાઉન્ટમાં રાખવી જોઇએ અને પ્રોજેક્ટ જેમ જેમ આગળ વધે તેમ તેમ તેમાંથી રકમ ફાળવવી જોઇએ. (એજન્સી)■

# અલગ પેલેસ્ટાઇનની તરફેણમાં યુનોમાં ભારતનું મતદાન

ન્યૂ યોર્ક : સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં ભારતે ફરી એક વાર ઈઝરાયલ અને પેલેસ્ટાઇન ટૂ સ્ટેટ થિયરીના તરફેણમાં મતદાન કર્યું છે. ભારતે પેલેસ્ટાઇનને અલગ દેશ તરીકે માન્યતા આપવાના ઠરાવનું સમર્થન કર્યું છે. ફ્રાન્સ દ્વારા રજૂ કરાયેલ આ ઠરાવને ૧૪૨ દેશોએ ભારે બહુમતીથી પસાર કરવામાં આવ્યો હતો. જોકે, આ ઠરાવનો અમેરિકા અને ઇઝરાયલે વિરોધ કર્યો હતો. તેમજ કહ્યું હતું કે આ એક રાજકીય દેખાડો છે. આ ઠરાવ હમાસ જેવા આતંકી સંગઠનોને પીઠબળ પૂરું પાડશે.

ઇઝરાયલ અને પેલેસ્ટાઇન ટૂ સ્ટેટ થિયરીનો અમેરિકાએ વિરોધ કરતા જણાવ્યું હતું કે, અમે આ ઠરાવનો વિરોધ કરીએ છીએ. અમેરિકાના રાજદૂત મોર્ગન ઓર્ટાગસે તેને રાજકીય દેખાડો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે, એમાં કોઈ શંકા નથી કે આ ઠરાવ હમાસ માટે ભેટ છે.

આ અંગે શુક્રવારે થયેલા મતદાનમાં પેલેસ્ટાઇનની તરફેણમાં મતદાન કરનારા દેશોમાં ભારત પણ સામેલ હતું. જ્યારે દેશોએ પણ ઠરાવને ટેકો આપ્યો હતો. જ્યારે ઇઝરાયલ, અમેરિકા આર્જેન્ટિના, હંગેરી, માઇક્રોનેશિયા, નાઉરુ પલાઉ, પાપુઆ ન્યુ ગિની, પેરાગ્વે અને ટોંગાએ ઠરાવની વિરુદ્ધ મતદાન કર્યું હતું.

આ ઠરાવની ઇઝરાયલે ટીકા કરી હતી. ઇઝરાયલના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઓરેન માર્મોર્સ્ટાઇને એક્સ પર ઠરાવનો વિરોધ કર્યો હતો અને કહ્યું કે ફરી એકવાર એ સાબિત થયું છે કે યુએન મહાસભા વાસ્તવિકતાથી દૂર એક રાજકીય સર્કસ છે. આ ઠરાવ દ્વારા સમર્થિત જાહેરાતમાં એક પણ સ્થળે ઉલ્લેખ નથી કે હમાસ એક આતંકવાદી સંગઠન છે. ■

# જતી રહે તારા દેશમાંઃ આમ કહી યુકેમાં શીખ મહિલા પર બળાત્કાર કરાયો

લંડનઃ આ અઠવાડિયાના આરંભમાં એક બ્રિટિશ શીખ મહિલા પર કરવામાં આવેલા કથિત બળાત્કારને વંશ આધારિત હુમલો લેખવામાં આવી રહ્યો છે.

પોલીસના જણાવ્યાનુસાર મહિલાએ મંગળવારે ફોન કરી વૅસ્ટ મિડલૅન્ડ્સ, સૅન્ડવૅલ, ઑલ્જબરીસ્થિત ટૅમ રોડ પર બળાત્કાર કરવામાં આવ્યો હોવાની જાણ કરી હતી.

મહિલાએ જાણ કર્યા બાદ અમે તાત્કાલિક આ મામલે તપાસ આરંભી હતી એમ જણાવતાં પોલીસે કહ્યું હતું કે અમારું માનવું છે કે આ વંશ આધારિત હુમલો હતો.

બળાત્કાર કરતી વખતે હુમલાખોરોએ વંશીય ટિપ્પણી કરી હોવાનું ઘટનાનો ભોગ બનેલી મહિલાએ પોલીસને જણાવ્યું હતું.

હાલ અમે આને છૂટીછવાઈ ઘટના ગણી રહ્યા છીએ એમ જણાવતાં પોલીસે કહ્યું હતું કે શંકાસ્પદ બે ગોરા હતા.

શીખ ફેડરેશન (યુકે)એ જણાવ્યું હતું કે બળાત્કાર કરતી વખતે આરોપીઓએ મહિલાને કહ્યું હતું કે તું આ દેશની નથી. આ દેશમાંથી જતી રહે. (એજન્સી)■

# 'નિયમિત સમયમાં મતદારયાદીની સઘન ખાસ ચકાસણીનો આદેશ અમારા કાર્યક્ષેત્રમાં અતિક્રમણ'

### ▸ ચૂંટણી પંચની સુપ્રીમ કોર્ટમાં દલીલ

નવી દિલ્હી : ચૂંટણી પંચે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે આખા દેશમાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા નિયમિત સમયગાળામાં કરવાનો કોઈ પણ આદેશ ચૂંટણી પંચના અનન્ય કાર્યક્ષેત્રમાં અતિક્રમણ હશે.

સર્વોચ્ચ અદાલતમાં પ્રતિસોગંદનામું નોંધાવતા ચૂંટણી પંચે કહ્યું હતું કે સમીક્ષા નીતિથી લઈને બીજી સત્તાની બાદબાકી અંગે અમને 'સંપૂર્ણ વિશેષાધિકાર' છે.

ચૂંટણી પંચે કહ્યું હતું કે અમે બિહાર સિવાયના રાજ્યના અને કેન્દ્રશાસિત પ્રદેશના ચીફ ઈલેકટરલ ઑફિસર (સીઈઓ)ને પાંચ જુલાઈ, ૨૦૨૫એ લખેલા પત્ર દ્વારા પહેલી જાન્યુઆરી ૨૦૨૬ને યોગ્યતાની તારીખ ગણીને મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા કરવાની જાણ કરી છે. સોગંદનામામાં પંચે કહ્યું હતું કે પંચ પાસે મતદારયાદી બનાવવાના અને સુધારવાના બંધારણીય અને કાયદાકીય અધિકાર છે. ખાસ સઘન સમીક્ષા નિયમિત સમયગાળામાં કરવાનો કોઈ પણ આદેશ પંચના અનન્ય કાર્યક્ષેત્ર પર અતિક્રમણ કરશે.

એડવોકેટ અશ્વિની કુમાર ઉપાધ્યાયે એક અરજી નોંધાવી હતી. અરજીમાં તેમણે ખાસ કરીને ચૂંટણી પહેલાં નિયમિત સમયગાળામાં મતદારયાદીની ખાસ સઘન સમીક્ષા કરવાનો પંચને આદેશ આપવાની દાદ ચાહી હતી જેથી દેશનું રાજવ્યવસ્થા તંત્ર અને નીતિ ભારતના નાગરિકો નક્કી કરે.

આઠમી સપ્ટેમ્બરે સર્વોચ્ચ અદાલતે આદેશ આપ્યો હતો કે બિહારની ખાસ સઘન સમીક્ષા કવાયતમાં આધાર કાર્ડને એક ઓળખનો પુરાવા તરીકે સામેલ કરવો જ પડશે અને અદાલતે આનો પંચને નવ સપ્ટેમ્બર સુધી અમલ કરવા જણાવ્યું હતું. (એજન્સી)■

## ૪. ધાર્મીક સંબંધી

**ભાગવત કથા-મેડિકલ-શૈક્ષણિક પ્રોજેક્ટ**
સમદર્શન સેવા પરિવાર, (ફંડ રેઝીન્ગ ઈવેન્ટ) ગીતા પ્રવચન, ભાગવત કથા, શ્રીવિષ્ણુસહસ્ત્રનામસ્ત્રોતમ્, વ્યાસપીઠ, પૂ. ઈશ્વરચંદ્ર વ્યાસ, દિવંગતોના મોક્ષાર્થે, લાભ લેવા વિનંતી છે. 25 ડિસેમ્બર, 2025થી 1 જાન્યુઆરી, 2026 (ક્રિસમસ વેકેશન) ''ત્રયોદશ જ્યોતિર્લિંગ તિર્થ'', બરૂમલ, ધરમપુર, વલસાડ (વેબસાઈટ જોવો) AC રૂમ, તમામ ભોજન, મુખ્ય યજમાનશ્રી, પોથી યજમાનશ્રી. 9076308117, 9324250850. (૨૭૯-એ)

**જૈન દેરાસર માટે**
કેસર ઘૂંટવા માટેનું સાત્વીક લાકડું 350/- રૂા. કીલો પ્રમાણે મળશેજી. 9820770223. (બી-૧૬૨૬૮)

## ૬. પરચુરણ

**R.K. ANTIQUE ARTS**
ઓલ્ડ જુના જરી બોર્ડર સાડી પાટણના પટોલા જુના ઘરચોળા જુની નોટ કોઈન ચાંદીના સિક્કા ચાંદીના વાસણ જુના મોતી બસેરા ઘડિયાળો પેન જરમન સિલ્વર સાડી જુનો માલ લઈએ. 8879388883, 9867814407. (૩૦૪)

## ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન-8879576963. (દહેજ નહીં.) (૨૮૮-એ)

## ૯. લગ્ન સંબંધી

26, PhD, HINDU, ONLY SON of Lawyer Family. Rajkot based, can Relocate to Mumbai. Parents of beautiful Educated Girl from Welltodo Family Contact on matriuri@yahoo.com (No Dowry) (B-16471)

**NEED BRIDE FOR 48 YRS Old Widower Gujrathi Businessmen in Mumbai - having good status. Looking young Fit, Smart - prefer age 30-50. Share your detail on What's app 9320011440. (No Dowry) (SDBG-2863)**

## ૧૦. મહિલાઓ માટે

**કૉરપોરેટ ગિફ્ટ**
નવરાત્રી તથા દિવાળી નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે મળશે. - 9930310057. (બી-૧૬૪૪૮)

## ૧૪. નોકરી ખાલી છે

■ સેન્ટ્રલ માટુંગા (પૂર્વ)માં કોમ્પ્યુટર જોબ માટે છોકરા/છોકરીની જરૂર છે. (No Spelling Mistakes) ઓફિસ સંપર્ક: 9967468199. (કોલ સમય સવારે 11 થી સાંજે 7 વાગ્યા સુધી). (૨૯૧-એ)

**દુબઈ**
**નાના પરિવારને ઘર કામ તેમજ રસોઈ માટે 45 વર્ષ સુધીના બહેન જોઈએ છે. (પાસપોર્ટ જરૂરી). 9821357990/ 7304304299. (૨૭૪-એ)**

# મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ ક્લાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722
DAHISAR
KENIA AD AGENCY
Tel: 28905993,28925993
BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.
KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.
MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 28891428/9869101801/ 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.
GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899
JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.
ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960
VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941
SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.
KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675
MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.
MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Tel: 24033462/32509565.
Fax: 24024313.
DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.
TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032
OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769
GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470
BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.
BYCULLA
COLOR SPOT
Tel: 23748048/23714748
Tel. Fax:23732511.
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.
ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.
MASJID BUNDER
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.
C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500
KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755
NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.
MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070
THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269
MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105
GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116
CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2
BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986
NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684
VIRAR (EAST)
AAKAR PUBLICITY
Mobile: 9768110020 / 9892780722

## ૧૪. નોકરી ખાલી છે

**''તક''**
''નિવૃત્ત, ગૃહિણી અને વરિષ્ઠ નાગરિકો માટે પાર્ટ / ફુલટાઈમ કામ''. ''તાલીમ ઉપલબ્ધ''. ''ઓફિસ સપોર્ટ મળશે''. ''કોઈ રોકાણ નહીં'' :- 8879985966 / 9320132162. (૨૬૭-એ)

REQUIRED URGENTLY Society Manager. Contact: 98213 47882 Bharat Villa CHS. Ltd., Narayan Dabholkar Road, Mumbai - 400006. (B-16489)

## ૧૭. જગ્યા આપવી છે

**મલાડ (વેસ્ટ)**
શામનિરમલ હાઈટ્સ, નર્સિંગ લેન, એસવી રોડ 2 અને 3 BHK OC નજીકમાં અજય રંગવાલા. 9769816633/ 9004398283. (જેપી/૪૫૧૪-એ)

**માટુંગા (વેસ્ટ)**
**શુભ તહેવારોમાં રજિસ્ટ્રેશન 1-2-3 બેડરૂમ હોલ કિચન - ''વ્યાજબી ભાવે'' 'સુનીતા એસ્ટેટ': 9324849866. (૨૮૬-ઈ)**

**SANTACRUZ (EAST)**
**સ્ટેશનથી વોકેબલ, NEW CONSTRUCTION 2,3,4 બેડરૂમના લકઝરીયસ મોડર્ન એમીનીટીસવાળા ફ્લેટ્સ ઉપલબ્ધ. સંપર્ક : 9769605225. (૨૨૦-એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઇસન્સથી, 4 બેડરૂમ્સ, વેસ્ટર્લી ફ્લેટ - 1236', 11મો માળો, નવું મકાન, બજાજ રોડ, આપવાનો છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૫૮/એ)**

**વિલેપાર્લે વેસ્ટ**
**ઓનરશીપથી નવું બિલ્ડીંગ 2 બેડરૂમ્સના 2 ફ્લેટ ૭૪૦' ૧૧મે અને ૧૦મો માળ, બજાજ રોડ, આપવાના છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - ૯૮૧૯૮૭૪૫૧૫. (૨૫૮/બી)**

**ઘાટકોપર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડે / વેચાણથી લેવા / વેચવા રમેશ નિમાવત 9320571016 - 9082933313. (૧૫૫-એ)

■ માટુંગા પશ્ચિમ 1 બેડરૂમ ફ્લેટ વેજેટરીન પાર્ટીને મળશે 40/1 ડિપોઝિટ 9821559743. (બી-૧૬૪૪૫)

■ (ગુજરાત) સાસણગીરમાં ફાર્મ હાઉસ રિસોર્ટ બને તેવી વેચવાની છે, રાજકોટમાં સારી રેન્ટલ ઈન્કમ આપતી પ્રોપર્ટી વેચવાની છે રાજકોટમાં પ્રોપર્ટી લેવા વેચવા મલો 9664633574. (બી-૧૬૪૮૦)

**પાર્લા વેસ્ટ**
3 બેડરૂમ, 950', 1250' કાર્પેટ વેચાણથી, એજન્ટ:- 8850666935. (બી-૧૬૪૯૪)

**અંધેરી વેસ્ટ**
1500' કાર્પેટ કોમર્શિયલ ભાડેથી અને 4 બેડરૂમ 1250' કાર્પેટ વેચાણથી, એજન્ટ:- 8850666935. (બી-૧૬૪૯૩)

**બ્રીચ-કેન્ડી**
1 BHK, એરિયા 550', ફર્નિશ્ડ, તૈયાર કબજો. ભાડું 1.20 લાખ દર મહિને, ''કરણ'' 9821231619. (૨૯૧-ઈ)

**પેડર-રોડ**
3 BHK, એરિયા 1500', ફર્નિશ્ડ, પાર્કિંગ ભાડું 3.50 લાખ દર મહિને, ''કરણ'' 9821231619. (૨૯૧-એફ)

**વિલેપાર્લા ઈસ્ટ**
**સુંદર હવા ઉજાસ-વાળો ફ્લેટ 1050 ૩૧૦૦૦ Per sq feet ૨ પાર્કિંગ સાથે દેરાસરની સામે તુરંતમાં આપવાનો છે. 9619018233. (૩૦૦)**

**બોરીવલી વેસ્ટ**
અભિલાષા 2, પોશ, 3 બેડરૂમ, 1150 ફુટ, સ્ટેશન, માર્કેટ, સ્કૂલ, હૉટેલ્સ નજીકમાં, પાર્કિંગ સાથે, રેડી પઝેશન- 9920445444. (બી-૧૬૪૫૨)

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, ફુલ્લી ફર્નીશ્ડ, 1 બેડરૂમ, હોલ, કિચન, 450' યુઝેબલ, 1.35 CR, 2 બેડરૂમ, હોલ, કિચન, 710' કારપેટ-2.31 CR, 3 બેડરૂમ, હોલ, કિચન- 1050' યુઝેબલ, 3.15 CR, ૪ બેડરૂમ, હોલ, કિચન- 1250' યુઝેબલ, 4.25 CR, પાર્કિંગ છે. HOMEALONE PROPERTY- જુગ્નું શાહ. 9833352224 (૨૭૦-સી)**

**દેવલાલી**
૨ બેડરૂમ 800', 1040' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર, ૧ બેડરૂમ-600' કારપેટ, ગ્રાઉન્ડ ફ્લોર, વેચાણથી. પરેશ 9930803959, 9930106054. (૨૭૦-એ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
નંદા પાટકર રોડ, 1 બીએચકે, 325 ચો. ફૂટ (Approx) રેડી પઝેશન વીથ O.C. (ફકત 7 ફ્લેટ્સ) હાયર ફ્લોર વેચાણથી મળશે. જતીનભાઈ 9820994144 વેદાંતભાઈ 7718049056. (બી-૧૬૪૫૯)

**લોનાવાલા-ખંડાલા**
ફ્લેટો-રોહાઉસ-બંગલાઓ-નાના-મોટા-પ્લોટ લેવા-વેચવા. શ્રીજી-૯૫૪૫૭૪૧૭૫૫. (બી-૧૬૪૪૪)

**બોરીવલીમાં-કાંદિવલીમાં**
ઓબેરોયમાં- રીવાલી પાર્કમાં- લોઢામાં- કલ્પતરુમાં- ગોદરેજમાં- લેવા/વેચવા/ ભાડેથી- શ્રીજી-98200 45571. (જેપી/ ૪૫૧૮/એ)

## ૧૭. જગ્યા આપવી છે

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન, ભાડેથી / વેચાણથી લેવા - વેચવા ''જીનલ વોરા'' - 9320206906. (૨૬૧-એ)

**ઘાટકોપરમાં ગેરેંટી**
**1% દલાલીમાં 100% શાંતિ, ફ્લેટ ઘણા મળશે, ફસાયા વગર ગોઠવાઈ જાવ. ફ્લેટ, ઓફિસ ભાડેથી/ લે-વેંચ બજાર ભાવે 30 દિવસમાં સોદાની ગેરંટી. BHIMANI - 9820814333, CHABHADIA - 9820204041. (૨૮૯-એ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**પ્રાઈમ લોકેશન, રાજાવાડી 3 બેડરૂમ, હોલ, કિચન, સ્પેશ્યસ, 1012', સ્ટીલ્ટ કાર પાર્કિંગ, 2.11 CR. સોલ એજન્ટ: "HOME ALONE PROPERTY". જુગ્નુ શાહ - 9833352224. (૨૮૯-ઈ)**

**ઘાટકોપર ઈસ્ટ, સુધા પાર્કમાં**
**પ્રાઈમ એરિયા, 3 બેડરૂમ હોલ કિચન, કારપેટ 1080', 1 કવર્ડ પાર્કિંગ સાથે, જૈન મંદિર પાસે, હાયર ફ્લોર ઉપર, વેચાણથી, ઓનર : 7678037990. (૨૮૧-સી)**

**REDEVELOPMENT ગયેલા**
**બીલ્ડીંગોમાં ફ્લેટ / શૉપ અમારા ઈન્વેસ્ટર્સ માટે જોઈએ છે. (પેમેન્ટ રેડી છે.) 7666644727. (૨૮૬-એચ)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
ભાડેથી. તિલક રોડ, 2 બેડરૂમ, હોલ, કિચન - 740' કારપેટ. 9821069113, 9870769113. (૨૬૧/બી)

**વિલેપાર્લે (વેસ્ટ)**
**૨ બેડરૂમનો ફર્નિશડ ફ્લેટ, દાદાભાઈ રોડ, ચત્રભુજ સ્કૂલ પાસે, ૭૨૫ ફુટ કાર્પેટ + ૩૦૦ ફુટ એટેચડ ટેરેસ, ૧ પાર્કિંગ સાથે વેચવાનો છે. સંપર્ક: 9892245522. (એસડીબી-૨૮૬૪)**

**દાદર**
ઈન્ડસ્ટ્રીયલ ગાલા, ઓફિસ, ગોડાઉન, શોરુમ, ફ્લેટ, ભાડેથી-લેવા-વેંચવા. કેતન ગાલા- 9892077714. (બી-૧૬૪૭૯)

**DISCOUNT 3,00,000/-**
In stamp Duty, Festival offer 1 બેડરૂમ 340' કારપેટ, 95 લાખ+, - 440' કારપેટ 1.23 કરોડ+, માસ્ટર બેડરૂમ કાંદિવલી વેસ્ટ એસવી રોડ સ્ટેશનની સામે, Swastick House 9820866563. (જેપી/૪૫૧૨-સી)

**MAHALAXMI READY OC FLATS**
**Resale and Investors Deals 2, 3 Bed 4.50 Cr., 7.35 Cr. 7 Star Amenities Rooftop Amenities also Byculla 2, 3 Bed with Jain Mandir and 7 Star Amenities Large Layout 3.35 Cr., 4.50 Cr. - 98192 27923. (B-16266)**

**WORLD TOWER**
For Rent Lower Parel 4 BHK - 2600' Higher Floor - Well Furnished - 3 Parking Ready Poss. per month 6.50 Lac. "Agarwal" 9821231619. (291-C)

**BORIVALI WEST**
2 BHK 2nd Floor 536 built-up without lift 24 hrs BMC Water Gas Pipeline 16 yrs Regd. Society North East facing Near JBCN School Rs. 1.25 Cr. Mob. 9930987053. (B-16455)

**GHATKOPAR (EAST)**
MICL Luxurious Residential Project, 55 Amenities, 11 Towers, 1000' to 4500' Carpet. "SJ Real Estate" - 9022279684. (261/C)

**URGENTLY - REQUIRED**
On Sale Jodi 4+3 BHK World View Lower Parel only at Market Rate. Most Genuine Clients Call 9920655056 / 9820855056 SFRC. (277-A)

## ૧૮. જગ્યા જોઈએ છે

**REQUIRED**
Marine Drive Flat Sea Facing Budget 20.30 Cr. Buying / Selling in South Mumbai. Ashok Shah 9821036552 www.squarefeetrealty.in (287-A)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા- ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**PRELEASED OFFICE**
**મહિને 60,000/= ભાડેથી લાગેલી ઓફિસ વેંચવાની. (1.44 CR) (2 પાર્કીંગ સાથે) (300'+300' LOFT) યુઝેબલ- 600'. મહાવીરનગર, C R O M A / D'MART પાસે કાંદિવલી (વેસ્ટ). OWNER: 76666 44727. (૨૮૬-જી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ) સતરા પાર્ક શિંપોલી**
**રીલાયન્સ મોલની પાસે, બ્રાન્ડેડ કમર્શીયલ શોરૂમ 1630' VERTICAL ભાડેથી આપવાનો. (Rs. 225/= PER SQUARE FEET RATE) 76666 44727. (૨૮૬-આઈ)**

**વિલેપાર્લે (ઈસ્ટ)**
નંદા પાટકર રોડ, 325 ચો. ફૂટ (Approx) કમર્શીયલ ઓફિસ, ગ્રાઉન્ડ ફ્લોર, દવાખાનું, ક્લાસીસ, ક્લાઉડ કીચન વગેરે માટે ઉત્તમ. રેડીપઝેશન વીથ O.C., વેચાણથી મળશે. જતીનભાઈ 9820994144 વેદાંતભાઈ 7718049056. (બી-૧૬૪૫૮)

**વિલેપાર્લે વેસ્ટ**
**લીવ લાઈસન્સથી ઓફિસ એમ.એલ સ્પેસીસ - ડી જે રોડ, ૧૧૫૦' આપવી છે. એજન્ટ: અશ્વીન મરચન્ટ - 9819874515. (૨૫૮/સી)**

**અંધેરી/પાર્લા**
અમારા માનવંતા ગ્રાહક માટે ૧૦૦૦' ઓફીસ અંધેરી સ્ટેશનથી સાકીનાકા સુધી જોઈએ છે તથા પાર્લા (વેસ્ટમાં) સ્ટેશન પાસે ૨૨૦' રેસીડેન્સીઅલ જગ્યા વેચવાની છે. કોમર્શીઅલ શક્ય. સંપર્ક: જીતુભાઈ: ૯૮૨૦૬૧૩૧૨૮. (૨૪૨-એ)

**ચર્નીરોડ**
સ્ટેશન પાસે ધંધાદારી જગ્યા ભાડેથી ૬૦૦ કાર્પેટ, માલકીન - ૯૬૧૯૨૩૫૭૫૬ / ૮૩૬૯૫૫૬૦૨૧. (બી-૧૬૨૬૫)

**ઓફિસ - વેચાણથી**
Swastick house, (Festival Discount Rs 3,00,000/- in Stamp Duty) કાંદિવલી વેસ્ટ સ્ટેશન સામે, 340' કારપેટ 95 લાખ+, -440' કારપેટ, - 1.23 કરોડ+, - 90% લોન, Jodi office 690' - 890' કારપેટ સંપર્ક 9820866563. (જેપી/ ૪૫૧૨-બી)

**CHURCHGATE**
To Sell 2 Offices Single or Joint Jolly Bhavan No. 1 New Marine Lines. Fully Furnished WhatsApp 7021831500. (SDB-2860)

## ૨૩. મનોરંજન

**''પ્રાર્થના- 6500/-''**
''નવરાત્રિ દાંડિયા'', ''સંગીતસંધ્યા'', ''લગ્નગીત'', ''બર્થડે'', ''એનિવર્સરી'', ''ડીજે'' :- 9820889938. (૨૭૫/સી)

## ૩૧. નાણાંકીય

**સરકારમાન્ય**
નવા બંધાતા વૃદ્ધાશ્રમમાં 1 થી 10 લાખ રોકાણ કરીને પાંચ વર્ષમાં ડબલ મેળવો, વૃદ્ધ વિહાર સેવા ધામ ચેરીટેબલ ટ્રસ્ટ (માં-બાપનું ઘર) કામરેજ સુરત, 394180 મનીષાબેન ગોંડલિયા 7046814914. (જેપી/ ૪૫૧૮-બી)

■ **(લોન ડિફોલ્ટર્સ) બેંકની નોટિસનાં રીપ્લાય સેટલમેન્ટ / ઈન્સ્ટોલમેન્ટ (વકીલ મારફત). 9137725086. (બી-૧૬૪૮૭)**

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટની આજુબાજુ**
**ગામ-કાલાવડ રોડ, મોરબી રોડ, જામનગર રોડ, નાના - મોટા, ખુલ્લા પ્લોટ, જમીન લેવા - વેચવા: 9082411822 / 9930730755. (૨૬૫-એ)**

■ જમીન વેચવાની છે ધોલેરા સ્માર્ટ સીટી, પચ્છમ ગામ, 35 લાખનો એકર, 60 લાખનો એકર, 90 લાખનો એકર. 9979176300. (બી-૧૬૪૯૨)

**કચ્છ સામખીઆરીમાં**
દરેક-ધંધા માટે જગ્યા તેમજ ખેતર વેચાણથી- ભાડાથી 9022470425 દામજીભાઈ. (૨૬૫-બી)

## ૩૩. ધંધાદારી

■ **આયુર્વેદિક લાકડાની ગાંઠો કાપી પાવડર કરવાની ફેસીલીટી અવેલેબલ છે. સંપર્કઃ- હાથી મિલ્સ મઝગાંવ, મુંબઈ 9869830581. (એસડીબી-૨૮૫૩)**

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૬૪૦૪)

■ **પલવેરાઈજીંગ ગ્રાઈન્ડીંગ, ગાસ્કેટ સ્કેપ કટીંગ, મીક્ષીંગ અને એક્સપોર્ટ માટે જોબવર્ક ફેસેલીટી હાથી મિલ્સ, સીતાફલ વાડી મઝગાંવ, મુંબઈ 9869830581. (એસડીબી-૨૮૫૪)**

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**
52 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (એસએ/૨૬૨૧-એ)

**ONEPLUS - MOTOROLA**
Authorised Service Center, Cell World, Dadar West 9082289967 - 9987953247 - 8176864631. (B-16460)

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શાસ્ત્રીજી**
બધી સમસ્યાનું ઘર બેઠા ફોન માટે જન્માક્ષર દ્વારા જાણો તમારી સમસ્યા. (હોમવિઝિટ) 9765396401. (બી-૧૬૨૯૯)

# ઈએમઆઇ ન ભર્યો તો ફોન થશે લૉક...

## રિઝર્વ બૅન્ક લૉન ડિફોલ્ટરોને સીધા કરવા આ સત્તા આપવાનું વિચારે છે

નવી દિલ્હી : લોન ડિફોલ્ટના વધતા કિસ્સાઓને પગલે રિઝર્વ બૅન્ક લોન આપનારાઓને એક સુવિધા આપવાનો વિચાર કરી રહી છે. આ વિચાર અંતર્ગત લોન પર લીધેલા ફોનને જલદી લૉક કરવાની મંજૂરી આપવામાં આવી શકે છે. જોકે, આ નિર્ણયથી લોકોના ડેટાની પ્રાઈવસી અને અધિકારોને લઈને સવાલો ઊભા થઈ શકે છે.

અગાઉ પણ લોન ન ચૂકવવા પર લેન્ડર્સ ગ્રાહકનો ફોન લોક કરી દેતા હતા. લેન્ડર્સ લોન પર આપેલા ફોનને લૉક કરવા માટે એપનો ઉપયોગ કરતા હતા. આ એપને ફોનમાં ઇનસ્ટોલ કરવામાં આવતી હતી. આરબીઆઇએ તેમની આ પ્રેક્ટિસ બંધ કરાવી દીધી હતી. પરંતુ હવે આરબીઆઇ ફરીથી તેની મંજૂરી આપી શકે છે. આગામી મહિનાઓમાં આ અંગે ગાઈડલાઈન બહાર પાડવામાં આવશે, એવું સૂત્રો અનુમાન લગાવી રહ્યા છે. રિઝર્વ બૅન્ક ઈચ્છે છે કે, નાની લોન આપનાર પાસે તેને રિકવર કરવાની શક્તિ હોય. સાથોસાથ લોકોનો ડેટા પણ સુરક્ષિત રહે. આ માટે બેંક એક મિકેનિઝમ તૈયાર કરી રહી છે. જેનાથી લેન્ડર્સ લોન ન ચૂકવનાર ગ્રાહકનો મોબાઈલ લોક તો કરી શકે. પરંતુ તેના ડેટાનો એક્સેસ ન કરી શકે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર માહિતી સામે આવી નથી. ■

# મધ્ય પ્રદેશના સીએમના હૉટ ઍર બલૂનમાં આગ, સૌ હેમખેમ

મંદસૌર: મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવ સાથે આજે એક મોટી દુર્ઘટના થતા ટળી ગઈ છે. હૉટ ઍર બલૂન એક્ટિવિટી દરમિયાન બલૂનના નીચેના ભાગમાં આગ લાગી હતી. પરંતુ સુરક્ષાકર્મીઓ દ્વારા તેઓને સુરક્ષિત રીતે બહાર કાઢીને આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો.

મંદસૌર ખાતેના ગાંધી સાગર અભ્યારણ્યની મુલાકાતે દર વર્ષે મોટી સંખ્યામાં સહેલાણીઓ આવે છે. આ વિસ્તારમાંનું નિરીક્ષણ કરવા માટે આજે સવારે મધ્ય પ્રદેશના મુખ્ય પ્રધાન મોહન યાદવ પહોંચ્યા હતા. તેમણે હૉટ ઍર બલૂન એક્ટિવિટી દ્વારા અભ્યારણને નિહાળવાનું નક્કી કર્યું હતું. એવા સમયે બલૂનના નીચેના ભાગમાં આગ લાગી હતી.

હૉટ ઍર બલૂનની દેખરેખ રાખનારા લોકોએ જણાવ્યું હતું કે, જે સમયે મુખ્ય પ્રધાન બલૂનમાં સવાર થયા હતા, ત્યારે હવાની સ્પીડ ૨૦ કિમી/કલાકની હતી. આવા સંજોગોમાં બલૂન આગળ વધી શક્યું નહીં. પરિણામે તેની નીચેના ભાગમાં આગ લાગી હતી.

મંદસૌરના કલેક્ટર અદિતિ ગર્ગે જણાવ્યું કે, મુખ્ય પ્રધાન માત્ર બલૂન જોવા ગયા હતા. હૉટ ઍર બલૂન ગરમ હવા દ્વારા ઉડાડવામાં આવે છે. આ પ્રક્રિયામાં તમામ સલામતીના ધોરણોનું પાલન કરવામાં આવ્યું હતું. સુરક્ષામાં કોઈ ખામી નહોતી. ■

# માતાની હત્યા : બ્રિટનમાં ભારતીય મૂળના શખસને આજીવન કેદ

લંડનઃ બ્રિટનમાં બર્મિંગમ ક્રાઉન કોર્ટે શુક્રવારે એક ભારતીય મૂળના વ્યક્તિને તેની માતાની હત્યા કરવા બદલ આજીવન કેદની સજા ફટકારી હતી. તેમજ તેના પેરોલ મંજૂર થાય તે પહેલા તેને ઓછામાં ઓછા ૧૫ વર્ષ જેલમાં રાખવાનું કહેવામાં આવ્યું છે.

વેસ્ટ મિડલેન્ડ્સ પોલીસના ડિટેક્ટિવ ઇન્સ્પેક્ટર નિક બાર્ન્સે જણાવ્યું કે આ હત્યાએ એક પરિવારને બરબાદ કરી નાખ્યો છે. આ વ્યક્તિ તેની ૭૬ વર્ષીય વિધવા માતા મોહિન્દર કૌર સાથે બર્મિંગમના સોહો વિસ્તારમાં રહેતો હતો. આ હત્યા ગયા વર્ષે સપ્ટેમ્બરમાં થઇ હતી.

આ ઘટના બની તે સમયે સુરજીત સિંહ નામનો આ શખસ દારૂ પીધેલી હાલતમાં ઘરે પહોંચ્યો હતો. નશાની હાલતમાં જોઇને જ્યારે તેની માતાએ તેને ઠપકો આપ્યો ત્યારે તેણે ક્રોધાવેશમાં તેની માતા પર જીવલેણ હુમલો કર્યો હતો. તેણે તેની માતાને લાતો મારી હતી અને વારંવાર જીવલેણ હુમલા કર્યા હતા. જેના કારણે તેને ગંભીર ઇજાઓ પહોંચી હતી. બાદમાં પોલીસને આ ઘટનાની જાણ કરવામાં આવી હતી. ■

## ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**
કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ અને એક્ઝેક્યુશન પ્રોફેશનલ ટીમ દ્વારા, 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 7,000/-, 3 બેડરૂમ 9,000/-. Helpline 8989282877. (૧૫૩૮૩/બી)

## ૫૧. ખરીદવું છે

**WE BUY OLD WATCHES**
Rolex, Omega, Hublot, Patek Philippe, AP, Breguet, VC, Jaeger, IWC, Cartier: Vipul: 9619303232. (B-16397)

## ૫૨. કુરીઅર્સ

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૬૪૬૫)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. ૯૮૨૦૧૯૪૭૧૯, ૭૨૦૮૦૧૯૫૧૫. (૧૫૯૭૫-એ)


**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# 'સુપરફાસ્ટ ટ્રેન' બની 'ન.મો ભારત'

## ૧૬૦ કિ.મી.ની ઝડપે દોડાવવામાં આવશે

નવી દિલ્હીઃ બુલેટ ટ્રેનના સપના અને વંદે ભારતના યુગમાં ભારતીય રેલવે નિરંતર અવનવી ટ્રેનોમાં સ્પીડમાં વધારવાનો પ્રયાસ કરી રહ્યું છે. તાજેતરમાં ન.મો. ભારત ટ્રેન દેશની નવી સ્પીડ ધરાવતી ટ્રેનનો રેકોર્ડ બનાવ્યો છે, જ્યારે એનાથી મોટી બાબત આ ટ્રેનનું નિર્માણ કાર્ય પણ ગુજરાતમાં કર્યું છે.

હાલના તબક્કે હાઈ સ્પીડ કે સેમી સ્પીડની વાત કરીએ તો સૌના મોંઢા પર રાજધાની યા શતાબ્દી એક્સપ્રેસનું નામ આવે છે, પરંતુ હવે રેલવે વિવિધ તબક્કામાં સ્પીડ મુદ્દે ટ્રાયલ કરી રહ્યું છે, જેમાં સફળ પણ રહ્યું છે. દિલ્હી-મેરઠ વચ્ચેના રેપિડ ટ્રાન્સપોર્ટ સિસ્ટમના પંચાવન કિલોમીટરના લાંબા સેક્શનમાં કલાકના ૧૬૦ કિલોમીટરની ઝડપે દોડાવવામાં આવેલી નમો ભારત દેશની સૌથી ઝડપી ટ્રેન બની છે. આ અગાઉ ૨૦૧૬માં ગતિમાન એક્સપ્રેસના નામે રેકોર્ડ હતો, જે દેશની સૌથી પહેલી સેમી હાઈ સ્પીડ ટ્રેન હતી, જે હઝરત નિઝામુદ્દીન અને આગ્રાની વચ્ચે સ્પેશિયલ સેક્શનમાં દોડાવવામાં આવતી હતી.

દિલ્હી-મેરઠ રિજનલ રેપિડ ટ્રાન્ઝિટ રુટમાં દોડાવવામાં આવેલી 'ન.મો. ભારત' દેશની સૌથી ઝડપી ટ્રેન બની છે, જ્યારે આ ટ્રેનની મોટી વિશેષતા છે કે ટ્રેનનું નિર્માણ કાર્ય ગુજરાતમાં થયું છે. વડોદરાના સાવલી સ્થિત અલસ્ટોમ ફેક્ટરીમાં થયું છે.

ટ્રેનમાં એક પ્રીમિયમ, એક સ્ટાન્ડર્ડ ક્લાસનો કોચ, મહિલાઓ માટે એક રિઝર્વ કોચ હશે. ટ્રેનમાં સીસીટીવી કેમેરા, વ્હિલચેર અને સ્ટ્રીચર માટે સ્પેસ, ઈમરજન્સી બટન, રિક્લાઈનિંગ સીટ, યુએસબી ચાર્જિંગ પોઈન્ટ તથા લગેજ રાખવાની પણ સુવિધા હશે. ■

# પાકિસ્તાન અમારી મુઠ્ઠીમાં







ભારત આજે દુબઈમાં દુશ્મન-દેશ પાકિસ્તાન સામે આમ તો અગિયારે અગિયાર મૅચ-વિનરને મેદાન પર ઊતારશે, પરંતુ સૌની નજર ખાસ કરીને વાઇસ-કૅપ્ટન શુભમન ગિલ, ઑલરાઉન્ડર અક્ષર પટેલ, ઓપનર અભિષેક શર્મા, નવી હૅર-સ્ટાઇલમાં ચમકી રહેલા હાર્દિક પંડ્યા અને સર્વોત્તમ બોલર જસપ્રીત બુમરાહ પર રહેશે. કહેવાય છે કે બીસીસીઆઇના મોટા ભાગના હોદ્દેદારો દુબઈમાં પાકિસ્તાન સામેની મૅચ જોવા નહીં જાય. પહલગામના હુમલામાં મૃત્યુ પામેલા શુભમની પત્નીએ આ મૅચનો બહિષ્કાર કરવાની માગણી કરી છે, જ્યારે આ મૅચનું પ્રસારણ જ નહીં કરવાની પણ માગણી કરવામાં આવી છે. (બીસીસીઆઇ)

# જંગ જબરદસ્તઃ ભારત આજે પાકિસ્તાન સામે જીતીને પહોંચી શકે સુપર-ફોરમાં

દુબઈઃ ભારત અને પાકિસ્તાન વચ્ચે આજે (ભારતીય સમય અનુસાર રાત્રે ૮.૦૦ વાગ્યાથી) દુબઈમાં એશિયા કપનો ટી-૨૦ જંગ છે. બન્ને દેશ પોતપોતાની પ્રથમ લીગ મૅચ જીતીને સામસામે આવી રહી છે. છેલ્લા પાંચ ટી-૨૦ મુકાબલામાં પાકિસ્તાન સામે ભારત ૩-૨થી આગળ છે.

બુધવારે યુએઇ (૧૩.૧ ઓવરમાં ૧૦/૫૭) સામે ભારતે (૪.૩ ઓવરમાં ૧/૬૦) નવ વિકેટે વિજય મેળવ્યો હતો. ભારતની ટી-૨૦માં એ સૌથી વહેલી જીત હતી. ભારતે માત્ર ૨૭ બૉલમાં વિજય હાંસલ કરી લીધો હતો. શુક્રવારે પાકિસ્તાને ઓમાન જેવા ટચૂકડા દેશ સામે સાત વિકેટ ગુમાવીને ૧૬૦ રન કર્યા હતા અને પછી ઓમાનની ટીમ છેક ૧૭મી ઓવરમાં ૬૭ રનના સ્કોર પર ઑલઆઉટ થતાં પાકિસ્તાને ૯૩ રનથી વિજય મેળવ્યો હતો.

## ભારતની ત્રણ, પાકિસ્તાનની બે જીત

ભારત-પાકિસ્તાન વચ્ચેના છેલ્લાં પાંચ ટી-૨૦ મુકાબલામાં ભારત ૩-૨થી આગળ છેઃ (૧) ૨૦૨૪ની ૯મી જૂને ન્યૂ યૉર્કમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં ભારત (૧૦/૧૧૯)નો પાકિસ્તાન (૭/૧૧૩) સામે છ રનથી વિજય (૨) ૨૦૨૨ની ૨૩મી ઑક્ટોબરે મેલબર્નમાં ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાન (૮/૧૫૯) સામે ભારત (૨૦ ઓવરમાં ૬/૧૬૦)નો ચાર વિકેટે વિજય (૩) ૨૦૨૨ની ચોથી સપ્ટેમ્બરે દુબઈમાં ટી-૨૦ના એશિયા કપમાં ભારત (૭/૧૮૧)ની પાકિસ્તાન (૧૯.૫ ઓવરમાં ૫/૧૮૨) સામે પાંચ વિકેટે હાર (૪) ૨૦૨૨ની ૨૮મી ઑગસ્ટે દુબઈમાં ટી-૨૦ના એશિયા કપમાં પાકિસ્તાન (૧૦/૧૪૭) સામે ભારત (૧૯.૪ ઓવરમાં ૫/૧૪૮)નો પાંચ વિકેટે વિજય (૫) ૨૦૨૧ની ૨૪મી ઑક્ટોબરે દુબઈમાં ટી-૨૦ના એશિયા કપમાં ભારત (૭/૧૫૧)ની પાકિસ્તાન (૧૭.૫ ઓવરમાં ૦/૧૫૨) સામે ૧૦ વિકેટે હાર.

## બેઉ દેશના સ્પિનરો વચ્ચે હરીફાઈ

સામાન્ય રીતે ભારત-પાકિસ્તાન વચ્ચેની મૅચમાં બૅટ્સમેનોની શક્તિનો પરચો માપવામાં આવતો હોય છે, પરંતુ દુબઈની પિચ પર સ્પિનર્સને બહુ ટર્ન ન મળતા હોવા છતાં આ વખતે બન્ને ટીમ પોતાના સ્પિનરો પર વધુ મદાર રાખશે. ફાસ્ટ બોલર્સમાં જસપ્રીત બુમરાહ અને શાહીન શાહ આફ્રિદી માત્ર બે સ્પેશ્યાલિસ્ટ ફાસ્ટ બોલર છે, પરંતુ સ્પિનર્સની વાત કરીએ તો પાકિસ્તાનના સુફિયાન મુકીબ, અબ્રાર અહમદ અને મોહમ્મદ નવાઝ સામે ભારતના કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી અને અક્ષર પટેલ ચડિયાતા છે.



**જો જિતા વો હી સિકંદરઃ** અમદાવાદમાં શનિવારે ક્રિકેટપ્રેમીઓએ ભારત અને પાકિસ્તાની રાષ્ટ્રધ્વજ જેવા રંગમાં બૉડી-પેઇન્ટ કરાવીને પોઝ આપ્યો હતો. દુબઈમાં રવિવારે સાંજે ૭.30 વાગ્યે ટૉસ થશે અને બરાબર ૮.00 વાગ્યે મૅચનો પહેલો બૉલ ફેંકવામાં આવશે. (પીટીઆઇ)

## બન્ને દેશના ખેલાડીઓ પર એક નજર

ભારતઃ સૂર્યકુમાર યાદવ (કૅપ્ટન), શુભમન ગિલ (વાઇસ-કૅપ્ટન), જિતેશ શર્મા (વિકેટકીપર), સંજુ સૅમસન (વિકેટકીપર), અભિષેક શર્મા, તિલક વર્મા, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, અક્ષર પટેલ, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ, વરુણ ચક્રવર્તી, કુલદીપ યાદવ, હર્ષિત રાણા અને રિન્કુ સિંહ.

પાકિસ્તાનઃ સલમાન આગા (કૅપ્ટન), મોહમ્મદ હારિસ (વિકેટકીપર), ફખર ઝમાન, સઇમ અયુબ, હસન નવાઝ, ખુશદિલ શાહ, હુસૈન તલત, ફહીમ અશરફ, મોહમ્મદ નવાઝ, સાહિબઝાદા ફરહાન, અબ્રાર અહમદ, હારિસ રઉફ, હસન અલી, સલમાન મિર્ઝા, શાહીન શાહ આફ્રિદી, સુફિયાન મુકીમ અને મોહમ્મદ વસીમ. ■

# કોહલી લંડનમાં ભરપૂર પ્રૅક્ટિસ કરે છે, પણ બેંગલૂરુ ક્યારે આવશે?



લંડનઃ બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી રિટાયર થઈ ગયો છે અને હવે ભારત વતી વન-ડે ફૉર્મેટમાં તેમ જ આઇપીએલમાં જ રમશે એટલે તે ઓછો ચર્ચામાં રહે છે, પરંતુ થોડા દિવસથી ફિટનેસ અને પ્રૅક્ટિસના મુદ્દે તેના નામે થોડીઘણી ચર્ચા થઈ રહી છે. તે લંડનમાં ભરપૂર પ્રૅક્ટિસ કરી રહ્યો છે અને ત્યાં જ ફિટનેસ પણ સુધારી રહ્યો છે. જોકે ફિટનેસ સંબંધિત બીસીસીઆઇના ફરજિયાત મૂલ્યાંકન માટે તે બેંગલૂરુ ક્યારે આવશે એની રાહ જોવાઈ રહી છે.

કોહલી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી લાંબો બ્રેક માણી રહ્યો છે. તે ઘણા દિવસથી પત્ની અનુષ્કા અને બે બાળકો વામિકા તથા અકાય સાથે લંડનમાં રહે છે. એવી ચર્ચા છે કે તેણે લંડનમાં આલીશાન ઘર ખરીદ્યું છે અને ભવિષ્યમાં પરિવાર સાથે ત્યાં જ રહેશે. ઘણી વાર તે પત્ની સાથે લંડનની માર્કેટમાં ફરતો હોય છે જેનો વીડિયો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયો છે. કોહલી ભારત વતી છેલ્લે માર્ચ મહિનામાં યુએઇની ચૅમ્પિયન્સ ટ્રોફીમાં જોવા મળ્યો હતો. એમાં ભારતે વિજેતાપદ મેળવ્યું હતું.

કોહલી ફરી ઑક્ટોબરમાં રમતો જોવા મળશે. ૧૯મી ઑક્ટોબરે ઑસ્ટ્રેલિયામાં ભારતની ઑસ્ટ્રેલિયનો સામે વન-ડે સિરીઝ શરૂ થશે જેમાં રોહિત શર્મા પણ રમતો જોવા મળશે. કહેવાય છે કે કોહલી ઑસ્ટ્રેલિયા 'એ' સામેની ઇન્ડિયા 'એ'ની આગામી બિનસત્તાવાર વન-ડે શ્રેણીમાં રમશે. જોકે એ બાબતમાં કોઈ સત્તાવાર નિવેદન બહાર નથી આવ્યું.

એવું પણ કહેવાઈ રહ્યું છે કે કોહલીએ લંડનમાં જ ફિટનેસ ટેસ્ટ આપી દીધી છે અને અસલ ફૉર્મ પાછું મેળવવા પ્રૅક્ટિસ પર બધું ધ્યાન આપી રહ્યો છે. તે લંડનમાં આઇકૉનિક લૉર્ડ્સ ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે સઘન પ્રૅક્ટિસ કરી રહ્યો છે. એને લગતા ફોટો સોશ્યલ મીડિયામાં વાઇરલ થયા છે જેમાં તે ચાહકો સાથે થોડી ગપસપ કરતો તેમ જ નેટ બોલર્સ સાથે પણ પ્રૅક્ટિસ વિશે ચર્ચા કરી રહેલો જોવા મળે છે. ■

# સુપર સેટરડે...ભારતના ત્રણ ખેલાડી પહોંચી ગયા હૉંગ કૉંગ બૅડ્મિન્ટનની ફાઇનલમાં

## લક્ષ્ય સેન સિંગલ્સના તથા સાત્વિક-ચિરાગ ડબલ્સના નિર્ણાયક મુકાબલામાં

હૉંગ કૉંગઃ અહીં બૅડમિન્ટનમાં ભારતીય ખેલાડીઓ છવાઈ ગયા છે, કારણકે શનિવારે એક સાથે બે મોટા મુકાબલાઓમાં કુલ ત્રણ ભારતીય ખેલાડીઓએ તાઇપેઈના ખેલાડીઓને સેમિ ફાઇનલમાં હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો. એમાંથી એક ભારતીય ખેલાડીએ સિંગલ્સની અને બીજા બે પ્લેયરે ડબલ્સની ફાઇનલમાં એન્ટ્રી કરી છે. હૉંગ કૉંગ ઓપન નામની સ્પર્ધા કોઈ પણ આંતરરાષ્ટ્રીય ખેલાડી માટે ખૂબ અગત્યની કહેવાય અને એમાં ભારતનો ૨૩ વર્ષીય લક્ષ્ય સેન ફાઇનલમાં પહોંચી ગયો છે. તેણે સેમિ ફાઇનલમાં તાઇપેઈના ચોઉ ટિએન ચેનને સ્ટ્રેઇટ ગેમમાં ૨૩-૨૧, ૨૨-૨૦થી હરાવી દીધો હતો. લક્ષ્ય સેનની વિશ્વમાં ૨૦મી અને ચોઉની નવમી રૅન્ક છે. જોકે લક્ષ્યએ તેને ૫૬ મિનિટ સુધી ચાલેલી સેમિમાં એક પણ ગેમમાં નહોતો જીતવા દીધો. કૉમનવેલ્થ ગેમ્સના ચૅમ્પિયન અને ૨૦૨૧ની વર્લ્ડ ચૅમ્પિયનશિપ્સના બ્રૉન્ઝ મેડલિસ્ટ લક્ષ્યનો સામનો ફાઇનલમાં ચીનના લિ શી ફેન્ગ સામે થશે.

એ પહેલાં, બૅડમિન્ટન જગતમાં નવમી રૅન્ક ધરાવતા સાત્વિકસાઇરાજ રૅન્કિરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડીએ ડબલ્સની સેમિ ફાઇનલમાં તાઇપેઈના બિન્ગ-વી લિન અને ચેન ચેન્ગ-કુઆનને સ્ટ્રેઇટ ગેમમાં ૨૧-૧૭, ૨૧-૧૫થી હરાવીને ફાઇનલમાં એન્ટ્રી કરી હતી. વર્તમાન સીઝનમાં આ ભારતીય જોડીએ છ સેમિ ફાઇનલમાં પરાજય જોયા અને છેક હવે ફાઇનલમાં પ્રવેશ મેળવ્યો છે. ■

# રોહિત શર્માએ ફરી પ્રૅક્ટિસ શરૂ કરી, પત્ની રિતિકા ભાવુક થઈ



મુંબઈઃ ભારતનો વન-ડે કૅપ્ટન રોહિત શર્મા ટેસ્ટ અને ટી-૨૦ આંતરરાષ્ટ્રીયમાંથી નિવૃત્ત થઈ ગયો હોવાથી તેણે આગામી વન-ડે સિરીઝ પહેલાં પત્ની રિતિકા તેમ જ બન્ને સંતાનો સાથે ઘણો સમય વીતાવ્યો અને ફરી પ્રૅક્ટિસ કરવા મેદાન પર પહોંચ્યો એ સાથે રિતિકાએ સોશ્યલ મીડિયામાં ભાવુક સ્થિતિમાં પ્રતિક્રિયા વ્યક્ત કરી હતી.

વિરાટ કોહલીની જેમ ૩૮ વર્ષીય રોહિત પણ હવે માત્ર વન-ડે ફૉર્મેટમાં અને આઇપીએલમાં રમશે. ભારતની આગામી વન-ડે સિરીઝ ઑક્ટોબરમાં ઑસ્ટ્રેલિયા સામે રમાવાની છે અને એ માટે અગાઉથી જ પૂરતી તૈયારી કરવા તેમ જ ફિટનેસ મેળવવા રોહિતે પ્રૅક્ટિસ શરૂ કરવાની સાથે મીડિયામાં વીડિયો શૅર કર્યો છે અને એની સાથે કૅપ્શનમાં લખ્યું છે, 'હું પાછો મેદાન પર આવી ગયો છું. આ કમબૅક મને ખૂબ ગમ્યું છે.'

રોહિતે આવું લખવાની સાથે જે વીડિયો શૅર કર્યો છે એમાં તેના ફેમસ શૉટ જોવા મળી રહ્યા છે તેમ જ તે ફુલ્લી ફિટ છે એવું પણ લાગી રહ્યું છે.

આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રોહિતના આ કમબૅક વિશે પત્ની રિતિકા ખૂબ જ ઉત્સાહિત, રોમાંચિત છે અને તેણે ભાવુક સ્થિતિમાં ઇન્સ્ટાગ્રામ પર 'ગૂઝબમ્પ્સ ઍન્ડ...' એવું લખીને ભાવુક સ્થિતિમાં રડી રહેલા ત્રણ ઇમોજી જોડ્યા છે.

રોહિતના કમબૅકને તેમ જ રિતિકાની પ્રતિક્રિયા વિશે ઘણા ચાહકોએ કમેન્ટ લખી છે. ઉલ્લેખનીય છે કે ભારત અને ઑસ્ટ્રેલિયા વચ્ચે સિરીઝની પ્રથમ વન-ડે ૧૯મી ઑક્ટોબરે પર્થમાં રમાશે. ■

## મહિલા હૉકીમાં ભારતનો સપાટો

# ડિફેન્ડિંગ ચૅમ્પિયન જાપાન સામે મૅચ ડ્રૉ, ભારતની હવે આજે ચીન સામે ફાઇનલ

હાન્ગ્ઝોઉ (ચીન): શનિવારે મહિલાઓની હૉકી એશિયા કપ સુપર-ફોર મૅચમાં ભારત અને જાપાન વચ્ચેની મૅચ ભારે રસાકસીમાં ૧-૧થી ડ્રૉમાં ગઈ હતી. ડિફેન્ડિંગ ચૅમ્પિયન જાપાનને ફાઇનલની રેસની બહાર કરીને ભારતે ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો જેમાં રવિવારે ભારતનો યજમાન ચીન સામે મુકાબલો થશે. ભારતને ડિફેન્ડિંગ ચૅમ્પિયન જાપાન સામે માત્ર ડ્રૉની જરૂર હતી અને એમાં ભારતે સફળતા મેળવી હતી. ભારત વતી એકમાત્ર ગોલ બ્યૂટી ડુન્ગ ડુન્ગે સાતમી મિનિટમાં કર્યો હતો. જાપાનની શિહોએ ૫૮મી મિનિટમાં ગોલ કરીને સ્કોર ૧-૧થી બરાબરીમાં લાવી દીધો હતો. મૅચ ડ્રૉમાં ગઈ એટલે જાપાન આઉટ થઈ ગયું અને ભારતનો ફાઇનલનો રસ્તો મોકળો થઈ ગયો.

ચીન સામેની સુપર-ફોર મૅચમાં કોરિયા જો ચીન સામે બે ગોલના તફાવતથી જીત્યું હોત તો ભારતને બદલે કોરિયા ફાઇનલમાં ગયું હોત. જોકે ચીને કોરિયાને ૧-૦થી હરાવી દીધું હતું. ■

# શ્રીલંકા જીત્યું

અબુ ધાબીઃ શ્રીલંકાએ ગઈ કાલે એશિયા કપમાં ૧૪.૪ ઓવરમાં ૪ વિકેટે ૧૪૦ રન બનાવીને બાંગ્લાદેશને હરાવી દીધું હતું. ખરેખર તો લૉ-સ્કોરિંગ મૅચને શ્રીલંકાએ થોડી મુશ્કેલ બનાવી દીધી હતી અને મહા મહેનતે વિજય મેળવ્યો હતો. પથુમ નિસન્કા (૫૦ રન) જીતનો પાયો નાખીને આઉટ થયો હતો. એ પહેલાં, બાંગ્લાદેશે બૅટિંગ મળ્યા બાદ શમીમ હોસૈનના અણનમ ૪૨ અને જાકર અલીના અણનમ ૪૧ રનની મદદથી પાંચ વિકેટે ફક્ત ૧૩૯ રન કર્યા હતા. ■




**કપ સાથે બે ક્રિકેટ સ્ટારઃ** બેંગલૂરુમાં ગઈ કાલે આઇસીસી મહિલા વર્લ્ડ કપની ટ્રોફી સાથે ભૂતપૂર્વ ક્રિકેટરો મિતાલી રાજ તથા દિનેશ કાર્તિક. વિશ્વ કપ 30મી સપ્ટેમ્બરે શરૂ થશે. (પીટીઆઇ)

# યશ રાઠોડ ૧૯૪ રને આઉટ, પણ મધ્ય ઝોન વધુ મજબૂત સ્થિતિમાં

બેંગલૂરુઃ પાંચ દિવસની દુલીપ ટ્રોફી ફાઇનલમાં શનિવારે ત્રીજા દિવસે મધ્ય ઝોને પ્રથમ દાવમાં ૩૬૨ રનની તોતિંગ સરસાઈ મેળવી ત્યાર બાદ દક્ષિણ ઝોને બીજા દાવમાં બે વિકેટના ભોગે ૧૨૯ રન કર્યા હતા. જોકે મધ્ય ઝોન હજી પણ ૨૩૩ રનથી આગળ હોવાથી એ ટ્રોફી જીતવા માટે ફેવરિટ છે. દરમ્યાન, પહેલા દાવમાં મધ્ય ઝોનનો યશ રાઠોડ માત્ર છ રન માટે ડબલ સેન્ચુરી ચૂકી ગયો હતો. તેને તેના ૧૯૪ રનના સ્કોર પર દક્ષિણ ઝોનના ગુર્જપનીત સિંહે ક્લીન બોલ્ડ કર્યો હતો. ■

# ટી-૨૦માં ઇંગ્લૅન્ડ ૩૦૦ રન સુધી પહોંચનાર પ્રથમ દેશ બન્યો



ઈંગ્લૅન્ડનો ઓપનર ફિલ સૉલ્ટ

## મુખ્ય ક્રિકેટ-દેશોની મૅચોમાં વિશ્વવિક્રમ

મૅન્ચેસ્ટરઃ બરાબર અગિયાર મહિના પહેલાં ભારત ટી-૨૦માં જે વિશ્વવિક્રમ રચવાનું ચૂકી ગયું હતું એ ઇંગ્લૅન્ડે (૨/૩૦૪) શુક્રવારે અહીં સાઉથ આફ્રિકા (૧૦/૧૫૮) સામેની મૅચમાં રચી દીધો હતો. ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ઇંગ્લૅન્ડ ૩૦૦ રન સુધી પહોંચનાર પહેલો દેશ બન્યો છે.

ટી-૨૦ ફૉર્મેટમાં સૌથી મોટો ટીમ-સ્કોર નોંધાવનાર દેશોમાં ઝિમ્બાબ્વે (૪/૩૪૪, ગામ્બિયા સામે) પહેલાં નંબરે અને નેપાળ (૩/૩૧૪, મોંગોલિયા સામે) બીજા નંબરે છે. જોકે નાના દેશોના આ વિક્રમો ક્રિકેટના ટચૂકડા દેશો સામે બન્યા હોવાથી એ ગણતરીમાં ન લઈએ તો ક્રિકેટનાં મુખ્ય રાષ્ટ્રોમાં ઇંગ્લૅન્ડનો આ (૨/૩૦૪) વર્લ્ડ રેકૉર્ડ છે.

## ભારતનો વર્લ્ડ રેકૉર્ડ તૂટ્યો

૨૦૨૪ની ૧૨મી ઑક્ટોબરે હૈદરાબાદમાં બાંગ્લાદેશ સામે ભારતે ૨૦ ઓવરમાં ૬ વિકેટે ૨૯૭ રન કર્યા હતા. ત્યારે ભારત ફક્ત ત્રણ રન માટે ૩૦૦ રનનો મૅજિક ફિગર ચૂકી ગયું હતું. ભારતના એ ૨૯૭ રનમાં સંજુ સૅમસનના ૧૧૧ રન, સૂર્યકુમારના ૭૫ રન, હાર્દિક પંડ્યાના ૪૭ રન અને રિયાન પરાગના ૩૪ રન સામેલ હતા.

## સિરીઝ ૧-૧થી બરાબરીમાં થઈ

સાઉથ આફ્રિકાએ તાજેતરમાં ઇંગ્લૅન્ડને વન-ડે સિરીઝમાં ૨-૧થી માત આપી ત્યાર પછી રમાઈ રહેલી ટી-૨૦ શ્રેણી અત્યારે ૧-૧થી બરાબરીમાં થઈ ગઈ છે. બુધવારે સાઉથ આફ્રિકાએ પ્રથમ ટી-૨૦માં ઇંગ્લૅન્ડને ૧૪ રનથી હરાવ્યું હતું.

## શુક્રવારે ઇંગ્લૅન્ડનો ૧૪૬ રનથી વિજય

શુક્રવારે બીજી ટી-૨૦માં ઇંગ્લૅન્ડનો ૧૪૬ રનથી વિજય થયો હતો. ઇંગ્લૅન્ડે ફિલ સોલ્ટના આઠ સિક્સરની મદદથી બનેલા અણનમ ૧૪૧ રન અને જૉસ બટલરના સાત છગ્ગા સાથે બનેલા ૮૩ રન થકી બે વિકેટે ૩૦૪ રન કર્યા પછી સાઉથ આફ્રિકાને ૧૬.૧ ઓવરમાં ૧૫૮ રનના સ્કોર પર ઑલઆઉટ કરી દીધું હતું. જોફ્રા આર્ચરે ત્રણ વિકેટ તેમ જ લિઆમ ડૉસન, સૅમ કરૅન અને વિલ જૅક્સે બે-બે વિકેટ લીધી હતી.

## ફિલ સૉલ્ટ ઇંગ્લૅન્ડનો ફાસ્ટેસ્ટ સેન્ચુરિયન

શુક્રવારે ઇંગ્લૅન્ડે બે વિકેટે જે ૩૦૪ રન કર્યા હતા એમાં ઓપનર ફિલ સૉલ્ટના ૧૪૧ રન સામેલ હતા. તેણે આ ૧૪૧ રન ૬૦ બૉલમાં આઠ સિક્સર અને ૧૫ ફોરની મદદથી કર્યા હતા. સોલ્ટે ફક્ત ૩૯ બૉલમાં સેન્ચુરી પૂરી કરી હતી. ઇંગ્લૅન્ડના બૅટ્સમેનોમાં આ ફાસ્ટેસ્ટ સદી છે. તેણે લિઆમ લિવિંગસ્ટનનો ૪૨ બૉલની સદીનો બ્રિટિશ રેકૉર્ડ તોડી નાખ્યો છે. સૉલ્ટને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર મળ્યો હતો.

## વિલિયમ્સની ૨.૧ ઓવરમાં બન્યા ૫૦ રન

સાઉથ આફ્રિકાના પેસ બોલર લિઝાદ વિલિયમ્સની બોલિંગમાં ઇંગ્લૅન્ડના બૅટ્સમેનોએ જોરદાર ફટકાબાજી કરી હતી. વિલિયમ્સની ૨.૧ ઓવરમાં ૫૦ રન બન્યા હતા જે ક્રિકેટના મુખ્ય દેશોના બોલર્સની સૌથી ખર્ચાળ બોલિંગમાં નવો વિક્રમ છે.

## સૉલ્ટની ત્રણ ૮૦-પ્લસની ભાગીદારી

ફિલ સૉલ્ટ અને બટલર વચ્ચે માત્ર ૪૭ બૉલમાં ૧૨૬ રનની, સૉલ્ટ અને જૅકબ બેથેલ વચ્ચે ૪૧ બૉલમાં ૯૫ રનની તથા સૉલ્ટ અને હૅરી બ્રૂક વચ્ચે ૩૭ બૉલમાં અણનમ ૮૩ રનની ભાગીદારી થઈ હતી. ■

## મુંબઈ સમાચાર ક્લાસિફાઇડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે 30મી સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

**વધારાની એક જાહેરાત મફત મેળવો**

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

**રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી.** માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં

**ક્લાસિફાઈડ રેટ કાર્ડ**

ડેઈલી અને વીકલી

**ખાસ નોંધઃ** તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેક્સીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેક્સીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૫ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૬ સુધી

**સ્કીમ***

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ


# રેટ કટના પ્રબળ આશાવાદે વૈશ્વિક સોનું વિક્રમ સપાટીએઃ રોકાણકારોની નજર ૧૬-૧૭ સપ્ટેમ્બરની ફેડરલની બેઠક પર

## વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના ભાવ ઔંસદીઠ ૩૮૦૦ ડૉલર પહોંચવાનો અંદાજ

આગલા સપ્તાહે અમેરિકાના રોજગારીના ડેટા નબળા આવ્યા બાદ ગત સપ્તાહે અમેરિકાનાં પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સ તેમ જ ફુગાવામાં પણ અપેક્ષાનુસાર સાધારણ વધારો થયો હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકનાં અંતે વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વધુ પ્રબળ બનતાં ડૉલર ઈન્ડેક્સમાં પણ નરમાઈનુ વલણ રહેતાં સોનાની તેજીને ઈંધણ મળતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જ ખાતે હાજરમાં સોનાના ભાવ એક તબક્કે વધીને ઔંસદીઠ ૩૬૭૩.૯૫ ડૉલરની વિક્રમ સપાટી સુધી પહોંચ્યા બાદ ૩૬૫૦ ડૉલર આસપાસની સપાટીએ પ્રવર્તી રહ્યા હતા. તેમ જ સપ્તાહ દરમિયાન ચાંદીમાં પણ સટ્ટાકીય આકર્ષણ રહેતાં ભાવ વધીને ૧૪ વર્ષની ઊંચી ઔંસદીઠ ૪૨.૨૬ ડૉલરની સપાટીએ રહ્યા હતા. હાલના તબક્કે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં કાપ મૂકવામાં આવે તેવો આશાવાદ, પ્રવર્તમાન ભૂરાજકીય તણાવ અને સોનામાં કેન્દ્રવર્તી બૅન્કોની લેવાલીને ધ્યાનમાં લેતા વર્તમાન કૅલેન્ડર વર્ષના અંત સુધીમાં સોનાના ભાવનો અંદાજ અગાઉના અંદાજની સરખામણીમાં ઔંસદીઠ ૩૦૦ ડૉલર વધારીને ૩૮૦૦ ડૉલરનો તેમ જ વર્ષ ૨૦૨૬ના મધ્ય સુધીનો અંદાજ ૨૦૦ ડૉલર વધારીને ૩૯૦૦ ડૉલરનો મૂક્યો હોવાનું યુબીએસના વિશ્લેષક જિઓવન્ની સ્ટુનોવોએ જણાવ્યું હતું.

વધુમાં સ્વિસ બૅન્કે પણ વર્ષ ૨૦૨૫ના અંત સુધીમાં સોનાના એક્સચેન્જ ટ્રેડેડ ફંડમાં સોનાનું હોલ્ડિંગ વધીને ૩૯૦૦ ટન આસપાસ રહેવાનો અંદાજ મૂક્યો છે. નોંધનીય બાબત એ છે કે અગાઉ ઑક્ટોબર ૨૦૨૦માં સોનાનું હોલ્ડિંગ વધને ૩૯૧૫ ટનની સપાટીએ રહ્યું હતું.

આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ સોનામાં એકતરફી તેજીનું વલણ જળવાઈ રહ્યું હતું. વધુમાં ગત સપ્તાહ દરમિયાન સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં અમેરિકી ટૅરિફની ચિંતા યથાવત્ રહેતાં ડૉલર સામે રૂપિયામાં ધોવાણ જળવાઈ રહેતાં સોનાની આયાત પડતરો વધી આવતા તેજી વધુ વેગીલી બની હતી અને વેરારહિત ધોરણે ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ.૩૩૬૯ની એકતરફી તેજી જોવા મળી હતી.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિક ઝવેરી બજારમાં ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ભાવ આગલા સપ્તાહના અંતના રૂ. ૧,૦૬,૩૩૮ના બંધ ભાવ સામે સુધારાના અન્ડરટોને રૂ. ૧,૦૭૩૧૨ના મથાળે ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં ખૂલતી જ રૂ. ૧,૦૭,૩૧૨ની સપાટી અને ઉપરમાં રૂ. ૧,૦૯,૮૪૧ની સપાટી દાખવ્યા બાદ અંતે સાપ્તાહિક ધોરણે રૂ. ૩૩૬૯ અથવા તો ૩.૧૬ ટકાના ઉછાળા સાથે રૂ. ૧,૦૯,૭૦૭ની વિક્રમ સપાટીએ બંધ રહ્યા હતા. જોકે, એકતરફી તેજીના માહોલમાં ખાસ કરીને જૂના સોનામાં વેચવાલીનું દબાણ વધ્યું હતું, પરંતુ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ તળિયે બેસી ગઈ હતી.

હવે આગામી ઑક્ટોબર મહિનામાં દશેરા, ધનતેરસ અને દિવાળી જેવાં મોટા તહેવારો શરૂ થઈ રહ્યા છે ત્યારે જો સોનામાં ઊંચી ભાવસપાટી જળવાયેલી રહેશે તો તહેવારોને ટાંકણે માત્ર ટોકન અથવા તો શુકનપૂરતી ઘરાકી જોવા મળશે અને તહેવારોની માગ ફિક્કી રહેવાની શક્યતા સૂત્રો વ્યક્ત કરી રહ્યા છે. વધુમાં ગત સપ્તાહે વિશ્વ બજાર પાછળ ચાંદીના ભાવમાં પણ સાપ્તાહિક ધોરણે કિલોદીઠ રૂ. ૪૮૩૮નો અથવા તો ૩.૯૨ ટકાનો ઉછાળો આવ્યો હતો અને ભાવ રૂ. ૧,૨૮,૦૦૮ની નવી ટોચે બંધ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ચાંદીમાં ઔદ્યોગિક વપરાશકારોની માગ ઉપરાંત સટ્ટાકીય લેવાલીનો ટેકો મળી રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

અમેરિકી ફેડરલ રિઝર્વ અર્થતંત્રની વૃદ્ધિ જાળવી રાખવા માટે હળવી નાણાનીતિ અપનાવે તેવા આશાવાદ સાથે વૈશ્વિક બજારમાં સતત ચોથા સપ્તાહમાં સોનાના ભાવમાં તેજીનું વલણ જળવાઈ રહ્યું છે. તાજેતરમાં અમેરિકાના જાહેર થયેલા ઑગસ્ટ મહિનાના ફુગાવામાં બજારની અપેક્ષાનુસાર જોવા મળેલી સાધારણ વૃદ્ધિ, બેરોજગારી ભથ્થું મેળવનારાઓની સંખ્યા વધીને ચાર વર્ષની ઊંચી સપાટીએ પહોંચતા શ્રમ બજાર નબળી પડી રહી હોવાના સંકેતો અને પ્રોડ્યુસર પ્રાઈસ ઈન્ડેક્સમાં જોવા મળેલા અનપેક્ષિત ઘટાડા અને ફુગાવો અંકુશ હેઠળ રહ્યો હોવાના કારણોસર હવે બજાર વર્તુળોમાં અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં ૨૫ બેસિસ પૉઈન્ટનો ઘટાડો કરે તેવી ૧૦૦ ટકા શક્યતા મૂકાઈ રહી છે. આમ એક તરફ રેટ કટના આશાવાદ અને બીજી તરફ ભૂરાજકીય અનિશ્ચિતતાને કારણે સોનામાં સલામતી માટેની માગનો પણ સોનાની તેજીને ટેકો મળી રહ્યો હોવાનું એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ ઍડ્વાઈઝર્સના વિશ્લેષકે જણાવ્યું હતું.

એક તરફ અમેરિકા વર્ષના અંત સુધીમાં ભારત સાથે ટ્રેડ ડીલ થઈ જવાનો આશાવાદ વ્યક્ત કરી રહ્યું છે જ્યારે બીજી તરફ અમેરિકાએ જી-૭ રાષ્ટ્રોના સંગઠનોને પણ રશિયાથી ક્રૂડ તેલની ખરીદીનાં વિરોધમાં ભારત અને ચીન પર ઊંચા ટૅરિફ લાદવાની હાકલ કરી છે. જોકે, યુરોપિયન યુનિયનને પણ અમેરિકાએ ભારત પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવા ભલામણ કરી હતી, પરંતુ યુરોપિયન યુનિયને ભલામણ નકારી કાઢી હોવાના અહેવાલ હતા. એકંદરે વેપાર અંગેની અનિશ્ચિતતા તથા મધ્યપૂર્વના દેશોમાં તથા રશિયા-યુક્રેન વચ્ચેના તણાવને કારણે પણ સોનામાં સલામતી માટેની માગનો ટેકો મળી રહ્યો હોવાનું તેમણે ઉમેર્યું હતું.

દરમિયાન ગત સપ્તાહના અંતે ન્યૂયોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કોમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૬૪૮.૫૫ ડૉલર આસપાસ અને ડિસેમ્બર ડિલિવરીના વાયદામાં ભાવ ૦.૩ ટકા વધીને ૩૬૮૬.૪૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે હાજર ભાવમાં સાપ્તાહિક ધોરણે ૧.૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો. એકંદરે નબળા રોજગારીના ડેટા અને ભવિષ્યમાં ફુગાવો વધવાની શક્યતાને ધ્યાનમાં લેતાં સોનામાં રોકાણકારોનું આકર્ષણ જળવાઈ રહ્યું હોવાનું આરજેઓ ફ્યુચર્સનાં માર્કેટ સ્ટ્રેટેજિસ્ટ ડેનિયલ પેવલિયને જણાવ્યું હતું. અત્રે નોંધનીય બાબત એ છે કે આ વર્ષમાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ૩૯ ટકાનો ઉછાળો આવી ગયો છે.

## ખાંડમાં ધીમો સુધારો

નવી મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે સપ્તાહના અંતે ખાસ કરીને રિટેલ સ્તરની માગને ટેકે હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની મિડિયમ ગ્રેડની ખાંડમાં નિરસ માગ રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો અને ઉપલા મથાળેથી રૂ. ૩૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સ્મોલ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, પરંતુ રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગને ટેકે વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૩૯૮૨થી ૪૦૭૦ના મથાળે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી તેનાં વેપાર ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેના સાધારણ સુધારા સાથે રૂ. ૪૦૬૦થી ૪૧૫૨માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ ક્વિન્ટલે રૂ. ૩૯૨૦થી ૩૯૫૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

## ટીન અને નિકલની આગેવાનીમાં ચોક્કસ ધાતુઓમાં સુધારો

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ૧૬-૧૭ સપ્ટેમ્બરની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા તાજેતરમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતું હોવાથી વિશ્વ બજારમાં કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલે આજે સપ્તાહના અંતે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીન અને નિકલની આગેવાની હેઠળ ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હતું. આજે મુખ્યત્વે કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, કોપર વાયરબાર અને બ્રાસમાં નિરસ માગે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ત્રણનો સુધારો આવ્યો હતો અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ટકેલું વલણ રહ્યું હતું. આ સિવાય અન્ય તમામ ધાતુઓમાં સ્ટોકિસ્ટોની તેમ જ સાર્વત્રિક સ્તરેથી લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૧ સુધીનો સુધારો જોવા મળ્યો હતો.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી વચ્ચે ખાસ કરીને નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૧૩૭૩ અને રૂ. નવ વધીને રૂ. ૩૧૬૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૮૭૫, કોપર સ્ક્રેપ હેવી અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને અનુક્રમે રૂ. ૮૬૨ અને રૂ. ૨૮૩, કોપર આર્મિચર અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૮૪૮ અને રૂ. ૧૮૫ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૨૬૬ના મથાળે રહ્યા હતા. આજે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ જે ધાતુઓના ભાવમાં ઘટાડાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૩ ઘટીને રૂ. ૫૭૦, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૭૮૦ અને રૂ. ૬૧૮ તથા કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૯૬૦ના મથાળે રહ્યા હતા, જ્યારે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં ખપપૂરતી માગને ટેકે ભાવ કિલોદીઠ રૂ. ૨૧૮ના મથાળે ટકેલા રહ્યા હતા.

## વિદેશી હૂંડિયામણની અનામતમાં ચાર અબજ ડૉલરનો વધારો

મુંબઈઃ ગત પાંચમી સપ્ટેમ્બરના રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત ૪.૦૩૮ અબજ ડૉલર વધીને ૬૯૮.૨૬૮ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે અનામત ૩.૫૧ અબજ ડૉલર વધીને ૬૯૪.૨૩ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૫૪ કરોડ ડૉલર વધીને ૫૮૪.૪૭૭ અબજ ડૉલરની સપાટીએ રહી હતી. વિદેશી ચલણી અસ્કયામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર સિવાયનાં યુરો, પાઉન્ડ અને યેન જેવાં મુખ્ય ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે. વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૩.૫૩ અબજ ડૉલર વધીને ૯૦.૨૯૯ અબજ ડૉલરની સપાટીએ અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામત પણ ૨૦ લાખ ડૉલર વધીને ૪.૭૫૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

## વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમમાં ૩૧૨.૪૦ લાખ ગાંસડી રૂના ઉત્પાદનનો અંદાજ

મુંબઈઃ આગામી ૩૦મી સપ્ટેમ્બરના રોજ પૂરી થઈ રહેલી વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની રૂ મોસમમાં દેશનાં મુખ્ય ઉત્પાદક વિસ્તારોમાં ઊપજ ઓછી રહેતાં ઉત્પાદન આગલી મોસમની પ્રત્યેક ૧૭૦ કિલોગ્રામની એક એવી ૩૩૬.૪૫ લાખ ગાંસડી સામે ઘટીને ૩૧૨.૪૦ લાખ ગાંસડી રહેવાનો અંદાજ કોટન એસોસિયેશન ઑફ ઈન્ડિયાએ મૂક્યો છે.

એસોસિયેશનનાં જણાવ્યાનુસાર ગત ઑગસ્ટ સુધીમાં રૂનો કુલ પુરવઠો ૩૮૩.૦૩ લાખ ગાંસડીનો રહ્યો છે, જેમાં પ્રેસિંગની ૩૦૭.૦૯ લાખ ગાંસડી, આયાતી ૩૬.૭૫ લાખ ગાંસડી અને ૩૯.૧૯ લાખ ગાંસડી ખૂલતી મોસમના સ્ટોકની હોવાનું જણાવ્યું હતું. વધુમાં ગત ઑગસ્ટ સુધીમાં ૧૭ લાખ ગાંસડીની નિકાસ સાથે વપરાશ ૨૮૬ લાખ ગાંસડીનો રહેતાં ઑગસ્ટના અંતે ૮૦.૦૩ લાખ ગાંસડીના સ્ટોકનો અંદાજ મૂકવામાં આવ્યો છે. જેમાં ટેક્સ્ટાઈલ મિલો પાસે ૩૫ લાખ ગાંસડી અને શેષ ૪૫.૦૩ લાખ ગાંસડીનો સ્ટોક કોટન કોર્પોરેશન ઑફ ઈન્ડિયા, મહારાષ્ટ્ર ફેડરેશન અને અન્યો (એમએનસી, ટ્રેડરો, જિનરો અને નિકાસકારો) પાસે હોવાનો અંદાજ મૂકવામાં આવ્યો છે.

જોકે, એસોસિયેશને વર્તમાન વર્ષ ૨૦૨૪-૨૫ની મોસમના અંત સુધીમાં કુલ પુરવઠાનો અંદાજ જે અગાઉ ૩૮૯.૫૯ લાખ ગાંસડીનો મૂક્યો હતો તે વધારીને ૩૯૨.૫૯ લાખ ગાંસડીનો મૂક્યો છે. જેમાં ૩૯.૧૯ લાખ ગાંસડી ખૂલતો સ્ટોક, પ્રેસિંગનો ૩૧૨.૪૦ લાખ ગાંસડી અને ૪૧ લાખ ગાંસડી આયાતીનો સમાવેશ થાય છે. જોકે, એસોસિયેશને સ્થાનિક વપરાશનો અંદાજ ૩૧૪ લાખ ગાંસડીનો જાળવી રાખવાની સાથે ૧૮ લાખ ગાંસડી નિકાસનો અંદાજ પણ જાળવી રાખ્યો હોવાનું યાદીમાં ઉમેર્યું હતું.

## અત્યાર સુધીમાં ડાંગરનો વાવેતર વિસ્તાર વધીને ૪૩૮.૨૮ લાખ હેક્ટર થયો

### તેલીબિયાં, કપાસ અને જ્યૂટનો વાવેતર વિસ્તાર ઘટ્યો

નવી દિલ્હીઃ ગત જૂન મહિનાથી શરૂ થયેલી વર્તમાન ખરીફ વાવેતરની મોસમમાં ગત પાંચમી સપ્ટેમ્બર સુધીમાં દેશમાં કુલ વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૦૭૮.૪૯ લાખ હેક્ટર સામે વધીને ૧૧૦૫.૪૨ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો હોવાનું કૃષિ અને ખેડૂત કલ્યાણ વિભાગે એક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે.

કૃષિ વિભાગની આંકડાકીય માહિતી અનુસાર મુખ્ય ખરીફ પાક ગણાતા ડાંગરનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૪૧૮.૬૬ લાખ હેક્ટર સામે વધીને ૪૩૮.૨૮ લાખ હેક્ટર રહ્યો છે. જોકે, અત્યાર સુધીમાં થયેલા વાવેતરમાં કઠોળ, જાડા અથવા તો કડ ધાન્ય અને શેરડીના વાવેતર વિસ્તારમાં વધારો થયો છે, જ્યારે તેલીબિયાં, કપાસ તથા જ્યૂટ અને મેસ્ટાના વાવેતર વિસ્તારમાં ઘટાડો થયો છે.

વધુમાં સમીક્ષા હેઠળના સમયગાળામાં થયેલા કઠોળના કુલ ૧૧૬.૪૦ લાખ (૧૧૪.૪૬ લાખ) હેક્ટર વાવેતર પૈકી તુવેરનો વાવેતર વિસ્તાર ઘટીને ૪૫.૧૯ લાખ (૪૫.૭૧ લાખ) હેક્ટર, કળથીનું વાવેતર વધીને ૩૮૦૦૦ (૩૧,૦૦૦) હેક્ટરમાં, અડદનું વાવેતર વધીને ૨૩.૩૫ લાખ (૨૧.૩૩ લાખ) હેક્ટરમાં, મગનું વાવેતર વધીને ૩૪.૨૨ લાખ (૩૪.૦૯ લાખ) હેક્ટરમાં, મઠનું વાવેતર વધીને ૯.૧૯ લાખ (૯.૧૨ લાખ) હેક્ટરમાં, અને અન્ય કઠોળનું વાવેતર વધીને ૪.૦૮ લાખ (૩.૮૯ લાખ) હેક્ટરમાં થયું છે.

કડધાન્ય અથવા તો જાડા ધાન્ય અથવા તો શ્રી અન્નનો સમીક્ષા હેઠળના સમયગાળામાં વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૭૯.૬૨ લાખ હેક્ટર સામે વધીને ૧૯૧.૭૧ લાખ હેક્ટર રહ્યો છે. જેમાં જુવારનું વાવેતર ૧૪.૦૫ લાખ હેક્ટરમાં, બાજરાનું વાવેતર ૬૭.૮૯ લાખ હેક્ટરમાં, રાગીનું વાવેતર ૯.૮૪ લાખ હેક્ટરમાં, મકાઈનું વાવેતર ૯૪.૬૨ લાખ હેક્ટરમાં અને નાની બાજરીનું વાવેતર ૫.૩૧ લાખ હેક્ટરમાં થયું છે. જોકે, સમીક્ષા હેઠળના સમયગાળામાં તેલીબિયાંનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાના ૧૯૨.૨૧ લાખ હેક્ટર સામે ઘટીને ૧૮૬.૯૮ લાખ હેક્ટરની સપાટીએ રહ્યો છે. જેમાં મગફળીનો વાવેતર વિસ્તાર ૪૭.૫૩ લાખ હેક્ટર, તલનું વાવેતર ૧૦.૧૪ લાખ હેક્ટરમાં, સૂર્યમુખીનું વાવેતર ૬૪,૦૦૦ હેક્ટરમાં, સોયાબીનનું વાવેતર ૧૨૦.૩૨ લાખ હેક્ટરમાં, ખુરસાણીનું વાવેતર ૬૬,૦૦૦ હેક્ટરમાં, એરંડાનું વાવેતર ૭.૬૪ લાખ હેક્ટરમાં અને અન્ય તેલીબિયાંનું વાવેતર ૬૦૦૦ હેક્ટરમાં થયું છે.

## હલકી ગુણવત્તાવાળા આયર્ન ઑર પર નિકાસ જકાત ન લાદવા ફિમિનો અનુરોધ

નવી દિલ્હીઃ હલકી અથવા તો ઓછી ગુણવત્તાવાળા આયર્ન ઑર પર જો નિકાસ જકાત લાદવામાં આવશે તો ખાણનાં સ્થાનો પર બિનઉપયોગી સંશાધનોનો બગાડ થશે, ખાણની કામગીરી પર માઠી અસર પડશે, રોજગારમાં ઘટાડો થશે અને પર્યાવરણને પણ નુકસાન થાય તેમ હોવાથી ફેડરેશન ઑફ ઈન્ડિયન મિનરલ ઈન્ડસ્ટ્રીઝ (ફિમિ)એ સરકારને હલકી અથવા તો ઓછી ગુણવત્તા ધરાવતા આયર્ન ઑર પર નિકાસ જકાત ન લાદવા સરકારને અનુરોધ કર્યો છે.

ફેડરેશને વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલને એક આવેદનપત્રમાં જણાવ્યું છે કે હલકા ગ્રેડનાં આયર્ન ઑરનાં અસરકારક વપરાશ માટે અને મુદ્રીકરણ માટે તથા સ્થાનિક સ્ટીલ ઉદ્યોગની આયર્ન ઑરની ઉપલબ્ધિતા વધારવા માટે સ્થાનિક ઉદ્યોગ હલકી ગ્રેડનાં આયર્ન ઑર પર નિકાસ જકાત ન લાદવા અનુરોધ કરી રહ્યું છે. ફિમિએ જણાવ્યું હતું કે સ્થાનિક સ્ટીલ ઉદ્યોગ હાલમાં માત્ર ઉચ્ચ ગુણવત્તાવાળા આયર્ન ઑર (+ ૬૨ ટકા ફેરેનહીટ)નો ઉપયોગ કરે છે અને સમગ્ર ભારતમાં હલકી ગ્રેડના આયર્ન ઑની કોઈ માગ નથી હોતી.

સંચિત થયેલી હલકી ગુણવત્તાની સામગ્રી ખાસ કરીને ખનન કાર્ય દરમિયાન ઉત્પન્ન થતી ઝીણી સામગ્રી ખાણ આસપાસ અથવા તો જૂના કચરામાં ફસાયેલી રહેતી હોય છે. જોકે, સ્થાનિક સ્તરે હલકી ગુણવત્તાના આયર્ન ઑરનો વપરાશ પેલેટ ઉત્પાદનમાં થતો હોય છે, પરંતુ તેમાં પણ વણવપરાયેલનું પ્રમાણ વધુ હોય છે. આવી સ્થિતિમ માત્ર પર્યાવરણ સામે પડકારો ઊભા નથી થતાં, પરંતુ તે વૈજ્ઞાનિક ઢબે ખનન અને ટકાઉ ખનને પણ અટકાવે છે. આથી જો તેની નિકાસ થાય તે જ જરૂરી છે. નિકાસ થકી વૈજ્ઞાનિક ઢબે ખનન થાય, ખનનમાં આવતા અંતરાયો ઓછા થાય, રોજગારી જળવાયેલી રહે અને નિકાસ થકી વિદેશી હૂંડિયામણની આવક પણ થાય.

વધુમાં ફિમિએ જણાવ્યું હતું કે દેશમાં આયર્ન ઑરની પ્રચુર અનામત છે દેશમાં તેની બિલકુલ અછત ન હોવાનું જણાવતાં ઉમેર્યું હતું કે આયર્ન ઑરના ઉત્પાદનમાં પ્રત્યેક વર્ષે વધારો થઈ રહ્યો છે. તેમાં પણ ખાસ કરીને સ્ટીલ ઉદ્યોગ માટેની +૬૦ ટકા ફેરેનહીટ આયર્નની સ્થાનિક માગ પણ સંતોષાઈ રહી છે અને અતિરિક્ત માત્રાની નિકાસ પણ થઈ રહી હોવાનું ફેડરેશને ઉમેર્યું હતું.

## નિરસ કામકાજે ખાદ્યતેલમાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૫૬ સેન્ટ વધી આવ્યાના પ્રોત્સાહક અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંત ઉપરાંત બૅન્કો પણ બંધ હોવાથી હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહ્યા હતા અને હાજરમાં ભાવ સાંકડી વધઘટે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આબીડી પામોલિનના રૂ. ૧૨૬૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫ અને સન રિફાન્ડના રૂ. ૧૪૨૫, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૧ તથા ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના નવેમ્બર-ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૮૦ અને રેડી ડિલિવરીમાં રૂ. ૧૨૧૫ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપારો નહોતા. એકંદરે આજે બૅન્કો બંધ હોવાથી ડાયરેક્ટ ડિલિવરી શરતે રિફાઈનરોની ઓફરો પણ પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ગોંડલ મથકે ૧૬,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૨૭૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે ૩૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૯૫૦થી ૧૧૦૦માં થયાના અહેવાલ હતા.

જોકે, આજે સ્થાનિકમાં હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૨૦, સિંગતેલના રૂ. ૧૩૭૦માં, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૫૦માં અને સરસવના રૂ. ૧૬૦૫ના મથાળે ટકેલા રહ્યા હતા. આ સિવાય આજે ગુજરાતનાં મથકો પર નિરસ માગે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૨૧૪૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ ૧૦ ઘટીને રૂ. ૧૩૩૫માં ટકેલા ધોરણે થયા હતા.


**પશ્ચિમ રેલવે - વડોદરા મંડળ**

**વિવિધ એન્જિનિયરિંગ કાર્યો**

**ઈ-ટેન્ડર નોટિસ નં. DRM-BRC 120 થી 121 વર્ષ 2025-26**

ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચેના કામો માટે ભારતના રાષ્ટ્રપતિ વતી સીલબંધ ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્ર. | નિવિદા સંખ્યા | કાર્ય કા નામ | कार्य की अनुमानित लागत (रुपये में) | जमा की जाने वाली बोली सुरक्षा (रुपये में) |
|---|---|---|---|---|
| 1 | DRM BRC 120 of 2025-26 | વડોદરા મંડળઃ- TSR (P) 30.000 KMS TRT દ્વારા, 6.281 KMS મેન્યુઅલી કુલ 36.281 KMS અને Sr DEN નોર્થ વડોદરાના અધિકારક્ષેત્ર હેઠળના અન્ય સંબંધિત ટ્રેક નવીકરણના કામો. | 9,60,73,760.69 | 6,30,400.00 |
| 2 | DRM BRC 121 of 2025-26 | વિવિધ સ્ટાફ સુવિધાઓનું સમારકામ, જાળવણી અને સુધારણા,BRC-GCA વિભાગ અને ANND-GDA વિભાગમાં સર્વિસ બિલ્ડિંગ અને ગોધરા સ્ટેશન પર હાલની ક્રૂ લોબીમાં સુધારો. | 3,05,06,203.15 | 3,02,500.00 |

ટેન્ડર સબમિટ કરવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: ટેન્ડર 30.09.2025 ના રોજ 15.00 કલાક પહેલા સબમિટ કરવાનું છે અને તે જ તારીખે 15.30 કલાકે ખોલવામાં આવશે. વેબસાઈટની વિગતો અને સૂચનાનું સ્થાન જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ટેન્ડર ફોર્મ ખરીદી શકાય તે કાર્યાલયનું સરનામું: વેબસાઇટ: www.ireps gov in. ડિવિઝનલ રેલવે મેનેજર (WA/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC 183

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

ટેન્ડર નં.: EL/TRD/૫૮/૨૦૨૫-૨૬/૦૪/ RT-૧
તારીખઃ ૧૧.૦૯.૨૦૨૫

સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર, ટ્રેક્શન ડિસ્ટ્રીબ્યુશન, પશ્ચિમ રેલવે, રતલામ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડરો મંગાવે છે. **કામનું નામઃ** રતલામ ડિવિઝન પર TRD એસેટ્સના સુધારણા રેલીબીલીટી માટે રસ્ટી કેન્ટીલીવર, એન્ટિક્રિપ અને વિવિધ કામનું ફેરબદલ. **કામની અંદા. કિંમતઃ** ₹ ૨,૩૭,૯૬,૩૮૯/- **બાના રકમ ડિપોઝિટ/ બીડ સુરક્ષાઃ** ₹ ૨,૬૯,૦૦૦/- **સંપૂર્ણ મુદતઃ** ૧૮ મહિના. **ટેન્ડર દસ્તાવેજની કિંમતઃ** NIL. **બંધ થવાની તારીખ અને સમયઃ** ૦૬.૧૦.૨૦૨૫ ૧૫.૦૦ ક. **ઓફરની માન્યતાઃ** ખોલવાના તારીખથી ૬૦ દિવસ સુધી. **વેબસાઈટ વિગતોઃ** www.ireps.gov.in **નોટીસ બોર્ડ સ્થળઃ** Sr. ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (ટ્રેક્શન ડિસ્ટ્રીબ્યુશન), પશ્ચિમ રેલવે, રતલામ-૪૫૭૦૦૧ની ઓફિસમાં. AK-13-1-233

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે - રતલામ ડિવિઝન**

**ઈ-ટેન્ડર નોટીસ**

ટેન્ડર નં.: Snt_RTM_૨૫_૧૫_સિગ્નલ
તારીખઃ ૧૧.૦૯.૨૦૨૫

DRM (S & T) વર્કસ, રતલામ, એક્ટિંગ ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી નીચેના કામ માટે ઈ-ટેન્ડર મંગાવે છે. **કામનું નામઃ** રનિંગ લાઈન નં. ૩ અને ૪ના ફાંડા વિસ્તરણના સંબંધમાં સિગ્નલિંગ સામગ્રીની સપ્લાય, ઈન્સ્ટોલેશન, ટેસ્ટિંગ અને કમિશનિંગ તથા જર્જરિત જૂના સ્ટેશન બિલ્ડિંગની બદલીમાં નવા સ્ટેશન બિલ્ડિંગ સાથે EI ની જોગવાઈ. **ટેન્ડર જાહેરાત મૂલ્યઃ** ₹ ૪,૦૮,૭૪,૯૮૪.૫૫. **બીડ સુરક્ષા/ બાના રકમઃ** ₹ ૩,૫૪,૪૦૦/- **બીડની બંધ થવાની તારીખ & સમયઃ** NIL **બીડની ખોલવાની તારીખ & સમયઃ** ૦૬.૧૦.૨૦૨૫ના ૧૫.૦૦ ક. **પૂર્ણતાની મુદતઃ** ૧૨ મહિના. **ટેન્ડરીંગ સેક્શન ઓફિસ ઈનચાર્જ & બીડ ખોલવાનું સ્થળઃ** Sr./DSTE રતલામ, DRM ઓફિસ રતલામ M.P. ટેન્ડર ઈ-ટેન્ડર પોર્ટલ www.ireps.gov.in પર ઓનલાઈન જોઈ શકાય છે અને ઓફર તેજ ઈ-ટેન્ડર પોર્ટલ પર સુપ્રત કરી શકાય છે. AK/6/1/235

અમને લાઈક કરોઃ facebook.com/WesternRly

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવામાં આવે છે કે અમો અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ મિલકતની બાબતમાં રેઝોનન્ટ રિયલ્ટર્સ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લિમિટેડ (અગાઉ ઓમકાર રિયલ્ટર્સ પ્રોજેક્ટસ પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતી) અને પદ્માલય રિયલ્ટી LLP (અગાઉ ઓમકાર રિયલ્ટર્સ મહાલક્ષ્મી પ્રોજેક્ટ LLP તરીકે ઓળખાતી)ના ટાઈટલની તપાસ કરી રહ્યા છીએ.

કોઈપણ શખ્સ જે અહીં નીચે લખેલ પરિશિષ્ટમાં વર્ણવેલ મિલકતની બાબતમાં વેચાણ, ગીરો, ડોનેશન, ભેટ, ચાર્જ, એગ્રીમેન્ટ, લીઝ, લિઅન, અદલાબદલી, જાળવણી, કુટુંબ પતાવટ, ઈઝમેન્ટ કે અન્ય કોઈપણ હક અથવા બીજી કોઈપણ રીતે કોઈપણ દાવો, હિત, ચાર્જ કે કોઈપણ ફરિયાદ ધરાવતો હોય તો તેના/તેણીના વાંધાઓ, વાંધાઓના સમર્થનમાં મૂળ દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને આ નોટીસના છપાયાની તારીખથી ૭ દિવસની મુદતમાં નોંધાવે, જેના નિષ્ફળ જવા પર દાવા કે દાવાઓ, જો કોઈ હોય તો, ત્યજી દીધેલ અને/કે છોડી દીધેલ તરીકે ગણાશે.

**ઉપર ઉલ્લેખેલ પરિશિષ્ટઃ**

મુંબઈના નોંધણી જિલ્લામાં G.B. સકપાલ માર્ગ, સાંગે ગુરુજી રોડ / કમલકાન્ત સિંહ માર્ગ, ધોબીઘાટ, સાત રસ્તા, મુંબઈ-૧૧ ખાતે G/સાઉથ વોર્ડમાં લોઅર પરેલ ડિવિઝનના C.S. નં. ૧ (ભાગ), ૨ (ભાગ) અને ૩ (ભાગ) ધરાવતો અને ભરતમાં ૧૩૪૫.૦૩ ચો.મી. અથવા તેની આસપાસ જમીનનો ટુકડા અને કકડા પર આવેલ, પડેલ અને રહેલ ૨ કાર પાર્કસ સાથે સેન્ટ્રલ ટાવર, એ વીંગમાં ૫૨મા હેબિટેબલ માળા પર ભરતમાં અંદાજે ૧૪૬૦.૫૧ ચો. ફૂટ (રેરાની જોગવાઈઓ હેઠળ વ્યાખ્યા કરેલ મુજબ) ફ્લેટ નં. ૩૯૦૧.

**આજ તારીખ ૧૩મી સપ્ટેમ્બર ૨૦૨૫.**

સહી/-
મુરારી મેડેકર
પાર્ટનર
**M/s. મેડેકર & કું.,**
એડવોકેટ્સ & સોલિસિટર,
૧લો માળ, એન્જિનિયર હાઉસ, ૮૬,
મુંબઈ સમાચાર માર્ગ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૨૩.

## પ્રભાદેવી બ્રિજ બંધ

# પ્રથમ દિવસે જ સમસ્યા અપરંપાર



(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પરેલનો એલફિન્સ્ટન બ્રિજ શુક્રવારથી બંધ કરી દેવામાં આવવાની સાથે જ તેની સાઈડ ઈફેક્ટ હવે જણાઈ રહી છે. શનિવારે દાદરના ટિળક બ્રિજ પર પીક અવર્સમાં જ નહીં પણ આખો દિવસ ભારે ટ્રાફિક રહ્યો હતો. વાહનોની બંને બાજુએ લાંબી લાઈન લાગી હતી. દાદરના રામ ગણેશ ગડકરી ચોકથી ટિળક બ્રિજ જવા માટે વાહનોની લાંબી લાઈન લાગી હતી. તો કરી રોડ બ્રિજ પર વાહનોની લાંબી લાઈન લાગી હતી. (અમય ખરાડે)

### બેસ્ટની બસના રૂટ ડાઈવર્ટ

મુંબઈઃ પ્રભાદેવીમાં આવેલા ૧૨૫ વર્ષથી પણ વધુ જૂના એલફિસ્ટન બ્રિજને શુક્રવારે મોડી રાતથી વાહન વ્યવહાર માટે બંધ કરી દેવામાં આવ્યો છે અને મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા તેને તોડી પાડવાનું કામ પણ ચાલું કરી દેવામાં આવ્યું છે. બ્રિજને બંધ કરવાની સાથે જ આ બ્રિજ પર દોડનારી બેસ્ટ ઉપક્રમની બસના રૂટને ડાઈવર્ટ કરી દેવામાં આવ્યા છે, જેમાં એલફિન્સ્ટન બ્રિજ પર દોડનારી એ-૧૬૨ અને ૧૬૮ નંબરની બસ હવે વાયા કરી રોડ બ્રિજ પરથી દોડશે. બસનો રૂટ મડકે બુવા ચોક-ડૉ.બાબાસાહેબ આંબેડકર રોડ-કૃષ્ણા દેસાઈ ચોક (ભારત માતા), મહાદેવ પાલવ રોડ(કરી રોડ બ્રિજ)- એન.એમ.જોશી રોડ- દિપક સિનેમા માર્ગે દોડશે. એ-૧૭૭ નંબરની બસ હવે મડકે બુવા ચોકથી આગળ હિંદ માતા સિનેમાં સુધી દોડાવવામાં આવશે. ૨૦૧ નંબરની બસને પરેલ એસટી ડેપો અને સંત રોહિદાસ ચોક પર ડાઈવર્ટ કરી દેવામાં આવી છે. ■

# ઘાટકોપરમાં પાર્ટી કરીને નીકળેલી કચ્છી યુવતીએ કાર નીચે રાહદારીને કચડ્યો

## ગરબા ક્લાસ ચલાવતી કોરિયોગ્રાફર બિયર પીધો હોવાની પોલીસને શંકા

## પૂરપાટ વેગે દોડતી કાર ફૂટપાથ પર ચઢી બિલ્ડિંગનાં પગથિયાં તોડીને દુકાન સાથે ભટકાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)



મુંબઈઃ ઘાટકોપરમાં પાર્ટી કરીને નીકળેલી કચ્છી યુવતીએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવતાં રાહદારીને કારથી કચડી નાખ્યો હતો. પૂરપાટ દોડતી કાર ફૂટપાથ પર ચઢી ગઈ હતી અને પછી બિલ્ડિંગનાં પગથિયાં તોડી દુકાન સાથે ભટકાઈ હતી. પોલીસે ગરબા ક્લાસ ચલાવતી કોરિયોગ્રાફર સહિત તેના બન્ને મિત્ર વિરુદ્ધ પણ ગુનો નોંધ્યો હતો.

ઘાટકોપર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે કાર ભાવિકા ધામા (૩૦) ચલાવી રહી હતી. ધામા સાથે કારમાં તેના ફ્રેન્ડ્સ કોરમ ભાનુશાળી (૩૦) અને અનિકેત બનસોડે (૨૮) પણ હતાં. આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા અને મોટર વેહિકલ ઍક્ટની જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

એક અધિકારીના કહેવા મુજબ આ જામીનપાત્ર ગુનો હોવાથી આરોપીને નોટિસ ફટકારી છોડવામાં આવશે. આરોપી બિયર પીને કાર ચલાવતી હોવાનું પ્રથમદર્શી જણાઈ રહ્યું છે. આ વાતની જાણ હોવા છતાં તેના મિત્રોએ કાર ચલાવતાં તેને રોકી નહીં. પરિણામે બન્ને ફ્રેન્ડ વિરુદ્ધ પણ ગુનો નોંધવામાં આવ્યો હતો. ત્રણેયની તબીબી તપાસણી કરવામાં આવી હતી. આરોપી નશામાં હતા કે નહીં તેની ખાતરી અહેવાલમાં થશે, એવું અધિકારીનું કહેવું છે.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શનિવારની સવારે ૬.૧૫ વાગ્યે ઘાટકોપર પશ્ચિમમાં એલબીએસ રોડ પર બીએમસીના પાણી ખાતા નજીકની એક્સેલ આર્કેટ બિલ્ડિંગ સામે બની હતી. ગુજરાતનું પાસિંગ જીજે ૧૫-સીકે ૪૪૧૧ ધરાવતી કિયા કારની અડફેટે ગંભીર રીતે ઘવાયેલા રાહદારીની ઓળખ થઈ શકી નહોતી. બન્ને પગમાં ગંભીર ઇજા થતાં બેભાન અવસ્થામાં સારવાર માટે તેને રાજાવાડી હૉસ્પિટલમાં દાખલ કરાયો હતો. પોલીસ તેની ઓળખ મેળવવાના પ્રયાસ કરી રહી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ ઘરે કોઈ ન હોવાથી ભાવિકાના ઘાટકોપરના ભાનુશાળી વાડી સ્થિત ઘરમાં પાર્ટી કરવામાં આવી હતી. ભાવિકા ગરબાના ક્લાસીસ ચલાવતી હોવાનું કહેવાય છે. રાતભર પાર્ટી ચાલ્યા પછી ત્રણેય ફ્રેન્ડ સવારે કારમાં નીકળ્યા હતા.

કાર ભાવિકા ચલાવી રહી હતી. ઘાટકોપરના જ અસલ્ફા વિલેજ ખાતે રહેતી કોરમને ઘરે છોડીને ભાવિકા અનિકેત સાથે ફિનિક્સ મૉલમાં નાસ્તો કરવા જવાની હતી. કાર એલબીએસ રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે ભાવિકાએ સ્ટિયરિંગ પરનો કાબૂ ગુમાવ્યો હતો. પગ બ્રેકને બદલે એક્સિલરેટર પર પડતાં કાર વધુ ઝડપે ધસી ગઈ હતી. રાહદારીને કચડીને કાર ફૂટપાથ પર બિલ્ડિંગનાં પગથિયાં પર ચઢી ગઈ હતી અને દુકાનના શટર સાથે ભટકાઈ હતી. આ ઘટના એક દુકાન બહાર લાગેલા સીસીટીવી

(જુઓ પાનું ૪) ▸▸

# હવે ઈમારતો માટે ઈલેક્ટ્રિકલ ઓડિટ પણ થશે ફરજિયાત

### સુધરાઈની રાજ્ય સરકારને પ્રસ્તાવ મોકલવાની તૈયારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દહિસરમાં તાજેતરમાં બહુમાળીય બિલ્ડિંગમાં લાગેલી આગમાં બેના મૃત્યુ બાદ મુંબઈ મહાનગરપાલિકાએ જેમ બિલ્ડિંગ માટે ફાયર ઓડિટ ફરજિયાત હોય છે તે મુજબ ઈલેક્ટ્રિકલ ઓડિટ પણ ફરજિયાત કરવા બાબતે વિચાર કરી રહી છે. ફાયરબ્રિગેડ સાથેની બેઠકમાં રાજ્ય સરકારને મોકલવા માટે એક પ્રસ્તાવ તૈયાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, કારણકે સુધરાઈ પાસે આવા ઓડિટને અમલમાં લાવવા માટે કાયદાકીય અધિકાર નથી. આ અધિકાર રાજ્યના ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સપેક્ટોરેટ પાસે છે. મુંબઈમાં લાગતી આગમાંથી લગભગ ૬૦ ટકા આગ ખામીયુક્ત ઈલેક્ટ્રિકલ સર્કિટ સાથે જોડાયેલી હોવાથી સુધરાઈ આવી

(જુઓ પાનું ૪) ▸▸

# મુંબઈમાં હળવા વરસાદ સાથે તાપમાનમાં નજીવો ઘટાડો

### મુંબઈ-થાણેમાં બે દિવસ યલો અને રાયગઢમાં ઑરેન્જ અલર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં શનિવારની સવાર ભીની રહી હતી. વહેલી સવારથી વાદળિયું વાતાવરણ રહ્યા બાદ ઉપનગરના અનેક વિસ્તારમાં વરસાદના હળવાથી મધ્યમ ઝાપટાં પડ્યાં હતા. શનિવારના વરસાદ સાથે જ મુંબઈગરાને છેલ્લા થોડા દિવસથી અનુભવી રહેલા ગરમી અને ઉકળાટમાં થોડી રાહત જણાઈ હતી.

છેલ્લાં એક અઠવાડિયાથી વરસાદ ગાયબ હતો. જોકે શનિવારના સવારના વરસાદના હળવાથી મધ્યમ સ્વરૂપના ઝાપટાંને કારણે વાતાવરણમાં ઠંડક વ્યાપી ગઈ હતી. હવામાન વિભાગે આગામી બે-ત્રણ દિવસમાં વરસાદની ગતિવિધી વધુ તીવ્ર બનવાની શક્યતા વ્યક્ત કરી છે, જેમાં મુંબઈ અને પડોશી જિલ્લા થાણે માટે

(જુઓ પાનું ૪) ▸▸

# ‘મંત્રાલયમાં કાર્ડ કૌભાંડ?’

### સુરક્ષા માટે શરૂ કરવામાં આવેલા ડીજી પ્રવેશના હજારો કાર્ડ છેલ્લા કેટલાક દિવસમાં ગુમ થયા હોવાની ચોંકાવનારી માહિતી

*વિપુલ વૈદ્ય*

મુંબઈઃ મંત્રાલયની સુરક્ષાને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી આધુનિક સિસ્ટમ હવે ગંભીર શંકાના ઘેરામાં આવી ગઈ છે. સુરક્ષા વ્યવસ્થા કડક કરવાના નામે અમલમાં મુકાયેલી આ સિસ્ટમ પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. આ સિસ્ટમમાં મંત્રાલયમાં આવતા દરેક મુલાકાતીનું કડક રીતે નોંધણી થાય અને સુરક્ષા માટે કોઈ જોખમ ન રહે એવો હેતુ હતો, પરંતુ હવે આ જ સિસ્ટમમાંથી એક મોટી ચોંકાવનારી હકીકત જાણવા મળી છે.

રાજ્યની ભાજપના નેતૃત્વ હેઠળની સરકાર દ્વારા લેવાયેલા આ નિર્ણયનો હેતુ સ્પષ્ટ હતોઃ ‘દરેક પ્રવેશની નોંધણી અને દરેક બહાર નીકળનારાઓ પર નિયંત્રણ.’ જોકે વાસ્તવમાં, બરાબર ઊલટું થયું છે.

અત્યારે વહીવટીતંત્ર પાસેથી મળતા આંકડાઓમાંથી બહાર આવેલી માહિતી સરકારને પરસેવો લાવી શકે છે. હજારોની સંખ્યામાં બનેલા સુરક્ષા કાર્ડ ક્યાં ગયા? તે કેમ પાછા ન કરવામાં આવ્યા? સૌથી મહત્વની બાબત તો એ છે કે, મંત્રાલય જેવી અત્યંત સંવેદનશીલ જગ્યાએ આટલા મોટા પાયે આ કાર્ડ કેવી રીતે ગાયબ થઈ

(જુઓ પાનું ૪) ▸▸

# ‘વણજારા સમાજને અનામત આપો’ સુસાઈડ નોટ લખી યુવકની આત્મહત્યા

ધારાશિવઃ મરાઠા અનામત માટે હૈદરાબાદ ગેઝેટ લાગુ થયા બાદ આ જ ગેઝેટ અનુસાર અનુસૂચિત જનજાતિમાંથી વણજારા સમુદાયને અનામત આપવાની માંગણી કરવામાં આવી રહી છે. ધારાશિવના મુરૂમ ગામના એક યુવકે સ્યુસાઈડ નોટ લખીને આત્મહત્યા કરી છે. મૃતકની ઓળખ ૩૨ વર્ષના પવન ગોપીચંદ ચવ્હાણ તરીકે થઈ છે અને એ બેરોજગાર છે. મૃતકના પરિવારમાં માતા-પિતા, પત્ની અને બે બાળકો છે. હૈદરાબાદ ગેઝેટ મુજબ વણજારા સમુદાયને અનામત મળવું જોઈએ એવું મૃતકે સ્યુસાઇડ નોટમાં લખ્યું છે. પવને વણજારા સમુદાયને અનામત મળે એ માટે આત્મહત્યા કરી હોવાનો દાવો સંબંધીઓ દ્વારા કરવામાં આવ્યો છે. જાલનામાં થયેલા વણજારા અનામત આંદોલનમાંથી શુક્રવારે પાછા ફર્યા બાદ પવન ગોપીચંદ ચવ્હાણે શનિવારે સવારે ૧૧ વાગ્યે પોતાના આત્મહત્યા કરી હતી. સરકારના બીજી સપ્ટેમ્બરના જીઆર અનુસાર વણજારા એક્શન કમિટીએ એસટી કેટેગરીમાં વણજારા સમુદાયને અનામતની માગ સાથે ૧૫ સપ્ટેમ્બરના રોજ જાલનામાં એક ભવ્ય રેલીનું આયોજન કર્યું છે. હૈદરાબાદ ગેઝેટિયરમાં વણજારા સમુદાય એસટી કેટેગરીમાં છે. ■

# સ્માર્ટ વિલેજમાં પાંચ લાખમાં ઘરઃ પાણી-વીજળી પણ મફત

### ગડકરીની છે આવા ‘સપનાંના મહેલ’ની યોજના

નાગપુરઃ મારું પણ એક ઘર હોય એ સપનું દરેક વ્યક્તિના મનમાં સળવળાટ કરતું હોય છે. એ સાકાર કરવા આખી જિંદગી સખત મહેનત કરે છે. જોકે, હાલના મોંઘવારીના સમયમાં વિવિધ વસ્તુઓની સાથે જમીનના વધતા ભાવને કારણે ઘર ખરીદવાનું સપનું સાકાર નથી થતું. આ પરિસ્થિતિમાં કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ પ્રધાન નીતિન ગડકરીએ માત્ર પાંચ લાખ રૂપિયામાં વિનામૂલ્યે વીજળી અને પાણીની સગવડ સાથે ઘર આપવાની યોજનાની જાહેરાત કરી છે.

ડો. તેઓ બાબાસાહેબ આંબેડકર કન્વેન્શન સેન્ટર ખાતે ઇન્ડિયન બિલ્ડિંગ કોંગ્રેસના વાર્ષિક સંમેલનના ઉદઘાટન પ્રસંગે વક્તવ્ય આપતી વખતે ગડકરીએ કહ્યું કે ’હું સ્માર્ટ વિલેજમાં આ પ્રકારનું ઘર આપવાની યોજના પર કામ કરી રહ્યો

(જુઓ પાનું ૪) ▸▸

# ભારત-પાકિસ્તાન મેચ રાષ્ટ્રીય ભાવનાનું અપમાનઃ ઉદ્ધવ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેએ શનિવારે કહ્યું હતું કે પાકિસ્તાન સાથે ક્રિકેટ મેચ રમવી એ રાષ્ટ્રીય ભાવનાઓનું અપમાન છે કારણ કે ભારતીય સૈનિકો સરહદો પર પોતાના જીવનું બલિદાન આપી રહ્યા છે અને સમગ્ર મહારાષ્ટ્રમાં ‘સિંદૂર’ વિરોધ પ્રદર્શન કરવામાં આવશે એવી જાહેરાત કરી હતી.

મુંબઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે રવિવારે યોજાનારી બંને દેશો વચ્ચેની એશિયા કપ મેચનો બહિષ્કાર કરવો એ આતંકવાદ પર ભારતના વલણને વિશ્વ સમક્ષ રજૂ કરવાની તક છે.

ભાજપની આગેવાની હેઠળની કેન્દ્ર સરકાર પર નિશાન સાધતાં તેમણે આશ્ચર્ય વ્યક્ત કર્યું કે

(જુઓ પાનું ૪) ▸▸

### ઉદ્ધવ પાસે વિરોધ કરવાનો નૈતિક અધિકાર જ નથીઃ શિવસેના

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિવસેનાએ શનિવારે સેના (યુબીટી)ના વડા ઉદ્ધવ ઠાકરેના ભારત-પાકિસ્તાન ક્રિકેટ મેચના વિરોધની ટીકા કરી હતી અને એવો દાવો કર્યો હતો કે કોંગ્રેસ સત્તામાં હતી ત્યારે બંને દેશોએ તણાવપૂર્ણ સંબંધો વચ્ચે આ રમત રમી હતી.

શિવસેના (યુબીટી)ને મેચનો વિરોધ કરવાનો કોઈ નૈતિક અધિકાર નથી. કોંગ્રેસના સમયમાં પણ સંબંધો તંગ હતા ત્યારે ભારત અને પાકિસ્તાન વચ્ચે

(જુઓ પાનું ૪) ▸▸

# ‘૩૨ ટકા અનામતમાં તમામ કેટેગરી નાબૂદ કરો’: જરાંગેની માગણી

મુંબઈઃ રાજ્ય સરકારે મરાઠા સમુદાયને ઓબીસી કેટેગરીમાંથી અનામત આપવાનો નિર્ણય કર્યો છે. ઘણા ઓબીસી નેતાઓ આ નિર્ણયનો વિરોધ કરી રહ્યા છે. પ્રધાન અને ઓબીસી નેતા છગન ભુજબળે ઓબીસી અનામત બચાવવા માટે લડવાની પ્રતિજ્ઞા લીધી છે. ત્યારબાદ જાલનામાં મનોજ જરાંગે પાટીલે ૩૨ ટકા અનામતમાં તમામ વર્ગો નાબૂદ કરવામાં આવે એવી માંગણી કરી છે.

૧૦ ટકા મરાઠા અનામત પર શનિવારે અદાલતમાં સુનાવણી થઈ હતી. એ સંદર્ભે જરાંગે પાટીલે જણાવ્યું હતું કે આયોગે મરાઠા સમુદાયને પછાત સાબિત કર્યો છે આ બધા જાણે છે. પરંતુ આપવામાં આવેલી ૧૦ ટકા અનામત ૫૦ ટકાથી વધુ છે. તેથી જ અમે વારંવાર કહી રહ્યા છીએ કે ૫૦ ટકાથી વધુ અનામત ટકતી નથી. આપનાર એ જ છે અને લેનાર પણ એ જ છે, બધા સરકારના લોકો છે. પરિણામે ઓબીસી અનામતનો હકદાર છે અને તે મેળવવામાં આવ્યું છે.

જરાંગે પાટીલે વધુમાં જણાવ્યું હતું કે દરેક ક્ષેત્રમાં એક, બે અનામત, ત્રણ અનામત મરાઠાઓને છે એવું જો પ્રત્યેક વ્યક્તિ માનતી હોય અને તે વિસ્તારમાંથી પણ આવા પ્રશ્નો

(જુઓ પાનું ૪) ▸▸


મોરેશિયસ 24 ઑક્ટોબર, 6 દિવસ
વેઈટનામ કંબોડિયા 1 નવેમ્બર, 9 દિવસ
બાલી સિંગાપુર થયલેન્ડ 17 નવે.,12 દિ. | શ્રીલંકા 2 ડિસે.,7 દિ.
ન્યુઝીલેન્ડ 7 ડિસેમ્બર,10 દિવસ
હોંગકોંગ, મકાઉ, શેનઝેન 9 જાન્યુઆરી | 7 દિવસ | દુબઈ 24 જાન્યુઆરી
Tour Costs are Dynamic.
વૈષ્ણવી ટુર્સ દાદર
9769318856 9769318872



અંક પ્રગટ થઈ ચૂક્યો છે
જ્યોતિષશાસ્ત્રની સૂક્ષ્મ ગણતરી આપતું ફક્ત એકમાત્ર પંચાંગ
પ્રતિષ્ઠિત પરંપરાને વધુ પ્રાણવાન બનાવતું
‘મુંબઈ સમાચાર’નું પ્રગતિ-પ્રેરક પંચાંગ
વેધસિદ્ધ પ્રત્યક્ષ પંચાંગ
મુંબઈ સમાચાર કિંમતઃ ₹ ૧૦૦/- પ્રારંભ ઈ.સ.૧૮૧૪ વર્ષ ૨૧૨
પંચાંગકર્તાઃ સોનલ શાહ
■ વિક્રમ સંવત ૨૦૮૨-૮૩ ■ શાલિવાહન શક સંવત ૧૯૪૭-૪૮
■ ઈ.સ. તા. ૨૨-૧૦-૨૦૨૫ થી તા. ૦૬-૦૪-૨૦૨૭

માહિતી માટે સંપર્ક કરો
મુંબઈ સમાચાર ફોન નં. ૨૨૦૪૫૫૩૧-૩૩
રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, હોર્નિમન સર્કલ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.
ધ દાંગટ ન્યૂઝપેપર એજન્સી ફોનઃ (૦૨૨) ૪૩૪૪૭૭૭૭, ફેક્ષઃ (૦૨૨) ૨૨૬૯૧૨૩૬
ગ્રાઉન્ડ ફ્લોર, દાંગટ સદન, ૬૩, મોદી સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ-૪૦૦૦૦૧.


# મહારાષ્ટ્રમાં એક ડઝન મરાઠા મુખ્ય પ્રધાન, તો પછી ફડણવીસ જ કેમ ટાર્ગેટ?

### સંભાજી નગરમાં ફોટોગ્રાફ સાથેના બેનરો ચર્ચામાં

સંભાજી નગરઃ રાજ્યમાં મરાઠા અનામતના મુદ્દે જોરદાર વિવાદ થયો છે અને સરકાર દ્વારા હૈદરાબાદ ગેઝેટિયર લાગુ થયા બાદ ઓબીસી નેતાઓ આક્રમક બન્યા છે. એક તરફ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર નિશાન સાધી મનોજ જરાંગે પાટીલ મુંબઈ પહોંચ્યા હતા. આંદોલન દરમિયાન તેમણે દેવેન્દ્ર ફડણવીસ પર નિશાન સાધી મરાઠા સમુદાયને ઓબીસી વર્ગમાંથી અનામત મળવું જ જોઈએ એવી માગ કરી હતી. આ દરમિયાન મુંબઈમાં આંદોલન દરમિયાન બંને નાયબ મુખ્ય પ્રધાન સક્રિય ન હોવાની ટીકા થઈ હતી. અનામત આંદોલન દ્વારા દેવેન્દ્ર ફડણવીસને જાણી જોઈને નિશાન બનાવવાની આ રાજકીય ચાલ હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. હવે છત્રપતિ સંભાજી નગર જિલ્લામાં આવા જ આશય સાથે બેનરો નજરે પડ્યા છે. દેવેન્દ્ર ફડણવીસને જ કેમ નિશાન બનાવવામાં આવ્યા છે એવો સવાલ આ બેનર પરથી પૂછવામાં આવ્યો છે.

મરાઠા અનામત ચળવળનું કેન્દ્ર જાલના જિલ્લાનું અંતરવાલી સરાટી છે અને મરાઠાવાડા કેન્દ્રબિંદુ માનવામાં આવે છે. એટલે જ મરાઠવાડાથી લોકસભાની ચૂંટણીમાં ભાજપ મહાયુતીના સાત સંસદ સભ્યોનો પરાજય થયો હતો. મનોજ જરાંગે પાટીલ પણ જાલના, સંભાજી નગર અને બીડ જિલ્લામાં નિયમિત બેઠકો અને કાર્યક્રમોમાં હાજરી આપે છે. આ જ મરાઠવાડામાં હવે દેવેન્દ્ર ફડણવીસ માટે બેનરો લગાવવામાં આવ્યા છે. મ૧૯૬૦થી છેલ્લા ૬૪ વર્ષમાં મહારાષ્ટ્રમાં ૧૨ મરાઠા મુખ્ય પ્રધાન રહ્યા છે. બેનર પર પહેલા સીએમ યશવંતરાવ ચવ્હાણથી લઈને માજી મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સુધીના ૧૨ મરાઠા સીએમની તસવીરો પણ પ્રદર્શિત કરવામાં આવી છે. ■


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
“20 Yrs of Quality Service”


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ‘‘મુંબઈ સમાચાર સાપ્તાહિક’’ પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ‘‘મુંબઈ સમાચાર’’ પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**